કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય વિરચિત

# श्री सिद्धहेम शब्दानुशासनम्

(લઘુવૃતિ વિવરણ)

ભાગ-૫

(અધ્યાય-૩ : પાદ-૧)

સમાસ પ્રકરણ


: સંપાદિકા :

પૂ.સા. પરમયશાશ્રીજી



: પ્રકાશક :

આ. શ્રી વિજયનીતિસૂરિ જૈન

તત્ત્વજ્ઞાન પાઠશાળા -અમદાવાદ





ચિત્રકૂટ–રૈવતાદિ તીર્થોદ્ધારક
પ. પૂ. આચાર્ય ભગવંત
**શ્રી નીતિસૂરીશ્વરજી મ.સા.**



ગચ્છાધિપતિ શાસનપ્રભાવક
પ. પૂ. આચાર્ય ભગવંત
**શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.**





પૂ.સા. શ્રી મહિમાશ્રીજી મ.સા.



પૂ.સા. શ્રી નિરુપમાશ્રીજી મ.સા.



પૂ.સા. શ્રી કલ્પલતાશ્રીજી મ.સા.

॥ ॐ ह्रीँ अर्हं श्री सीमंधरस्वामिने नमः ॥ ॥ शासनपति श्री महावीराय नमः ॥
॥ श्री गौतमस्वामीने नमः ॥
॥ कलिकालसर्वज्ञ श्री हेमचंद्राचार्याय नमः ॥ ॥ नमो नमो गुरु श्री नीतिसूरये ॥
॥ श्री नीति-हर्ष-महेन्द्र-मंगलप्रभ-अरिहंतसिद्ध-हेमप्रभसूरिगुरुभ्यो नमः ॥

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય વિરચિત

# શ્રી-સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસન લઘુવૃત્તિ વિવરણ

## ભાગ-૫

**અધ્યાય-૩, પાદ-૧**
**સમાસ પ્રકરણ**

: દિવ્યકૃપાધારા :
ગિરનારાદિ તીર્થોદ્ધારક પ.પૂ.આ.ભ.
શ્રીમદ્વિજય **નીતિસૂરીશ્વરજી મહારાજા**

: આશીર્વાદધારા :
જીરાવલાતીર્થપ્રતિષ્ઠાચાર્ય-રાયણવૃક્ષક્ષીરાભિષિક્ત
ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રીમદ્વિજય હેમપ્રભસૂરીશ્વરજી મહારાજા**

: પ્રેરક :
**પ.પૂ.આ.ભ. શ્રીમદ્વિજય મુક્તિનિલયસૂરીશ્વરજી મ.સા.**
**પ.પૂ.પંન્યાસ શ્રી હેમનિલયવિજયજી મ.સા.**

: સંપાદિકા :
**પૂ.સા.શ્રી પરમયશાશ્રીજી**

: પ્રકાશક :
**આ.શ્રી વિજય નીતિસૂરિ જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળા**
અમદાવાદ

## પ્રાપ્તિસ્થાન

### સુરત

- **આ. શ્રી વિજયનીતિસૂરિ આરાધના ભવન**
  C/o. જીતુભાઈ ઝવેરી, કતારગામ, સુરત (M) 93745 14860

- **રાજુભાઈ બી. શેઠ**
  **કલ્પવૃક્ષ જ્વેલર્સ,** 176, કુબેરનગર-1, કતારગામ દરવાજા, સુરત
  ફોન : 0261-2534863/64 (M) 94268 54714

### અમદાવાદ

- **આ. શ્રી વિજયનીતિસૂરિ આરાધના ભવન**
  લુહારની પોળ, માણેકચોક, અમદાવાદ
  (M) 93740 51080, પેઢી : 079-2214 0494

- **ઉપેન્દ્રભાઈ એચ. શાહ**
  ઈ-19, આયોજનનગર સોસાયટી, શ્રેયસ રેલ્વે ક્રોસીંગ પાસે,
  નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-7
  (M) 93270 13814

- **દીપકભાઈ જીતમલજી બાગરેચા**
  ડી-104, મલ્લિનાથ એપાર્ટમેન્ટ, જૈન કોલોની સામે,
  શાહીબાગ, અમદાવાદ
  (M) 93740 51080 (રહે.) 079-3042 3313

### પાટણ

- **આ. શ્રી વિજયનીતિસૂરિ તત્ત્વજ્ઞાન પાઠશાળા**
  સાગર ઉપાશ્રય બહાર, ઘીવટો, પાટણ (ઉ.ગુ.)
  (M) 94270 60603 - વિક્રમભાઈ

મુદ્રક : **જય જિનેન્દ્ર ગ્રાફિક્સ** (નીતિનભાઈ-જય જિનેન્દ્ર)
30, સ્વાતિ સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ
જય જિનેન્દ્ર : 98250 24204 • કુશ : 99256 17992

# સાદર સમર્પણ

જેનાં શાસનનાં કારણે જ્ઞાનનું મહત્ત્વ મળ્યું
તેવા **શ્રી મહાવીરપ્રભુ**

જેનાં વડે જ્ઞાનને પામી શકાય તેવી ભાષાની પ્રાપ્તિ થઈ
તેવા કલિકાલસર્વજ્ઞ
**શ્રી હેમચંદ્રાચાર્યજી ભગવંત**

જેમની કૃપાનાં કારણે ભાષાને યત્કિંચિત્ સમજી શક્યા
તેવા ગચ્છાધિપતિ
**શ્રી વિજય હેમપ્રભસૂરીશ્વરજી મહારાજા**

વાત્સલ્ય દ્વારા વૈરાગ્યનું સિંચન કરીને રત્નત્રયીને
વૃદ્ધિંગત બનાવનાર
**પૂ.સા. શ્રી નિરૂપમાશ્રીજી મ.સા.**

જ્ઞાનગંગાનું અમૃતપાન કરાવનાર
**પૂ.સા. શ્રી કલ્પલતાશ્રીજી મ.સા.**નાં
ચરણકમલમાં

**સાદર સમર્પણ**

"युष्मदीयं युष्मभ्यं समर्पयामि"



# ગ્રંથ લાભાર્થી

ગિરનાર, ચિત્તોડ, તારંગા જેવા અનેક પ્રાચીન તીર્થોદ્ધારક

પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્

**વિજય નીતિસૂરીશ્વરજી મહારાજા** દ્વારા

ગિરનાર તીર્થોદ્ધારક શતાબ્દી વર્ષ અનુમોદનાર્થે

નિકટભવ મોક્ષગામી ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રીમદ્

**વિજય હેમપ્રભસૂરીશ્વરજી મહારાજા**ના સદુપદેશથી

**શ્રી આદિનાથ તપાગચ્છ શ્વેતામ્બર જૈન સંઘ**

**આચાર્ય શ્રી વિજય નીતિસૂરિ આરાધના ભવન**

કતારગામ, સુરત

તથા

**પૂ.સા.શ્રી નિરૂપમાશ્રીજી મ.સા.,**

**પૂ.સા.શ્રી કલ્પલતાશ્રીજી મ.સા.**ના

સદુપદેશથી

**શ્રી સુમતિનાથ શ્વે.મૂ.પૂ. જૈન સંઘ,**

મેમનગર, અમદાવાદ **જ્ઞાનદ્રવ્યમાંથી**

### ગિરનાર તીર્થોદ્ધારક પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય નીતિસૂરીશ્વરજી મહારાજાનું

# જીવનદર્શન

સામાન્ય વ્યક્તિત્ત્વનું સર્જન સમય કરે છે. વિરલ વ્યક્તિત્ત્વ તો સમયનું સર્જન કરે છે. અખંડ વહેતો કાળખંડ હવે એમના નામથી ઓળખાણ પામે છે. એવા જ એક મહાપુરૂષ ગિરનાર તીર્થોદ્ધારક પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ **વિજય નીતિસૂરીશ્વરજી મહારાજા.**

વિદ્વાન, ગીતાર્થ, શાસનસમર્પિત અને પુણ્યપ્રભાવક આ મહાપુરુષના જીવન-કવનને ત્રણ શબ્દોમાં વર્ણવવું હોય તો તે છે - **પોથી, પંડિત અને પ્રતિમા.**

**પોથી :** પૂજ્યશ્રીને જ્ઞાન સાથે અનહદ લગાવ હતો. પોતાના સાધુઓને સાત-સાત કલાક વાચના આપવી, પ્રાચીન જ્ઞાનભંડારોનાં જીર્ણોદ્ધાર કરવા, પોતે પણ સતત અધ્યયન-અધ્યાપનમાં વ્યસ્ત રહેવું એ પૂજ્યશ્રીનાં પોથી (જ્ઞાન) પ્રેમનું ઉદાહરણ છે.

**પંડિત :** દીર્ઘદૃષ્ટા પૂજ્યશ્રી સમજતા હતા કે માત્ર સાધુ સંસ્થા જ જૈનશાસનનાં બધાં અંશો સુધી નહિ પહોંચી શકે. શાસનસમર્પિત પંડિતોની એના માટે અનિવાર્ય જરૂરત રહેશે. એટલે એમને તેજસ્વી બાળકો અને આશાસ્પદ યુવા પંડિતોને તૈયાર કરવામાં ખંતપૂર્વક પ્રયત્ન આદર્યો. એની ફળશ્રુતિ પણ બહુ જ ભવ્ય પ્રાપ્ત થઈ. પંન્યાસપ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.નાં વિદ્યાગુરુ પંડિતવર્ય શ્રી પ્રભુદાસ બેચરદાસ, પંડિતવર્ય શ્રી ભગવાનદાસ હરખચંદ એવા મૂર્ધન્ય પંડિતો પ્રભુશાસનને પૂજ્યશ્રીની કૃપાથી પ્રાપ્ત થયા.

**પ્રતિમા :** આ મહાપુરૂષે નવનિર્માણ કરતાં જીર્ણોદ્ધાર ઉપર વધુ લક્ષ્ય આપ્યું. શ્રી ગિરનારજી, ચિત્તોડ, તારંગા જેવા પ્રાચીન તીર્થોનાં સ્થાપત્યનો એવી રીતે જીર્ણોદ્ધાર કરાવ્યો કે તે તીર્થોની ઊર્જાને પૂજ્યશ્રીએ જીવંત રાખી આપણા ઉપર ઉપકાર વરસાવ્યો છે.

| | |
|---|---|
| **જન્મ** | **: સં. ૧૯૩૦, પોષ સુદ-૧૧, વાંકાનેર** |
| **દીક્ષા** | **: સં. ૧૯૪૯, અષાઢ સુદ-૧૧, મહેરવાડા** |
| **વડીદીક્ષા** | **: સં. ૧૯૫૦, મહા સુદ-૪, સીપોર** |
| **ગણિપદ** | **: સં. ૧૯૬૧, માગસર સુદ-૫, સુરત** |
| **પંન્યાસપદ** | **: સં. ૧૯૬૨, કારતક વદ-૧૧, પાલીતાણા** |
| **આચાર્યપદ** | **: સં. ૧૯૭૬, માગસર સુદ-૧૧, અમદાવાદ** |
| **કાળધર્મ** | **: ૧૯૯૮, પોષ વદ-૩, એકલિંગજી (ઉદેપુર)** |

– સ્વહસ્તે દીક્ષા ગ્રહણ કરી જગતના જવાહીર બન્યા.
– બ્રહ્મનિષ્ઠ ગુરુદેવે અનેકને બ્રહ્મચારી-વ્રતધારી બનાવ્યા.
– અનેક રાજા-મહારાજા-નવાબને પ્રતિબોધ કર્યા.
– ૧ કરોડ સૂરિમંત્ર સાધના દ્વારા જિનશાસનની અદ્‌ભુત સેવા કરી.
– જૂનાગઢ-રાધનપુર-ચિત્તોડ જેવા અનેક સ્થળે ગુરુકુળ સ્થાપ્યા.
– સ્વસમુદાય-પરસમુદાયના અનેક મહાત્માઓને યોગોદ્વહન કરાવ્યા. પદવીપ્રદાન કરી.
– વચનસિદ્ધપુરુષનાં વચનથી સિદ્ધિ મળતી.
– ૯ સ્થાનકવાસી સંપ્રદાયનાં ૩૫ વર્ષ જેવા પર્યાયી સાધુને સંવેગીદીક્ષા આપી સત્યમાર્ગે લાવ્યા.

• • •

# સદ્ગુરુ વચનામૃત

અધ્યાત્મ માર્ગની આધારશિલા છે : સ્વાનુભૂતિની અનન્ય ઝંખના. 'હું કોણ છું'નો જવાબ જ્યાં સુધી મુમુક્ષુને નથી મળતો, ત્યાં સુધી એ જંપીને બેસી નથી શકતો. પણ અધ્યાત્મની કેડીઓ અદીઠ છે, ગુહ્ય છે. સદ્ગુરુનાં ઈશારા વિના એમને જાણવી અશક્યપ્રાયઃ છે.

આપણા સદ્ભાગ્યે આપણે ત્યાં એવા બહુ બધા અનુભૂતિવાન મહાપુરૂષો થયા છે. જેમણે '**भव्यजनहिताय**' અનુભવરસને શબ્દોમાં કંડારવાનો પ્રયત્ન કર્યો છે. પણ એ ગ્રંથો, જેમાં આ અનુભવ માર્ગના સંકેતો છે, મહદંશે સંસ્કૃત અને પ્રાકૃતમાં નિબદ્ધ છે.

એટલે મુમુક્ષુએ સંસ્કૃતમાં સજ્જતા કેળવવી અત્યંત આવશ્યક બની જાય છે. સંસ્કૃતમાં પારંગત થવા માટે વ્યાકરણનું અધ્યયન અનિવાર્ય છે. **કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય** ભગવંતે એના માટે જ **"શ્રી સિદ્ધહેમ વ્યાકરણ"** જેવા સાંગોપાંગ સંપૂર્ણ વ્યાકરણની રચના કરી છે.

પણ એ વ્યાકરણમાં સેંકડો નહીં પરંતુ હજારો સૂત્રોમાં મંદગતિ છાત્ર ક્યારેક અટવાઈ પણ જાય છે. અને થાકીને

વ્યાકરણ ભણવાનું જ મૂકી દે. એવું ન થાય એ માટે પૂ.સા.શ્રી **નિરૂપમાશ્રીજી** મ.સા.ના શિષ્યા પૂ.સા.શ્રી **આર્યયશા** મ.સા.એ ભણતી વખતે નોટ્સ બનાવી હતી. તેને છપાવવાનું આ કાર્ય વ્યાકરણ પઠન-પાઠન પરંપરાની સેવા છે. પૂર્વે પણ આવી પુસ્તકો છપાઈ છે. જેમાં નિયમો, સાધનિકાઓને ગુજરાતીમાં સરળ રીતે બતાવ્યા છે, તો'ય ભિન્ન-ભિન્ન કક્ષાનાં વિદ્યાર્થીઓ માટે ભિન્ન-ભિન્ન આયામ, ભિન્ન દૃષ્ટિથી આલેખાયેલ પુસ્તકો વધુ સહાયક બની શકે છે. પ્રભુની અનહદ કૃપાને ઝીલવા અને એમના શબ્દ સામ્રાજ્યમાં પ્રવેશવા માટેની ઝંખના ધરાવતા મુમુક્ષુઓ, જિજ્ઞાસુઓને આ પુસ્તક યત્કિંચિત્ પણ મદદરૂપ થાય તો પ્રકાશન સફળ છે.

સાધ્વીજી મ.સા.ની સરસ મહેનત બદલ અનુમોદના. પંડિતવર્ય શ્રી ચંદ્રકાંતભાઈ, ચિરાગભાઈ આદિને સાથ-સહકાર માટે ધન્યવાદ.

**- હેમપ્રભસૂરિનાં ધર્મલાભ**

# પ્રતિભા વિકાસ
# (પ્રજ્ઞાનો ઉન્મેષ)

સ્વાધ્યાય અને અધ્યયન અનેક રીતે થઈ શકે છે. એક જ ગ્રંથનો સમીક્ષાત્મક, તુલનાત્મક, સંશોધનાત્મક, અનુપ્રેક્ષાત્મક અભ્યાસ પણ થઈ શકે. વળી કોઈ પ્રતિભાસંપન્ન સાધક તમામ દૃષ્ટિએ અભ્યાસ કરી જાણે એવું પણ બને; પ્રતિભા હંમેશાં વિકસતી હોય છે. આવૃત્ત પ્રતિભાને અનાવૃત્ત થવામાં મદદ કરતું સાહિત્ય એટલે શબ્દાનુશાસનમ્ (વ્યાકરણ).

શાસ્ત્રાર્થનો મહાખજાનો શબ્દોની મંજૂષામાં નિહિત અને પિહિત છે. શાસ્ત્ર મંજૂષાને ખોલવા માટેની ક્રમશઃ લાગતી ૬ ચાવીઓની વાત અનુયોગાદિ શાસ્ત્રોમાંથી સાંપડે છે.

**संहिता च पदं चैव, पदार्थः पदविग्रहः ।**
**चालना प्रत्यवस्थानं, षड्विधं विद्धि लक्षणम् ॥**

**સંહિતા** = શાસ્ત્ર વચનનો ઉચ્ચાર.

**પદ** = એકેક પદ છુટા પાડીને બોલવા.

**પદાર્થ** = એકેક પદનો અર્થ.

**પદવિગ્રહ** = પ્રત્યેક પદની વ્યુત્પત્તિ, સંધિ તેમજ સમાસ વિગ્રહ વગેરે.

**ચાલના** = શિષ્ય પ્રશ્ન ઉઠાવે.

**પ્રત્યવસ્થાન** = ગુરુ તેનું સચોટ સમાધાન આપે.

છ ચાવીનાં ઝૂડાંમાંથી ચોથા નંબરની ચાવી અગત્યની છે. કેમકે, અલ્પ સમયે, અલ્પ શબ્દોમાં બોધ થાય એ શાસ્ત્રકારોને વધુ ઈષ્ટ હોય

તેથી જ તો સમાસાદિનો વિપુલ પ્રમાણમાં વપરાશ થયેલો જોવાય છે. સમાસની લાંબી લચક પંક્તિઓ ઘણું કહી જાય છે. કેમકે અર્થનું ઊંડાણ સાથે-સાથે શબ્દસંકોચ એ તો સમાસનું આગવું લક્ષણ છે.

**सम्+आस्** = સાથે મળીને બેસવું/રહેવું. યદ્યપિ સન્ધિ પણ બે શબ્દો સમીપ લાવે છે પણ શબ્દો વચ્ચેની વિભક્તિને અકબંધ રાખે છે. જ્યારે સમાસ વિભક્તિનો છેદ કરી એ શબ્દોને જોડે છે. સંઘ-સમાજ-સમુદાયમાં હવે સમાસ કરવાની આવશ્યકતા શું નથી જણાતી ? **अस्तु...**

**"Minimum Effort & Maximum Result"** આ સૂત્રને આત્મસાત્ કરનારા પ્રાજ્ઞ અને ધારણા શક્તિ સંપન્ન મહાત્માઓ પણ પરિશ્રમના પ્રમાણમાં ઘટાડો ઈચ્છે તે જિનશાસન માટે ઈષ્ટ નથી.

વ્યાકરણાદિ સાધન ગ્રંથોનો સાંગોપાંગ અભ્યાસ/અધ્યયનને પૂછતાં મહાત્માઓ માટે અઘરો લાગતો વિષય પણ અદ્ભુત પ્રકાશન, સરળ શૈલી, વિવિધ સારાંશ કોષ્ટકો આદિ દ્વારા ગરમાગરમ સીરા જેવો બન્યો છે.

વ્યાકરણ શાસ્ત્રને આધારિત સમાસ એક વિગ્રહ અનેક હોય છે. જેમકે, **भवदुःखम्** આ સમાસનાં નીચે પ્રમાણે વિગ્રહો થઈ શકે છે.

(૧) **भवेन दुःखम् इति** = ભવ વડે કરેલું દુઃખ.

(૨) **भवात् दुःखम् इति** = ભવમાંથી દુઃખ.

(૩) **भवस्य दुःखम् इति** = ભવનું દુઃખ.

(૪) **भवे दुःखम् इति** = ભવને વિશે દુઃખ.

(૫) **भव एव दुःखं यस्य स इति** = ભવ જ છે દુઃખ જેને તે.

પ્રત્યવસ્થાનની ચાવીથી શાસ્ત્રશબ્દ મંજૂષા ઉઘડે છે. ને તેની સાથે-સાથે નિર્મલ બોધ પ્રાપ્ત થાય છે. જેથી **भवदुःखम्**નો વિગ્રહ **भव एव दुःखम्** જ થાય છે.

વ્યવસ્થિત અભ્યાસ કરી શાસ્ત્રીય રીતે બુદ્ધિને પરિકર્મિત કરવાના અધ્યયનમાર્ગે શક્તિ સંપન્ન આત્માઓનું સ્વાગત છે. સાધનગ્રંથોને સદૈવ સુલભ બનાવતા પ્રકાશનો ચિરંજીવી બની રહે. પ્રાન્તે સમાસજ્ઞાન પામી ગુરુયોગે શાસ્ત્રગ્રંથોનું વાંચન વિશાળ પ્રમાણમાં થાય એ જ શુભાભિલાષા.

**अनारम्भो हि कार्याणां, प्रथमं बुद्धि लक्षणम् ।**
**आरब्धस्याऽन्तगमनं, द्वितीयं बुद्धि लक्षणम् ॥**

કાર્ય સિદ્ધ થશે કે નહીં એમાં શંકા હોય તો કાર્ય શરૂ જ ન કરવું તે જો બુદ્ધિનું લક્ષણ છે તો એકવાર શરૂ કર્યા પછી પાછું વળીને ન જોવું તે એટલે કે કાર્ય પૂર્ણ કરવું તે પણ બુદ્ધિનું જ લક્ષણ છે. ઉદ્યમશીલ - સાધ્વીજી ભગવંતે ઉપાડેલ આ જંગી કાર્ય વેગ સહિત પૂર્ણતાને પામે એવા મંગલ આશીર્વાદ સહ વિરામ.

**॥ स्वाध्याययोगे न प्रमदितव्यम् ॥**

આ. શ્રી ૐકારસૂરિ આરાધના ભવન
વેસુ, સુરત
સં. ૨૦૭૮ શ્રાવણ સુદ-૭

**ગચ્છાધિપતિ પ.પૂ.આ.શ્રી વિ.**
**હેમપ્રભસૂરીશ્વર-પાદ-પદ્મરેણુ**
**આ. શ્રી. વિ. અર્હંપ્રભસૂરિ.**

# પ્રકાશકીય નિવેદન

શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસન સમુદ્ર જેવો છે. મરજીવા બનીને ડુબકી લગાવો તો મોતી હાથમાં આવે જ. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય ભગવંતની આ અનુપમ કૃતિ ઉપર આજ સુધી અનેક ટીકાઓ, વિવેચન પ્રકાશિત થયા છે અને થતાં રહેશે. આ જ આ મહાગ્રંથની શોભા પણ છે.

એ જ પાવન પરંપરામાં એક મણકો આ પ્રકાશનથી ઉમેરાઈ રહ્યો છે. ગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય શ્રી વિજય હેમપ્રભસૂરીશ્વરજી મહારાજાના આજ્ઞાનુવર્ત્તિની પૂ.સા.શ્રી નિરૂપમાશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા પૂ.સા.શ્રી આર્યયશાશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા પૂ.સા.શ્રી પરમયશાશ્રીજી મ.સા.એ ખૂબ જહેમત અને ખંતપૂર્વક આ બાલભોગ્ય છતાંય વિદ્વત્માન્ય વિવેચન તૈયાર કર્યું છે.

આ વિવેચન શ્રી સિદ્ધહેમના પ્રેમીજનોને અંતઃ સંતોષ આપનાર બનશે. અમારી સંસ્થા આ ગ્રંથનું પ્રકાશન કરતાં ગૌરવ અનુભવે છે.

આ ગ્રંથના પ્રકાશનમાં શ્રી આદિનાથ તપાગચ્છ શ્વેતામ્બર જૈન સંઘ આચાર્ય શ્રી વિજય નીતિસૂરી આરાધના ભવન કતારગામ - સુરતનાં જ્ઞાનનિધિમાંથી તથા શ્રી સુમતિનાથ શ્વે.મૂ.પૂ. જૈન સંઘ - મેમનગર, અમદાવાદ લાભ લીધો છે. તેઓના અમે ઋણી છીએ.

**લિ.**
**આ. શ્રી વિજયનીતિસૂરિ**
**જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળા**
**અમદાવાદ**

વિ.સં.૨૦૭૮
ચૈત્ર સુદ-૫

# સંપાદકીય નિવેદન

કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્ય ભગવંતે શ્રી સિદ્ધરાજ જયસિંહની વિનંતીથી માત્ર એક વર્ષમાં જ સવા લાખ શ્લોક પ્રમાણ જે શ્રીસિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનની રચના કરી તે ખરેખર અદ્વિતીય છે. આ સમુદ્ર એવો છે કે, જેનાં પેટાળમાં અઢળક રત્નો ભર્યા છે. મરજીવા બનીને તે રત્નોને પામવાનો જે યત્કિંચિત્ પ્રયાસ થયો છે. તેનાં પરિણામ સ્વરૂપે પાંચમો ભાગ પ્રકાશિત થઈ રહ્યો છે. જે ખરેખર તત્ત્વત્રયીની કૃપા વિના શક્ય નથી.

આ ગ્રંથની વિવેચનયાત્રા, વિવરણની સામાન્ય વિશેષતાઓ, ધન્યવાદ, ઋણસ્વીકાર, સંદર્ભગ્રંથ સૂચિ વિ. પ્રથમ ભાગમાં જણાવેલ છે. જેની નૂતન વાચક વર્ગે ખાસ મુલાકાત લેવી.

તથા આ ભાગમાં દરેક વિધિનું સારાંશ કોષ્ટક દર્શાવેલ છે. જે તે વિધિની પૂર્ણાહુતિમાં જ છે. અને પરિશિષ્ટ-૧માં સમાસાન્ત પ્રત્યયોનું કોષ્ટક આપેલ છે. તેમજ, પરિશિષ્ટ-૨ વિવેચન અંતર્ગત ન્યાયનાં અર્થ તેમજ, પરિશિષ્ટ-૩માં વિવેચન અંતર્ગત વિશેષતા અને જિજ્ઞાસાનાં સંદર્ભસ્થાનો પ.પૂ.આ. શ્રી વિજય લાવણ્યસૂરીશ્વરજી મ.સા. દ્વારા સંપાદિત બૃહન્ન્યાસ વગેરે ટીકાથી યુક્ત શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસનમ્ પુસ્તકાધારે લખેલ છે.

અત્યંત સહકાર આપનાર પંડિતવર્ય શ્રી ચિરાગભાઈ તથા પંડિતવર્ય શ્રી અક્ષયભાઈ અને શીઘ્રાતિશીઘ્ર સુંદર રીતે મુદ્રણ કરી આપનાર જય જિનેન્દ્ર ગ્રાફિક્સ (નિતીનભાઈ-જય જિનેન્દ્ર)ને ખૂબ ખૂબ ધન્યવાદ. જિનાજ્ઞા વિરુદ્ધ કંઈપણ લખાયું હોય તો

"મિચ્છા મિ દુક્કડમ્"

દ. નિરૂપમ-કલ્પ-આર્ય-સૌરભ શિશુ
**સા. પરમયશાશ્રી**

# વિષયાનુક્રમ


| ક્રમ | વિષય | પત્રક્રમ |
|---|---|---|
| ૧. | ઉપસર્ગ સંજ્ઞા (૩.૧.૧) | ૧ |
| ૨. | ગતિસંજ્ઞા (૩.૧.૨ થી ૩.૧.૧૭) | ૯ |
| ૩. | સમાસ સંજ્ઞાનું લક્ષણ (૩.૧.૧૮) | ૩૩ |
| ૪. | બહુવ્રીહિ સમાસ કરતાં સૂત્રો (૩.૧.૧૯ થી ૩.૧.૨૫) | ૩૯ |
| ૫. | બહુવ્રીહિ સમાસનું સારાંશ કોષ્ટક | ૬૦ |
| ૬. | અવ્યયીભાવ સમાસ કરતાં સૂત્રો (૩.૧.૨૬ થી ૩.૧.૪૧) | ૬૧ |
| ૭. | અવ્યયીભાવ સમાસનું સારાંશ કોષ્ટક | ૧૦૫ |
| ૮. | તત્પુરુષ સમાસ કરતાં સૂત્રો (૩.૧.૪૨ થી ૩.૧.૯૫) | ૧૦૭ |
| ૯. | કર્મધારય તત્પુરુષ સમાસ કરતાં સૂત્રો (૩.૧.૯૬ થી ૩.૧.૧૧૫) | ૨૦૯ |
| ૧૦. | વિવિધ પ્રકારનાં તત્પુરુષ સમાસ કરતું સૂત્ર (૩.૧.૧૧૬) | ૨૬૩ |
| ૧૧. | તત્પુરુષ સમાસનું સારાંશ કોષ્ટક | ૨૬૯ |
| ૧૨. | દ્વન્દ્વ સમાસ કરતું સૂત્ર (૩.૧.૧૧૭) | ૨૭૯ |
| ૧૩. | એકશેષ પ્રક્રિયા કરતાં સૂત્રો (૩.૧.૧૧૮ થી ૩.૧.૧૨૮) | ૨૮૨ |
| ૧૪. | એકશેષ પ્રક્રિયાનું સારાંશ કોષ્ટક | ૩૦૩ |
| ૧૫. | પુનર્વસુને એ.વ. કરતું સૂત્ર (૩.૧.૧૨૯) | ૩૦૪ |
| ૧૬. | દ્વન્દ્વ સમાસને એ.વ. કરતાં સૂત્રો (૩.૧.૧૩૦ થી ૩.૧.૧૪૭) | ૩૦૬ |
| ૧૭. | દ્વન્દ્વ સમાસમાં ઈતરેતર અને સમાહાર યોગની વિવક્ષા | ૩૩૯ |
| ૧૮. | સમાસમાં પૂર્વનિપાતનાં નિયમન કરતાં સૂત્રો(૩.૧.૧૪૮થી૩.૧.૧૬૮) | ૩૪૨ |
| ૧૯. | અભ્યાસ-૧ | ૩૬૯ |
| ૨૦. | અભ્યાસ-૨ | ૩૭૧ |
| ૨૧. | પરિશિષ્ટ-૧: સમાસાન્ત પ્રત્યયોનું કોષ્ટક | ૩૭૩ |
| ૨૨. | પરિશિષ્ટ-૨: ન્યાયસંગ્રહનાં અર્થ | ૩૮૩ |
| ૨૨. | પરિશિષ્ટ-૨ : સંદર્ભસ્થાનો | ૩૮૭ |

# સંકેતસૂચિ

| | | |
|---|---|---|
| અ.અ.સૂ. | : | અન્વય અનુવૃત્તિ સૂત્ર |
| સ. | : | સમાસ |
| ઉદા. | : | ઉદાહરણ |
| પ્ર.ઉદા. | : | પ્રતિ ઉદાહરણ |
| વિ. | : | વિશેષતા |
| જિ. | : | જિજ્ઞાસા |
| સમા. | : | સમાધાન |
| શ્લો. | : | શ્લોક |
| પ્ર. | : | પ્રથમા વિભક્તિ |
| દ્વિ. | : | દ્વિતીયા વિભક્તિ |
| તૃ. | : | તૃતીયા વિભક્તિ |
| ચ. | : | ચતુર્થી વિભક્તિ |
| પં. | : | પંચમી વિભક્તિ |
| ષ. | : | ષષ્ઠી વિભક્તિ |
| સ. | : | સપ્તમી વિભક્તિ |
| સં. | : | સંબોધન |
| એ.વ. | : | એકવચન |
| દ્વિ.વ. | : | દ્વિવચન |
| બ.વ. | : | બહુવચન |
| પરસ્મૈ. | : | પરસ્મૈપદ |
| આત્મને. | : | આત્મનેપદ |
| ન્યાય. | : | ન્યાય |
| સં.સૌ. | : | સંગ્રહ સૌરભ. (પરિશિષ્ટ પુસ્તિકા) |
| મ.વૃ. | : | મધ્યમવૃત્તિ |
| બૃ.વૃ. | : | બૃહદ્વૃત્તિ |
| બૃ.ન્યા. | : | બૃહન્ન્યાસ |
| લ.ન્યા. | : | લઘુન્યાસ |

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય વિરચિત

# श्री सिद्धहेम शब्दानुशासनम्

॥ ॐ ह्रीँ श्रीँ अर्हँ नमः ॥
॥ श्री पंचासरा पार्श्वनाथाय नमः ॥

# तृतीयेऽध्याये प्रथमः पादः

## समास प्रकरणम्

### धातोः पूजार्थस्वति-गतार्थाधिपर्यतिक्रमार्थातिवर्जः प्रादिरुपसर्गः प्राक् च ३.१.१

**અ.અ.સૂ.** : **( धातोः ) प्रादिः उपसर्गः, धातोः च प्राक्, पूजार्थस्वति-गतार्थाधिपर्यतिक्रमार्थातिवर्जः ।**

**અર્થ** : ધાતુ સંબંધી અને ધાતુનાં અર્થને બતાવનારાં प्र વગેરે ઉપસર્ગસંજ્ઞક થાય છે. અને તે ધાતુની પૂર્વે જ મૂકાય છે. પણ ધાતુની પછી કે વ્યવહિતપણે મૂકાતાં નથી. પરંતુ પૂજા અર્થમાં રહેલાં सु અને अति, ગત અર્થમાં રહેલાં अधि અને परि તેમજ અતિક્રમ અર્થમાં રહેલ अति અવ્યય ન હોય તો.

**સ.** : **पूजार्थस्वति-गतार्थाधिपर्यतिक्रमार्थातिवर्जः** = सुश्च अतिश्चेति स्वती, पूजा अर्थो ययोस्तौ इति पूजार्थौ, पूजार्थौ च तौ स्वती चेति पूजार्थस्वती। अधिश्च परिश्च इति अधिपरी, गतमर्थो ययोस्तौ इति गतार्थौ, गतार्थौ च तौ अधिपरी चेति गतार्थाधिपरी, अतिक्रमोऽर्थो यस्य स

इति अतिक्रमार्थः, अतिक्रमार्थश्चासावतिश्चेति अति-क्रमार्थातिः। पूजार्थस्वती च गतार्थाधिपरी च अति-क्रमार्थातिश्च इति पूजार्थस्वति-गतार्थाधिपर्यतिक्रमार्थातिः पूजार्थस्वति-गतार्थाधिपर्यतिक्रमार्थातीन् वर्जयतीति।

★ ઉપસર્ગ: = उप-समीपे धातोः भूत्वा सृज्यत इति।

ઉદા. (१) **प्रणयति** = તે સ્નેહ કરે છે.

(णींग् प्रापणे-८८४), पाठे धात्वादे०२.३.९७थी ण्→**नी** ધાતુ. આ સૂત્રથી प्रने **ઉપસર્ગ**સંજ્ઞા અને તેનો ધાતુની **પૂર્વે નિપાત**→**प्र**+नी

वर्तमाना०३.३.६थी तिव्→प्र+नी+**ति**

कर्त्तर्यनद्०३.४.७१थी शव्→प्र+नी+**अ**+ति

नामिनो गुणो०४.३.१थी ગુણ→प्र+**ने**+अ+ति

एदैतो०१.२.२३थी अय्→प्र+**नय**ति

अदुरुपसर्गा०२.३.७७थी ઉપસર્ગસંજ્ઞક प्रथी પર न्नो ण्→प्र**ण**यति।

(२) **परिणयति** = તે પરણે છે. परि+नी

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા.★ **धातोरिति किम्? वृक्षं वृक्षमभि सेकः** = દરેક વૃક્ષનું સિંચન કરવું.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ધાતુ સંબંધી જ प्र વગેરેને વિશે થાય છે. જ્યારે અહીં अभि वृक्ष સંબંધી છે. ધાતુ સંબંધી નહીં. માટે આ સૂત્રથી अभिने ઉપસર્ગસંજ્ઞા ન થતાં स्था-सेनि०२.३.४०थी सेकनां स्नां ष् થયો નહીં તથા, लक्षण-वीप्स्ये०२.२.३६थी वृक्षने દ્વિતીયા વિભક્તિ થઈ છે.

★ **पूजार्थस्वत्यादिवर्जनं किम् ?**

(१) **પૂજાર્થમાં सु-अति→सुसिक्तं/अतिसिक्तं भवता** = આપ વડે સારી રીતે સિંચન કરાયું. (षिचींत् क्षरणे-१३२१)

★ આ સૂત્રમાં પૂજાર્થક सु અને अतिनું વર્જન હોવાથી અહીં ઉપસર્ગ સંજ્ઞા થઈ નથી. માટે स्था-सेनि०૨.૩.૪૦થી सिक्तनां स्નो ष् થયો નહીં.

(૨) **ગતાર્થમાં अधि-परि→**

**अध्यागच्छति/आगच्छत्यधि** = આગળ આવે છે.

**पर्यागच्छति/आगच्छति परि** = બધી બાજુએથી આવે છે.

★ જ્યારે પ્રકરણથી જ ઉપસર્ગનો અર્થ જણાઈ જતો હોય ત્યારે તે ઉપસર્ગ ગતાર્થ કહેવાય છે. અને આ સૂત્રમાં ગતાર્થ એવા अधि અને परिનું વર્જન હોવાથી અહીં गम्નાં યોગમાં अधि અને परिને ઉપસર્ગસંજ્ઞા થઈ નથી. તેથી તે બંનેનો ધાતુની પૂર્વમાં અને પરમાં એ પ્રમાણે બંને પ્રયોગ થાય છે.

(૩) **અતિક્રમાર્થમાં अति→अतिसिक्त्वा** = અતિશય સિંચન કરીને.

★ આ સૂત્રમાં અતિક્રમ અર્થવાળાં अतिનું વર્જન હોવાથી અહીં सिञ्ज्નાં યોગમાં अतिને ઉપસર્ગસંજ્ઞા થઈ નથી. તેથી स्था-सेनि०૨.૩.૪૦થી स्નો ष् થયો નહીં.

**વિશેષતા :**

(१) **ઉપસર્ગસંજ્ઞક प्रादि[1]ને બતાવતો શ્લોકઃ**

**प्र-परा-ऽपसमन्ववनिर्दुरभि-**
**व्यधि-सूदति-नि-प्रति-पर्यपयः ।**
**अप-आङिति विंशतिरेष सखे !,**
**उपसर्गगणः कथितः कविभिः ॥**

---

१. ગણનાં અર્થ માટે સં.સૌ.માં. જોવું.

चादयोऽ०१.१.३१માં દર્શાવેલ चादि ગણમાં આવેલાં प्र,परा, अप, सम्, अनु, निस् (निर्), दुस् (दुर्), अव, अभि, वि, अधि, सु, उद्, अति, नि, प्रति, परि અને अपि આ વીશ અવ્યયનો કવિઓ વડે ઉપસર્ગગણ કહેવાયેલો છે. તથા, प्रादिः એ પ્રમાણે સૂત્રમાં એ.વ.નો નિર્દેશ હોવાથી આ આકૃતિગણ નથી તેવું જણાય છે. પરંતુ निर्दुरभि એ પ્રમાણે સંધિ સહિતનો નિર્દેશ હોવાથી निस् અને दुस् આ બંનેનું પણ ગ્રહણ થવાથી **બાવીશ** प्रादि ઉપસર્ગસંજ્ઞક જાણવા.

(૨) ઉપસર્ગનું કાર્યઃ **धात्वर्थं बाधते कश्चित्, कश्चित् तमनुवर्त्तते ।**
**तमेव विशिनष्ट्यन्योऽनर्थकोऽन्यः प्रयुज्यते ॥**

- ✧ કેટલાંક ધાતુનાં અર્થનો બાધ કરે છે→स्था-રહેવું, प्र+स्था-પ્રયાણ કરવું.
- ✧ કેટલાંક ધાતુને અનુસરે છે અર્થાત્ તે ઉપસર્ગ વિના તે અર્થમાં માત્ર ધાતુનો પ્રયોગ થતો નથી→आचष्टे-કહેવું.
- ✧ કેટલાંક ધાતુનાં અર્થમાં વિશેષતા કરે છે→ईक्ष्-જોવું. निरीक्ष्-બારીકાઈથી જોવું.
- ✧ જ્યારે અન્ય કેટલાંક અનર્થક પ્રયોગો થાય છે→विशति-પ્રવેશ કરે છે, प्रविशति-પ્રવેશ કરે છે.

(૩) ધાતુમાં વધુમાં વધુ એકી સાથે પ્રાયઃ પાંચ ઉપસર્ગોનો પ્રયોગ થાય છે.

ઉદાઃ **आ**हरति, **व्याव**हरति, **अभिव्या**हरति, **समभिव्या**हरति, **प्रसमभिव्या**हरति અને તેનો ક્રમપૂર્વક પ્રાક્ પ્રયોગ થાય છે. અર્થાત્ જે ઉપસર્ગનો સંબંધ પહેલાં હોય તે ધાતુની અનંતર

પૂર્વે મૂકાય છે. અને જે ઉપસર્ગનો સંબંધ પછી હોય તે યથાયોગ્ય તે-તે ઉપસર્ગની પૂર્વે મૂકાય છે. જેમ કે, हृ ધાતુની સાથે સર્વપ્રથમ आ ઉપસર્ગનો સંબંધ કરતાં आ+हृ એ પ્રમાણે નિર્દેશ કરાય છે. ત્યારબાદ જો वि ઉપસર્ગનો નિર્દેશ કરાય તો તે आ+हृ એ પ્રમાણે ઉપસર્ગ વિશિષ્ટ ધાતુ સાથે સંબદ્ધ જાણવો પણ માત્ર ધાતુ સાથે નહીં. અને ધાતુનાં અર્થની પ્રાપ્તિ પણ પ્રાયઃ આ ક્રમને આશ્રયીને જાણવી.

(૪) આ સૂત્ર प्रादि અવ્યયોને ઉપસર્ગ સંજ્ઞા કરે છે માટે સંજ્ઞા સૂત્ર છે.

(૫) **ઉપસર્ગસંજ્ઞાનાં પ્રદેશોઃ** ऋत्यारुपसर्गस्य ૧.૨.૯ ઇત્યાદિ.

(૬) આ સૂત્રમાં દર્શાવેલ धातोः પદ પંચમ્યન્ત અને ષષ્ઠ્યન્ત બંને જાણવું.

(a) प्र વગેરે ઉપસર્ગ સાથે સંબંધનાં નિર્દેશમાં ષષ્ઠ્યન્ત અને,

(b) 'ધાતુની પૂર્વે' એ પ્રમાણે प्राक् અર્થ સાથેનાં નિર્દેશમાં પંચમ્યન્ત.

(૭) **द्वन्द्वात्परः[૧]प्रत्येकमभिसम्बध्यते ३/१५** ન્યાયાનુસારે દ્વન્દ્વ સમાસને અંતે રહેલ वर्ज પદનો દ્વન્દ્વ સમાસગત पूजार्थस्वती, गतार्थाधिपरी અને अतिक्रमार्थाति ત્રણે પદ સાથે અન્વય થાય છે.

(૮) સૂત્રમાં ચકારનું ગ્રહણ બે કાર્યનાં સમુચ્ચય રૂપે છે.

(a) प्र વગેરેને ઉપસર્ગસંજ્ઞા કરવી, (b) તે ઉપસર્ગોને ધાતુની પૂર્વે મૂકવા.

---

૧. ન્યાયોનાં સામાન્ય અર્થ માટે પરિશિષ્ટ-૧માં જોવું અને વિશેષ અર્થ માટે સં.સૌ.માં જોવું.

(૯) **धातोरिति प्राक् चेति च गतिसंज्ञां यावत्** = धातोः च प्राक् આ અધિકાર ગતિસંજ્ઞક એવા ઉપસર્ગો સાથે જોડાયેલ છે. તેથી **सन्नियोगशिष्टानामेकापायेऽन्यतरस्याऽप्यपायः १/३०** ન્યાયાનુસારે જ્યાં સુધી (૩.૧.૧૭ સુધી) ગતિસંજ્ઞાનો અધિકાર છે. ત્યાં સુધી धातोः च प्राक्નો અધિકાર ચાલશે.

(૧૦) અહીં સૂત્રમાં માત્ર प्राक् च એ પ્રમાણે જ પદો દર્શાવ્યાં છે. પરંતુ **सर्वं वाक्यं सावधारणम् २/५८** ન્યાયાનુસારે 'प्रागेव' એ પ્રમાણે અવધારણ અર્થ પણ પ્રાપ્ત થાય છે. જેનાં તાત્પર્ય સ્વરૂપે લઘુવૃત્તિમાં 'न परो न व्यवहितः' એવો અર્થ જણાવ્યો છે.

(૧૧) આ સૂત્રથી उपसर्ग એ પ્રમાણે સ્વર વગેરેની અપેક્ષાએ વધુ અક્ષરવાળી જે સંજ્ઞા કરી છે તે પ્રાપ્ત થયેલાં અર્થનાં અનુવાદ સ્વરૂપે જાણવી. અહીં તાત્પર્ય એ છે કે, **लाघवार्थं हि संज्ञाकरणम्** એ પ્રમાણેનાં વચનાનુસારે કોઈપણ સંજ્ઞા તે પ્રક્રિયા, પ્રયોગ આદિનાં લાઘવ માટે પ્રયુક્ત થતી હોય છે. તેથી તે સંજ્ઞા પણ યથાશક્ય ઓછી માત્રાવાળી લઘુ હોવી જ ઘટે છે. તથાપિ અહીં તે લઘુતાને ગૌણ કરીને उपसर्ग એ પ્રમાણે વધુ માત્રાવાળી ગુરુ સંજ્ઞા જે કરવામાં આવી છે તે **अन्वर्थासंज्ञेयम्** વચનાનુસારે સાન્વર્થપણાંનાં આશ્રય માટે જાણવી. તે આ પ્રમાણે, **उप-पूर्व-समीपं, सृज्यते-सम्बध्यते** અર્થાત્ જે પૂર્વે નજીકમાં સંબંધ કરાય છે (જોડાય છે) તેને ઉપસર્ગ કહેવાય છે.

(૧૨) અહીં ધ્યાનમાં લેવું કે, ઉપસર્ગથી વિશિષ્ટ એવા ધાતુથી વ્યક્ત થતી ક્રિયા પ્રત્યય દ્વારા પ્રયોગ સ્વરૂપે જણાવાય છે.

પણ પ્રત્યયથી સિદ્ધ થયેલી ક્રિયામાં ઉપસર્ગ વિશેષતા કરતો નથી. તેથી ઉપસર્ગનો પુરુષબોધક વગેરે પ્રત્યયની પૂર્વે જ ધાતુ સાથે સંબંધ થાય છે. પણ પ્રત્યય લાગ્યા બાદ નહીં. માટે समस्करोत्, संचस्कार જેવાં પ્રયોગોમાં ઉપસર્ગ નિમિત્તક स्सट् આગમ થયા બાદ જ अट् આગમ અને દ્વિત્વ કરવામાં આવે છે. અન્યથા જો પહેલાં પ્રત્યયની સાથે સંબંધ કરવામાં આવે તો आस्यते गुरुणा એ પ્રમાણે અકર્મક પ્રયોગનો उपास्यते गुरुः એ પ્રમાણે સકર્મક પ્રયોગ થઈ શકે નહીં.

(૧૩) અહીં નોંધનીય છે કે, ઉપસર્ગ ધાતુની પૂર્વે ધાતુનાં અવયવ સ્વરૂપે જ જોડાય છે. પરંતુ શાસ્ત્રનિર્દિષ્ટ માત્ર अट् આગમ વગેરેની વ્યવસ્થા માટે જ તેનો પૃથક્ પદ સ્વરૂપે વ્યવહાર કરાય છે.

(૧૪) प्रनायको देशः જેવા પ્રયોગમાં प्रगतो नायकोऽस्मात् એ પ્રમાણે વિગ્રહ હોવાથી प्रનો સંબંધ गम् ધાતુ સાથે છે, પણ नायक (नी ધાતુ) સાથે નહીં. અને **येन धातुना युक्ताः प्रादयस्तं प्रत्येवोपसर्गसंज्ञा ૨/૫૧** ન્યાયાનુસારે प्र તે गम् ધાતુનાં વિષયમાં ઉપસર્ગસંજ્ઞક થાય છે. नी ધાતુનાં વિષયમાં નહીં. માટે अदुरुपसर्गा૦૨.૩.૭૭થી न्નો ण् નહીં થાય.

**જિ.** : प्रचिकीर्षति વગેરે પ્રયોગોમાં જેમ प्रकर्षेण कर्तुमिच्छति આવો અર્થ થાય છે તેમ कर्तुं प्रकर्षेण इच्छति આવો પણ અર્થ થઈ શકે છે. તે અર્થમાં प्र ઉપસર્ગનો સંબંધ ઈચ્છા રૂપ ક્રિયાનાં દ્યોતક सन् પ્રત્યય સાથે છે. તો ત્યાં प्र ઉપસર્ગનો પ્રયોગ सन्ની પૂર્વે ન કરતાં प्रની પૂર્વે શા માટે કરાય છે?

**સમા.** : આ સૂત્રમાં ધાતુની પૂર્વે ઉપસર્ગનો પ્રયોગ કરવાનું વિધાન છે. જ્યારે सन् ધાતુ સ્વરૂપે નથી. પણ પ્રત્યય સ્વરૂપે છે તેથી માત્ર सन्‌ની પૂર્વે प्र ઉપસર્ગનો પ્રયોગ થશે નહીં. તથા, અહીં એ વાતની નોંધ લેવી કે, પૂર્વાચાર્ય દ્વારા कृ અને सन् એ પ્રમાણે સમુદાય જ ધાતુ સ્વરૂપે જણાવેલો હોવાથી તેની પૂર્વે જ प्र ઉપસર્ગનો પ્રયોગ થાય છે.

**જિ.** : સૂત્રમાં 'गतार्थाविधिपरी' પદ દ્વારા ધાતુથી કહેવાયેલાં અર્થ-વાળાં अधि, परि અભિપ્રેત છે. પરંતુ **उक्तार्थानामप्रयोगः ૧/૨૮** ન્યાયાનુસારે अधि, परि ઉપસર્ગનો અપ્રયોગ જ થવાની પ્રાપ્તિ છે. તો अध्यागच्छति, आगच्छत्यधि વગેરે પ્રયોગ શી રીતે સંગત થાય?

**સમા.** : તમારી વાત સાચી છે. પણ કેટલાંક ઉક્ત અર્થવાળાં પદોનાં પ્રયોગો લોકમાં પણ જણાય છે. જેમકે, अपूपौ द्वावानय, ब्राह्मणौ द्वावानय વગેરે. તેથી લોકચરિત પ્રયોગોમાં ગૌરવ-લાઘવની વિચારણાને અનુસારે પ્રયોગ-અપ્રયોગની આચરણા હોતી નથી. કારણ કે જો તેવું માનીશું તો, अन्यथा શબ્દથી જ જણાયેલાં અર્થવાળાં अन्यथाकारम् શબ્દનો, ऋषभ શબ્દથી કહેવાયેલા અર્થવાળાં वृषभ શબ્દનો તેમજ वृक्ष શબ્દથી કહેવાયેલાં અર્થવાળાં भूरुह શબ્દનો પણ અપ્રયોગ થવાની આપત્તિ આવે.

**જિ.** : સૂત્રમાં धातोः प्राक् એ પ્રમાણે નિર્દેશ હોવાથી ઉપસર્ગનો પ્રયોગ ધાતુની પૂર્વે જ થવો જોઈએ, પરંતુ જ્યારે બે-ત્રણ વગેરે ઉપસર્ગ પ્રયુક્ત થાય છે. ત્યારે પછી પછીનાં

ઉપસર્ગો ધાતુની પૂર્વે ન મૂકાતાં પૂર્વ-પૂર્વનાં ઉપસર્ગોની પૂર્વે જ મૂકાય છે. તે શી રીતે સંગત થાય?

**સમા.** : વસ્તુતઃ प्रादि ઉપસર્ગ અનેક હોવા છતાં પણ જાતિની અપેક્ષાએ તુલ્ય જ છે. તેથી **तुल्यजातीयस्याऽव्यवधायकत्वात्** એ નિયમાનુસારે ઉપસર્ગ ક્યારેય ઉપસર્ગનો વ્યવધાયક બનતો નથી. આમ, દરેક ઉપસર્ગનો ધાતુની પૂર્વે જ સંબંધ કરાય છે. પણ અન્ય ઉપસર્ગની પૂર્વે નહીં.

**જિ.** : उप+इ+क्त्वा અહીં अवर्णस्ये०१.२.६થી અને अनञः० ૩.૨.૧૫૪થી उपे+य થતાં, ધાતુનાં અંતે હ્રસ્વ સ્વર રહેતો નથી. તો ह्रस्वस्य तः०૪.૪.૧૧૩થી त् આગમ થઈને उपेत्य વગેરે પ્રયોગો કેવી રીતે સિદ્ધ થશે?

**સમા.** : બે પદની અપેક્ષા રાખતો अवर्णस्येवर्णादि०१.२.६થી થયેલ ए બહિરંગ કાર્ય છે. અને માત્ર ધાતુની અપેક્ષા રાખતો ह्रस्वस्य तः०૪.૪.૧૧૬થી થયેલ त् આગમ અંતરંગ કાર્ય છે. તેથી, **असिद्धं बहिरङ्गमन्तरङ्गे १/२०** ન્યાયાનુસારે त् આગમ કરતી વખતે अवर्णस्ये०१.२.६થી થયેલ ए અસત્ મનાય છે. એટલે કે ए તે इ સ્વરૂપ જ મનાતાં હ્રસ્વ સ્વર પછી त् આગમ થઈ उपेत्य રૂપ થાય છે, उपेय નહીં.

## ऊर्याद्यनुकरण-च्वि-डाचश्च गतिः ३.१.२

**અ.અ.સૂ. : ( धातोः ) ऊर्याद्यनुकरण-च्वि-डाचः च ( उपसर्गः ) गतिः, धातोः च प्राक् ।**

**અર્થ** : ધાતુનાં સંબંધી ऊरी વગેરે શબ્દો, અનુકરણ અર્થમાં વર્તતાં શબ્દો, च्वि અને डाच् પ્રત્યયાન્ત શબ્દો તેમજ, ઉપસર્ગ સંજ્ઞક શબ્દો ગતિસંજ્ઞક થાય છે. અને ધાતુની પૂર્વે મૂકાય છે.

**સ.** : **ऊर्याद्यनुकरण-च्वि-डाचः** = ऊरी आदिर्येषां ते इति ऊर्यादयः, ऊर्यादयश्च अनुकरणं च च्विश्च डाच् च इति ।

**ઉદા.** (૧) **ऊर्यादि→ऊरीकृत्य** = સ્વીકાર કરીને.

ऊरीकरणं पूर्वमिति । (डुकृंग् करणे-८८८)

- ∴ આ સૂત્રથી ऊरीને **ગતિસંજ્ઞા.**[1]
  गतिक्वन्य०૩.૧.૪૨થી ऊरी અને कृનો સમાસ તથા,
  प्राक्काले ૫.૪.૪૭થી क्त्वा→ऊरी+कृ+**त्वा**
- ∴ ऐकार्थ्ये ૩.૨.૮થી અન્તવર્તિ વિભક્તિનો **લોપ.**
  अनञः क्त्वो०૩.૨.૧૫૪થી त्वाનો यप्→ऊरी+कृ+**य**
  ह्रस्वस्य तः०૪.૪.૧૧૬થી त् આગમ→ऊरीकृ**त्य**
- ∴ પ્રથમા सि→ऊरीकृत्य+**स्**
- ∴ क्त्वा-तुमम् ૧.૧.૩૫થી ऊरीकृत्यને **અવ્યયસંજ્ઞા.**
- ∴ अव्ययस्य ૩.૨.૭થી सिનો લોપ→ऊरीकृत्य।

(૨) **ऊररीकृत्य** = સ્વીકાર કરીને. ऊररीकरणं पूर्वमिति।

(૩) **અનુકરણ→खाट्कृत्य** = ખાટ્એ પ્રમાણે શબ્દનું અનુકરણ કરીને.

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

---

∴ આ નિશાની વાળાં સૂત્રો આગામી ઉદા.ની સાધનિકામાં વારંવાર પુનરાવર્તિત થતાં હોવાથી ત્યાં દર્શાવેલ નથી.

(૩) **च्वि प्रत्ययान्त→शुक्लीकृत्य** = અશ્વેતને શ્વેત કરીને.

अशुक्लं शुक्लं कृत्वेति।

कृभ्वस्ति०૭.૨.૧૨૬થી च्वि→शुक्ल+**च्वि**

આ સૂત્રથી शुक्ल+च्विने **ગતિસંજ્ઞા**.

સમાસ વગેરે કાર્ય પૂર્વ પ્રમાણે થતાં शुक्ल+कृत्य

ईश्च्वा०૪.૩.૧૧૧થી अनो ई→शुक्**ली**कृत्य।

(૪) **डाच् प्रत्ययान्त→पटपटाकृत्य** = પટ્પટ્ એ પ્રમાણે અવાજ કરીને. अपटत् पटत् करणं पूर्वमिति।

अव्यक्ता०૭.૨.૧૪૫થી डाच् અને દ્વિત્વ→**पटत्**पटत्+**आ**

डाच्यादौ०૭.૨.૧૪૯થી त्‌નો લોપ→पटपटत्+आ

डित्यन्त्य०૨.૧.૧૧૪થી अत्‌નો લોપ→पटपट्+आ

આ સૂત્રથી पटपटाને **ગતિસંજ્ઞા**.

સમાસ વગેરે કાર્યો ऊरीकृत्य પ્રમાણે જાણવા.

(૫) **ઉપસર્ગ→प्रकृत्य** = પ્રસ્તુત કરીને प्रकरणं पूर्वमिति।

धातोः पूजार्थ०૩.૧.૧થી प्रने **ઉપસર્ગસંજ્ઞા**.

આ સૂત્રથી प्रને **ગતિસંજ્ઞા.**

અહીં સમાસ વગેરે કાર્યો પૂર્વપ્રમાણે જાણવા.

**વિશેષતા :**

(૧) **ऊर्यादि ગણ :**

ऊरी, ऊररी, उररी = અંગીકાર, વિસ્તાર, ભૃશ, પ્રશંસા અર્થમાં.

पाम्पी = નાશ, માધુર્ય, કરુણ, વિલાપ, વિસ્તાર અર્થમાં.

ताली, आताली = વર્ણ, ઉત્તમ, વિસ્તાર અર્થમાં.

धूशी = કાંતિ, કાંક્ષા, વિસ્તાર અર્થમાં.

शकला, संशकला, ध्वंसकला, भ्रंशकला = હિંસા, પરિભવ અર્થમાં.

आलम्बी, केवाशी, शैवाली = હિંસા, આવિષ્કાર અર્થમાં.

मस्मसा, मसमसा = હિંસા, ચૂર્ણ, સંવરણ, અનુકરણ અર્થમાં.

गुलुगुधा = ક્રીડા, પીડા અર્થમાં.

सजूः = સાથે અર્થમાં.

फलू-फली = ક્રિયા સંપત્તિ, કર્મસિદ્ધિ, અકંટક અર્થમાં.

विक्ली, आक्ली = વિકાર, વિચાર, વિભાગ અર્થમાં.

श्रौषट्, वषट्, वौषट्, स्वाहा, स्वधा = દેવતાને સંપ્રદાન અને દાન અર્થમાં. તેમજ वषट्-પૂજાર્થમાં, स्वधा-તૃપ્તિ, પ્રીતિ, પ્રત્યભિવાદન અર્થમાં પણ.

श्रत् = શ્રદ્ધા, શીઘ્ર અર્થમાં.

प्रादुस्, आविस् = પ્રાકટ્ય અર્થમાં.

पशु, केवाली = હિંસા અર્થમાં.

वेताली = વિસ્તાર અર્થમાં.

(૨) **ऊर्यादि ગણ વિષયક અન્ય વ્યાકરણકારોનાં મત :**

- मस्मसाનાં સ્થાને मृस्मृसा એ પ્રમાણે ऋવાળો શબ્દ છે.
- आलम्बीનાં સ્થાને आलोष्ठी પ્રયોગ છે.
- गुलुगुधाનાં સ્થાને गुलूगुधा પ્રયોગ છે.
- धूली, वर्षाली, पाम्पाली, विचाली શબ્દ પણ ऊर्यादि ગણ અંતર્ગત છે.

(૩) डाच् એ પ્રમાણે અનુબંધ સહિત નિર્દેશ કરેલો હોવાથી **तदनुबन्धग्रहणे नातदनुबन्धस्य** પંક્ત્યનુસારે ऋदुशनस्० ૧.૪.૮૪થી થતાં સિનો डा આદેશ અંતવાળાં નામને આ સૂત્રથી ગતિસંજ્ઞા થતી નથી.

(૪) **साहचर्यात् सदृशस्यैव २/६** ન્યાયાનુસારે च्वि અને डाच्નાં સાહચર્યથી ऊर्यादि ગણ અને અનુકરણ શબ્દો कृ, भू અને अस्નાં યોગમાં જ ગતિસંજ્ઞા પામે છે. તેમજ ऊर्यादि ગણ અંતર્ગત श्रत् શબ્દ धा અને कृ ધાતુનાં યોગમાં જ ગતિસંજ્ઞા પામે છે.

(૫) ઉપરોક્ત खाट्कृत्य વગેરે અનુકરણ રૂપ ઉદા.માં खाट् વગેરેનો સીધો સંબંધ कृ આદિ ધાતુ સાથે હોય તો જ આ સૂત્રની પ્રવૃત્તિ જાણવી. પરંતુ इति આદિ અવ્યયનું વ્યવધાન હોય તો નહીં. જેમ કે, खाट् इति कृत्वा।

(૬) યદ્યપિ ऊर्याद्यनुकरण૦નો અધિકાર શરૂ થવાથી उपसर्गनो અધિકાર અટકી જાય, પરંતુ **चकारो यस्मात्परस्तत्सजातीयमेव समुच्चिनोति २/६१** ન્યાયાનુસારે ચકાર દ્વારા પ્રથમાન્ત उपसर्गः પદનું અનુકર્ષણ થાય છે.
તેમજ, **चानुकृष्टं नाऽनुवर्त्तते २/६२** ન્યાયાનુસારે તેનો અધિકાર ઉત્તરસૂત્રમાં જતો નથી.

(૭) **ગતિસંજ્ઞાનાં પ્રદેશોઃ** गतिः ૧.૧.૩૬.

જિ. : આ સૂત્રમાં ગતિસંજ્ઞાને પ્રસ્તુત કરવામાં આવી છે. તેથી **संज्ञोत्तरपदाधिकारे प्रत्ययग्रहणे प्रत्ययमात्रस्यैव ग्रहणं न तदन्तस्य २/१७** ન્યાયાનુસારે च्वि અને डाच्નાં ગ્રહણથી માત્ર च्वि અને डाच् પ્રત્યયનું જ ગ્રહણ યોગ્ય છે. તો લઘુવૃત્તિમાં च्व्यन्ता डाजन्ताश्च એ પ્રમાણે તદન્તનું ગ્રહણ કેવી રીતે કર્યું?

**સમા.** : તમારી વાત સાચી છે. પરંતુ અહીં પૂર્વસૂત્રથી ધાતુ શબ્દની 'ધાતુ સંબંધી' એ પ્રમાણે અનુવૃત્તિ આવી રહી છે. અને માત્ર च्वि અને डाच् પ્રત્યયનો કોઈપણ ધાતુ સાથે સંબંધ થતો નથી. પણ તદન્ત શબ્દનો જ સંબંધ થાય છે. તેથી પ્રયોગસામર્થ્યથી જ અહીં તદન્ત વિધિનું ગ્રહણ જાણવું.

**જિ.** : અહીં પૂર્વસૂત્રથી धातोः च प्राक् એ પ્રમાણે અનુવૃત્તિ આવતી હોવાથી ऊर्यादि નો ધાતુની પૂર્વે નિપાત જણાય છે. પરંતુ સૂત્રમાં અન્ય धातोः પદનું ગ્રહણ ન હોવાથી ધાતુ સંબંધી એવા ऊर्यादि એ પ્રમાણે અર્થ શી રીતે પ્રાપ્ત થયો ?

**સમા.** : **संभवे व्यभिचारे च विशेषणमर्थवत् २/५७** ન્યાયાનુસારે પૂર્વસૂત્રથી અનુવૃત્ત એવા धातोः પદનો प्राक् ચની સાથે-સાથે ऊर्यादि સાથે પણ અન્વય જાણવો તેથી ધાતુ સંબંધી ऊर्यादि એવો અર્થ પ્રાપ્ત થવામાં બાધ નથી.

## कारिका स्थित्यादौ ३.१.३

**અ.અ.સૂ.** : **स्थित्यादौ ( धातोः ) कारिका गतिः, धातोः च प्राक् ।**

**અર્થ** : સ્થિતિ વગેરે અર્થમાં વર્ત્તતો, (ધાતુ સંબંધી) कारिका શબ્દ ગતિસંજ્ઞક થાય છે. અને ધાતુની પૂર્વે મૂકાય છે. સ્થિતિ = મર્યાદા, વૃત્તિ.

**સ.** : **स्थित्यादौ** = स्थितिरादिर्यस्य स इति स्थित्यादिः, तस्मिन्निति ।

ઉદા. **कारिकाकृत्य** = મર્યાદા કરીને. कारिकाकरणं पूर्वमिति।
(डुकृंग् करणे-૮૮૮)
આ સૂત્રથી कारिका ને **ગતિસંજ્ઞા.**
અન્ય સમાસાદિ કાર્ય પૂર્વપ્રમાણે જાણવા.

**વિશેષતા :**

(૧) અહીં **स्वं रुपं शब्दस्याऽशब्दसंज्ञा १/१** ન્યાયાનુસારે कारिका અર્થક શબ્દો ગ્રહણ ન કરતાં સ્વયં कारिका શબ્દનું જ ગ્રહણ થાય છે. પણ आदि પદનું ગ્રહણ હોવાથી મર્યાદા, વૃત્તિ, યત્ન વગેરે તેનાં અર્થોનું ગ્રહણ થાય છે.

(૨) અહીં कारिका પદ પ્રાયઃ કરીને कृ ધાતુનાં યોગમાં જ પ્રવર્ત્તે છે. તેથી સર્વ ઉદા. પણ कृ ધાતુ સંબંધી જ દર્શાવ્યાં છે.

## भूषा-ऽऽदर-क्षेपे-ऽलं-सद-ऽसत् ३.१.४

**અ.અ.સૂ. : भूषा-ऽऽदर-क्षेपे ( धातोः ) अलं-सद-ऽसत् गतिः, धातोः च प्राक् ।**

**અર્થ** : ભૂષા, આદર અને નિંદા અર્થમાં વર્ત્તતાં, (ધાતુ સંબંધી) અનુક્રમે अलम्, सत् અને असत् શબ્દો ગતિસંજ્ઞક થાય છે. અને ધાતુની પૂર્વે મૂકાય છે.

**સ.** (૧) **भूषा-ऽऽदर-क्षेपे** = भूषा च आदरश्च क्षेपश्च इति भूषा-ऽऽदर-क्षेपम्, तस्मिन्निति।

(૨) **अलं-सद-ऽसत्** = अलं च सच्च असच्च (प्रथमा जस्, सूत्रत्वात् लोपः।)

ઉદા. (૧) **अलङ्कृत्य** = શણગારીને. अलङ्करणं पूर्वमिति।
(डुकृंग् करणे-૮૮૮)

(૨) **सत्कृत्य** = સત્કાર કરીને. सत्करणं पूर्वमिति।

(૩) **असत्कृत्य** = અનાદર કરીને. असत्करणं पूर्वमिति।

★ अलम् વગેરેને આ સૂત્રથી ગતિસંજ્ઞા કરીને સમાસાદિ કાર્ય પૂર્વપ્રમાણે જાણવા.

પ્ર.ઉદા. : **भूषादिष्विति किम्? अलंकृत्वा मा कारीत्यर्थः** = નહીં કરીને.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ભૂષા વગેરે અર્થમાં વર્ત્તતાં જ अलम् વગેરેથી થાય છે. જ્યારે અહીં નિષેધ અર્થમાં વર્ત્તતો अलम् હોવાથી આ સૂત્રથી अलम्ने ગતિસંજ્ઞા થઈ નહીં તેથી સમાસાદિ કાર્યો પણ થશે નહીં.

**વિશેષતા :**

(૧) આ સૂત્રમાં भूषा-ऽऽदर-क्षेपे નિમિત્ત અને अलं-सद-ऽसत् સ્થાનીનાં સંખ્યા અને વચન સદૃશ હોવાથી **यथासङ्ख्यमनुदेशः समानाम् १/१०** ન્યાયાનુસારે તે બંને વચ્ચે અનુક્રમ આવે છે.

(૨) અહીં પણ પૂર્વસૂત્રની જેમ જ अलम् વગેરે પદો પ્રાયઃ કરીને कृ ધાતુનાં યોગમાં જ પ્રવર્ત્તે છે. તેથી સર્વ ઉદા. પણ कृ ધાતુ સંબંધી જ દર્શાવ્યાં છે.

જિ. : અહીં ઉદા.ગત असत्कृत्य પ્રયોગ न सत्कृत्येति असत्कृत्य એ પ્રમાણે નञ्તત્પુરુષ સમાસ દ્વારા પણ સિદ્ધ થાય જ છે. તો આ સૂત્રમાં શા માટે असत् પદનો નિર્દેશ કર્યો?

સમા. : न सत्कृत्येति असत्कृत्य એ પ્રમાણે નञ् તત્પુરુષથી નિષ્પન્ન असत्कृत्यનો અર્થ સત્કાર નહીં કરીને એટલો જ થાય છે. જ્યારે અહીં તિરસ્કાર અર્થમાં રહેલાં असत्નું વિધાન હોવાથી असत्कृत्यનો અર્થ 'તિરસ્કાર કરીને' એ પ્રમાણે ગ્રંથકારશ્રીને ઈષ્ટ છે. માટે असत् પદનો પૃથક્ નિર્દેશ છે.

## अग्रहा-ऽनुपदेशेऽन्तरदः ३.१.५

અ.અ.સૂ. : **अग्रहा-ऽनुपदेशे ( धातोः ) अन्तरदः गतिः, धातोः च प्राक्।**

અર્થ : અગ્રહ અને અનુપદેશ અર્થમાં વર્ત્તતાં, ધાતુ સંબંધી અનુક્રમે अन्तर् અને अदस् શબ્દ ગતિસંજ્ઞક થાય છે. અને ધાતુની પૂર્વે મૂકાય છે.

સ. (૧) **अग्रहा-ऽनुपदेशे** = न ग्रह इति अग्रहः, न उपदेश इति अनुपदेशः, अग्रहश्च अनुपदेशश्च इति अग्रहा-ऽनुपदेशम्, तस्मिन्निति।

(૨) **अन्तरदः** = अन्तर् च अदस् च इति।

ઉદા. (૧) **अन्तर्हत्य** = મધ્યમાં શત્રુને હણીને (ગયો).
अन्तर्हननं पूर्वमिति। (हनंक् हिंसा-गत्योः११००)
આ સૂત્રથી अन्तर्‌ને **ગતિસંજ્ઞા**.
સમાસાદિ કાર્યો પૂર્વપ્રમાણે જાણવા. પરંતુ यपि ૪.૨.૫૬થી हन्‌નાં न्‌નો લોપ કરવો.

(૨) **अदःकृत्यैतत् कर्त्तेति ध्यायति** = 'આ કરીને આ કરીશ.' એ પ્રમાણે વિચારે છે.
અદ:करणं पूर्वमिति। (डुकृंग् करणे-८८८)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**વિશેષતા :**

(૧) આ સૂત્રમાં પણ પૂર્વસૂત્ર પ્રમાણે **यथासङ्ख्य० १/१०** ન્યાયાનુસારે अग्रहा-ऽनुपदेशे નિમિત્ત અને अन्तरदः સ્થાની વચ્ચે અનુક્રમ જાણવો.

(૨) **अग्रहः** = ગ્રહણ કર્યા વિના. (ગ્રહણ ન કરવું તે)
**अनुपदेशः** = સ્વયં પરામર્શ/કોઈનાં કથન વિના જાતે જ વિચાર કરવો/વિશેષ કથનનો અભાવ.

(૩) કેટલાંક વ્યાકરણકારો अदस्ने त्यदादि સંબંધી ન માનતાં વિભક્તિ પ્રતિરૂપક અવ્યય સ્વરૂપે માને છે.

## कणे-मनस् तृप्तौ ३.१.६

**અ.અ.સૂ. : ( धातोः ) कणे-मनस् तृप्तौ गतिः, धातोः च प्राक्।**

**અર્થ** : ધાતુ સંબંધી कणे અને मनस् અવ્યય તૃપ્તિ અર્થ જણાતે છતે ગતિસંજ્ઞક થાય છે. અને ધાતુની પૂર્વે મૂકાય છે.

**સ.** **कणे-मनस्** = कणेश्च मनश्च इति (प्रथमा औ, सूत्रत्वात् लोपः।)

ઉદા. (૧) **कणेहत्य पयः पिबति** = ઇચ્છાનાં અંશને હણીને પાણી પીએ છે. कणेहननं पूर्वमिति।

(૨) **मनोहत्य पयः पिबति** = મન (અભિલાષા)ને હણીને પાણી પીએ છે. मनोहननं पूर्वमिति।
कणे અને मनस् અવ્યયને આ સૂત્રથી ગતિસંજ્ઞા કરીને સમાસાદિ કાર્યો પૂર્વપ્રમાણે જાણવા.

**પ્ર.ઉદા. :** **तृप्ताविति किम् ? तण्डुलावयवे कणे हत्वा** = ચોખાનાં કણનો નાશ કરીને.

★ આ સૂત્રની પ્રવૃત્તિ તૃપ્તિ અર્થ જણાતે છતે જ થાય છે. જ્યારે અહીં कणे શબ્દ कणનાં સ.એ.વ.નું રૂપ હોવાથી તૃપ્તિ અર્થને દર્શાવતું નથી. માટે આ સૂત્રથી ગતિસંજ્ઞા ન થતાં સમાસાદિ કાર્યો થયાં નહીં.

**વિશેષતા :**

(૧) कणे શબ્દ અભિલાષનાં અતિરેક અર્થમાં વર્ત્તે છે. તેનાં સાહચર્યથી मनस् શબ્દ પણ અભિલાષનાં અતિરેક અર્થમાં વર્ત્તતો જ લેવો. તેથી અહીં તૃપ્તિ એટલે અભિલાષની નિવૃત્તિ જાણવી.

(૨) યદ્યપિ અહીં અતિશય અભિલાષાવાચી कणे અને मनस् શબ્દનું ગ્રહણ હોવાથી तृप्तौ પદ વ્યર્થ જવાની આપત્તિ આવે. પરંતુ તૃપ્તિ અર્થમાં રહેલાં અવ્યય એવાં कणे-मनस् શબ્દથી જ આ સૂત્રની પ્રવૃત્તિ કરવી. તેવું દર્શાવવા માટે પણ तृप्तौ પદનું ગ્રહણ કરેલ છે. અને તૃપ્તિ અર્થમાં રહેલાં कणे-मनस् વિભક્તિ પ્રતિરૂપક તરીકે અથવા આકૃતિગણથી चादि અને स्वरादिમાં સમાવિષ્ટ થાય છે.

# पुरो-ऽस्तमव्ययम् ३.१.७

**અ.અ.સૂ. : ( धातोः ) पुरोस्तम् अव्ययं गतिः, धातोः च प्राक्।**

**અર્થ** : ધાતુ સંબંધી पुरस् અને अस्तम् અવ્યય ગતિસંજ્ઞક થાય છે. અને ધાતુની પૂર્વે મૂકાય છે.

**સ.** **पुरो-ऽस्तम्** = पुरस् च अस्तम् च इति।

ઉદા. (૧) **पुरस्कृत्य** = આગળ કરીને. पुरस्करणं पूर्वमिति।
(डुकृंग् करणे-८८८)

(૨) **अस्तङ्गत्य** = નાશ પામીને. अस्तगमनं पूर्वमिति।
(गम्लृं गतौ-३९६)

पुरस् અને अस्तम्ने આ સૂત્રથી ગતિસંજ્ઞા કર્યા બાદ સમાસાદિ કાર્યો પૂર્વપ્રમાણે જાણવા. પરંતુ वा मः ૪.૨.૫૭ સૂત્રથી गम्નાં म्નો લોપ કરવો.

પ્ર.ઉદા. : **अव्ययमिति किम्? पुरः कृत्वा नगरीरित्यर्थः** = નગરીઓને કરીને.

★ આ સૂત્રની પ્રવૃત્તિ અવ્યયસંજ્ઞક पुरस्થી થાય છે. જ્યારે અહીં पुरस्નો નગરી અર્થ દર્શાવેલ છે માટે તે અવ્યયસંજ્ઞક ન હોવાથી આ સૂત્રથી ગતિસંજ્ઞા ન થતાં સમાસાદિ કાર્યો થયાં નહીં.

**વિશેષતા :**

(૧) पुरस् શબ્દ पूर्वापरा०૭.૨.૧૦૫થી अस् લાગીને બનેલ હોવાથી તેને अधणतस्वाद्या०૧.૧.૩૨થી અવ્યયસંજ્ઞા થાય છે.

(૨) સ્વરાદિ ગણ અંતર્ગત અનુપલબ્ધિ અર્થવાળાં अस्तम्‌ને स्वरादयो०૧.૧.૩૧થી અવ્યયસંજ્ઞા થાય છે.

## गत्यर्थ-वदोऽच्छः ३.१.८

**અ.અ.સૂ.** : **गत्यर्थवदः( धातोः ) अच्छः अव्ययं गतिः, धातोः च प्राक्।**

**અર્થ** : ગતિઅર્થક તેમજ वद्‌ ધાતુ સંબંધી अच्छ અવ્યય ગતિસંજ્ઞક થાય છે. અને ધાતુની પૂર્વે મૂકાય છે.

**સ.** **गत्यर्थवदः** = गतिरर्थो येषां ते इति गत्यर्थाः, गत्यर्थाश्च वद्‌ च इति गत्यर्थवद्, तस्येति।

**ઉદા.** (૧) **अच्छगत्य** = સન્મુખ જઈને. अच्छगमनं पूर्वमिति।
(गम्लृं गतौ-३९६)
આ સૂત્રથી अच्छને ગતિસંજ્ઞા થતાં સમાસાદિ કાર્ય પૂર્વસૂત્ર નિર્દિષ્ટ अस्तङ्गत्य પ્રમાણે જાણવા.

(૨) **अच्छोद्य** = સન્મુખ/દૃઢતાપૂર્વક બોલીને.
अच्छवदनं पूर्वमिति। (वद व्यक्तायां वाचि-९९८)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ यजादि-वचेः०૪.૧.૭૯થી व्‌ નો उ કરવો.

**વિશેષતા :**

આ સૂત્રનાં વિષય તરીકે અભિમુખ અને દૃઢતા અર્થમાં વર્તતો અથવા સંબોધનાન્ત પ્રતિરૂપક विभक्ति-थमन्त०૧.૧.૩૩ની અવ્યયસંજ્ઞાને પ્રાપ્ત થયેલ अच्छ શબ્દ જાણવો.

# तिरोऽन्तर्द्धौ ३.१.९

**અ.અ.સૂ. : अन्तर्द्धौ ( धातोः ) तिरः गतिः, धातोः च प्राक् ।**

**અર્થ** : છૂપાવવું અર્થમાં વર્તતો, ધાતુ સંબંધી तिरस् અવ્યય ગતિસંજ્ઞક થાય છે. અને ધાતુની પૂર્વે મૂકાય છે.

**ઉદા.** **तिरोभूय** = છૂપાઈને. तिरोभवनं पूर्वमिति।
(भू सत्तायाम्-१)
આ સૂત્રથી तिरस्ने **ગતિસંજ્ઞા.**
પૂર્વ પ્રમાણે સમાસાદિ→तिरस्+भू+**य**
सो रुः ૨.૧.૭૨થી स्नो रु→तिर**र्**+भूय
घोषवति ૧.૩.૨૧થી र्नो उ→तिर**उ**+भूय
अवर्णस्ये० ૧.૨.૬થી ओ→ति**रो**भूय
પ્રથમા सि વગેરે→तिरोभूय।

**વિશેષતા :**

(૧) तिरस्नां અન્તર્ધાન, અવજ્ઞા, તિર્યગ્ગમન એ પ્રમાણે ત્રણ અર્થો થાય છે. અને તેમાં અવજ્ઞા અર્થમાં અન્તર્ધાનનાં અર્થનો ઉપચાર થતો હોવાથી અવજ્ઞા પણ અન્તર્દ્ધિ સ્વરૂપે જ મનાય છે. તેથી तिरस्नां અન્તર્દ્ધિ અને તિર્યગ્ભાવ એમ બે અર્થ જાણવા.

(૨) આ અને ઉત્તર સૂત્રમાં દર્શાવેલ અન્તર્ધાન અર્થવાળાં तिरस्ने स्वरादयो० ૧.૧.૩૦થી અવ્યયસંજ્ઞા થાય છે. તેથી વ્યભિચારનો અભાવ હોવાથી સૂત્રમાં अव्ययम् પદનું ગ્રહણ કર્યું નથી. પરંતુ આગામી સૂત્રોમાં તેનું ગ્રહણ હોવાથી અહીં પણ તેનું અનુવર્ત્તન જાણવું.

## कृगो नवा ३.१.१०

અ.અ.સૂ. : **अन्तर्द्धौ कृगः (धातोः) तिरः गतिः नवा, धातोः च प्राक्।**

**અર્થ** : છુપાવવું અર્થમાં વર્તતો, कृ ધાતુ સંબંધી तिरस् વિકલ્પે ગતિસંજ્ઞક થાય છે. અને ધાતુની પૂર્વે મૂકાય છે.

ઉદા. **तिरस्कृत्य/तिरःकृत्य/तिरः कृत्वा** = છુપાવીને.
तिरःकरणं पूर्वमिति। (डुकृंग् करणे-८८८)
આ સૂત્રથી तिरस्ने વિકલ્પે **ગતિસંજ્ઞા.**
પૂર્વ પ્રમાણે સમાસાદિ કાર્ય→तिरस्+कृत्य
सो रुः २.१.७२થી स्નો रु→तिर**र्**+कृत्य
तिरसो वा २.३.२થી रुનો વિકલ્પે स्→
तिर**स्**कृत्य/तिरर्कृत्य
रः पदान्ते० १.३.५३થી रुનો વિસર્ગ→तिरस्कृत्य/तिरःकृत्य
**વિકલ્પે** : આ સૂત્રથી ગતિસંજ્ઞા ન થતાં સમાસાદિ પણ નહીં થાય. તેથી, तिरः कृत्वा।

## मध्ये-पदे-निवचने-मनस्युरस्यनत्याधाने ३.१.११

અ.અ.સૂ. : **अनत्याधाने कृगः धातोः मध्ये-पदे-निवचने-मनस्युरसि अव्ययं गतिः नवा, धातोः च प्राक्।**

**અર્થ** : અનત્યાધાન = ઉપશ્લેષ (સર્વ પ્રકારે ધારણ કરવું) અને આશ્ચર્ય સિવાય. તે અર્થમાં વર્તતાં, कृ ધાતુ સંબંધી मध्ये, पदे, निवचने, मनसि અને उरसि અવ્યયો ગતિસંજ્ઞક વિકલ્પે થાય છે. અને ધાતુની પૂર્વે મૂકાય છે.

સ. **मध्ये-पदे-निवचने-मनस्युरसि** = मध्येश्च पदेश्च निवचनेश्च मनसिश्च उरसिश्च इति (प्रथमा जस्, सूत्रत्वात् लोपः)

ઉદા. (૧) **मध्येकृत्य/मध्ये कृत्वा** = મધ્યમાં કરીને.
मध्येकरणं पूर्वमिति। (डुकृंग् करणे-८८८)

(૨) **पदेकृत्य/पदे कृत्वा** = પદમાં રહેલાંને કરીને.
पदेकरणं पूर्वमिति।

(૩) **निवचनेकृत्य/निवचने कृत्वा** = વાણીનું નિયમન કરીને.
निवचनेकरणं पूर्वमिति।

(૪) **मनसिकृत्य/मनसि कृत्वा** = નિશ્ચય કરીને.
मनसिकरणं पूर्वमिति।

(૫) **उरसिकृत्य/उरसि कृत्वा** = નિશ્ચય કરીને.
उरसिकरणं पूर्वमिति।

આ સૂત્રથી मध्ये વગેરેને ગતિસંજ્ઞા વિકલ્પે કર્યા બાદ સમાસાદિ કાર્યો પૂર્વ-પ્રમાણે જાણવા.

**વિશેષતા :**

(૧) અહીં मध्ये વગેરે સપ્તમી વિભક્ત્યન્ત પ્રતિરૂપક તરીકે विभक्ति-थमन्त०१.१.३३થી અવ્યયસંજ્ઞક થાય છે.

(૨) मध्ये कृत्वा धान्यराशिं हस्तिनः स्थिताः = ધાન્યનાં ઢગલાંને મધ્યમાં કરીને હાથીઓ રહ્યાં. અહીં ઉપશ્લેષ અર્થ હોવાથી આ સૂત્રથી ગતિસંજ્ઞા થઈ નહીં.

# उपाजे-ऽन्वाजे ३.१.१२

**અ.અ.સૂ. : कृगःधातोः उपाजे-ऽन्वाजे अव्ययं गतिः नवा, धातोः च प्राक्।**

**અર્થ** : દુર્બળ અને ભાંગેલાને બળનું આધાન કરવું. એ અર્થમાં વર્ત્તતાં, कृ ધાતુ સંબંધી उपाजे અને अन्वाजे અવ્યય ગતિસંજ્ઞક વિકલ્પે થાય છે. અને ધાતુની પૂર્વે મૂકાય છે.

**સ.** **उपाजे-ऽन्वाजे** = उपाजेश्च अन्वाजेश्च इति (प्रथमा औ, सूत्रत्वात् लोपः।)

ઉદા. (૧) **उपाजेकृत्य/उपाजे कृत्वा** = उपाजेकरणं पूर्वमिति।

(૨) **अन्वाजेकृत्य/अन्वाजे कृत्वा** = अन्वाजेकरणं पूर्वमिति।

દુર્બળ/ભગ્નને બળ આપીને.

(डुकृंग् करणे-૮૮૮)

આ સૂત્રથી उपाजे અને अन्वाजेને ગતિસંજ્ઞા વિકલ્પે કર્યા બાદ સમાસાદિ કાર્યો પૂર્વપ્રમાણે જાણવા.

**વિશેષતા :**

(૧) સૂત્ર નિર્દિષ્ટ उपाजे, अन्वाजे શબ્દ સપ્તમી વિભક્ત્યન્ત પ્રતિરૂપક તરીકે विभक्ति-थमन्त०૧.૧.૩૩થી અવ્યય-સંજ્ઞક થાય છે.

(૨) દુર્બળ અને ભગ્ન (બીજા વડે પરાજિત થયેલાંને) બલાધાન કરવું. એટલે કે વચનાદિ વડે પ્રોત્સાહન આપવું, પરાજિત થયેલાંને ઉત્સાહ ઉત્પન્ન કરાવવો, તેમજ ભાંગી ગયેલાં રથને સ્થિર કરવા કાષ્ઠ વગેરેની સાથે જોડવું વગેરે અર્થમાં આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે.

# स्वाम्येऽधि ३.१.१३

**અ.અ.સૂ. : स्वाम्ये कृगः धातोः अधि अव्ययं गतिः नवा, धातोः च प्राक्।**

**અર્થ** : સ્વામીપણું અર્થ ગમ્યમાન હોતે છતે कृ ધાતુ સંબંધી अधि અવ્યય ગતિસંજ્ઞક વિકલ્પે થાય છે. અને ધાતુની પૂર્વે મૂકાય છે.

ઉદા. (૧) **चैत्रं ग्रामेऽधिकृत्य/अधि कृत्वा गतः** = ચૈત્રને ગામમાં સ્વામી કરીને.

अधिकरणं पूर्वमिति। (डुकृंग् करणे-८८८)

આ સૂત્રથી अधिને ગતિસંજ્ઞા વિકલ્પે કર્યા બાદ સમાસાદિ કાર્યો પૂર્વપ્રમાણે જાણવા.

પ્ર.ઉદા. : **स्वाम्य इति किम्? ग्राममधिकृत्य उद्दिश्येत्यर्थः** = ગામને ઉદ્દેશીને.

આ ઉદા.ની સાધનિકા ૩.૧.૨માં દર્શાવેલ प्रकृत्य પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સ્વામીપણું અર્થ જણાતે છતે થાય છે. જ્યારે અહીં સ્વામીપણું અર્થ ન હોવાથી વિકલ્પે ગતિસંજ્ઞા ન થતાં ऊर्याद्यनु૦૩.૧.૨થી નિત્ય ગતિસંજ્ઞા થઈ છે. માટે સમાસાદિ કાર્યો પણ નિત્ય થયા છે.

**વિશેષતા :**

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, (a) अधि ગતાર્થવાળો ન હોય ત્યારે ઉપસર્ગસંજ્ઞક થાય છે. તેથી ऊर्याद्यनुकरण૦ ૩.૧.૨થી નિત્ય ગતિસંજ્ઞાની પ્રાપ્તિ હતી.

(b) જ્યારે अधि તે ગતાર્થ હોય ત્યારે धातोः पूजार्थः૦ ૩.૧.૧થી ઉપસર્ગસંજ્ઞા ન થતાં ગતિસંજ્ઞાની પ્રાપ્તિ ન હતી.

આ બંને સ્થાને સ્વામીત્વ અર્થમાં વિકલ્પે ગતિસંજ્ઞા કરવા આ સૂત્રનો નિર્દેશ છે.

(૨) સૂત્રમાં अधि ઉપસર્ગનું ગ્રહણ હોવાથી પ્રથમ સૂત્રથી પ્રાપ્ત प्रादिः ઉપસર્ગનો અધિકાર અહીં જાણવો. તેથી સ્વામિત્વ ગમ્યમાન હોય ત્યારે આ સૂત્ર દ્વારા अधि અવ્યય ગતિસંજ્ઞકની સાથે-સાથે ઉપસર્ગસંજ્ઞક પણ વિકલ્પે થાય છે.

અહીં તાત્પર્ય એ છે કે, ગતાર્થ अधि અવ્યયનો પ્રથમ સૂત્રમાં નિષેધ હોવાથી અને અગતાર્થ अधि અવ્યયનો પ્રથમ સૂત્ર દ્વારા ઉપસર્ગસંજ્ઞાની અનુક્રમે નિત્ય અપ્રાપ્તિ અને નિત્ય પ્રાપ્તિ હતી. પરંતુ આ સૂત્રમાં प्रादि ઉપસર્ગનો અધિકાર ગ્રહણ કરીને સ્વામીત્વ અર્થની ગમ્યમાનતામાં ઉપસર્ગસંજ્ઞાનું વિધાન પણ વિકલ્પે કર્યું છે. તેથી ધાતુની પૂર્વે વિકલ્પે પ્રાપ્તિ થાય છે.

## साक्षादादिश्च्व्यर्थे ३.१.१४

અ.અ.સૂ. : **च्व्यर्थे कृगः धातोः साक्षादादिः गतिः नवा, धातोः च प्राक्।**

અર્થ : च्वि પ્રત્યયનાં અર્થમાં વર્ત્તતો, कृ ધાતુ સંબંધી साक्षात् વગેરે શબ્દો ગતિસંજ્ઞક વિકલ્પે થાય છે. અને ધાતુની પૂર્વે મૂકાય છે.

સ. (૧) **साक्षादादिः** = साक्षात् आदिर्यस्य स इति।

(૨) **च्व्यर्थे** = च्वेः अर्थ इति च्व्यर्थः, तस्मिन्निति।

ઉદા. (૧) **साक्षात्कृत्य/साक्षात् कृत्वा** = આસાક્ષાત્‌ને સાક્ષાત્ કરીને.

अससाक्षात् साक्षात् करणं पूर्वमिति। (डुकृंग् करणे-८८८)

(૨) **मिथ्याकृत्य/मिथ्या कृत्वा** = અમિથ્યાને મિથ્યા કરીને.

अमिथ्या मिथ्याकरणं पूर्वमिति।

આ સૂત્રથી साक्षात् અને मिथ्याને વિકલ્પે ગતિસંજ્ઞા કર્યા બાદ સમાસાદિ કાર્યો પૂર્વપ્રમાણે જાણવા.

**વિશેષતા :**

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, च्विનાં અર્થમાં વર્ત્તતાં શબ્દ અને च्वि પ્રત્યયાન્ત નામ બંને ભિન્ન છે. જ્યારે च्विનાં અર્થમાં વર્ત્તતો શબ્દ હોય ત્યારે આ સૂત્રથી વિકલ્પે અને જ્યારે च्वि પ્રત્યયાન્ત નામ હોય ત્યારે ऊर्याद्यनु०૩.૧.૨થી નિત્ય ગતિસંજ્ઞા થાય છે.

(૨) યદ્યપિ प्रादुस् અને आविस् અવ્યય कृ ધાતુનાં યોગમાં ऊरी વગેરેમાં હોવાથી ऊर्याद्यनु०૩.૧.૨થી નિત્ય ગતિસંજ્ઞાની પ્રાપ્તિ હતી. પરંતુ આ સૂત્રથી તેનો બાધ કરી વિકલ્પે ગતિસંજ્ઞા કરે છે.

(૩) **साक्षादादि ગણ :** साक्षात्, मिथ्या, चित्ता, भद्रा, रोचना, लोचना, अग्ना, आस्था, अग्धा, प्राजर्या, प्राजुरा, प्राजरुहा, बीजर्या, बीजरुहा, संसर्पा, अर्थे, अग्नौ, वशे, विकपने, प्रकपने, विसहने, प्रसहने, लवणम्, ऊष्णम्, शीतम्, उदकम्, आर्द्रम्, प्रादुस्, आविस्, नमस्।

અહીં साक्षादेः એ પ્રમાણે એકવચન હોવાથી આકૃતિ ગણનો અભાવ છે. તેથી, આ ત્રીશ શબ્દો સિવાય અન્ય શબ્દોનો આ ગણમાં સમાવેશ થતો નથી.

(૪) ગણ નિર્દિષ્ટ अर्थे થી प्रसहने સુધીનાં શબ્દો સપ્તમી વિભક્ત્યન્ત પ્રતિરૂપક તરીકે તથા लवणम्થી उदकम् સુધીનાં શબ્દો મ્કારાન્ત નિપાતનનાં કારણે દ્વિતીયા વિભક્ત્યન્ત પ્રતિરૂપક તરીકે विभक्तिथमन्त૦૧.૧.૩૩ થી અવ્યયસંજ્ઞાને પામે છે.

## नित्यं हस्ते-पाणावुद्वाहे ३.१.१५

અ.અ.સૂ. : **उद्वाहे कृगः धातोः हस्ते-पाणौ गतिः नित्यम्, धातोः च प्राक्।**

અર્થ : પરણવું અર્થ જણાતે છતે कृ ધાતુ સંબંધી हस्ते અને पाणौ અવ્યય ગતિસંજ્ઞક નિત્ય થાય છે. અને ધાતુની પૂર્વે મૂકાય છે.

સ. **हस्ते-पाणौ** = हस्ते च पाणौ च इति (प्रथमा औ, सूत्रत्वात् लोपः।)

ઉદા. (૧) **हस्तेकृत्य** = પરણીને.
हस्तेकरणं पूर्वमिति। (डुकृंग् करणे-८८८)

(૨) **पाणौकृत्य** = પરણીને. पाणौकरणं पूर्वमिति।
આ સૂત્રથી हस्ते અને पाणौને ગતિસંજ્ઞા કર્યા બાદ સમાસાદિ કાર્યો પૂર્વ પ્રમાણે જાણવા.

પ્ર.ઉદા. : **उद्वाह इति किम्? हस्ते कृत्वा काण्डं गतः** = હાથમાં ડાળી લઈને ગયો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ પરણવું અર્થ જણાતે છતે જ થાય છે. જ્યારે અહીં પરણવું અર્થ નથી. માટે આ સૂત્રથી ગતિસંજ્ઞા ન થતાં સમાસાદિ કાર્યો થયા નહીં.

**વિશેષતા :**

(૧) સૂત્રમાં नित्यम् પદનું ગ્રહણ હોવાથી नवा ની અનુવૃત્તિ અટકી ગઈ.

(૨) અહીં हस्ते અને पाणौ શબ્દ સપ્તમી વિભક્ત્યન્ત પ્રતિરૂપક તરીકે विभक्ति-थमन्त०૧.૧.૩૩થી અવ્યય સંજ્ઞાને પામે છે.
પરંતુ કેટલાંક વ્યાકરણકારો हस्ते, पाणौ શબ્દને સપ્તમી વિભક્ત્યન્તનાં રૂપ સ્વરૂપે માને છે. પરંતુ ત્યાં સ્યાદિનો લોપ થતો હોવાથી हस्ते-पाणौ એ પ્રમાણે ए-औकार કેવી રીતે પ્રાપ્ત થાય તે વિચારણીય છે.

## प्राध्वं बन्धे ३.१.१६

અ.અ.સૂ. : **बन्धे कृगः धातोः प्राध्वं गतिः, धातोः च प्राक्।**

**અર્થ** : બંધન અર્થમાં વર્ત્તતો, कृ ધાતુ સંબંધી प्राध्वम् અવ્યય ગતિસંજ્ઞક થાય છે. અને ધાતુની પૂર્વે મૂકાય છે.

ઉદા. **प्राध्वंकृत्य** = બંધન વડે અનુકૂળ કરીને.
प्राध्वंकरणं पूर्वमिति। (डुकृंग् करणे-૮૮૮)

★ આ સૂત્રથી प्राध्वम् ને ગતિસંજ્ઞા કર્યા બાદ સમાસાદિ કાર્યો પૂર્વ પ્રમાણે જાણવા.

પ્ર.ઉદા. : **बन्ध इति किम्? प्राध्वं कृत्वा शकटं गतः** = ગાડાને માર્ગમાં કરીને તે ગયો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ બન્ધ અર્થમાં વર્ત્તતાં प्राध्वम् થી જ થાય છે. જ્યારે અહીં प्राध्वम्નો બંધન અર્થ ન હોવાથી આ સૂત્રથી ગતિસંજ્ઞા થઈ નથી. માટે સમાસાદિ કાર્યો થયાં નહીં.

વિશેષતા :

(૧) અહીં प्राध्वम् શબ્દ દ્વિતીયા વિભક્ત્યન્ત પ્રતિરૂપક તરીકે विभक्ति-थमन्तः०१.૧.૩૩થી અવ્યય સંજ્ઞા પામે છે.

(૨) વસ્તુતઃ બંધન અર્થ પ્રતિકૂળતાસૂચક છે. તેથી સામાન્ય રીતે અનુકૂળતાનો વાચક થાય નહીં. તેથી અહીં બંધન વડે અનુકૂળ કરવું એ પ્રમાણે તાત્પર્ય ગ્રહણ કરતાં બંધન રૂપ કારણમાં અનુકૂળતારૂપ કાર્યનો અભેદ ઉપચાર થાય છે.

(૩) કેટલાંક વ્યાકરણકારો अध्वની અભિમુખતાની વિવક્ષા કરીને प्राध्वंकृत्य પ્રયોગ સ્થાને લાક્ષણિક प्राध्वम्ને પણ આ સૂત્રથી ગતિસંજ્ઞા કરે છે. પરંતુ ત્યાં સ્યાદિનો લોપ થતો હોવાથી प्राध्वम् એ પ્રમાણે મ્કારાન્ત કેવી રીતે પ્રાપ્ત થાય તે વિચારણીય છે.

## जीविकोपनिषदोपम्यै ३.१.१७

**અ.અ.સૂ. : औपम्ये कृगः धातोः जीविकोपनिषत् गतिः, धातोः च प्राक्।**

**અર્થ** : ઉપમાપણું અર્થ જણાતે છતે कृ ધાતુ સંબંધી जीविका અને उपनिषद् શબ્દ ગતિસંજ્ઞક થાય છે. અને ધાતુની પૂર્વે મૂકાય છે.

**સ.** **जीविकोपनिषद्** = जीविका च उपनिषत् च इति (प्रथमा औ, सूत्रत्वात् लोपः।)

ઉદા.: (૧) **जीविकाकृत्य** = આજીવિકા જેવું કરીને.
जीविकामिव करणं पूर्वमिति। (डुकृंग् करणे-८८८)

( २ ) **उपनिषत्कृत्य** = રહસ્ય જેવું કરીને.

उपनिषदिव करणं पूर्वमिति।

★ આ સૂત્રથી जीविका અને उपनिषत्‌ને ગતિસંજ્ઞા કર્યા બાદ સમાસાદિ કાર્યો પૂર્વ પ્રમાણે જાણવા.

**વિશેષતા :**

(૧) સૂત્ર નિર્દિષ્ટ जीविकोपनिषद् સમાહાર દ્વન્દ્વ સમાસ છે. તેથી चवर्गद-ष०७.३.९८થી अत् સમાસાન્ત થવો જોઈએ. પરંતુ **समास-तद्धितानां वृत्तिर्विकल्पेन वृत्ति-विषये च नित्यैवापवादवृत्तिः २/३२** ન્યાય દ્વારા સમાસાન્ત વિધિ અનિત્ય થતાં આ પદમાં अत् સમાસાન્ત થતો નથી.

(૨) उपनिषद्‌નાં બે અર્થ થાય છે. (a) રહસ્ય (b) વેદનો એક ભાગ.

અહીં જો (b) નો અર્થ ગ્રહણ કરવામાં આવે તો તે અપૌરુષેય હોવાથી વેદ કૃતિનો વિષય બનતો નથી. પણ વૈદિક માન્યતાની દષ્ટિએ બ્રહ્મ સિવાયનું જગત મિથ્યા મનાય છે. અને જે મિથ્યા હોય તે ક્યાંકથી જન્ય હોવાનાં કારણે કૃતિનાં વિષયભૂત બને છે. અને તે પ્રમાણે બ્રહ્મા અતિરિક્ત વેદ પણ કૃતિનો વિષય બનશે. તો પણ આ સૂત્રનાં વિષયમાં બહુલતયા પ્રથમ અર્થ સ્વીકાર્યો હોવાથી ઉદા.ગત પ્રયોગો ઉચિત જ છે.

## नाम नाम्नैकार्थ्ये समासो बहुलम् ३.१.१८

અ.અ.સૂ. : **नाम नाम्ना ऐकार्थ्ये समासः बहुलम्।**

અર્થ : એક નામ બીજા નામની સાથે ઐકાર્થ્ય = સામર્થ્ય વિશેષ જણાતે છતે બહુલતાએ સમાસસંજ્ઞક થાય છે.

સ. **ऐकार्थ्ये** = एकोऽर्थो यस्य स इति एकार्थः, तस्य भाव इति ऐकार्थ्यम्, तस्मिन्निति।

★ **समासः** = समसनमिति।

ઉદા: (૧) **विस्पष्टपटुः** = અત્યંત રીતે હોંશિયાર.
विस्पष्टं पटुरिति।

★ અહીં पटु શબ્દ દ્રવ્યવાચી છે. અને विस्पष्ट તે पटुમાં રહેલ पटुत्वનું વિશેષણ છે. પણ पटुનું નહીં. આમ, અહીં विस्पष्ट અને पटु વચ્ચે વિશેષણ-વિશેષ્યભાવ ન હોવાથી विशेषणं-विशेष्यै०૩.૧.૯૬થી સમાસની પ્રાપ્તિ ન હતી. તેથી આ સૂત્રથી સમાસ કરેલ છે.

(૨) **दारुणाध्यायकः** = ખરાબ રીતે ભણનારો.
दारुणम् अध्यायक इति।

★ અહીં ક્રિયાવાન્ अध्यायकનું दारुण વિશેષણ નથી. પરંતુ अध्ययन ક્રિયાનું વિશેષણ છે. માટે પૂર્વ પ્રમાણે સમાસની પ્રાપ્તિ ન હતી. તેથી આ સૂત્રથી સમાસ કરેલ છે.

(૩) **सर्वचर्मीणो रथः** = ચામડાં વડે સંપૂર્ણ કરાયેલો રથ.
सर्वः चर्मणा कृत इति।

અહીં सर्वनो અન્વય कृत સાથે છે. પણ चर्मन् સાથે નહીં. તેથી सर्व અને चर्मन्नो વિશેષણ-વિશેષ્યભાવ ન હોવાથી विशेषणं-विशेष्यै०૩.૧.૯૬થી સમાસની પ્રાપ્તિ ન હતી માટે

આ સૂત્રથી सर्व અને चर्मन्नो **સમાસ** તથા,

ऐकार्थ्ये ૩.૨.૮થી અન્તવર્તિ વિભક્તિનો લોપ→ सर्व+चर्मन्

सर्वचर्मणः०६.३.૧૯૫થી ईन→सर्वचर्मन्+**ईन**

नोऽपदस्य०૭.૪.૬૧થી अन्नो લોપ→सर्वचर्मीन

र-षृवर्णान्नो०२.૩.૬૩થી न्नो ण→सर्वच**र्मीण**

પ્રથમા सि વગેરે→सर्वचर्मीणः।

(૪) **कन्येइव** = બે કન્યાઓની જેમ. कन्ये इव इति।
અહીં कन्या શબ્દનો इव સાથે અલુપ્ સમાસની બીજા કોઈ સૂત્રથી પ્રાપ્તિ ન હતી. માટે આ સૂત્રથી સમાસ કરેલ છે.

(૫) **श्रुतपूर्वः** = પહેલાં સાંભળેલું. श्रुतः पूर्वमिति।
અહીં श्रुत શબ્દનું વિશેષ્ય चैत्रादि છે. તેથી श्रुत એ चैत्रादिने સાપેક્ષ છે. માટે **सापेक्षमसमर्थम् २/२८** ન્યાયાનુસારે पूर्व શબ્દની સાથે કોઈપણ સમાસની પ્રાપ્તિ ન હતી. માટે આ સૂત્રથી સમાસ કરેલ છે.

પ્ર.ઉદા.(૧) **नामेति किम्? चरन्ति गावो धनमस्य** = ચરતી એવી ગાયો ધન છે જેનું તે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ પૂર્વપદ નામ હોય તો જ થાય છે. જ્યારે અહીં પૂર્વપદ ક્રિયાપદ છે. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

(૨) **नाम्नेति किम् ? चैत्रः पचति** = ચૈત્ર રાંધે છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉત્તરપદ નામ હોય તો જ થાય છે. જ્યારે અહીં ઉત્તરપદ ક્રિયાપદ છે. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) **लक्षणमिदमधिकारश्च, तेन बहुव्रीह्यादिसंज्ञाऽभावे यत्रैकार्थता तत्रानेनैव समासः।**

આ સૂત્ર સમાસનું લક્ષણ અને અધિકાર સૂત્ર છે.

**લક્ષણ સૂત્રઃ** નામનો નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે સમાસ થાય છે. આમ, સમાસનું લક્ષણ આ સૂત્ર દર્શાવે છે. માટે આ લક્ષણ સૂત્ર છે.

**અધિકાર સૂત્રઃ** नाम नाम्ना० એ પ્રમાણે આ સૂત્રનો અધિકાર જ્યાં સુધી સમાસનાં સૂત્રો છે ત્યાં સુધી ચાલશે. માટે આ અધિકાર સૂત્ર છે.

તેમજ, જ્યાં-જ્યાં બહુવ્રીહિ વગેરે કરનારાં વિશેષ સૂત્રો પ્રવર્ત્તતાં નથી, છતાં ઐકાર્થ્ય જણાતું હોય તો આ સૂત્રથી ત્યાં સમાસ થાય છે.

(૨) સમાસ મુખ્ય રીતે ચાર પ્રકારે છે. (a) બહુવ્રીહિ (b) અવ્યયીભાવ (c) તત્પુરુષ અને (d) દ્વન્દ્વ.

તેમજ, અન્ય રીતે બે પ્રકારે પણ જણાવેલાં છે. (a) નિત્ય (b) અનિત્ય **અથવા** (a) લુપ્ (b) અલુપ્.

સામાન્યતઃ બહુવ્રીહિ સમાસ અન્યપદાર્થ પ્રધાન, અવ્યયીભાવ સમાસ પૂર્વપદાર્થ પ્રધાન, તત્પુરુષ સમાસ ઉત્તરપદાર્થ પ્રધાન અને દ્વન્દ્વ સમાસ ઉભયપદાર્થ પ્રધાન

જણાવાયા છે. પરંતુ તે પ્રાચીન આચાર્યોનાં પ્રવાદ સ્વરૂપે જાણવું. જે એકાંતે યોગ્ય નથી. કારણ કે द्वित्राः જેવા બહુવ્રીહિ સમાસમાં ઉભયપદાર્થની પ્રધાનતા, शाकप्रति જેવા અવ્યયીભાવ સમાસમાં ઉત્તરપદાર્થની પ્રધાનતા, તેમજ उन्मत्तगङ्गम् જેવા અવ્યયીભાવ સમાસમાં, अतिमालः જેવા તત્પુરુષ સમાસમાં તેમજ धवखदिरम् જેવા સમાહાર દ્વન્દ્વ સમાસમાં અન્ય પદાર્થની પ્રધાનતા દૃશ્યમાન છે.

આમ પદાર્થની પ્રધાનતાને આશ્રયીને કરાયેલાં તે લક્ષણોમાં અતિવ્યાપ્તિ દેખાતી હોવાથી તે પ્રવાદ માત્ર પ્રાયોવાદ સ્વરૂપે જ જાણવો.

(૩) **बहुलम् = क्वचित्प्रवृत्तिः, क्वचिदप्रवृत्तिः,**
**क्वचित्विभाषा, क्वचिदन्यदेव,**
**विधेर्विधानं बहुधा समीक्ष्य,**
**चातुर्विधं बाहुलकं वदन्ति ॥**

ક્યાંક પ્રવૃત્તિ થાયઃ उपकुम्भम्।
ક્યાંક પ્રવૃત્તિ ન થાયઃ छात्राणां पञ्चमः।
ક્યાંક વિકલ્પે થાયઃ राज्ञः पुरुषः/राजपुरुषः।
ક્યાંક કંઈક અન્ય જ થાયઃ अत्यध्यायकः।

ક્યારેક પૂર્વપદમાં નામ ન હોય તો પણ સમાસ થાય છે. भाति अर्कम् इति भात्यर्कम् વળી, ક્યારેક ઉત્તરપદમાં નામ ન હોય તો પણ સમાસ થાય अनुव्यचलत्।

અહીં बहुलम्નાં અધિકારથી ક્યાંક સૂત્રની પ્રવૃત્તિ થતી નથી. તે સંદર્ભમાં छात्राणां पञ्चमः ઇત્યાદિ ઉદા.માં

એકાર્થ્યભાવનું, बहुलम्ની પ્રવૃત્તિનું દુર્જ્ઞેયપણું હોવાથી तृप्तार्थ-पूरण०૩.૧.૮૫ સૂત્ર દ્વારા પણ નિષેધ દર્શાવ્યો છે. અન્યથા માત્ર बहुलम्નાં અધિકારથી પણ નિષેધ થઈ શકે છે.

(૪) સમાસ પ્રકરણનાં સૂત્રમાં बहुलम्નો નિર્દેશ હોવાથી જ્યાં-જ્યાં સમાસવિધિ થાય છે. તે વિકલ્પે જાણવી. જ્યાં નિત્ય સમાસ છે ત્યાં नित्यम् શબ્દનો નિર્દેશ કર્યો છે.

અહીં ધ્યાનમાં લેવું કે, કેટલાંક પાણિની વગેરે વ્યાકરણકારો કૃત્, તદ્ધિત, સમાસ, એકશેષ અને સન્નાદ્યન્ત ધાતુરૂપ પાંચ વૃત્તિ માને છે. જ્યારે સ્વમતે સમાસ, નામધાતુ અને તદ્ધિત એમ ત્રણને જ વૃત્તિ તરીકે સ્વીકારાય છે.

વસ્તુતઃ પોતાનાથી અન્ય અતિરિક્ત અર્થને કહેનારું હોવાથી જેના અર્થની સ્પષ્ટતા માટે વિગ્રહ વાક્યમાં પ્રયોગ કરાય તે વૃત્તિ કહેવાય છે. એવી વ્યાખ્યાને આશ્રયીને પરમતે પાંચ વૃત્તિનો સ્વીકાર છે. કૃત્ વગેરે પાંચેની વિગ્રહ-વાક્યથી ઉપસ્થિતિ છે. તે આ પ્રમાણે - करोतीति कारकः, उपगोरपत्यमिति औपगवः, राज्ञः पुरुष इति राजपुरुषः, रामश्च रामश्च रामश्च इति रामाः, कर्तुमिच्छतीति चिकीर्षति, पुत्रमिच्छतीति पुत्रकाम्यति પરંતુ જ્યાં પ્રકૃતિ અને પ્રત્યયથી જ અર્થબોધ થઈ જતો હોય ત્યાં વિગ્રહ વાક્ય આવશ્યક નથી. જેમ કે कारकः, चिकीर्षति । માટે જ સમાસ વગેરેમાં આવશ્યકપણે જે વિગ્રહ વાક્ય કરવામાં આવે છે તેના

દ્વારા પ્રત્યય પ્રકૃતિ સિવાય લુપ્ત થયેલી વિભક્તિનો અર્થ બોધ પણ થાય છે. તેથી આવશ્યકપણે જેનો વિગ્રહ કરવામાં આવે તેવા જ કૃત્ વગેરેને વૃત્તિ કહેવાય છે. તે વ્યાખ્યાને આશ્રયીને कारकः, चिकीर्षति, रामाः । આદિમાં सन् વગેરે અને એક શેષ અર્થમાં વૃત્તિપણું રહેતું નથી. તેમજ, कुम्भकारः વગેરે આવશ્યક વિગ્રહવાળા કૃદન્ત સમાસમાં જ અન્તર્ભાવિત થઈ જાય છે. આમ, સમાસ, નામધાતુ અને તદ્ધિતનાં ભેદથી વૃત્તિનાં ત્રણ ભેદ જાણવા.

(૫) સૂત્રમાં नाम नाम्ना सह समस्यते એ પ્રમાણે નિર્દેશ હોવાથી 'નામનો નામની સાથે સમાસ થાય છે.' એવો જ અર્થ પ્રાપ્ત થાય છે. પરંતુ **न केवला प्रकृतिः प्रयोक्तव्या नापि प्रत्ययः ३/१३** ન્યાયાનુસારે અને ऐकार्थ्ये ૩.૨.૮થી સ્યાદિનાં લોપનું વિધાન હોવાનાં કારણે નામનો અર્થ અહીં 'સ્યાદ્યન્ત' એવો કરીને 'સ્યાદ્યન્ત નામ સ્યાદ્યન્ત નામની સાથે સમાસ પામે છે.' એવું જ તાત્પર્ય જાણવું.

(૬) **સમાસસંજ્ઞાનાં પ્રદેશો :** वौष्ठौतौ समासे ૧.૨.૧૭ ઈત્યાદિ.

જિ. : સૂત્રમાં સમાસ સંજ્ઞાનો નિર્દેશ કર્યો છે જે બે અથવા બેથી વધારે પદને થાય છે. પરંતુ શું તે એક-એક પદને સ્વતંત્રતયા થાય છે કે તેના સમુદાયને જ સમાસ કહેવાય છે?

**સમા.** : સૂત્રમાં એક જ સમાસ સંજ્ઞાનો નિર્દેશ છે. જ્યારે તેનાં વિષયભૂત પદો બે કે તેથી વધુ છે. તેથી સ્વતંત્રતયા પ્રત્યેક પદને સમાસ સંજ્ઞા ન કહેતાં પદનાં સમુદાયને જ સમાસ સંજ્ઞા કહેવી. જેમકે, गर्गाः शतं दण्ड्यन्ताम् જેવા સ્થાને દંડ ક્રિયા ગર્ગ સમુદાયમાં નિર્દિષ્ટ હોવાથી સમુદાયમાં રહેલાં પ્રત્યેક વ્યક્તિ ઉપર દંડ ન થતાં સમુદાયને જ દંડ યોગ્ય ગણવામાં આવે છે. તેવી જ રીતે અહીં પણ જાણવું.

તેમજ, '**समसनम्-अवयवार्थस्य विशेष्यविशेषणभावेन समुदायार्थे निक्षेपः**' એ પ્રમાણે સમાસ શબ્દની વ્યુત્પત્તિ હોવાથી સમુદાયમાં જ પ્રસ્તુત અર્થની સંગતિ હોવાથી પ્રત્યેક પદને સમાસ સંજ્ઞા થશે નહીં. પણ સમુદાયને જ થશે. અને તેથી જ ऋक्-साम૦૭.૩.૯૭ સૂત્રમાં નિર્દિષ્ટ સામગ્ર્ય સમાસનાં ऋच् પદથી चवर्ग-दष૦૭.૩.૯૮થી अत् સમાસાન્ત પ્રત્યય થતો નથી. પણ वाक्त्वचम् જેવા સંપૂર્ણ પદનાં સમુદાયથી જ अत् સમાસાન્ત થાય છે.

**બહુવ્રીહિ સમાસ : ૩.૧.૧૯ થી ૩.૧.૨૫**

## सुज्-वार्थे संख्या संख्येये संख्यया बहुव्रीहिः ३.१.१९

**અ.અ.સૂ. : सुज-वार्थे संख्या नाम संख्येये संख्यया नाम्ना ऐकार्थ्ये समासः, बहुव्रीहिः च।**

**અર્થ** : **सुच्** = વાર અને **वा** = વિકલ્પ કે સંશય. તે અર્થમાં વર્ત્તતાં સંખ્યાવાચી નામ, સંખ્યેય અર્થમાં વર્ત્તતાં

સંખ્યાવાચી નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે બહુવ્રીહિ સંજ્ઞક થાય છે.

સ. **सुज्वार्थे** = सुच् च वाश्च इति सुज्वौ, सुज्वोरर्थ इति सुज्वार्थः, तस्मिन्निति।

★ **बहुव्रीहिः**→बहुनर्थान् व्रीणातीति।

ઉદા. (૧) **द्विदशाः** = બે વાર દશ. (૨૦). द्विः दश इति।
આ સૂત્રથી सुजन्त द्विः અને दशन्‌નો સમાસ તથા, प्रथमोक्तं०૩.૧.૧૪૮થી सुजन्त द्विःનો પૂર્વનિપાત→ द्वि+दशन्
प्रमाणी-संख्या०७.३.१२८થી ड→द्विदशन्+**अ**
डित्यन्त्य०२.१.११४થી अन्‌નો લોપ→द्विदश
પ્રથમા जस् વગેરે→द्विदशाः।

★ અહીં सुच् પ્રત્યયનો અર્થ સમાસથી ઉક્ત થતાં **उक्तार्था नामप्रयोगः १/२८** ન્યાયાનુસારે (द्वि+दशन्‌નો સમાસ હોવા છતાં) સમાસ થતાં सुच्‌નો અપ્રયોગ થાય છે.

(૨) **द्वित्राः** = બે અથવા ત્રણ. બે કે ત્રણ.
द्वौ वा त्रयो वा इति।
આ સૂત્રથી વિકલ્પ કે સંશય અર્થક द्वि અને त्रिનો સમાસ થાય છે.
પૂર્વનિપાત વગેરે સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા:(૧) **संख्येति किम्? गावो वा दश वा** = ગાયો કે દશ.

★ આ સૂત્રની પ્રવૃત્તિ પૂર્વપદ સંખ્યાવાચી હોય તો જ થાય છે. જ્યારે અહીં પૂર્વપદ સંખ્યાવાચી નામ નથી. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

(૨) **संख्ययेति किम्? दश वा गावो वा** = દશ કે ગાયો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉત્તરપદ સંખ્યાવાચી હોય તો જ થાય છે. જ્યારે અહીં ઉત્તરપદ સંખ્યાવાચી નામ નથી. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

(૩) **संख्येय इति किम्? द्विविंशतिर्गवाम्** = ગાયોની બે વીશી. (૪૦ ગાય).

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉત્તરપદ સંખ્યેય અર્થમાં વર્તતું નામ હોય તો જ થાય છે. જ્યારે અહીં विंशति ઉત્તરપદ સંખ્યાને જણાવે છે. માટે ગાયનાં વિશેષણ સ્વરૂપે ન હોવાથી સંખ્યેય નથી. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) **द्वन्द्वात्परः प्रत्येकमभिसम्बध्यते ३/१५** ન્યાયાનુસારે द्वन्द्व સમાસને અંતે રહેલ अर्थ પદનો અન્વય द्वन्द्व સમાસનાં અવયવ એવાં सुच् અને वा બંને સાથે થાય છે.

(૨) **वा** = વિકલ્પ કે સંશય. આ બંનેનો અર્થ એક જેવો લાગતો હોવા છતાં તેમાં નીચે પ્રમાણે અર્થભેદ છે.

(a) **વિકલ્પ :** જેમાં દર્શાવેલ બે કોટિમાંથી કોઈપણ એક કોટિ (પ્રમાણ) નિશ્ચિત હોય તે.

(b) **સંશય :** જેમાં દર્શાવેલ બે કોટિમાંથી કોઈ એક કોટિ પણ નિશ્ચિત ન હોય પણ બંને કોટિની સંભાવના હોય તો.

(૩) અહીં **आ दशभ्यः संख्या संख्येये वर्त्तते न तु संख्याने २/३४** ન્યાયાનુસારે अष्टादश સુધીની સંખ્યા સંખ્યેય અર્થમાં જ વર્ત્તે છે. પણ સંખ્યાન અર્થમાં નહીં. અને તેથી જ માત્ર સંખ્યાન અર્થમાં घटानां विंशतिः વગેરે પ્રયોગ થાય છે. પણ घटानाम् अष्टादश વગેરે નહીં. પણ अष्टादश घटाः આવા જ પ્રયોગ થાય માટે अष्टादश પછીની સંખ્યાનાં વિષયમાં જ સંખ્યાન અર્થમાં આ સૂત્રનો નિષેધ જાણવો. પણ अष्टादश સુધીમાં નહીં.

(૪) **બહુવ્રીહિ સંજ્ઞાનાં પ્રદેશો :** वा बहुव्रीहेः ૨.૪.૫ ઈત્યાદિ.

**જિ.** : અહીં द्विविंशाः વગેરે सुज्वर्थे સમાસમાં द्वि પદ સંખ્યેયનું વિશેષણ છે. તેથી સંખ્યેય સ્વરૂપ અન્ય અર્થની પ્રધાનતાનાં द्वे विंशती संख्ये येषां संख्येयानामिति એ પ્રમાણે एकार्थं०૩.૧.૨૨થી સમાસ શક્ય જ છે. તો અહીં सुज्वार्थेમાં સમાસનું વિધાન શા માટે કર્યું?

**સમા.** : વસ્તુતઃ આ સૂત્રથી બહુવ્રીહિ સમાસ કરીને प्रमाणी-संख्या०૭.૩.૧૨૮ સૂત્રથી ड પ્રત્યયનો લાભ થાય છે. જો एकार्थं०૩.૧.૨૨ સૂત્રથી સમાસ કરવામાં આવે તો शेषाद् वा ૭.૩.૧૭૫થી कच् પ્રત્યય લાગવાની આપત્તિ આવે. તેનું વારણ કરવા માટે અહીં सुज्वार्थेनो નિર્દેશ છે.

## आसन्ना-ऽदूरा-ऽधिका-ऽध्यर्द्धा-र्द्धादिपूरणं द्वितीयाद्यन्यार्थे ३.१.२०

અ.અ.સૂ. : **आसन्ना-ऽदूरा-ऽधिका-ऽध्यर्द्धा-ऽर्द्धादिपूरणं नाम संख्यया नाम्ना द्वितीयाद्यन्यार्थे संख्येये ऐकार्थ्ये समासः, बहुव्रीहिः च।**

અર્થ : आसन्न, अदूर, अधिक, अध्यर्द्ध તેમજ પૂર્વપદમાં अर्द्ध હોય તેવું પૂરણ પ્રત્યયાન્ત નામ, સંખ્યાવાચી નામની સાથે સંખ્યેય સ્વરૂપ દ્વિતીયા વગેરે વિભક્ત્યન્ત અન્ય પદનાં અર્થમાં ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે બહુવ્રીહિ સંજ્ઞક થાય છે.

સ. **आसन्ना-ऽदूरा-ऽधिका-ऽध्यर्द्धा -ऽर्द्धादिपूरणम्** = अधिकमर्द्धं यस्य स इति अध्यर्द्धः, अर्द्धमादिर्यस्य इति अर्द्धादि, अर्द्धादि च तत् पूरणं च इति अर्द्धादिपूरणम्। आसन्नं च अदूरं च अधिकं च अध्यर्द्धं च अर्द्धादिपूरणं च इति।

(२) **द्वितीयाद्यन्यार्थे** = द्वितीया आदिर्यस्य तद् द्वितीयादि, द्वितीयादि च तदन्यच्च इति द्वितीयाद्यन्यत्, तस्य अर्थ इति द्वितीयाद्यन्यार्थः, तस्मिन्निति।

ઉદા : (૧) **आसन्नदशाः**→નજીક છે દશ જેઓને તે (૯ કે ૧૧).
आसन्ना दश (दशत्वं) येषां/येभ्यस्ते इति।
આ સૂત્રથી आसन्न અને दशन्નો સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી आसन्नનો પૂર્વનિપાત→
**आसन्न**+दशन्
प्रमाणी-संख्या०૭.૩.૧૨૮થી ड→आसन्न+दशन्+**अ**

डित्यन्त्य०२.१.११४थी अन्‌नो લોપ→आसन्नदश
પ્રથમા जस् વગેરે→आसन्नदशाः।

(૨) **अदूरदशाः**→નથી દૂર દશ જેઓને તે. (૯ કે ૧૧).
अदूरे दश येषां/येभ्यस्ते इति।

(૩) **अधिकदशाः**→અધિક છે દશ જેઓમાં તે. (૧૧થી ૧૯).
अधिका दश येषां ते इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૪) **अध्यर्द्धविंशाः**→દોઢ વીશ છે જેમાં તે. (૩૦)
अध्यर्द्धाः विंशतिः संख्या येषु ते इति।
આ સૂત્રથી अध्यर्द्धा અને विंशतिनो સમાસ તથા,
प्रथमोक्तं०३.१.१४८थी अध्यर्द्धनो પૂર્વનિપાત→
**अध्यर्द्धा**+विंशति
परतः स्त्री०३.२.४९थी પુંવદ્‌ભાવ→अध्य**र्द्ध**विंशति
प्रमाणी-संख्या०७.३.१२८थी ड→अध्यर्द्धविंशति+**अ**
विंशतिस्ते०७.४.६७थी तिनो લોપ→अध्यर्द्धविंश+अ
डित्यन्त्य०२.१.११४थी अनो લોપ→अध्यर्द्धविंश
પ્રથમા जस् વગેરે अध्यर्द्धविंशाः।

(૫) **अर्द्धपञ्चमविंशाः** અડધી પાંચમી વીશની સંખ્યા છે જેમાં તે (૯૦).
अर्द्धं पञ्चमं येषां ता इति अर्द्धपञ्चमाः,
अर्द्धपञ्चमाः विंशतयो येषां ते इति
एकार्थं चा०३.१.२२थी अर्द्ध અને पञ्चमनो સમાસ→
अर्द्धपञ्चमाः।

આ સૂત્રથી अर्द्धपञ्चमा અને विंशतिનો સમાસ તથા, प्रथमोक्तं०૩.૧.૧૪૮થી अर्द्धपञ्चमाનો પૂર્વનિપાત→ **अर्द्धपञ्चमाविंशति**

સમાસાન્ત ड પ્રત્યય વગેરે સાધનિકાનાં કાર્યો પૂર્વ પ્રમાણે જાણવા.

**વિશેષતા :**

(૧) અહીં પણ પૂર્વસૂત્રમાં નિર્દિષ્ટ सुज्वार्थेની જેમ જ एकार्थं चा०૩.૧.૨૨થી બહુવ્રીહિ સમાસ સિદ્ધ જ હતો. પણ प्रमाणी-संख्या०૭.૩.૧૨૮થી ड સમાસાન્ત કરવા તેમજ, कच् સમાસાન્તનો નિષેધ કરવા આ સૂત્રનો નિર્દેશ છે.

(૨) યદ્યપિ પૂર્વસૂત્રમાં જણાવાયેલાં **आ दशभ्यः संख्या० २/३४** ન્યાયાનુસારે अष्टादश સુધીની સંખ્યા માત્ર સંખ્યેય અર્થમાં જ પ્રવૃત્ત થાય છે. પરંતુ आसन्ना दश येषां ते इति आसन्नदशाःથી વાચ્ય ૯ કે ૧૧ સંખ્યેય અર્થમાં વપરાતું નથી. પણ સંખ્યાન અર્થમાં જ વપરાય છે. તેથી આ પ્રયોગો આ ન્યાયની અનિત્યતાનાં જ્ઞાપક જાણવા.

(૩) અહીં ધ્યાનમાં લેવું કે, नाम नाम्नै०૩.૧.૧૮ સૂત્રથી नाम नाम्ना એ પ્રમાણે અનુવૃત્તિ આવતી હોવાથી એક નામનો અન્ય એક જ નામ સાથે સમાસ થવાની પ્રાપ્તિ છે. તેથી अर्द्धपञ्चमविंशाः એવા ત્રિપદ સમાસોમાં अर्द्धपञ्चमाः સમુદાય એક નામ જ અન્ય विंशति નામ સાથે સમાસ પામે છે. માટે સમસ્ત સમુદાય પણ એક નામ કહેવાય છે.

## अव्ययम् ३.१.२१

**અ.અ.સૂ. : अव्ययं नाम संख्यया नाम्ना द्वितीयाद्यन्यार्थे संख्येये ऐकार्थ्ये समासः, बहुव्रीहिः च।**

**અર્થ** : અવ્યય નામ, સંખ્યાવાચી નામની સાથે દ્વિતીયા વગેરે વિભક્ત્યન્ત અન્ય અર્થ રૂપ સંખ્યેયવાચી નામમાં ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે બહુવ્રીહિ સંજ્ઞક થાય છે.

ઉદા : (૧) **उपदशाः** = નજીક છે દશ જેઓને તે (૯ કે ૧૧).
उप-समीपे दश येषां ते इति।
આ સૂત્રથી उप અને दशन्નો સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી उपનો પૂર્વ નિપાત→उपदशन्
અહીં સમાસાન્ત ड પ્રત્યય વગેરે કાર્યો ૩.૧.૧૯ નિર્દિષ્ટ आसन्नदशाः પ્રમાણે જાણવા.

**વિશેષતા :**

(૧) **उप** શબ્દનો અર્થ સમીપપણું અને સમીપપણાનો આશ્રય બંને થાય છે. પણ જો માત્ર સમીપપણું અર્થ લઈએ તો विभक्ति-समीप०૩.૧.૩૯ સૂત્ર પર હોવાથી અવ્યયીભાવ સમાસ જ થાત. તેથી અહીં સમીપપણાનો આશ્રય અર્થ કરવો.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, एकार्थं०૩.૧.૨૨થી સમાસ સિદ્ધ હોવા છતાં પણ આ સૂત્રનો પૃથક્ નિર્દેશ कप् પ્રત્યયનાં અભાવ માટે કરાય છે. જ્યારે ભાષ્યકાર ભગવંતનાં મતે વ્યધિકરણ બહુવ્રીહિ સ્વરૂપે સ્વીકાર

અને कप् પ્રત્યયનો અભાવ. આમ, બે પ્રયોજન દર્શાવ્યાં છે.

**જિ.** : અહીં સૂત્રમાં અન્યાર્થમાં દ્વિતીયા વગેરે વિભક્તિનું ગ્રહણ કર્યું છે. પરંતુ ત્યાં अप्रथमा પદ દ્વારા પ્રથમા વિભક્તિનું વર્જન કરીને અર્થલાઘવ પૂર્વક પણ દ્વિતીયાનું પણ ગ્રહણ થઈ શકતું નથી. તો તેમ શા માટે ન કર્યું?

**સમા.** : જો 'પ્રથમા સિવાયની' એ પ્રમાણે અર્થ ગ્રહણ કરવામાં આવે તો પ્રથમા વિભક્તિ સિવાયનાં तिवादि વિભક્ત્યન્ત પદનું પણ ગ્રહણ થઈ જાય. યદ્યપિ પર્યુદાસ નઞ્નાં ગ્રહણથી સદૃશતા વડે સ્યાદિ વિભક્ત્યન્ત પદનું જ ગ્રહણ થઈ શકે પરંતુ તે સદૃશતા કઈ અપેક્ષાએ લેવી તેનો નિર્ણય થઈ શકતો નથી. તેમજ, **व्याख्यानाद् वरं वचनम्** પંક્ત્યનુસારે સાક્ષાત્ દ્વિતીયાદિ વિભક્તિનું જ વિધાન કર્યું છે તે વધુ યોગ્ય છે.

**જિ.** : પૂર્વસૂત્રમાં જ अव्ययम्નો નિર્દેશ ન કરતાં આ સૂત્રનો પૃથક્ નિર્દેશ શા માટે કર્યો?

**સમા.** : अव्ययम्નાં અધિકારને નીચેનાં સૂત્રમાં લઈ જવા માટે આ સૂત્રનો પૃથક્ નિર્દેશ છે. અન્યથા **सन्नियोग शिष्टानामेकापायेऽन्यतरस्याप्यपायः १/३०** ન્યાયાનુસારે अव्ययम्ની સાથે आसन्ना-ऽदूरा-०००નો પણ અધિકાર આવવાની આપત્તિ આવે.

# एकार्थं चानेकं च ३.१.२२

અ.અ.સૂ. : **एकार्थम् अनेकं च ( एकं ) च ( अव्ययं ) नाम नाम्ना द्वितीयाद्यन्यार्थे ऐकार्थ्ये समासः, बहुव्रीहिः च।**

**અર્થ** : સમાનાધિકરણમાં રહેલ એક નામ અને અનેક નામ તથા અવ્યય નામ, અન્ય નામની સાથે દ્વિતીયાદિ અન્યપદનાં અર્થમાં ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે બહુવ્રીહિસંજ્ઞક થાય છે.

**સ.** **एकार्थम्** = एकोऽर्थो यस्य तद् इति।

ઉદા. (૧) **એક નામ : आरुढवानरो वृक्षः** = ચઢ્યો છે વાંદરો જેને એવું તે વૃક્ષ. आरुढो वानरो यं स इति।

★ આ સૂત્રથી आरुढ અને वानरनो **સમાસ** તથા, क्ताः ૩.૧.૧૫૧થી आरुढनो **પૂર્વનિપાત→आरुढ**वानर પ્રથમા सि વગેરે→आरुढवानरः।

(૨) **અનેક નામ : सुसूक्ष्मजटकेशः जनः** = સુંદર સૂક્ષ્મ જટાવાળા વાળ છે જેના તે મનુષ્ય.
सूक्ष्मा जटा येषां ते इति सूक्ष्मजटाः,
शोभनाः सूक्ष्मजटाः केशा यस्य स इति।

★ આ સૂત્રથી सूक्ष्मा અને जटाનો **સમાસ** ત્યારબાદ,
सु, सूक्ष्मजटा અને केशनो **સમાસ** તથા,
विशेषण-सर्वादि०૩.૧.૧૫૦થી सुનો પૂર્વનિપાત→
**सु**सूक्ष्मजट+केश
પ્રથમા सि વગેરે→सुसूक्ष्मजटकेशः।

(૩) **અવ્યય નામ : उच्चैर्मुखः** = ઉર્ધ્વદિશમાં (ઊંચું) છે મુખ જેનું તે. उच्चैर्मुखं यस्य स इति।

★ આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ उच्चैस्નો પૂર્વનિપાત प्रथमोक्तं૦૩.૧.૧૪૮થી કરવો.

**વિશેષતા :**

(૧) અહીં ટીકામાં સૂત્રગત एकार्थम् પદને समानाधिकरणम् પદ દ્વારા દર્શાવવામાં આવ્યું છે. ત્યાં અધિકરણ પદ દ્વારા સમાસગત એક અથવા અનેકપદની પ્રવૃત્તિ નિમિત્તાશ્રય તરીકે વિવક્ષિત એવું દ્રવ્ય ગ્રહણ થાય છે. અને તેમાં રહેલું એકત્વ એ જ તેની સમાનતા છે. જેમકે, आरुढवानरो वृक्षः સમાસમાં आरुढ શબ્દની પ્રવૃત્તિનું નિમિત્ત આરોહણ ક્રિયા છે. અને वानर શબ્દની પ્રવૃત્તિનું નિમિત્ત वानरत्व છે. તથા, તે બંને પ્રવૃત્તિ નિમિત્તનો આશ્રય એક वानर જ છે. તેથી આ સૂત્ર દ્વારા તેને સમાસની પ્રાપ્તિ થાય છે. અને તેને જ સમાનાધિકરણ બહુવ્રીહિ સમાસ કહેવાય છે.

(૨) બહુવ્રીહિ સમાસમાં અધિકૃત **द्वितीयाद्यन्यार्थे** પદથી પ્રાપ્ત થતી દ્વિતીયાદિ વિભક્તિનાં

ઉદા :

| | | | | | |
|---|---|---|---|---|---|
| आरुढः | वानरः | **यं** | स | आरुढवानरः | वृक्षः। |
| ऊढः | रथः | **येन** | स | ऊढरथः | अनड्वान्। |
| उपहृतः | बलिः | **यस्यै** | सा | उपहृतबलिः | यक्षी। |
| भीताः | शत्रवः | **यस्मात्** | स | भीतशत्रुः | नृपः। |
| चित्राः | गावः | **यस्य** | स | चित्रगुः | चैत्रः। |
| शीतं | जलं | यस्मिन् | तद् | शीतजलं | नीपम्। |

(૩) **एक શબ્દનાં વિવિધ અર્થો દર્શાવતો શ્લોકઃ**

**एकोऽन्यार्थे प्रधाने च, प्रथमे केवले तथा,**
**साधारणे समानेऽल्पे, संख्यायां च प्रयुज्यते ।**

एक શબ્દ અન્ય, પ્રધાન, પહેલું, એકલું, સાધારણ, સમાન, અલ્પ અને સંખ્યા અર્થમાં વર્તે છે.

અહીં સૂત્રગત एकार्थम्‌નાં एकનો સમાન અર્થ લેવો.

(૪) આ સૂત્રમાં બે ચકાર છે. એક ચકાર અનુક્ત વિષયવાળાં एकम्‌નાં ગ્રહણ માટે છે. તથા બીજા ચકાર દ્વારા **चकारोयस्मात्परस्तत्सजातीयमेव समुच्चिनोति २/६१** ન્યાયાનુસારે પૂર્વસૂત્રગત अव्ययम्‌નું અનુકર્ષણ કરેલ છે. તેમજ, **चानुकृष्टं नाऽनुवर्त्तते २/६२** ન્યાયાનુસારે તેનો અધિકાર ઉત્તરસૂત્રમાં જશે નહીં.

(૫) અહીં ધ્યાનમાં લેવું કે, अस्तिक्षीरा गौः વગેરે સમાસમાં अस्त्यन्त પ્રકૃતિ વિભક્ત્યન્ત પ્રતિરૂપકતયા જ્યારે અવ્યય સ્વરૂપે ન ગણતાં तिवादि વિભક્ત્યન્ત રૂપે જ ગણવામાં આવે ત્યારે नाम-नाम्नै० ૩.૧.૧૮માં निर्दिष्ट बहुलम्‌નાં અધિકાર દ્વારા જ સમાસ થાય છે.

(૬) અહીં પૂર્વસૂત્રથી અનુવર્ત્તમાન એવું द्वितीयाद्यन्यार्थे પદ બહુવ્રીહિ અને તત્પુરુષ સમાસનાં વિષયવિભાગ માટે જાણવું. તેથી, સ્વપદનાં અર્થમાં પ્રવર્ત્તતો તત્પુરુષ સમાસ અન્યપદનાં અર્થમાં તત્પર એવા બહુવ્રીહિ સમાસથી ભિન્ન પ્રતીત થાય છે. અને તત્પુરુષ સમાસ બહુવ્રીહિ સમાસથી પર હોવા છતાં પણ બહુવ્રીહિ સમાસનો બાધ કરતો નથી.

(૭) સૂત્રમાં बहुलम्નો અધિકાર હોવાથી राजन्वती भूः अनेन, प्राग् ग्रामोऽस्मात् અને पञ्च भुक्तवन्तो यस्य જેવા સ્થાને સૂત્રગત તમામ શરતો પ્રાપ્ત હોવા છતાં પણ સમાસો થતાં નથી.

જિ. : સૂત્રમાં नाम नाम्नाનાં અધિકાર દ્વારા એક નામનો બીજા નામની સાથે સમાસ જણાવ્યો છે. તો પણ આ સૂત્રમાં एकम्, अनेकम् પદોનું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : नाम नाम्ना એ પ્રમાણે સૂત્રગત પદથી બે નામોનો જ સમાસ થાય. અનેક નામોનો નહીં. માટે અનેક નામોમાં પણ સમાસ કરવા માટે અહીં अनेकम् પદનું ગ્રહણ છે. તથા, अनेकम् પદ દ્વારા એક નામના સમાસનો નિષેધ થતો હોવાથી चकार દ્વારા एकम् પદનું પણ ગ્રહણ કરવામાં આવ્યું છે.

જિ. : અવ્યય પણ પદ સ્વરૂપે જ હોવાથી સૂત્રગત एकम् અને अनेकम् પદનાં ગ્રહણ દ્વારા જ તેનું પણ ગ્રહણ થઈ જ જવાનું હતું તો શા માટે સૂત્રમાં चकार દ્વારા अव्ययम् પદનું અનુકર્ષણ કર્યું?

સમા. : સૂત્રમાં एकम्, अनेकम् પદનાં વિશેષણ તરીકે સમાનાધિકરણ નિર્દેશક एकार्थम् પદનું ગ્રહણ કરવામાં આવ્યું છે. જ્યારે उच्चैस् વગેરે કેટલાંક અવ્યય નામમાં અધિકરણ વગેરે અર્થની પ્રધાનતા હોવાથી તથા हर्तुं कामोऽस्य જેવા સમાસમાં ક્રિયાર્થની વાચ્યતા હોવાથી मुख વગેરે અન્ય નામની સાથે તેનાં સમાનાધિકરણપણાંની પ્રાપ્તિ થતી નથી. તેથી અવ્યય નામનાં

વિષયમાં વ્યધિકરણમાં પણ સમાસ કરવા માટે ચકારથી अव्ययम् પદનું અનુકર્ષણ કરવામાં આવ્યું છે.

જિ. : द्वन्द्व આદિ સમાસમાં સમાસનાં અર્થ દ્વારા જ ચકાર વગેરે ગતાર્થ હોવાથી સમાસ કર્યા બાદ તેઓનો પ્રયોગ થતો નથી. તેવી જ રીતે અહીં પણ વિગ્રહગત यस्य स પદો દ્વારા वृक्षादि અન્ય પદાર્થ ગતાર્થ થઈ જ જાય છે. તો आरुढवानरो वृक्षः વગેરેમાં તેઓનો પ્રયોગ શા માટે થાય છે?

સમા. : વસ્તુતઃ द्वन्द्व આદિ સમાસમાં ચકાર વગેરે પદોનો અર્થ સંપૂર્ણતયા ઉક્ત થઈ જાય છે. પરંતુ અહીં यस्य स આદિ પદો દ્વારા वृक्ष આદિનો સંપૂર્ણ અર્થ ઉક્ત થતો નથી. તેથી તેનાં અર્થની આકાંક્ષા ઊભી જ રહે છે. તેથી તેનો પ્રયોગ આવશ્યક છે.

યદ્યપિ વિશેષ્યનાં પ્રયોગપૂર્વક आरुढो वानरो यस्य वृक्षस्य એ પ્રમાણે વિગ્રહ વાક્ય કરવામાં આવે તો પણ आरुढवानरः રૂપ સમાસનાં અર્થમાં वृक्षादि નો અર્થ ઉક્ત થતો ન હોવાથી वृक्षादि નો પ્રયોગ આવશ્યક જ છે.

## उष्ट्रमुखादयः ३.१.२३

અ.અ.સૂ. : **उष्ट्रमुखादयः समासः बहुव्रीहिः ( निपात्यन्ते )।**

અર્થ : उष्ट्रमुख વગેરે બહુવ્રીહિ સમાસો નિપાતન પામે છે.

સ. **उष्ट्रमुखादयः** = उष्ट्रमुख आदिर्येषां ते इति।

ઉદા. (૧) **उष्ट्रमुखः** = ઊંટનાં મુખ જેવાં મુખવાળો.

उष्ट्रमुखमिव मुखं यस्य स इति।

અહીં સામાન્યધર્મવાચી उष्ट्र, ઉપમેયવાચી मुख તથા ઉપમાનવાચી मुखનો આ સૂત્રથી સમાસ થાય છે. તેમજ ઉપમાન વાચી मुखનો લોપ થાય છે.

(૨) **वृषस्कन्धः** = બળદનાં સ્કંધ જેવા સ્કંધવાળો.

वृषस्कन्ध इव स्कन्धो यस्य स इति।

**વિશેષતા :**

(૧) **उष्ट्रमुखादि ગણ અંતર્ગત સમાસો :**

उष्ट्रमुख, वृषस्कन्ध, हरिणाक्षी, हंसगमना, इभकुम्भस्तनी, नागनासोरु, चन्द्रमुखी, कमलवदना, बिम्बोष्ठी, चक्रनितम्बा, पितृस्थान, पितृस्थानीय, कण्ठेकाल, उरसिलोमा, उदरेमणि, वहेगडु, केशचूड, सुवर्णालंकार, प्रपर्ण/प्रपतितपर्ण, प्रपलाश/प्रपतितपलाश, उद्रश्मि, उद्गतरश्मि, अपुत्र/अविद्यमान पुत्र વગેરે.

(૨) **उष्ट्रमुखादि ગણ અંતર્ગત પ્રયોગો વિષયક વિશેષતા :**

(i) उष्ट्रमुखથી पितृस्थानीय સુધીનાં સમાસનાં मुख વગેરે ઉપમાનવાચી નામનો અન્ય मुख વગેરે ઉપમેયવાચી નામ અને સામાન્યધર્મવાચી उष्ट्र વગેરે નામની સાથે આ સૂત્રથી સમાસ થાય છે. અને તેમાં ઉપમેયવાચી નામને સમાન રૂપવાળાં ઉપમાનવાચી નામનો લોપ થાય છે.

(ii) कण्ठेकालથી वहेगडु સુધીનાં સમાસમાં कण्ठेस्थितः कालो यस्य स इति એ પ્રમાણે સપ્તમ્યન્ત પૂર્વપદવાળું कण्ठेस्थित વગેરે નામ ઉત્તરપદ काल નામની સાથે આ સૂત્રથી

સમાનાધિકરણ બહુવ્રીહિ સમાસ પામે છે. તથા कण्ठे कालो यस्य स इति એ પ્રમાણે વ્યધિકરણ બહુવ્રીહિ સમાસ પણ થઈ શકે છે.

(iii) केशसंघातः चूडा अस्य इति केशचूडः વગેરે સમાસમાં संघात વગેરે પદની અપેક્ષાએ ષષ્ઠી તત્પુરુષ સમાસ થયેલાં केशसंघात વગેરે પદનો ઉત્તરપદ चूडा વગેરેની સાથે આ સૂત્રથી સમાનાધિકરણ બહુવ્રીહિ સમાસ થાય છે. અને संघात વગેરેનો લોપ થાય છે. અહીં ધ્યાનમાં લેવું કે, કેટલાંક વ્યાકરણકારો केशसंघातचूडः, सुवर्णविकारालंकारः. આવા પણ સમાસો માને છે.

(iv) प्रपतितानि पर्णानि अस्य इति प्रपर्णः/प्रपतितपर्णः વગેરે સમાસમાં प्रादि પૂર્વક કૃદન્ત પદ ઉત્તરપદની સાથે સમાસ પામે છે. અને કૃદન્તનો વિકલ્પે લોપ થાય છે.

(v) अविद्यमानः पुत्रोऽस्येति अपुत्रः/अविद्यमानपुत्रः વગેરે સમાસમાં नञ् પૂર્વક अस्ति ક્રિયાર્થક પદ ઉત્તરપદની સાથે સમાસ પામે છે. અને अस्ति ક્રિયાર્થક પદનો વિકલ્પે લોપ થાય છે.

(vi) સૂત્રમાં બ.વ. આકૃતિગણ માટે છે. તેથી આ પ્રયોગ જેવા અન્ય સમાસોનો પણ આ ગણમાં સમાવેશ થાય છે.

જિ. : જો બહુવચન નિર્દિષ્ટ આકૃતિગણ દ્વારા ગણપાઠની બહારનાં શબ્દોનો પણ ગણપાઠમાં સમાવેશ કરવામાં આવે છે. તો ગણપાઠનું કોઈ નિયમન જ રહેશે નહીં તો ટીકા આદિમાં ગણપાઠનો નિર્દેશ શા માટે કરવામાં આવે છે?

**સમા.** : ગણપાઠનો નિર્દેશ પ્રકાર જણાવવા માટે હોય છે. તેથી તેનાં નિર્દેશ દ્વારા એ ફલિત થાય છે કે, આકૃતિગણ દ્વારા પણ એ જ શબ્દોનો અહીં સમાવેશ થશે, જે અહીં ગણપાઠમાં દર્શાવેલાં શબ્દોનાં પ્રકારનાં શબ્દો હોય, પણ અન્ય કોઈપણ શબ્દોનો નહીં. આમ, અહીં ગણપાઠનો નિર્દેશ સાર્થક છે.

## सहस्तेन ३.१.२४

**અ.અ.સૂ.** : **तेन नाम्ना सह नाम अन्यार्थे ऐकार्थ्ये समासः, बहुव्रीहिः च।**

**અર્થ** : तेन અર્થાત્ તૃતીયાન્ત નામની સાથે सह નામ અન્ય પદનાં અર્થમાં ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે બહુવ્રીહિસંજ્ઞક થાય છે.

ઉદા. (૧) **सपुत्र आगतः** = પુત્રની સાથે આવેલો.
पुत्रेण सह वर्त्तते इति।
આ સૂત્રથી सह અને पुत्रનો સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી सहનો પૂર્વનિપાત→**सह**+पुत्र
सहस्य सोऽ०૩.૨.૧૪૩થી स આદેશ→**स**पुत्र
પ્રથમા सि વગેરે→सपुत्रः।

(૨) **सकर्मकः** = કર્મ સહિત. कर्मणा सह वर्त्तते इति।
આ સૂત્રથી सह અને कर्मन्નો સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી सहનો પૂર્વનિપાત→**सह**+कर्मन्

सहस्य सोऽ०३.२.१४३थी स આદેશ→**स**+कर्मन्
शेषाद् वा ७.३.७५थी कच्→सकर्मन्+**क**
नाम सिदय्०१.१.२१थी सकर्मन्ने **પદસંજ્ઞા.**
नाम्नो नो०२.१.९१थी न्नो લોપ→सकर्मक
પ્રથમા सि વગેરે→सकर्मकः।

**વિશેષતા :**

(૧) અહીં सह પદ દ્વારા વિદ્યમાનતા અને તુલ્યયોગ અર્થ પ્રતીત થાય છે. તે બંનેનો વિશેષ અર્થ सहार्थे ૨.૨.૪૫ સૂત્રમાંથી જાણી લેવો.

(૨) આ સૂત્રગત સમાસો एकार्थं चानेकं०३.१.२२થી સિદ્ધ હોતે છતે પણ પ્રથમાન્ત એવા અન્યપદનાં અર્થમાં સમાસ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. માટે જ આ સૂત્રમાં પૂર્વસૂત્રથી द्वितीयादिनो અધિકાર ન આવતાં માત્ર अन्यार्थेનો અધિકાર આવે છે.

(૩) અહીં ધ્યાનમાં લેવું કે, આ સૂત્રમાં सहार्थ પદનું નહીં પણ सह અવ્યયનું જ ગ્રહણ છે. તેથી सहार्थ એવા साकम्, सार्धं, समम् અને अमा નામ અન્ય નામની સાથે સમાસ પામતાં નથી.

(૪) સૂત્રમાં बहुलम्નાં અધિકારથી વિદ્યમાનતા અર્થ હોતે છતે પણ કેટલાંક સ્થાને સમાસ થતો નથી. જેમકે, सहैव दशभिः पुत्रैर्भारं वहति गर्दभी, सहैव धनेन भिक्षां भ्रमति ।

(૫) તુલ્યયોગ સહાર્થ બહુવ્રીહિ સમાસમાં कच् પ્રત્યયનો सहात् तुल्ययोगे ૭.૩.૧૭૮ સૂત્ર દ્વારા નિષેધ થાય છે. તેથી कच् પ્રત્યયાન્ત સહાર્થ બહુવ્રીહિ સમાસ વિદ્યમાન અર્થમાં જ જાણવા.

જિ. : અહીં પૂર્વસૂત્રથી द्वितीयाद्यन्यार्थे એ પ્રમાણે સમસ્ત પ્રયોગની અનુવૃત્તિ આવી રહી છે. તેમજ, **सन्नियोग-शिष्टानामेकापायेऽन्यतरस्याऽप्यपायः १/३०** ન્યાયાનુસારે द्वितीयादिનો અધિકાર અટકાવતાં अन्यार्थेનો અધિકાર અટકવો જ જોઈએ. તો પણ સૂત્રમાં अन्यार्थेનો અધિકાર કેવી રીતે ગ્રહણ કર્યો ?

સમા. : તમારી વાત સાચી છે. પણ **सन्नियोगशिष्टाना० १/३०** ન્યાયનાં અપવાદ રૂપ **क्वचिदेकदेशोऽप्यनुवर्त्तते** પંક્ત્યનુસારે અહીં દ્વિતીયાદિનો અધિકાર ગ્રહણ ન કરતાં માત્ર અન્યાર્થનો અધિકાર પણ ગ્રહણ કરી શકાય છે.

## दिशो रुढ्याऽन्तराले ३.१.२५

અ.અ.સૂ. : **रुढ्या दिशः नाम रुढ्या दिशा नाम्ना अन्तराले अन्यार्थे ऐकार्थ्ये समासः, बहुव्रीहिः च ।**

અર્થ : રૂઢિ અર્થવાળા દિશાવાચી નામ, રૂઢિ અર્થવાળાં દિશાવાચી નામની સાથે અન્તરાલ (બે દિશાની વચ્ચેનો ખૂણો) સ્વરૂપ અન્ય પદનાં અર્થમાં ઐકાર્થ્ય

જણાતે છતે સમાસ પામે છે. અને તે બહુવ્રીહિ સંજ્ઞક થાય છે.

ઉદા : **दक्षिणपूर्वा दिक्** = અગ્નિ ખૂણો.

दक्षिणस्याश्च पूर्वस्याश्च दिशोर्यदन्तरालं सा इति।

આ સૂત્રથી दक्षिणा અને પૂર્વાનો સમાસ તથા,

प्रथमोक्तं०३.१.१४८થી दक्षिणाનો પૂર્વનિપાત→दक्षिणापूर्वा

सर्वादयो०३.१.६१થી दक्षिणाનો પુંવદ્‌ભાવ→दक्षिणपूर्वा

गोश्चान्ते०२.४.९६થી હ્રસ્વ→दक्षिणपू**र्व**

आत् २.४.१८થી आप्→दक्षिणपूर्व+**आ**

समानानां०१.२.१થી દીર્ઘ→दक्षिणपू**र्वा**

પ્રથમા सि વગેરે→दक्षिणपूर्वा।

પ્ર.ઉદા : **रुढ्येति किम् ? ऐन्द्र्याश्च कौबेर्याश्च दिशोर्यदन्तरालम्** = ઈશાન ખૂણો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ પૂર્વપદ અને ઉત્તરપદ રુઢિ અર્થમાં વર્ત્તતું દિશાવાચી નામ હોય તો થાય છે. જ્યારે અહીં ऐन्द्री (પૂર્વદિશા) અને कौबेरी (ઉત્તરદિશા) યૌગિક દિશાવાચી છે. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) અહીં સૂત્રગત **दिशः** પદ ષષ્ઠી વિભક્ત્યન્ત હોવાથી તેનો 'દિશા સંબંધી નામનો', 'દિશા સંબંધી નામ સાથે' એ પ્રમાણે **काकाक्षिगोलकः** ન્યાયથી બંને નામ પદ સાથે અન્વય જાણવો.

(૨) શબ્દો બે પ્રકારે હોય છે. રૂઢિ અને યૌગિક.

**રૂઢ :** કોઈપણ સમુદાયનાં સામર્થ્યથી પ્રસિદ્ધ થયેલાં અર્થને જણાવનાર શબ્દ.

**યૌગિક :** પદોનાં યોગ વડે પ્રાપ્ત થયેલ અર્થને જણાવનાર શબ્દ.

આ સૂત્ર રૂઢિ અર્થવાળાં જ દિશાવાચી પદથી નિષ્પન્ન સમાસમાં વર્ત્તે છે. પણ યૌગિક અર્થવાળાં પદનાં વિષયમાં નહીં. તેથી, इन्द्रो देवताऽस्येति ऐन्द्री (પૂર્વ દિશા) અને कुबेरो देवताऽस्येति कौबेरी (ઉત્તર દિશા) જેવાં પદનાં વિષયમાં આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

(૩) પૂર્વની જેમ અહીં પણ પ્રથમાન્ત અન્ય પદાર્થમાં સમાસ કરવા માટે તેમજ, અંતરાલ સ્વરૂપ સંજ્ઞામાં न नाम्नि ૭.૩.૧૭૬થી कच् સમાસાન્તનો અભાવ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

(૪) યદ્યપિ દિશામાં વર્ત્તતાં શબ્દો નિત્ય સ્ત્રીલિંગ હોવાથી परतः स्त्री૦૩.૨.૪૯થી પુંવત્‌ભાવની પ્રાપ્તિ નથી. તો પણ दक्षिणपूर्वा વગેરે સમાસમાં दक्षिणा શબ્દ સર્વનામ તરીકે ગૌણ હોવા છતાં પૂર્વે સર્વનામ તરીકે હોવાથી તેને આશ્રયીને **भूतपूर्वकस्तद्वदुपचारः** ૧/૮ ન્યાયાનુસારે सर्वादयोऽ૦૩.૨.૬૧થી પુંવદ્‌ભાવ થયેલ છે.

## બહુવ્રીહિ સંજ્ઞક સમાસનું સારાંશ કોષ્ટક

| સૂત્ર | નામ | અન્ય નામ | અન્ય અર્થાદિ નિમિત્ત | પ્રચલિત સંજ્ઞા | ઉદા. |
|---|---|---|---|---|---|
| सुज्वार्थे०१९ | सुच् અને वा અર્થક સંખ્યાવાચી | સંખ્યેયમાં વર્તતું સંખ્યાવાચી | - | સંખ્યા બહુવ્રીહિ સમાસ | द्विदशाः |
| आसन्ना-ऽदूरा०२० | आसन्न, अदूर, अधिक अध्यर्द्ध, अर्ध આદિવાળો પૂરણ પ્રત્યયાન્ત | સંખ્યાવાચી | સંખ્યેય અર્થ | " | आसन्नदशाः |
| अव्ययम् २१ | અવ્યય | સંખ્યાવાચી | સંખ્યેય અર્થ | " | उपदशाः |
| एकार्थं चा०२२ | એક, અનેક, અવ્યય | - | - | સમાનાધિકરણ બહુવ્રીહિ સમાસ | आरुढवानरः |
| उष्ट्रमुखा०२३ | - | - | નિપાતન | ઉપમાન બહુવ્રીહિ સમાસ<br>વ્યધિકરણ બહુવ્રીહિ સમાસ<br>પ્રાદિ બહુવ્રીહિ સમાસ<br>નञ् બહુવ્રીહિ સમાસ | उष्ट्रमुखः<br>कण्ठेकालः<br>प्रपतितपलाशः/ प्रपलाशः<br>अविद्यमानपुत्रः/ अपुत्रः |
| सहस्तेन २४ | सह | तृतीयान्त નામ | - | સહાર્થ બહુવ્રીહિ સમાસ | सपुत्रः |
| दिशो रुढ्या० २५ | રુઢ્યર્થક દિશાવાચી | રુઢ્યર્થક દિશાવાચી | અન્તરાલ અર્થ | દિગ્ બહુવ્રીહિ સમાસ | दक्षिणपूर्वा: । |

★ અવ્યયીભાવ સમાસ : ૩.૧.૨૬ થી ૩.૧.૪૧

## तत्राऽऽदाय मिथस्तेन प्रहृत्येति सरुपेण युद्धेऽव्ययीभावः ३.१.२६

અ.અ.સૂ. : **तत्र नाम मिथः आदाय इति तेन नाम मिथः प्रहृत्य इति सरुपेण नाम्ना युद्धे अन्यार्थे ऐकार्थ्ये समासः, अव्ययीभावः च।**

અર્થ : तत्र = સપ્તમ્યન્ત નામ 'પરસ્પર ગ્રહણ કરીને' એ પ્રમાણે ક્રિયાવ્યતિહારનાં વિષયમાં તથા तेन = તૃતીયાન્ત નામ 'પરસ્પર પ્રહાર કરીને' એ પ્રમાણે ક્રિયાવ્યતિહારનાં વિષયમાં તત્સરૂપ નામની સાથે યુદ્ધ વિષયક અન્ય-પદનાં અર્થમાં સમાસ પામે છે. અને તે અવ્યયીભાવ-સંજ્ઞક થાય છે.

★ **अव्ययीभावः**→अनव्ययस्याऽव्ययस्य भवनमिति ।

ઉદા. (૧) **केशाकेशि** = પરસ્પર કેશને વિશે ગ્રહણ કરીને કરેલું યુદ્ધ.
केशेषु च केशेषु च मिथः आदाय कृतं युद्धमिति।
આ સૂત્રથી केश અને केशનો સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી केशनो પૂર્વ નિપાત→**केश**+केश
इज् युद्धे ૭.૩.૭૪થી इच् સમાસાન્ત→केशकेश+इ
इच्यस्वरे०૩.૨.૭૨થી પૂર્વપદનો સ્વર દીર્ઘ→के**शा**केश+इ
अवर्णेवर्ण०૭.૪.૬૮થી अनो લોપ→केशाकेशि

∴ પ્રથમા सि→केशाकेशि+**स्**

∴ अनतो लुप् ૩.૨.૬થી सिनो લોપ→केशाकेशि।

(૨) **दण्डादण्डि** = પરસ્પર દંડ વડે પ્રહાર કરીને કરેલું યુદ્ધ.
दण्डैश्च दण्डैश्च मिथः प्रहृत्य कृतं युद्धमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા : **तत्रेति तेनेति च किम्?**

(૧) **केशांश्च केशांश्च गृहीत्वा कृतं युद्धम्** = પરસ્પર વાળને ખેંચીને કરેલું યુદ્ધ.

(૨) **मुखं च मुखं च प्रहृत्य कृतं युद्धम्** = પરસ્પર મુખ પર પ્રહાર કરીને કરેલું યુદ્ધ.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સપ્તમ્યન્ત અને તૃતીયાન્ત નામનાં વિષયમાં થાય છે. જ્યારે ઉપરોક્ત બંને પ્રયોગમાં દ્વિતીયાન્ત નામ છે. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

• **आदायेति प्रहृत्येति च किम्?**

(૧) **केशेषु च केशेषु च स्थित्वा कृतं युद्धं गृहकोकिलाभ्याम्** = પરસ્પર વાળને વિશે રહીને બે સ્ત્રીઓ વડે કરેલું યુદ્ધ.

(૨) **दण्डैश्च दण्डैश्च आगत्य कृतं युद्धं गृहकोकिलाभ्याम्** = પરસ્પર દંડ દ્વારા આવીને બે સ્ત્રીઓ વડે કરેલું યુદ્ધ.

★ આ સૂત્રની પ્રવૃત્તિ आदाय અને प्रहृत्य એ પ્રમાણેનાં જ ક્રિયાવ્યતિહારમાં થાય છે. જ્યારે અહીં સ્થાન અને આગમન સ્વરૂપ ક્રિયાવ્યતિહાર છે. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

• **सरुपेणेति किम् ?**

(૧) **हस्ते च पादे च गृहीत्वा कृतं युद्धम्** =
હાથ અને પગને પરસ્પર ગ્રહણ કરીને કરેલું યુદ્ધ.

★ આ સૂત્રની પ્રવૃત્તિ પૂર્વપદ અને ઉત્તરપદ સરૂપ નામ હોય તો જ થાય છે. જ્યારે અહીં સરૂપ નામ નથી. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

(૨) **युद्ध इति किम् ? हस्ते च हस्ते च आदाय सख्यं कृतम्** = પરસ્પર હાથ ગ્રહણ કરીને કરાયેલી મૈત્રી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ યુદ્ધ વિષયક અન્યાર્થમાં થાય છે. જ્યારે અહીં યુદ્ધ વિષયક અન્યાર્થ નથી. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) આ સૂત્રમાં રહેલ मिथः શબ્દ **काकाक्षिगोलकः** ન્યાયથી आदाय અને प्रहृत्य એ પ્રમાણે બંને સાથે જોડાય છે.

(૨) કેટલાંક વ્યાકરણકારો સૂત્રમાં युद्धे એ પ્રમાણે શબ્દનો પ્રયોગ કરતાં નથી. તેઓ इति શબ્દનાં બળથી યુદ્ધ વિશેષને માને છે.

તથા, तत्र तेनेदमिति सरुपे ૧.૨.૨૮ એ પ્રમાણે પાણિનીય સૂત્રમાં आदाय અને प्रहृत्य પદનું ગ્રહણ કરવામાં આવ્યું નથી. તેઓનાં મતે સૂત્રગત इति શબ્દનાં સામર્થ્યથી જ आदाय અને प्रहृत्य પદનું પણ ગ્રહણ થાય છે. પરંતુ યુદ્ધ ભિન્ન વિષયમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઇચ્છાય છે. જેમકે, **कर्णाकर्णिप्रथितमयशः**, हस्ताहस्तिमिषात् स्पृशन् कुचतटीम् ।

અહીં પરસ્પર હસ્ત પ્રહાર વિવક્ષિત છે. પણ યુદ્ધ નહીં. પણ સ્વમતે તો बहुलम्નાં અધિકારથી જ આવા સમાસો સિદ્ધ થાય છે.

(૩) हस्ते च पादे च गृहीत्वा कृतं युद्धम् અહીં સમાસ ન થાય. પરંતુ हस्तश्च पादश्च इति हस्तपादः એ પ્રમાણે प्राणितूर्याङ्ग०૩.૧.૧૩૭થી સમાસ કરીને हस्तपादे च हस्तपादे च इति गृहीत्वा कृतं युद्धम् इति हस्तपादाहस्तपादि એ પ્રમાણે આ સૂત્રથી સમાસ થઈ શકે છે.

(૪) इच्यस्वरे०૩.૨.૭૨ સૂત્રથી इच् અન્તવાળાનાં પૂર્વપદનો દીર્ઘ અને आत्त्व થાય છે.
**ઉદા :** मुष्टामुष्टि, मुष्टीमुष्टि
પણ પાણિની વ્યાકરણકારો ફક્ત દીર્ઘત્વવાળાં मुष्टीमुष्टि પ્રયોગને જ સ્વીકારે છે.

(૫) **અવ્યયીભાવ સંજ્ઞાનાં પ્રદેશો :** अमव्ययीभाव०૩.૨.૨ વગેરે.

(૬) સૂત્રમાં युद्धे એ પ્રમાણે વિષયનો નિર્દેશ હોવાથી સાક્ષાત્ યુદ્ધ પદ ન હોવા છતાં પણ યુદ્ધની ઉપાધિવાળી અન્ય ક્રિયાનાં વિષયમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે. જેમકે, बाहुबाहवि व्यासजेताम्→પરસ્પર બાહુને ગ્રહણ કરીને જકડવાની ક્રિયા કરી. શિશુપાલ વધ કાવ્યમાં યુદ્ધનાં પ્રસંગમાં બે ભટનું વર્ણન કરતી વેળાએ માઘ કવિ દ્વારા આ પ્રયોગ કરાયો છે.

જિ. : **संज्ञा न संज्ञान्तरबाधिका २/२७** ન્યાયાનુસારે આ સૂત્રગત અવ્યયીભાવ સંજ્ઞા બહુવ્રીહિ સંજ્ઞાનો બાધ

કરી શકે નહીં તો दण्डादण्डि સમાસમાં અનુવૃત્તિથી પ્રાપ્ત બહુવ્રીહિ સંજ્ઞાનું પ્રવર્ત્તન કેમ ન થઈ શકે?

**સમા.** : संख्या समाहारे૦૩.૧.૯૯ સૂત્રમાં ચકારથી તત્પુરુષ કર્મધારય સંજ્ઞાનું અનુકર્ષણ કરેલ છે. તે જ જણાવે છે કે, જ્યારે બીજી સંજ્ઞાનો અધિકાર સૂત્રમાં આવે ત્યારે પૂર્વની સંજ્ઞાનો બાધ થાય છે. માટે અહીં આ ન્યાય અનિત્ય જાણવો. અને આ સૂત્રગત અવ્યયીભાવ સંજ્ઞા દ્વારા બહુવ્રીહિ સંજ્ઞાનો બાધ થાય છે.

**જિ.** : આ સમાસ યુદ્ધની ક્રિયાનાં વિષયમાં થાય છે. જે અન્ય પદાર્થ સ્વરૂપે છે તો केशानां च केशानां चा न्योन्यस्य ग्रहणं यस्मिन् युद्धे એ પ્રમાણે વિગ્રહ દ્વારા एकार्थं चा૦૩.૧.૨૨થી બહુવ્રીહિ સમાસ રૂપે केशाकेशि આદિ પ્રયોગ સિદ્ધ જ છે. તો પણ આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો?

**સમા.** : અહીં સમાસનાં વિગ્રહમાં केश, दण्ड આદિની ગ્રહણ-પ્રકરણ વિષયક સહોક્તિ હોવાથી એકશેષ પ્રક્રિયાની પ્રાપ્તિ છે. તેનો બાધ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

અહીં આશય એ છે કે, આ સૂત્રથી થતો અવ્યયીભાવ સમાસ વચનસામર્થ્યથી જ સમૂહનાં વિષયમાં જ પ્રયુક્ત થાય છે. પણ એકનાં વિષયમાં નહીં. તેથી જ્યારે એકશેષ પ્રક્રિયા કરવામાં આવે ત્યારે અન્યત્ર આ સમાસનો અવકાશ રહેશે જ નહીં. આમ, નિરવ-કાશતયા આ સૂત્ર દ્વારા એકશેષ પ્રક્રિયાનો બાધ

કરવામાં આવે છે. જ્યારે एकार्थं०૩.૧.૨૨થી થતાં બહુવ્રીહિ સમાસનાં વિષયમાં અન્ય પ્રયોગોમાં તે સૂત્રની પ્રક્રિયાનો અવકાશ હોવાથી એકશેષનો બાધ થતો નથી.

## नदीभिर्नाम्नि ३.१.२७

**અ.અ.સૂ. : नाम नदीभिः नामभिः नाम्नि अन्यार्थे ऐकार्थ्ये समासः, अव्ययीभावः च।**

**અર્થ** : નામ, નદીવાચી નામની સાથે સંજ્ઞાનાં વિષયમાં અન્યપદનાં અર્થમાં ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે અવ્યયીભાવસંજ્ઞક થાય છે.

ઉદા. (૧) **उन्मत्तगङ्गम्** = દેશ વિશેષ. उन्मत्ता गङ्गा यत्र स इति ।
આ સૂત્રથી उन्मत्ता અને गङ्गाનો સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી उन्मत्ताનો પૂર્વ નિપાત→
**उन्मत्ता**+गङ्गा
परतः स्त्री०૩.૨.૪૯થી उन्मत्ताનો પુંવદ્ભાવ→उन्म**त्त**गङ्गा

✣ **द्वन्द्वैकत्वाव्ययीभावौ क्रियाव्ययविशेषणे०३/९**
લિંગાનુશાસનાનુસારે નપું. થતાં, क्लीबे ૨.૪.૯૭થી
હ્રસ્વ→उन्मत्तगङ्ग

✣ પ્રથમા सि→उन्मत्तगङ्ग+**स्**
अमव्ययीभावा० ૩.૨.૨.થી सिનો अम्→
उन्मत्तगङ्ग+**अम्**
समानाद०૧.૪.૪૬થી अનો લોપ→उन्मत्तगङ्गम्।

(૨) **तूष्णींगङ्गम्** = દેશ વિશેષ. तूष्णीं गङ्गा यत्र स इति । આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**પ્ર.ઉદા :** **नाम्नीति किम्? शीघ्रगङ्गो देशः** = શીઘ્ર (ગતિવાળી) ગંગા નદીવાળો દેશ.

शीघ्रा गङ्गा यत्र स इति।

एकार्थं चा० ૩.૧.૨૨થી સમાસ અને विशेषण-सर्वादि० ૩.૧.૧૫૦થી शीघ्राનો પૂર્વનિપાત→**शीघ्रा**+गङ्गा

परतः स्त्री०૩.૨.૪૯થી शीघ्राનો પુંવદ્ભાવ→शीघ्रगङ्गा

गोश्चान्ते०૨.૪.૯૬થી હ્રસ્વ→शीघ्रगङ्ग

પ્રથમા सि વગેરે→शीघ्रगङ्गः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ સંજ્ઞાનાં વિષયમાં જ થાય છે. જ્યારે અહીં સંજ્ઞાનો વિષય ન હોવાથી આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) સૂત્રમાં नदीभिः એ પ્રમાણે બ.વ. અર્થની પ્રધાનતા માટે દર્શાવવામાં આવે છે. તેથી नदी પદ દ્વારા વાચ્ય જેટલાં પણ અર્થ છે તેનું અહીં ગ્રહણ થાય છે. અને તે વાચ્યાર્થ ઘણાં હોવાથી બ.વની સંગતિ થાય છે. પરંતુ અર્થમાં વ્યાકરણનું કાર્ય સંભવતું ન હોવાથી તે વાચ્યાર્થને જણાવનારાં નદીવાચી અને નદીવિશેષવાચી તમામ શબ્દોમાં नदी પદની લક્ષણા કરવી. તેથી નદી વિશેષવાચી ગંગા, સિંધુ વગેરે શબ્દોનું પણ ગ્રહણ થતાં उन्मत्तगङ्गम् ઇત્યાદિ પ્રયોગો સિદ્ધ થાય છે.

તથા, नदी શબ્દ સ્વયં પણ नदी વાચ્યાર્થનો વાચક હોવાથી તેનું પણ ગ્રહણ થાય છે. પરંતુ नदी નામ યુક્ત સંજ્ઞાનો અભાવ હોવાથી તેનો પ્રયોગ पञ्चनदम् ઇત્યાદિ રૂપે ઉત્તરસૂત્રમાં જણાવવામાં આવ્યો છે.

**જિ.** : સંજ્ઞા રૂઢિ અર્થને દર્શાવે છે. તેથી યૌગિક અર્થને દર્શાવતાં વિગ્રહ વાક્યથી સંજ્ઞાની પ્રતીતિ થતી નથી. માટે ઉપરોક્ત उन्मत्तगङ्गम् વગેરે નિત્ય સમાસ થવો જોઈએ. જેઓનો અસ્વપદ વિગ્રહ વાક્ય હોવું જોઈએ અથવા વિગ્રહ વાક્ય ન હોવું જોઈએ. તો પણ उन्मत्ता गङ्गा यत्र स એ પ્રમાણે સ્વપદ વિગ્રહ કેવી રીતે દર્શાવ્યો?

**સમા.** : વસ્તુતઃ અહીં बहुलम्નાં અધિકારથી વિકલ્પે સમાસ કરવા દ્વારા જ સ્વપદ વિગ્રહ વાક્ય દર્શાવવામાં આવ્યું છે. અને તેથી उन्मत्तगङ्गम् જેવા ઉદા.માં બહુવ્રીહિ સમાસનો નિષેધ થાય છે. આમ, જ્યારે આ સૂત્ર નદીવાચક નામનો સંજ્ઞાનાં વિષયમાં સમાસ થાય ત્યારે બહુવ્રીહિ સમાસ નહીં કરવા વાનું ગ્રહણ કર્યું નથી. યદ્યપિ बहुलम्નાં અધિકારથી દરેક સૂત્રમાં વિકલ્પનું ગ્રહણ ન કરતાં ઉત્સર્ગશાસ્ત્રની જ્યાં પ્રવૃત્તિ કરાય છે. ત્યાં જ ગ્રંથકારશ્રીએ તે-તે સૂત્રમાં વાનું ગ્રહણ કર્યું છે. પરંતુ અહીં બહુવ્રીહિ સંજ્ઞાનાં નિષેધ સ્વરૂપ વિશેષ કાર્યનું પ્રયોજન હોવાથી અહીં વાનાં ગ્રહણ વિના પણ સ્વપદ વિગ્રહ દર્શાવેલ છે.

# संख्या समाहारे ३.१.२८

**અ.અ.સૂ. : संख्या नाम नदीभिः नामभिः समाहारे ऐकार्थ्ये समासः, अव्ययीभावः च।**

**અર્થ** : સંખ્યાવાચી નામ, નદીવાચી નામની સાથે સમાહાર ગમ્યમાન હોય તો ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે અવ્યયીભાવ સંજ્ઞક થાય છે.

**સ.** (૧) **द्वियमुनम्** = બે યમુનાનો સમૂહ.

द्वयोः यमुनयोः समाहार इति।

આ સૂત્રથી द्वि અને यमुनाનો સમાસ તથા,

प्रथमोक्तं० ૩.૧.૧૪૮થી સંખ્યાવાચીનો પૂર્વનિપાત→ द्वि+यमुना

અહીં અન્ય કાર્યો પૂર્વસૂત્ર નિર્દિષ્ટ उन्मत्तगङ्गम् પ્રમાણે જાણવા.

(૨) **पञ्चनदम्** = પાંચ નદીઓનો સમૂહ.

पञ्चानां नदीनां समाहार इति।

પૂર્વ પ્રમાણે સમાસ વગેરે→पञ्च+नदि

संख्या नदी० ૭.૩.૯૧થી अत् સમાસાન્ત→पञ्चनदि+**अ**

अवर्णेवर्ण० ૭.૪.૬૮થી इનો લોપ→पञ्चनद

પ્રથમા सि વગેરે→पञ्चनदम्।

**પ્ર.ઉદા.** **समाहार इति किम्? एकनदी** = એક નદી.

एका चासौ नदी च इति।

पूर्वकालैक० ૩.૧.૯૭થી एका અને नदीનો સમાસ તથા,

प्रथमोक्तं० ૩.૧.૧૪૮થી एकाનો પૂર્વનિપાત→एका+नदी

सर्वादयो०૩.૨.૬૧થી एकानो પુંવદ્ભાવ→एकनदी
પ્રથમા सि વગેરે→एकनदी।

★ આ સૂત્રની પ્રવૃત્તિ સમાહાર અર્થની ગમ્યમાનતામાં જ થાય છે. જ્યારે અહીં સમાહાર અર્થ ન જણાતાં આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) અહીં समाहारेનાં ગ્રહણથી अन्यार्थे પદની નિવૃત્તિ થાય છે. યદ્યપિ સમાહાર તે બે કે તેથી વધુ પદાર્થનાં સમૂહ સ્વરૂપ હોવાથી સમૂહ રૂપ અન્ય-અર્થને જ જણાવે છે. તેથી અહીં પણ અન્ય અર્થ તો છે જ. પરંતુ સમાસગત પદોથી અતિરિક્ત અન્ય અર્થનો અભાવ હોવાથી अन्यार्थे પદની નિવૃત્તિ કરવામાં આવી છે.

(૨) અહીં અન્ય કેટલાંક વ્યાકરણકારો જ્યારે સમાસમાં પૂર્વપદમાં પ્રાધાન્ય જણાય ત્યારે गोदावरीणां सप्तत्वमिति सप्तगोदावरम् = ગોદાવરીની સાતની સંખ્યા. એ પ્રમાણે અવ્યયીભાવ સમાસ કરે છે. અને જ્યારે સમાહારનું પ્રાધાન્ય જણાય ત્યારે सप्तानां गोदावरीणां समाहार इति सप्तगोदावरि = સાત ગોદાવરીનો સમૂહ તે પ્રમાણે દ્વિગુ સમાસ કરે છે.

(૩) યદ્યપિ पञ्चनदम् વગેરે સમાસમાં સમાહાર અર્થમાં આગામી संख्या समाहारे द्विगुश्च०૩.૧.૯૯થી દ્વિગુ સમાસ પણ સિદ્ધ જ હતો. પરંતુ આ સૂત્ર દ્વારા તેનો બાધ કરી અવ્યયીભાવ સમાસ કરવામાં આવે છે. તેથી,

(a) संख्याया नदी०७.३.૯૧થી अत् સમાસાન્ત થતાં અને सि વગેરેનો अमव्ययीभाव०૩.૨.૨થી अम् આદેશ થતાં पञ्चनदि, सप्तगोदावरि જેવા અનિષ્ટ સમાસો થતાં નથી. તથા, पञ्चनदम्, सप्तगोदावरम् જેવા ઇષ્ટ પ્રયોગની સિદ્ધિ થાય છે.

(b) તેમજ, द्विगोः समाहारात् ૨.૪.૨૨થી ङी પ્રત્યયનો પણ બાધ થાય છે.

## वंश्येन पूर्वार्थे ३.१.२९

**અ.અ.સૂ. : वंश्येन नाम्ना संख्या नाम पूर्वार्थे ऐकार्थ्ये समासः, अव्ययीभावः च।**

**અર્થ** : વિદ્યા કે જન્મ વડે થતી જે એક પરંપરા તે વંશ. તેમાં થયેલ તે **વંશ્ય**. વંશ્યવાચી નામની સાથે, સંખ્યાવાચી નામ પૂર્વપદનાં અર્થમાં ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે અવ્યયીભાવ સંજ્ઞક થાય છે.

**સ.** **पूर्वार्थे**→पूर्वस्य (पूर्वपदस्य) अर्थ इति पूर्वार्थः, तस्मिन्निति।

ઉદા. (૧) **एकमुनि व्याकरणस्य** = (સિદ્ધહેમ) વ્યાકરણનાં આદ્ય પ્રવર્ત્તક એક જ હેમચંદ્રાચાર્યજી.
एको मुनिर्वंश्योऽस्येति।
આ સૂત્રથી વિદ્યાનાં સંબંધમાં સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી एकનો પૂર્વનિપાત→**एक**मुनि
પ્રથમા सि વગેરે→एकमुनि।

(૨) **सप्तकाशि राज्यस्य** = રાજ્યનાં વંશ્ય સાત કાશી રાજા.
सप्त काशयो वंश्या अस्येति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ અહીં જન્મસંબંધમાં સમાસ થયો છે.

પ્ર.ઉદા. **पूर्वार्थ इति किम्? द्विमुनिकं व्याकरणम्** =
બે મુનિઓ વંશ્ય છે જેનાં એવું વ્યાકરણ.
द्वौ मुनी वंश्यौ अस्येति।
एकार्थं०૩.૧.૨૨થી द्वि અને मुनिનો સમાસ તથા,
विशेषण-सर्वादि०૩.૧.૧૫૦થી द्विનો પૂર્વનિપાત→
**द्वि**+मुनि
शेषाद् वा ૭.૩.૧૭૫થી कच्→द्वि+मुनि+**क**
પ્રથમા सि વગેરે→द्विमुनिकम्।

★ આ સૂત્રની પ્રવૃત્તિ પૂર્વપદનાં અર્થમાં જ થાય છે. જ્યારે અહીં અન્યપદનાં અર્થમાં સમાસ હોવાથી આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) સૂત્રમાં વિદ્યા વડે અને જન્મ વડે એમ બે પ્રકારની પરંપરાનો નિર્દેશ કર્યો છે. તે આ પ્રમાણે :
(a) ઉપદેશ્ય-ઉપદેશકભાવ અથવા અધ્યાપ્ય-અધ્યાપક ભાવ વડે થતો સંબંધ તે વિદ્યા સંબંધ કહેવાય છે. જેના વડે ગુરુ પરંપરા ચાલે છે.
(b) જન્ય-જનકભાવ વડે થતો સંબંધ તે જન્મસંબંધ કહેવાય છે. જેના વડે પિતૃપરંપરા ચાલે છે.

(૨) સૂત્રગત एकमुनि व्याकरणस्य ઉદા. સિદ્ધહેમ વ્યાકરણનાં આદ્ય પ્રવર્ત્તક એવા શ્રી હેમચંદ્રાચાર્યજીનો નિર્દેશક છે. કારણકે તેમનાં વડે જ આ વ્યાકરણ ઉપર ન્યાસ,

વૃત્તિ આદિ રચના દ્વારા સંપૂર્ણ વ્યાકરણનું પ્રતિપાદન કરાયેલ છે.

એ જ પ્રમાણે द्विमुनि व्याकरणस्य પાણિની-કાત્યાયન વંશ્ય વ્યાકરણ અને त्रिमुनि व्याकरणस्य પાણિની-કાત્યાયન-પતંજલિ વંશ્ય વ્યાકરણ એવા પણ સમાસો થઈ શકે છે.

(૩) અહીં ઉદા.માં व्याकरणस्य અને राज्यस्य એ પ્રમાણે કાર્ય-કારણ સંબંધમાં ષષ્ઠીનો નિર્દેશ છે. તેથી एकमुनि અને सप्तकाशि કારણ છે. જ્યારે व्याकरणस्य અને राज्यस्य કાર્ય છે.

(૪) અહીં ધ્યાનમાં લેવું કે, સમાસગત ષષ્ઠી વિભક્તિ દ્વારા व्याकरण અને एकमुनिમાં ભેદની વિવક્ષા જાણવી. પરંતુ જ્યારે व्याकरण સ્વરૂપ વિદ્યાનાં અત્યંત સંયોગ વડે અભેદની વિવક્ષા કરવામાં આવે ત્યારે પ્રથમા વિભક્તિ દ્વારા एकमुनि અને व्याकरणનું સામાનાધિકરણ્ય પણ દર્શાવી શકાય છે. યદ્યપિ તે વિવક્ષામાં સમાસનાં અર્થનો બોધ વ્યાકરણમાં થતો હોવાથી અન્ય પદાર્થની પ્રધાનતા જણાય છે. પરંતુ व्याकरण સાથે एकमुनिનો અભેદ થતાં સૂત્રગત પૂર્વપદાર્થની પ્રધાનતા પ્રાપ્ત થાય છે. અને વિશેષણ-વિશેષ્ય દ્વારા સમાન વિભક્તિ પણ પ્રાપ્ત થાય છે.

(૫) અહીં કેટલાંક વ્યાકરણકારો પૂર્વપદાર્થની પ્રધાનતા ઇચ્છતાં નથી. તેથી તેઓનાં મતે एकश्चासौ मुनिश्चेति ઉત્તરપદાર્થ પ્રધાન કર્મધારય સમાસમાં, द्वौ मुनी समाहृता

એ પ્રમાણે સમાહાર દ્વિગુ સમાસમાં તેમજ एको मुनि वंश्योऽस्येति એ પ્રમાણે બહુવ્રીહિ સમાસનાં વિષયમાં પણ આ સૂત્ર દ્વારા અવ્યયીભાવ સમાસ ઈચ્છાય છે. યદ્યપિ અહીં પાણિની વ્યાકરણમાં संख्या वंश्येन ૨.૧.૧૯ એ પ્રમાણે સૂત્રમાં પૂર્વાર્થનો નિર્દેશ કરાયો નથી. તો પણ અવ્યયીભાવ સમાસનાં વિષયમાં પ્રાયઃ પૂર્વપદની પ્રધાનતા જ સ્વીકારાય છે. તેથી જેઓ આ પૂર્વપદની પ્રધાનતા સ્વીકારતાં નથી તેઓનાં મતે ઉપરોક્ત વિચારણા જાણવી.

જિ. : वंश्ये भवा इति वंश्यः આવી વ્યુત્પત્તિ હોવાથી વંશમાં થનાર પાઠક, લેખક બધા જ વંશ્ય કહેવાય છે. છતાં આ સમાસમાં વંશ્ય તરીકે આદ્ય પુરુષ જ કેમ ગ્રહણ કરવામાં આવ્યા?

સમા. : **गौण-मुख्ययोः मुख्ये कार्ये संप्रत्ययः १/२२** ન્યાયાનુસારે મુખ્ય એવા આદ્ય પુરુષ જ વંશ્ય ગણાય છે. અથવા તો લોકપ્રસિદ્ધિથી વંશ્ય = આદ્યપુરુષ જ ઓળખાય છે. માટે અહીં આદ્યપુરુષ જ ગ્રહણ થાય છે. અને તેથી જ ગ્રંથકારશ્રીએ સ્વોપજ્ઞ અભિધાન ચિંતામણીમાં वंशे साधुर्भवो वा એ પ્રમાણે વ્યુત્પત્તિ દર્શાવી છે.

## पारे-मध्ये-ऽग्रे-ऽन्तः षष्ठ्या वा ३.१.३०

અ.અ.સૂ. : **पारे-मध्ये-ऽग्रे-ऽन्तः नाम षष्ठ्या नाम्ना पूर्वार्थे ऐकार्थ्ये वा समासः, अव्ययीभावः च।**

અર્થ : पारे, मध्ये, अग्रे અને अन्तर् નામ, ષષ્ઠયન્ત નામની સાથે પૂર્વપદનાં અર્થમાં વિકલ્પે ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે અવ્યયીભાવ સંજ્ઞક થાય છે.

સ. **पारे-मध्ये-ऽग्रे-ऽन्तः**→पारे च मध्ये च अग्रे च अन्तश्च इति।

ઉદા. (૧) **पारेगङ्गम्/गङ्गापारम्** = ગંગાની પેલે પાર

गङ्गायाः पारमिति।

આ સૂત્રથી गङ्गा અને पारेનો સમાસ તથા,

प्रथमोक्तं० ૩.૧.૧૪૮થી पारेनो પૂર્વનિપાત→**पारे**+गङ्गा

क्लीबे ૨.૪.૯૭થી હ્રસ્વ→पारे+गङ्ग

પ્રથમા सि વગેરે→पारेगङ्ग**म्**।

**વિકલ્પે :** આ સૂત્રથી પૂર્વપદનાં અર્થમાં સમાસ ન થાય ત્યારે,

षष्ठ्ययत्ना० ૩.૧.૭૬થી गङ्गा અને पारનો સમાસ તથા,

प्रथमोक्तं० ૩.૧.૧૪૮થી गङ्गाનો પૂર્વનિપાત→**गङ्गा**पार

પ્રથમા सि વગેરે→गङ्गा**पारम्**।

(૨) **मध्येगङ्गम्/गङ्गामध्यम्** = ગંગાનો મધ્યભાગ.

गङ्गायाः मध्यमिति।

(૩) **अग्रेवणम्/वनाग्रम्** = વનનો અગ્રભાગ.

वनस्य अग्रमिति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૪) **अन्तर्गिरम्/गिर्यन्तः** = પર્વત્તની અંદર. गिरेः अन्त इति।

પૂર્વ પ્રમાણે સમાસ વગેરે→अन्तर्+गिरि

संख्या नदी०७.३.९१थी अत् સમાસાન્ત→अन्तर्+गिरि+**अ**

अवर्णेवर्ण०७.४.६८थी इनो લોપ→अन्तर्गिर

પ્રથમા सि વગેરે→अन्त**र्गिरम्**।

**વિકલ્પે :** પૂર્વ પ્રમાણે षष्ठ्ययत्ना०३.१.७६ સમાસ વગેરે કાર્યો જાણવું.

**વિશેષતા :**

(૧) अन्तर् પદ અવ્યય છે. તેથી तृप्तार्थ-पूरणा०३.१.८५ સૂત્રથી ષષ્ઠ્યન્ત નામની સાથે અવ્યયનાં સમાસનો નિષેધ થાય છે. તો પણ સૂત્રનિર્દિષ્ટ वा પદથી પ્રાપ્ત વિકલ્પનાં અધિકાર દ્વારા અહીં તે સમાસ પણ થાય છે. અન્યથા તેટલાં અંશમાં વિકલ્પ વચનની વ્યર્થતાની આપત્તિ આવે.

(૨) અહીં पारेगङ्गम् સમાસમાં पारे, मध्ये, अग्रे પદોનું एકારાન્તપણું (a) વિભક્તિ પ્રતિરૂપક અવ્યયરૂપે કે (b) અલુપ્ સમાસતયા સપ્તમી વિભક્ત્યન્ત રૂપે ગ્રહણ ન કરતાં આ સૂત્રથી નિપાતન જ જાણવું.

કારણ કે (a) વિભક્ત્યન્ત પ્રતિરૂપક અવ્યય ગ્રહણ કરીએ તો અવ્યય પણ વિભક્તિ અર્થની પ્રધાનતાવાળો હોવાથી गङ्गायाः पारमिति એ પ્રમાણે વિગ્રહમાં पारम् વગેરે વિભક્તિ અર્થની અપ્રધાનતાવાળાં પદનો પ્રયોગ થાય નહીં.

(b) તેમજ, पार, मध्य વગેરે નામનાં સપ્તમી વિભક્ત્યન્ત રૂપો લઈને અલુપ્ સમાસની વિવક્ષા કરીએ તો गङ्गायाः

पारादानय, इति पारेगङ्गमानय અને गङ्गायाः पारं शोभनमिति पारेगङ्गं शोभनम् ઇત્યાદિ અસપ્તમ્યન્ત અર્થની પ્રાપ્તિ થાય નહીં.

જિ. : बहुलम्નાં અધિકારથી અને नित्यं प्रतिना० ૩.૧.૩૭ સૂત્રમાં नित्यम्નું ગ્રહણ હોવાથી અન્ય તમામ સૂત્રોમાં વિકલ્પનો અધિકાર પ્રાપ્ત જ છે. તો પણ આ સૂત્રમાં वाનું ગ્રહણ શા માટે કર્યું?

સમા. : बहुलम्નાં અધિકારથી અને नित्यं प्रतिना० ૩.૧.૩૭ સૂત્રમાં नित्यम्નાં ગ્રહણ દ્વારા પ્રાપ્ત થતાં વિકલ્પનાં અધિકારથી તે-તે સમાસનાં વિકલ્પમાં વિગ્રહ વાક્યની પ્રાપ્તિ થાય છે. જ્યારે અહીં વિગ્રહવાક્યની સાથે ષષ્ઠી તત્પુરુષ સમાસનું પણ ગ્રહણ કરવું છે. માટે સૂત્રમાં वाનું ગ્રહણ કર્યું છે. અન્યથા વિશેષ સૂત્ર હોવાથી આ સૂત્ર દ્વારા ષષ્ઠી તત્પુરુષનો બાધ થાત.

જિ. : અહીં अन्तर् સપ્તમી વિભક્તિનાં અર્થમાં રહેલો અવ્યય છે. તેથી તેનો વિગ્રહ अधिस्त्रि વગેરેની જેમ गिरौ इति માત્ર એટલો જ થવો જોઈએ અને તેનો સમાસ विभक्ति-समीप० ૩.૧.૩૯ સૂત્ર દ્વારા જ થઈ શકે છે. તો પણ આ સૂત્રમાં अन्तर्નું ગ્રહણ શા માટે કર્યું?

સમા. : विभक्ति-समीप० ૩.૧.૩૯ સૂત્રમાં નિર્દિષ્ટ વિભક્તિ અર્થક અવ્યય માત્ર વિભક્તિ અર્થમાં જ હોવા જોઈએ. જેવી રીતે अधिस्त्रि પદનો અર્થ 'સ્ત્રીમાં' એટલો જ થાય છે. જ્યારે अन्तर् અવ્યય વિભક્તિ અર્થની સાથે-સાથે ગૌણતયા અંદર એ પ્રમાણે નામ અર્થને પણ

સૂચવે છે. તેથી, विभक्ति-समीप०૩.૧.૩૯થી પૃથક્ આ સૂત્રમાં તેનું ગ્રહણ કરવામાં આવ્યું છે. અને ખરેખર તો બધા જ અવ્યય વિભક્તિ અર્થની પ્રધાનતાવાળાં અથવા ક્રિયા અર્થની પ્રધાનતાવાળાં હોય છે તો પ્રશ્નકારની અપેક્ષાએ તે બધાનો જ સમાસ विभक्ति-समीप०૩.૧.૩૯થી થવાની આપત્તિ આવે જે ઈષ્ટ નથી.

## यावदियत्त्वे ३.१.३१

**અ.અ.સૂ. : इयत्त्वे यावत् नाम नाम्ना पूर्वार्थे ऐकार्थ्ये समासः, अव्ययीभावः च।**

**અર્થ** : इयत्त्व = અવધારણ. તે જણાતે છતે यावद् નામ, અન્ય નામની સાથે પૂર્વપદનાં અર્થમાં ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે અવ્યયીભાવ સંજ્ઞક થાય છે.

ઉદા. (૧) **यावदमत्रं भोजय** = જેટલાં વાસણ હોય તેટલાંને જમાડ. (यावन्ति अमत्राणीति।)
આ સૂત્રથી यावत् અને अमत्रનો સમાસ. તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી यावत्નો પૂર્વનિપાત→**यावत्**+अमत्र
धुटस्तृतीयः ૨.૧.૭૬થી त्નો द्→याव**द**मत्र
પ્રથમા सि વગેરે→यावदमत्रम्।
અહીં વાસણોની સંખ્યાથી ભોજન કરનારાની સંખ્યા નિશ્ચિત થાય છે.

પ્ર.ઉદા. **इयत्त्व इति किम्? यावद् दत्तं तावद् भुक्तम्** = જેટલું આપ્યું તેટલું બધું ખાધું.

★ આ સૂત્રની પ્રવૃત્તિ અવધારણ અર્થમાં જ થાય છે. જ્યારે અહીં અવધારણ અર્થ નથી. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) સૂત્ર નિર્દિષ્ટ यावत् પદ દ્વારા અવ્યય અને અનવ્યય બંને શબ્દોનું ગ્રહણ કરવું પણ પાણિની વ્યાકરણકારો માત્ર અવ્યયનું જ ગ્રહણ કરે છે.

(૨) સૂત્ર નિર્દિષ્ટ इयत्त्वे પદ પરિચ્છિન્ન પ્રમાણવાચી છે. તે ચાર પ્રકારે છે.

(a) ઉન્માન - ઊંચાઈનું માપ.

(b) પરિમાણ - બધી બાજુનું માપ.

(c) પ્રમાણ - પહોળાઈનું માપ.

(d) સંખ્યા - બાહ્ય ગણતરી.

અહીં પરિચ્છિન્ન પ્રમાણ એટલેકે વિશેષ પ્રતિપત્તિ દ્વારા નિર્ણીત થયેલું પ્રમાણ જાણવું. અને તેનો ભાવ તે इयत्त्व કહેવાય છે. તેવા પ્રકારે નિર્ણીત થયેલાં પ્રમાણનો સ્વીકાર અવધારણ કહેવાય છે.

## पर्यपा-ऽऽङ्-बहिरच् पञ्चम्या ३.१.३२

**અ.અ.સૂ. : पर्यपा-ऽऽङ्-बहिरच् नाम पञ्चम्या नाम्ना पूर्वार्थे ऐकार्थ्ये समासः, अव्ययीभावः च।**

**અર્થ** : परि, अप, आङ्‌ बहिस् નામ તેમજ अञ्च् જેને અંતે છે તેવા નામો, પંચમ્યન્ત નામની સાથે પૂર્વપદનાં અર્થમાં ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે અવ્યયીભાવ સંજ્ઞક થાય છે.

સ. **पर्यपा-ऽऽङ्-बहिरच्** = परिश्च अपश्च आङ् च बहिश्च अच्च इति।

ઉદા. (१) **परित्रिगर्त्तम्** = ત્રિગર્ત્ત દેશને છોડીને.
परि त्रिगर्त्तेभ्य[1] इति।
આ સૂત્રથી परि અને त्रिगर्त्तनो સમાસ. તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી परिનો પૂર્વનિપાત→**परि**+त्रिगर्त्त
પ્રથમા सि વગેરે→परित्रि**गर्त्तम्**।

(૨) **अपत्रिगर्त्तम्** = ત્રિગર્ત્ત દેશને છોડીને.
अप त्रिगर्त्तेभ्य इति।

(૩) **आग्रामम्** = ગામ સુધી. आ ग्रामादिति।

(૪) **बहिर्ग्रामम्** = ગામની બહાર. बहिर्ग्रामादिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૫) **प्रागग्रामम्** = ગામની પૂર્વદિશામાં નજીક.
प्राग् ग्रामादिति।
**प्राक्**→(अञ्चूग् गतौ च-૮૯૦) प्र+अञ्च्
क्विप् ૫.૧.૧૪૮થી क्विप्→प्र+अञ्च्+**०**
अञ्चोऽनर्चा०૪.૨.૪૬થી न्‌નો લોપ→प्र+अच्
अञ्चः ૨.૪.૩થી ङी→प्र+अच्+**ई**
अच्च् प्राग०૨.૧.૧૦૪થી अच्‌નો च् અને દીર્ઘ→प्राची।
प्राच्यां दिशि અર્થમાં, दिक्शब्दाद्०૭.૨.૧૧૩થી धा→
प्राची+धा, प्राच्यामदूरायां दिश् અર્થમાં अदूरे एनः
૭.૨.૧૨૨થી
एन→प्राची+धा+**एन**
लुबञ्चेः ૭.૨.૧૨૩થી धा અને एनનો લોપ→प्राची

---

[1]. દેશવાચી નામ પ્રાયઃ બ.વ.માં જ વપરાય છે.

ङ्यादेर्गौणस्य०२.४.९५थी ङीनो લોપ→प्राच्
अधण्तस्वाद्या०१.१.३२थी प्राच्ने **અવ્યયસંજ્ઞા.**
આ સૂત્રથી प्राग् અને ग्रामनो સમાસ તથા,
प्रथमोक्तं०३.१.१४८थी प्राक्नो પૂર્વનિપાત→**प्राग्**+ग्राम
પ્રથમા सि વગેરે→प्राग्ग्रामम्।

પ્ર.ઉદા. **पञ्चम्येति किम् ? परि वृक्षं विद्युत्** = વૃક્ષ તરફ વીજળી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉત્તરપદ પંચમી વિભક્ત્યન્ત નામ હોય તો જ થાય છે. જ્યારે અહીં भागिनि च० ૨.૨.૩૭થી થયેલ દ્વિતીયા વિભક્ત્યન્ત નામ છે. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) **साहचर्यात् सदृशस्यैव ग्रहणम् २/६** ન્યાયાનુસારે परि વગેરે અવ્યયનાં સાહચર્યથી अञ्च् પણ અવ્યય સંબંધી જ લેવો. પણ प्राञ्चतीति क्विप् એ પ્રમાણે અનવ્યય प्राङ्નું ગ્રહણ કરવું નહીં. તેથી अपगतः शाखायाः इति अपशाखः વગેરેમાં આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ ન થતાં प्रात्यव-परि०३.१.४७थी તત્પુરુષ સમાસની પ્રાપ્તિ થાય છે.

(૨) સૂત્રગત परि અને अप પરસ્પરનાં સાહચર્યથી વર્જન અર્થવાળાં જ ગ્રહણ કરવા.

(૩) તથા, आङ्નાં વિષયમાં ઈષદર્થમાં आङल्पे ૩.૧.૪૬થી સમાસ કહેલો છે. અને ક્રિયાનાં યોગમાં નામની સાથે ઐકાર્થ્યનો અભાવ હોવાથી સમાસ થતો જ

નથી. માટે પારિશેષ્ય ભાવથી મર્યાદા અને અભિવિધિમાં વપરાતાં જ आङ् અવ્યયનું ગ્રહણ થાય છે.

(૪) અહીં ધ્યાનમાં લેવું કે, સૂત્રમાં पञ्चम्या એ પ્રમાણે પંચમી વિભક્તિ પર્યાદિનાં યોગમાં જણાવી છે. તેથી **लक्षण-प्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव १/१५** ન્યાયાનુસારે પર્યાદિનાં નિમિત્તે થનારી પ્રતિપદોક્ત પંચમીનું જ ગ્રહણ કરવું પણ અપાદાન સંજ્ઞામાં થનારી લાક્ષણિક પંચમીનું નહીં.

**પર્યાદિનાં યોગમાં પ્રતિપદોક્ત પંચમી :**

- परि અને अपनां યોગમાં पर्यपाभ्यां० ૨.૨.૭૧થી પંચમી.
- आङ्નાં યોગમાં आङाऽवधौ ૨.૨.૭૦થી પંચમી.
- बहिस् અને अच्નાં યોગમાં (दिक् શબ્દ હોવાથી) प्रभृत्यन्या० ૨.૨.૭૫થી પંચમી.

## लक्षणेनाऽभि-प्रत्याभिमुख्ये ३.१.३३

**અ.અ.સૂ. : लक्षणेन नाम्ना आभिमुख्ये अभि-प्रती नाम पूर्वार्थे ऐकार्थ्ये समासः, अव्ययीभावः च।**

**અર્થ** : લક્ષણ = ચિહ્ન. ચિહ્નવાચી નામની સાથે અભિમુખ અર્થમાં વર્ત્તતાં अभि અને प्रति નામ પૂર્વપદનાં અર્થમાં ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે અવ્યયીભાવ સંજ્ઞક થાય છે.

**સ.** **अभि-प्रती** = अभिश्च प्रतिश्च इति।

**ઉદા.** (૧) **अभ्यग्नि शलभाः पतन्ति** = અગ્નિ તરફ પતંગિયા પડે છે. अग्निमभीति।

આ સૂત્રથી अभि અને अग्निનો સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી अभिનો પૂર્વનિપાત→अभि+अग्नि
इवर्णादे०૧.૨.૨૧થી इનો य्→**अभ्यग्नि**
પ્રથમા सि વગેરે→अभ्यग्नि।

(૨) **प्रत्यग्नि शलभाः पतन्ति** = અગ્નિ તરફ પતંગિયા પડે છે. अग्निं प्रतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા.(૧) **लक्षणेनेति किम् ? स्रुघ्नं प्रति गतः** = સ્રુઘ્ન દેશ તરફ ગયો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉત્તરપદ લક્ષણવાચી નામ હોય તો થાય છે. જ્યારે અહીં સ્રુઘ્ન ગન્તવ્ય સ્થળ છે. પણ લક્ષણ વાચી નામ નથી. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

(૨) **पूर्वपदार्थ इत्येव→अभ्यङ्का गावः** = સન્મુખ ખોળાવાળી ગાયો. अभिमुखोऽङ्को यासां ता इति।
उष्ट्रमुखा०૩.૧.૨૩થી अभिमुख અને अङ्कનો સમાસ, અને मुखનો લોપ
विशेषण-सर्वादि०૩.૧.૧૫૦થી अभिનો પૂર્વનિપાત→ अभि+अङ्क
इवर्णादे०૧.૨.૨૧થી इનો य→**अभ्यङ्क**
પ્રથમા जस् વગેરે→अभ्यङ्काः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ પૂર્વપદનાં અર્થમાં જ થાય છે. જ્યારે અહીં અન્ય પદાર્થની પ્રધાનતા હોવાથી આ સૂત્રથી સમાસ થયો નહીં.

## दैर्घ्येऽनुः ३.१.३४

**અ.અ.સૂ.** : **दैर्घ्ये लक्षणेन नाम्ना अनु नाम पूर्वार्थे ऐकार्थ्ये समासः, अव्ययीभावः च।**

**અર્થ** : દૈર્ઘ્ય = આયામ. તે વિષયમાં વર્ત્તતાં લક્ષણવાચી નામની સાથે, अनु નામ પૂર્વપદનાં અર્થમાં ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે અવ્યયીભાવસંજ્ઞક થાય છે.

ઉદા. **अनुगङ्गं वाराणसी** = ગંગા જેટલી દીર્ઘ વારાણસી નગરી.
अनु गङ्गां दीर्घा इति।
આ સૂત્રથી अनु અને गङ्गाનો સમાસ તથા,
प्रथमोक्तं० ૩.૧.૧૪૮થી अनुનો પૂર્વનિપાત→अनु+गङ्गा
क्लीबे ૨.૪.૯૭થી હ્રસ્વ→अनु+गङ्ग
પ્રથમા सि વગેરે→अनुगङ्गम्।

પ્ર.ઉદા. **दैर्घ्य इति किम्? वृक्षमनु विद्युत्** = વૃક્ષની પાછળ વીજળી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉત્તરપદ દૈર્ઘ્ય અર્થમાં વર્ત્તતું લક્ષણવાચી નામ હોય તો જ થાય છે. જ્યારે અહીં દૈર્ઘ્ય અર્થમાં વર્ત્તતું નામ નથી. માટે અહીં આ સૂત્રથી સમાસ નહીં થાય.

## समीपे ३.१.३५

**અ.અ.સૂ.** : **समीपे अनु नाम नाम्ना पूर्वार्थे ऐकार्थ्ये समासः, अव्ययीभावः च।**

અર્થ : સમીપ અર્થમાં વર્ત્તતું अनु નામ, સમીપવાચી નામની સાથે પૂર્વપદનાં અર્થમાં ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે અવ્યયીભાવ સંજ્ઞક થાય છે.

ઉદા. **अनुवनमशनिर्गता** = વનની નજીકમાં વીજળી થઈ.
वनस्य समीपमिति।
આ સૂત્રથી अनु અને वननो સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી अनुनो પૂર્વનિપાત→**अनु**+वन
પ્રથમા सि વગેરે→अनुव**नम्**।

**વિશેષતા :**

(૧) अनु અવ્યય હોવાથી विभक्ति-समीप०૩.૧.૩૯થી સમાસ સિદ્ધ જ હતો. પણ તે સૂત્રમાં नित्यम्નો અધિકાર જણાવેલ છે. જ્યારે આ સૂત્ર દ્વારા વિકલ્પે સમાસ કરવો છે. તેથી આ સૂત્રથી સમાસ વિકલ્પે થતાં વિગ્રહવાક્યની પણ પ્રાપ્તિ થાય છે.

(૨) ઉપરોક્ત સૂત્રથી આ સૂત્રનો પૃથક્ નિર્દેશ કર્યો તેથી लक्षणेन પદનો અધિકાર અટકી ગયો. પણ અહીં કેટલાંક વ્યાકરણકારો પૂર્વસૂત્રથી પ્રાપ્ત થતાં लक्षणेन પદને આ સૂત્રમાં સ્વીકારે છે. તેથી તેઓનાં મતે સમીપ-સમીપવાચી નામમાં લક્ષ્ય-લક્ષણભાવ પણ જાણવો.

## तिष्ठदिग्वत्यादयः ३.१.३६

અ.અ.સૂ. : **तिष्ठद्गु इत्यादयः समासः, अव्ययीभावः ( निपात्यन्ते )।**

અર્થ : तिष्ठद्गु વગેરે સમાસો યથાયોગ્ય પૂર્વપદ કે અન્ય પદની પ્રધાનતાવાળા અવ્યયીભાવ સંજ્ઞક નિપાતન પામે છે.

સ. **तिष्ठद्ग्वत्यादय:** = तिष्ठद्गु इति आदिर्येषां ते इति।

ઉદા. (૧) **तिष्ठद्गु काल:** = દોહવા, પાણી પીવા વગેરે માટે ગાય જે કાળમાં ઊભી રહે છે તે કાળ.
तिष्ठन्ति[१]गाव: यस्मिन् काले इति।
આ સૂત્રથી तिष्ठन्ती અને गोનો સમાસ. તથા,
प्रथमोक्तं० ૩.૧.૧૪૮થી तिष्ठन्तीનો પૂર્વનિપાત→ तिष्ठन्ती+गो
परत: स्त्री० ૩.૨.૪૯થી પુંવદ્ભાવ→तिष्**ठत्**+गो
क्लीबे० ૨.૪.૯૭થી હ્રસ્વ→तिष्ठत्+**गु**
धुटस्तृतीय: ૨.૧.૭૬થી त्નો द्→तिष्ठ**द्**गु
પ્રથમા सि વગેરે→तिष्ठद्गु।

(૨) **अधोनाभं हत:** = નાભિની નીચે હણાયેલ. नाभेरध इति।
આ સૂત્રથી अधस् અને नाभिનો સમાસ તથા,
નિપાતન સામર્થ્યથી જ अधस्નો પૂર્વનિપાત→अधस्+नाभि
सो रु: ૨.૧.૭૨થી स्નો र्→अध**र्**+नाभि
घोषवति ૧.૩.૨૧થી र्નો उ→अध**उ**+नाभि
अवर्णस्ये० ૧.૨.૬થી ओ→अधोनाभि
આ સૂત્રથી अत् સમાસાન્ત→अधोनाभि+**अ**
अवर्णेवर्ण० ૭.૪.૬૮થી इનો લોપ→अधोनाभ
પ્રથમા सि વગેરે→अधोना**भम्**।

**વિશેષતા :**

(૧) **तिष्ठद्गु આદિ ગણ :** तिष्ठद्गु, वहद्गु, आयतीगवम्, खलेयवम्, खलेबुसम्, लूनयवम्, लूयमानयवम्, पूनयवम्,

---

૧. યદ્યપિ त्याद्यन्तનો નામની સાથે સમાસ થતો નથી. પણ નિપાતનનાં સામર્થ્યથી જ અહીં સમાસ અને વર્ત્તમાન કૃદન્તનો પ્રયોગ જાણવો.

पूयमानयवम्, संहृतयवम्, संह्रियमाणयवम्, संहृतबुसम्, संह्रियमाणबुसम्, अधोनाभम्, समभूमि/समंभूमि, समपदाति/समंपदाति, सुषमम्, विषमम्, निष्षमम्, दुष्षमम्, अपरसमम्, आयतीसमम्, पापसमम्, पुण्यसमम्, प्राहणम्, प्ररथम्, प्रमृगम्, प्रदक्षिणम्, एकान्तम्, प्रान्तम् समपक्षम्, समानतीर्थम्, समानतीरम्, संप्रति, असंप्रति, अप्रदक्षिणम्, केशाकेशि, दण्डादण्डि, द्विदण्डि, द्विमुसलि વગેરે.

## (૨) **तिष्ठद्ग्वादि ગણ વિષયક વિશેષતાઓ :**

(a) आयतीगवम् સમાસમાં નિપાતન થવાથી अत् સમાસાન્ત અને પુંવદ્ભાવનો નિષેધ થાય છે.

(b) खलेयवम् અને खलेबुसम् સમાસમાં નિપાતનનાં સામર્થ્યથી સપ્તમી અલુપ્ સમાસની પ્રાપ્તિ થાય છે.

(c) खलेयवम् થી संह्रियमाणबुसम् સુધીનાં સમાસો માત્ર પ્રથમા એકવચનાન્ત તરીકે જ વપરાય છે. તેથી તેમનાં खलेयवं पश्य જેવા દ્વિતીયાન્ત વગેરે પ્રયોગો સિદ્ધ થતાં નથી.

(d) तिष्ठद्गु થી संह्रियमाणबुसम् સુધીનાં સમાસો तिष्ठन्ति गावो यस्मिन् काले એ પ્રમાણે **અન્યપદાર્થ** સ્વરૂપ કાળ અર્થમાં નિપાતન પામે છે.

(e) समभूमि અને समपदाति સમાસમાં समम् એ પ્રમાણે વિકલ્પે મકારાન્તપણું નિપાતન પામે છે.

(f) सुषमम् થી अपरसमम् સુધીનાં સમાસો शोभनत्वं समस्य/समायाः, તથા, शोभना समा यत्र એ પ્રમાણે **પૂર્વપદાર્થમાં** અને **અન્યપદાર્થ**માં નિપાતન પામે છે.

(g) अधोनाभम् સમાસમાં નિપાતનથી જ अत् સમાસાન્ત થાય છે. અને नाभेरधः એ પ્રમાણે આ **પૂર્વપદાર્થ**ની પ્રધાનતાવાળો સમાસ થાય છે.

(h) आयतीसमम् થી पुण्यसमम् સુધીનાં સમાસો समाया आयतीत्वम्, आयती समा यत्र અને आयती समा એ પ્રમાણે અનુક્રમે **પૂર્વપદાર્થ, અન્યપદાર્થ** અને **ઉત્તર પદાર્થ**ની પ્રધાનતામાં નિપાતન પામે છે.

(i) समभूमि થી अपरसमम् સુધીનાં સમાસમાં समा भूमि ઈત્યાદિ રીતે જો **ઉત્તરપદાર્થ**ની પ્રધાનતા લઈએ તો समभूमिः વગેરે કર્મધારય સમાસ જ થાય છે.

(j) प्राह्णम्માં નિપાતન થવાથી अहन्નો अह्न् આદેશ થાય છે.

(k) प्राह्णम् થી प्रदक्षिणम् સુધીનાં સમાસોમાં જો ઉત્તર-પદાર્થની પ્રધાનતા લઈએ તો प्राह्णः વગેરે તત્પુરુષ સમાસ જ થાય છે.

(l) एकान्तम् થી समानतीरम् સુધીનાં સમાસો एकत्वमन्तस्य તથા एकोऽन्त એ પ્રમાણે અનુક્રમે **પૂર્વપદાર્થ** અને **ઉત્તરપદાર્થ**ની પ્રધાનતામાં સમાસ પામે છે.

(m) संप्रति, असंप्रति અને अप्रदक्षिणम् સમાસો અનુક્રમે વર્ત્તમાન, અવર્ત્તમાન અને વામ (ડાબું) અર્થમાં નિપાતન પામે છે.

(n) दण्डादण्डि થી द्विमुसलि સમાસો યુદ્ધ સ્વરૂપ અન્ય પદાર્થમાં इच् અન્તવાળાં નિપાતન કરાય છે.

### (૩) **तिष्ठद्ग्वादि ગણ વિષયક અન્ય વ્યાકરણકારોનાં મત :**

(a) तिष्ठद्गु થી संह्रियमाणबुसम् સુધીનાં સમાસો અન્યપદાર્થ સ્વરૂપ દેશ અર્થમાં નિપાતન થાય છે.

(b) खलेयवम् થી संह्रियमाणबुसम् સુધીનાં સમાસોનો દ્વિતીયાન્ત વગેરે પ્રયોગ પણ થાય છે.
જેમકે, खलेयवेन कृतम् ।

(c) समभूमि અને समपदाति સમાસ દેશ, કાળ, ભાવ સ્વરૂપ અન્ય પદાર્થનાં વિષયમાં નિપાતન થાય છે.

(d) सुषमम् થી अपरसमम् સમાસોમાં सम શબ્દ સાથે જ આ સૂત્રથી નિપાતન થાય છે. પણ समा શબ્દ સાથે નહીં.

(e) आयतीसमम् સમાસમાં आयत्या समम् એ પ્રમાણે તૃતીયા તત્પુરુષ સમાસ પણ થાય છે.

(f) प्राह्णम् થી प्रदक्षिणम् સમાસમાં प्रक्रान्तमहरस्मिन् ઇત્યાદિ રીતે કાળ, ભાવ સ્વરૂપ અન્યપદનાં અર્થમાં પણ સમાસ થાય છે. જ્યારે કેટલાંકનાં મતે प्रमृगः સમાસ प्रगता मृगाऽस्मादिति એ પ્રમાણે દેશ અર્થમાં પણ થાય છે.

(g) एकोऽन्त यस्मिन् इति एकान्तं देशः એ પ્રમાણે સમાસ દેશ સ્વરૂપ અન્યપદનાં અર્થમાં પણ થાય છે.

(૪) અહીં इति પદ સ્વરૂપનાં ગ્રહણ માટે છે. તેથી આ સમાસ થયા પછી તે સમસ્ત પદ સાથે અન્ય સમાસ થશે નહીં. તેથી परमं तिष्ठद्गु, तिष्ठद्गु प्रियमस्येति ઇત્યાદિ રીતે કર્મધારય, બહુવ્રીહિ વગેરે સમાસ ન થતાં માત્ર વાક્યનો જ પ્રયોગ થશે. માટે જ प्रदक्षिणम् અને संप्रति પદની સાથે નઞ્ તત્પુરુષ સમાસ નહીં થવાથી अप्रदक्षिणम् અને असंप्रति સમાસો પણ ગણ પાઠમાં ગ્રહણ કર્યા છે.

જિ. : केशाकेशि, दण्डादण्डि સમાસ तत्राऽदाय मिथ०૩.૧.૨૬થી અને द्विदण्डि, द्विमुसलि સમાસ एकार्थं चा०૩.૧.૨૨થી સિદ્ધ જ હતો. તો અહીં ગણપાઠમાં તેમનો સમાવેશ શા માટે કર્યો?

સમા. : વસ્તુતઃ केशाकेशि, दण्डादण्डि સમાસ तत्राऽदाय मिथ० ૩.૧.૨૬ સૂત્ર દ્વારા જ થાય છે, આ સૂત્રથી નહીં. પરંતુ इति પદ દ્વારા સમાસાન્તર અભાવની પ્રાપ્તિ માટે અહીં ગણપાઠમાં સમાવેશ કરવામાં આવેલ છે. તેથી, તેઓનો અન્યપદની સાથે परमं केशाकेशि, केशाकेशि प्रियमस्येति ઇત્યાદિ રીતે કર્મધારય, બહુવ્રીહિ વગેરે સમાસ થશે નહીં.

તથા, द्विदण्डि, द्विमुसलि સમાસને एकार्थं चा० ૩.૧.૨૨થી બહુવ્રીહિ સંજ્ઞા થતી હતી તેનો બાધ કરીને અવ્યયીભાવ સંજ્ઞા કરવા માટે તેનો ગણપાઠમાં સમાવેશ કર્યો છે.

## नित्यं प्रतिनाऽल्पे ३.१.३७

**અ.અ.સૂ. : अल्पे प्रतिना नाम्ना नाम ऐकार्थ्ये नित्यं समासः, अव्ययीभावः च ।**

**અર્થ** : અલ્પ અર્થમાં વર્તતાં प्रति નામની સાથે, અન્ય નામ ઐકાર્થ્ય જણાતે છતે નિત્ય સમાસ પામે છે. અને તે અવ્યયીભાવ સંજ્ઞક થાય છે.

ઉદા. **शाकप्रति** = શાકની અલ્પતા. शाकस्य अल्पत्वमिति। આ સૂત્રથી शाक અને प्रतिનો સમાસ તથા,

प्रथमोक्तं०३.१.१४८थी शाकनो पूर्वनिपात→शाक+प्रति प्रथमा सि वगेरे→शाकप्रति।

**प्र.ઉદા.** **अल्प इति किम् ? वृक्षं प्रति विद्युत्** = વૃક્ષ તરફ વીજળી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ प्रति એવું ઉત્તરપદ અલ્પ અર્થમાં વર્તતું હોય તો થાય છે. જ્યારે અહીં લક્ષણ અર્થમાં વર્તતો प्रति છે. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, સૂત્રમાં જો વિકલ્પનો આશ્રય ન હોય તો તેની પ્રવૃત્તિ નિત્ય જ ગણાય છે. પરંતુ આ સૂત્રમાં नित्यम् પદનું ગ્રહણ કરીને बहुलम्નાં અધિકારથી વિકલ્પે પ્રાપ્ત થતાં સ્વપદ[1] વિગ્રહ વાક્યનો નિષેધ કરવામાં આવે છે. અને તે જ સૂચિત કરે છે કે, આ પ્રકરણનાં અન્ય સૂત્રમાં बहुलम्નાં અધિકારથી વિકલ્પે સ્વપદ વિગ્રહ વાક્ય પણ પ્રાપ્ત થાય છે.

યદ્યપિ આ સૂત્રનાં વિષયભૂત ઉદા.માં शाकस्य अल्पत्वम् ઈત્યાદિ રૂપે અસ્વ[2]પદ વિગ્રહ વાક્ય જણાવવામાં આવ્યા છે. પરંતુ તેને સમાસની વૈકલ્પિક વિધિ સ્વરૂપે ન જાણતાં માત્ર સમાસનાં અર્થને જણાવનારાં વાક્ય સ્વરૂપે જ જાણવાં અને આ नित्यम्નો અધિકાર ङस्युक्तं० ૩.૧.૪૯ સૂત્ર સુધી જાણવો.

---

૧. સમાસગત પદ દ્વારા જે વિગ્રહ કરવામાં આવે તે સ્વપદ વિગ્રહ વાક્ય.

૨. સમાસગત પદ સિવાયનાં સમાનાર્થક અન્ય પદ દ્વારા વિગ્રહ કરવામાં આવે તે અસ્વપદ વિગ્રહ વાક્ય.

જિ. : આ સૂત્ર અવ્યયીભાવ સમાસ કરે છે. અને પૂર્વસૂત્રોથી પૂર્વાર્થેનો અધિકાર આવતો હોવાથી અહીં પણ પૂર્વપદાર્થ પ્રધાન અવ્યયીભાવ સમાસ થવો જોઈએ. તો પણ शाकप्रति ઇત્યાદિ ઉદા.માં शाकस्य अल्पत्वम् એ પ્રમાણે ઉત્તરપદાર્થ પ્રધાન વિગ્રહ શા માટે કર્યો ?

સમા. : વસ્તુતઃ અહીં प्रति અવ્યય ભાવાર્થક હોવાથી પૂર્વપદાર્થ પ્રધાન વિગ્રહ સંભવતો નથી. તેથી સ્વભાવથી જ આ સમાસ ઉત્તરપદાર્થ પ્રધાન જાણવો. અને પૂર્વાર્થેનો અધિકાર આવતો હોવા છતાં પણ **संभवे व्यभिचारे च विशेषणमर्थवत् २/५७** ન્યાયાનુસારે તેની અપ્રવૃત્તિ જાણવી.

અથવા તો, दिवा, दोषा આદિ અવ્યયની જેમ प्रति અવ્યયને પણ દ્રવ્યપ્રધાનતયા ગ્રહણ કરી તથા शाकનું વિશેષણ બનાવીને अल्पः शाकः એ પ્રમાણે પૂર્વપદાર્થ પ્રધાન વિગ્રહ પણ કરી શકાય છે. તે પક્ષે પૂર્વાર્થેનો અધિકાર જાણવો.

## संख्या-ऽक्ष-शलाकं परिणा द्यूतेऽन्यथावृत्तौ ३.१.३८

અ.અ.સૂ. : **संख्या-ऽक्ष-शलाकं नाम द्यूते अन्यथावृत्तौ परिणा नाम्ना ऐकार्थ्ये समासः, अव्ययीभावः च।**

અર્થ : સંખ્યાવાચી નામ, अक्ष અને शलाका નામ, જુગાર વિષયક અન્યથાવૃત્તિમાં વર્તતાં परि નામની સાથે

ઐકાર્થ્ય જણાતે છતે નિત્ય સમાસ પામે છે. અને તે અવ્યયીભાવ સંજ્ઞક થાય છે.

સ. **संख्या-ऽक्ष-शलाकम्** = संख्या च अक्षश्च शलाका च इति।

ઉદા. (૧) **एकपरि** = એક પાસા વડે પહેલાં જય થતો હતો તે રીતે વર્ત્તાયું નહીં.

एकेन न तथा वृत्तं यथा पूर्वं जये इति।

આ સૂત્રથી एक અને परिનો સમાસ તથા,

प्रथमोक्तं०૩.૧.૧૪૮થી एकनो પૂર્વનિપાત→**एक**परि

પ્રથમા सि વગેરે→एकपरि।

(૨) **अक्षपरि** = એક અક્ષ વડે પહેલાં જય થતો હતો તે રીતે વર્ત્તાયું નહીં.

अक्षेण न तथा वृत्तं यथा पूर्वं जये इति।

(૩) **शलाकापरि** = એક શલાકા વડે પહેલાં જય થતો હતો તે રીતે વર્ત્તાયું નહીં.

शलाकया न तथा वृत्तं यथा पूर्वं जये इति।

★ આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા.(૧) **संख्यादीति किम्? पाशकेन न तथा वृत्तं यथा पूर्वं जयः** = પાસા વડે પહેલાં જય થતો હતો તે પ્રમાણે વર્ત્તાયું નહીં.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સંખ્યાવાચી વગેરે સૂત્ર નિર્દિષ્ટ નામ પૂર્વ પદમાં હોય તો જ થાય છે. જ્યારે અહીં તે નામ ન હોવાથી આ સૂત્રથી સમાસ થયો નહીં.

(૨) **द्यूत इति किम् ? रथस्याक्षेण न तथा वृत्तम्** = રથનાં પૈંડા વડે તે પ્રમાણે વર્ત્તાયું નહીં.

★ આ સૂત્રની પ્રવૃત્તિ દ્યૂત વિષયમાં જ થાય છે. જ્યારે અહીં દ્યૂતનો વિષય નથી. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) જે પ્રમાણે વર્ત્તવાથી વિજય થાય તે પ્રમાણે ન વર્ત્તવું અર્થાત્ પરાજય થાય એ પ્રમાણે વર્ત્તવું તેને અન્યથા વૃત્તિ કહેવાય છે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, संख्या સંજ્ઞા પણ છે. જ્યારે अक्ष અને शलाका માત્ર શબ્દ જ છે. તેથી **स्वं रुपं शब्दस्याऽशब्दसंज्ञा १/१** ન્યાયાનુસારે સૂત્રગત संख्या પદથી સંજ્ઞાર્થત્વેન સંખ્યાવાચી નામનું જ ગ્રહણ થશે. તથા, अक्ष અને शलाका પદથી अक्ष અને शलाका નામનું જ ગ્રહણ થાય છે.

(૩) અહીં સંખ્યાવાચક શબ્દનાં વિષયમાં વધુમાં વધુ चतुष्परि સુધી જ ઉદા. જાણવા. કારણકે પાંચ પાસા એક રૂપે પડે તો વિજય થાય છે. પણ પરાજય નહીં. તેથી पञ्चन् આદિ સંખ્યાવાચી શબ્દનાં વિષયમાં અન્યથાવૃત્તિ સંભવતી ન હોવાથી આ અર્થનાં વિષયમાં पञ्चपरि, षट्परि આદિ સમાસો સંભવતાં જ નથી.

(૪) અહીં કેટલાંક વ્યાકરણકારો અન્યથાવૃત્તિ સ્વરૂપે પરાજય ગ્રહણ કરતાં નથી પણ ઊંધા અને સીધા પાસામાં

સીધાનું કથન હોતે છતે જો પાસા ઊંધા પડે તો આ સૂત્રની પ્રવૃત્તિ માને છે. વળી કેટલાંક વ્યાકરણકારો સમ અથવા વિષમમાંથી કોઈપણ કથન હોતે છતે તેનાથી વિપરીત પાસા પડે તો પણ આ સૂત્રની પ્રવૃત્તિ માને છે.

(५) एकेन अक्षेण એ પ્રમાણે પદ વર્ત્તન રૂપ ક્રિયાનાં કર્ત્તા સ્વરૂપે છે જે અનુક્ત હોવાથી हेतु-कर्तु०૨.૨.૪૪થી તૃતીયા વિભક્તિ થાય છે. તથા अक्ष અને शलाका શબ્દ એકવચનાન્ત ગ્રહણ કરવા.

## विभक्ति-समीप-समृद्धि-व्यृद्ध्यर्थाभावा-ऽत्यया-ऽसंप्रति -पश्चात्-क्रम-ख्याति-युगपत्-सदृक्-सम्पत्-साकल्या-ऽन्तेऽव्ययम् ३.१.३९

**અ.અ.સૂ. : विभक्ति-समीप-समृद्धि-व्यृद्ध्यर्थाभावा-ऽत्यया-ऽसंप्रति -पश्चात्-क्रम-ख्याति-युगपत्-सदृक्-सम्पत्-साकल्या ऽन्ते अव्ययं नाम नाम्ना पूर्वार्थे ऐकार्थ्ये नित्यं समासः, अव्ययीभावः च।**

**અર્થ** : विभक्ति = કારક, સમીપ, સમૃદ્ધિ, ઋદ્ધિનો અભાવ (વ્યૃદ્ધિ), અર્થનો અભાવ, ઉલ્લંઘન (અત્યય), અસંપ્રતિ. પશ્ચાત્, ક્રમ, ખ્યાતિ, યુગપત્, સદૃક્, સંપત્તિ, સંપૂર્ણતા (સાકલ્ય), અને પૂર્ણતા (અન્ત) અર્થમાં વર્ત્તતું અવ્યય નામ, અન્ય નામની સાથે પૂર્વપદનાં અર્થમાં ઐકાર્થ્ય જણાતે છતે નિત્ય સમાસ પામે છે. અને તે અવ્યયીભાવ સંજ્ઞક થાય છે.

સ. **विभक्ति-समीप-समृद्धि-व्यृद्ध्यर्थाभावा-ऽत्यया-ऽसंप्रति -पश्चात्-क्रम-ख्याति-युगपत्-सदृक्-सम्पत्-साकल्या-ऽन्ते** = संगता ऋद्धिरिति समृद्धिः, विगता ऋद्धिरिति व्यृद्धिः, अर्थस्याऽभावो इति अर्थाभावः, न त्यये इति अत्ययः, न संप्रतिरिति असंप्रतिः। विभक्तिश्च समीपं च समृद्धिश्च व्यृद्धि अर्थाभावश्च अत्ययश्च असंप्रतिश्च पश्चाच्च, क्रमश्च ख्यातिश्च युगपत् च सदृक् च सम्पत् च साकल्यं च अन्तश्च इति विभक्ति-समीप-समृद्धि-व्यृद्ध्यर्थाभावाऽत्ययाऽसंप्रति-पश्चात् क्रमख्याति-युगपत्-सदृक्-संपत्साकाल्याऽन्तम्, तस्मिन्निति।

ઉદા. (૧) **विभक्त्यर्थ = કારક→अधिस्त्रि** = સ્ત્રીને વિશે.
स्त्रियामिति।
આ સૂત્રથી अधि અને स्त्रीનો સમાસ તથા,
प्रथमोक्तं૰૩.૧.૧૪૮થી अधिનો પૂર્વનિપાત→**अधि**+स्त्री
क्लीबे ૨.૪.૯૭થી હ્રસ્વ→अधि+**स्त्रि**
પ્રથમા सि વગેરે→अधिस्त्रि।

(૨) **समीपार्थ = उपकुम्भम्** = કુંભની પાસે.
कुम्भस्य समीपमिति।
આ સૂત્રથી उप અને कुम्भનો સમાસ તથા,
प्रथमोक्तं૰૩.૧.૧૪૮થી उपनो પૂર્વનિપાત→**उप**+कुम्भ
પ્રથમા सि વગેરે→उपकुम्**भम्**।

(૩) **समृद्ध्यर्थ = सुमद्रम्** = મદ્રદેશની સમૃદ્ધિ.
मद्राणां समृद्धिरिति।

(૪) **व्यृद्ध्यर्थ = दुर्यवनम्** = યવનોની ચાલી ગયેલી ઋદ્ધિ.
यवनानां व्यृद्धिरिति।

(૫) **અર્થાભાવ અર્થ = निर्मक्षिकम्** = માખીઓનો અભાવ.
मक्षिकाणामभाव इति।

(૬) **અત્યય અર્થ = अतिवर्षम्** = વર્ષાને ઓળંગી ગયેલ.
वर्षाणामत्ययः/अतीतत्वमिति।

(૭) **અસંપ્રતિ અર્થ = अतिकम्बलम्** = હમણાં કાંબળીનાં ઉપભોગનો (નિષેધ) અયોગ્યકાળ.
कम्बलस्योपभोगाद्यभाव इति।

(૮) **પશ્ચાદર્થ = अनुरथम्** = રથની પાછળ.
रथस्य पश्चादिति।

(૯) **ક્રમાર્થ = अनुज्येष्ठम्** = વડીલનાં ક્રમ પ્રમાણે.
ज्येष्ठस्याऽनुक्रमेणेति।

(૧૦) **ખ્યાતિ-અર્થ = इतिभद्रबाहु** = ભદ્રબાહુ સ્વામીની ખ્યાતિ.
भद्रबाहोः ख्यातिरिति।

(૧૧) **યુગપત્-અર્થ = सचक्रं धेहि** = ચક્રની સાથે ધારણ કર.
चक्रेण सह एककालं धेहीति।

(૧૨) **સદૃક્ અર્થ = सव्रतम्** = વ્રતની સમાનતા.
व्रतस्य सदृक् इति।

(૧૩) **સમ્પદર્થ = सब्रह्म ( साधूनाम् )** = સાધુઓની સંપત્તિ.
ब्रह्मणः संपद्/संपन्नं ब्रह्म इति।

(૧૪) **સાકલ્યાર્થ = सतृणमभ्यवहरति** = તણખલાને પણ નહીં છોડીને ખાય છે. तृणमपि अपरित्यज्य अभ्यवहरतीति।

(૧૫) **અન્તાર્થ = सपिण्डैषणमधीते** = પિણ્ડૈષણા નામનાં અધ્યયન સુધી ભણે છે. पिण्डैषणा पर्यन्तमिति।
ઉપરોક્ત ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જ જાણવી.

**વિશેષતા :**

(૧) અહીં સૂત્રગત अर्थाभाव પદ દ્વારા દ્રવ્યરૂપ પદાર્થનો અભાવ અભિપ્રેત છે. પણ ધર્માદિ ભાવોનો અભાવ નહીં. અને તે માટે જ અર્થ પદનું ગ્રહણ છે. તેથી न ब्राह्मणो भवति ઇત્યાદિ પ્રયોગમાં ब्राह्मणत्व રૂપ ધર્મનો અભાવ હોવાથી આ સૂત્રનાં अर्थाभाव પદ નિર્દિષ્ટ અર્થમાં અવ્યયીભાવ સમાસ થતો નથી.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, सह અવ્યય સાકલ્ય અર્થમાં આ સૂત્ર દ્વારા અન્ય નામની સાથે પૂર્વપદાર્થની પ્રધાનતાએ અવ્યયીભાવ સમાસ પામે છે. જ્યારે તુલ્યયોગ અને વિદ્યમાનતા અર્થમાં અન્ય પદાર્થની પ્રધાનતાએ सहस्तेन ૩.૧.૨૪થી બહુવ્રીહિ સમાસ પામે છે. તેથી सपुत्रम् आगतः ઇત્યાદિ સ્થાને જો સાકલ્ય અર્થમાં અવ્યયીભાવ સમાસ અભિપ્રેત હોય તો पुत्रमपि अपरित्यज्य सर्वः आगतः (પુત્ર સહિત તમામ વ્યક્તિ આવ્યા, એક પણ રહ્યા નહીં) એ પ્રમાણે સાકલ્યાર્થ જ્ઞાપક વિગ્રહ જાણવો. અને જ્યારે તુલ્યપ્રયોગ અને વિદ્યમાનતા અર્થમાં બહુવ્રીહિ સમાસ અભિપ્રેત હોય તો पुत्रेण सह वर्त्तते (પુત્રની સાથે આવ્યો) એ પ્રમાણે માત્ર વિદ્યમાનતા કે તુલ્યયોગ અર્થ જ્ઞાપક વિગ્રહ જાણવો.

તે જ પ્રમાણે सुमद्राः = મદ્રદેશમાં સમૃદ્ધ લોકો અને सुमद्रम् = મદ્રદેશનાં લોકોની સમૃદ્ધિ. તથા निर्मक्षिकाः = માખીનાં અભાવવાળાં સ્થાનો. અને निर्मक्षिकम् = માખીઓ અભાવ. ઇત્યાદિ સર્વત્ર આવી રીતે સમાસ ભેદે અર્થભેદની પ્રવૃત્તિ જાણવી.

(૩) સામાન્યતઃ માત્ર વિભક્તિને જણાવનાર કોઈ અવ્યય હોતો નથી. પણ વિભક્તિ અર્થ સ્વરૂપ કારકને જણાવનાર अधि વગેરે અવ્યયની ઉપસ્થિતિ છે. તેથી સૂત્રગત विभक्ति પદ દ્વારા વિભક્તિ અર્થની લક્ષણા કરવી.

(૪) અહીં સૂત્રમાં विभक्ति-समीप... साकल्याऽन्ते એ પ્રમાણે દ્વન્દ્વ સમાસનાં અંતે જે સપ્તમી વિભક્તિ દર્શાવી છે. તે બોધકતા અર્થવાળી જાણવી. તેથી, સૂત્રગત विभक्ति આદિ પદોનો અર્થ 'વિભક્તિ આદિ અર્થનાં બોધક અવ્યય નામ' એ પ્રમાણે કરવો.

**જિ.** : સૂત્રગત अर्थाभाव પદ દ્વારા પદાર્થનો અભાવ અર્થ અભિપ્રેત છે. અને વ્યૃદ્ધિ અર્થ ઋદ્ધિનો અભાવ એ પ્રમાણે જ કરવામાં આવે છે. બંને અર્થનાં અભાવ સ્વરૂપે જ હોવાથી અર્થાભાવમાં વ્યૃદ્ધિનો સમાવેશ થતો હોવા છતાં પણ પૃથક્ નિર્દેશ શા માટે કર્યો ?

**સમા.** : વસ્તુતઃ વ્યૃદ્ધિ અર્થનાં વિષયમાં ઉત્તરપદાર્થનાં ઋદ્ધિ રૂપ ધર્મનો અભાવ અભિપ્રેત છે. જેમકે, दुर्यवनम् એટલે यवनानां ऋद्धेः अभावः (યવનોની ઋદ્ધિનો અભાવ) જ્યારે અર્થાભાવનાં વિષયમાં સ્વયં ઉત્તર પદાર્થ વાચ્ય ધર્મીનો અભાવ જ ઈષ્ટ છે. જેમકે, निर्मक्षिकम्→मक्षिकाणामभावः (માખી રૂપ ધર્મીનો અભાવ) આમ, વ્યૃદ્ધિ અને અર્થાભાવનાં તાત્પર્યમાં ભેદ હોવાથી બંનેનો પૃથક્ નિર્દેશ કર્યો છે.

**જિ.** : અહીં अत्यय એ પ્રમાણે ઉલ્લંઘન અર્થનો નિર્દેશ છે. જે વસ્તુતઃ તે દ્રવ્યનાં અભાવ સ્વરૂપે જ છે. જેમકે,

वर्षाणामत्ययः એટલે વર્ષાનું અતીતપણું અર્થાત્ વર્ષાનો અભાવ. તો अर्थाभावःમાં જ अत्ययनो સમાવેશ થતો હોવા છતાં પણ તેનો પૃથક્ નિર્દેશ શા માટે કર્યો?

**સમા.** : તમારી વાત સાચી છે. પરંતુ अर्थाभावમાં દ્રવ્યનો માત્ર અભાવ જ દર્શાવવામાં આવે છે. જેમકે, निर्मक्षिकम् = માખીનો અભાવ. ત્યાં ભૂતકાળમાં માખીની ઉપસ્થિતિ કે ભવિષ્યકાળમાં આગમન આવી વિવક્ષા હોતી નથી. જ્યારે अत्ययમાં તે અભાવ સ્વરૂપે ન જાણતાં પ્રધ્વંસાભાવ સ્વરૂપે ગ્રહણ કરવો. તેથી અત્યયનાં વિષયમાં તત્કાલીન દ્રવ્યનો અભાવ નિર્દિષ્ટ હોવા છતાં પણ ભૂતકાળમાં દ્રવ્યની ઉપસ્થિતિ કરવી આવશ્યક છે. જેમકે, વર્ષાનાં ઉલ્લંઘનમાં અર્થાત્ વર્ષાનાં અભાવમાં પૂર્વે અનિવાર્યપણે વર્ષા ઉપસ્થિત જ હોય છે. આમ, બંનેનો પૃથક્ નિર્દેશ કરેલ છે.

## योग्यता-वीप्सा-ऽर्थानतिवृत्ति-सादृश्ये ३.१.४०

**અ.અ.સૂ.** : **योग्यता-वीप्सा-ऽर्थानतिवृत्ति-सादृश्ये अव्ययं नाम नाम्ना पूर्वार्थे ऐकार्थ्ये समासः नित्यम्, अव्ययीभावः च।**

**અર્થ** : યોગ્યતા, વીપ્સા, અર્થાનતિવૃત્તિ અને સાદૃશ્ય અર્થમાં વર્ત્તતું અવ્યય નામ, અન્ય નામની સાથે પૂર્વપદનાં અર્થમાં ઐકાર્થ્ય જણાતે છતે નિત્ય સમાસ પામે છે. અને તે અવ્યયીભાવ સંજ્ઞક થાય છે.

**સ.** **योग्यता-वीप्सा-ऽर्थानतिवृत्ति-सादृश्ये** = अर्थाणामनतिवृत्तिरिति अर्थानतिवृत्तिः, योग्यता च वीप्सा च अर्थानतिवृत्तिश्च सादृश्यं च इति योग्यता-वीप्सा-ऽर्थानतिवृत्ति-सादृश्यम्, तस्मिन्निति।

ઉદા. (૧) **યોગ્યતા અર્થ : अनुरुपम्** = રૂપને યોગ્ય. रुपस्य योग्यमिति।
આ સૂત્રથી अनु અને रुपનો સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી अनुનો પૂર્વનિપાત→**अनु**+रुप
પ્રથમા सि વગેરે→अनुरुपम्।

(૨) **વીપ્સા અર્થ :** એક-એક કરીને તમામની પ્રાપ્તિની ઈચ્છા.
**प्रत्यर्थम्** = દરેક અર્થ. अर्थं अर्थं प्रतीति।
આ સૂત્રથી प्रति અને अर्थनो સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી प्रतिનો પૂર્વનિપાત→**प्रति**+अर्थ
इवर्णादे०૧.૨.૨૧થી इनो य्→प्र**त्य**र्थ
પ્રથમા सि વગેરે→प्रत्य**र्थम्**।

(૩) **અર્થાનતિવૃત્તિ અર્થ :** પદાર્થનું અનતિક્રમણ.
यथाशक्ति = શક્તિ પ્રમાણે. शक्तेः अनतिक्रमेणेति।

(૪) **સાદૃશ્ય અર્થ : सशीलमनयोः** = શીલનું સમાનપણું.
शीलस्य सादृश्यमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**વિશેષતા :**

**જિ.** : પૂર્વસૂત્રમાં सदृक् પદ દ્વારા સાદૃશ્ય રૂપ ધર્મને જણાવનારાં જ સમાસ પામે છે. તેથી દ્રવ્યવાચી એવા ઉત્તરપદાર્થની સાથે સાદૃશ્યનો બોધ એ જ સમાસથી સિદ્ધ છે. તો આ સૂત્રમાં પુનઃ સાદૃશ્યનું ગ્રહણ શા માટે કર્યું?

**સમા.** : વસ્તુતઃ પૂર્વસૂત્રગત सदृक् પદ દ્વારા જે સમાસ જણાવવામાં આવે છે. તે શબ્દશક્તિનાં સામર્થ્યથી સાદૃશ્યશાલી એવા દ્રવ્યની પ્રધાનતાને જણાવે છે.

જેમકે, व्रतस्य सदृक् इति सव्रतम् અહીં પ્રાપ્ત સદૃશતા અન્ય દ્રવ્યની પ્રધાનતાએ જણાય છે. માટે આ સૂત્રગત સાદૃશ્ય પદ દ્વારા નિર્દિષ્ટ સમાસમાં સાદૃશ્યની પ્રધાનતા વિવક્ષિત કરાય છે. જેમકે, शीलस्य सादृश्यमिति सशीलमनयोरिति। અહીં શીલનાં સમાનપણાંની પ્રધાનતા છે. આમ, सदृक् અને सादृश्य નિર્દિષ્ટ સમાસમાં ભેદ હોવાથી બંનેનું પૃથક્ ગ્રહણ યોગ્ય છે.

**જિ.** : આ સૂત્રથી નિત્ય સમાસ થાય છે. તો વીપ્સાર્થક प्रत्यर्थम् સમાસમાં તેનાં વૈકલ્પિક પ્રયોગ સ્વરૂપે વિગ્રહ વાક્યમાં अर्थं अर्थं प्रति આવો સ્વપદ વિગ્રહનો નિર્દેશ કેવી રીતે થાય?

**સમા.** : अर्थं अर्थं प्रति એ પ્રમાણે વિગ્રહમાં भागिनि च० ૨.૨.૩૭થી વીપ્સામાં प्रतिની સાથે દ્વિતીયા કરાઈ છે. જો વીપ્સામાં આ સૂત્રથી નિત્ય સમાસ કરીને વાક્યનો પ્રયોગ ન કરવામાં આવે તો વીપ્સા વિષયક દ્વિતીયા કરનારાં लक्षण-वीप्स्ये०૨.૨.૩૬ અને भागिनि च०૨.૨.૩૭ સૂત્રો નિરર્થક જવાની આપત્તિ આવે. માટે તે સૂત્રનાં વિધાન સામર્થ્યથી જ અહીં नित्यम्નો અધિકાર હોવા છતાં પણ વીપ્સાનાં વિષયમાં સમાસનો સ્વપદ વિગ્રહ રૂપ વાક્ય પ્રયોગ પણ થશે.

## यथाऽथा ३.१.४१

**અ.અ.સૂ. : ( योग्यता-वीप्सा-ऽर्थानतिवृत्ति-सादृश्ये ) अथा यथा अव्ययं नाम नाम्ना पूर्वार्थे ऐकार्थ्ये समासः नित्यम्, अव्ययीभावः च।**

સ. **अथा** = न विद्यते था यस्य स इति।

ઉદા. (૧) **યોગ્યતા અર્થ : यथारुपं चेष्टते** = રૂપને અનુસારે પ્રવર્ત્તે છે. रुपस्य योग्यता इति।

આ સૂત્રથી यथा અને रुपम્નો સમાસ તથા, प्रथमोक्तं૦૩.૧.૧૪૮થી यथाનો પૂર્વનિપાત→**यथा**+रुप પ્રથમા सि વગેરે→यथारु**पम्**।

(૨) **વીપ્સા અર્થ : यथावृद्धमर्चय** = દરેક વૃદ્ધોની પૂજા કર. ये ये वृद्धां, तानिति।

(૩) **અર્થાનતિવૃત્તિ અર્થ : यथासूत्रम्** = સૂત્રને ઓળંગ્યા વિના. सूत्रमनतिक्रम्येति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **अथेति किम् ? यथा चैत्रः तथा मैत्रः** = જેવા પ્રકારનો ચૈત્ર છે તેવા પ્રકારનો મૈત્ર છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ यथा એવું પૂર્વપદ था પ્રત્યયથી નિષ્પન્ન ન હોય તો થાય છે. જ્યારે અહીં प्रकारे था ૭.૨.૧૦૨ સૂત્ર દ્વારા था પ્રત્યય લાગીને यथा શબ્દ બન્યો છે. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, સૂત્રમાં अथा એ પ્રમાણે यथाનું વિશેષણ જણાવવામાં આવ્યું છે. તેથી विशेषणमन्तः ૭.૪.૧૧૩ પરિભાષાનુસારે था અન્ત સિવાયનો यथा શબ્દ એ પ્રમાણે અર્થનો બોધ થાય છે. પરંતુ था અન્ત સિવાયનો यथा શબ્દ સંભવતો જ નથી. તેથી **प्रत्यया**–

**ऽप्रत्यययोः प्रत्ययस्यैव ग्रहणम् २/२** અથવા **अर्थवद्-ग्रहणे नाऽनर्थकस्य १/१४** ન્યાયાનુસારે અહીં था એ પ્રમાણે માત્ર વર્ણ સમૂહાત્મક શબ્દ જ ગ્રહણ ન કરતાં પ્રત્યયનું ગ્રહણ કરવું.

(૨) આ સૂત્ર વડે યોગ્યતા અર્થમાં यथा અવ્યયનો સમાસ સૂચિત કરાય છે જે પૂર્વસૂત્રથી સિદ્ધ જ હતો. પરંતુ સાદશ્ય અર્થમાં રહેલાં था પ્રત્યયાન્ત यथा અવ્યયને પૂર્વસૂત્રથી સિદ્ધ સમાસ પણ નિષિદ્ધ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

(૩) અહીં ધ્યાનમાં લેવું કે, સૂત્રનાં अथा પદ દ્વારા था પ્રત્યયાન્ત यथा અવ્યયનું વર્જન કર્યું છે. તે प्रकारे था ૭.૨.૧૦૨ સૂત્ર દ્વારા જે था પ્રત્યય લાગે છે, તદન્તનું જ વર્જન જાણવું. કારણકે તદતિરિક્ત था પ્રત્યયનો વ્યાકરણમાં નિર્દેશ નથી. આથી પ્રકરણ, વાક્ય આદિનાં અનુસંધાન દ્વારા જ્યાં પ્રકાર અર્થનો બોધ થતો હોય ત્યાં આ સૂત્રની પ્રવૃત્તિ કરવી નહીં.

જિ. : यथारुपं चेष्टते વગેરે સ્થાને યોગ્યતા વગેરે અર્થમાં જ વર્તતાં यथा નામનો, અન્ય નામની સાથે પૂર્વસૂત્રથી જ સમાસ સિદ્ધ હતો તો આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : અહીં **सिद्धे सत्यारम्भो नियमार्थः १/२५** ન્યાયની પ્રવૃત્તિ થઈ છે. તેથી નિયમ થયો કે, સાદશ્ય અર્થમાં વર્તતાં था પ્રત્યયાન્ત यथा નામનો પૂર્વસૂત્રથી પણ સમાસ નહીં થાય.

## અવ્યયીભાવ સંજ્ઞક સમાસનું સારાંશ કોષ્ટક

| સૂત્ર | નામ | અન્ય નામ | અન્ય અર્થાદિ નિમિત્ત | પ્રચલિત સંજ્ઞા | ઉદા. |
|---|---|---|---|---|---|
| तत्रादाय०२६ | તૃતીયાન્ત/સપ્તમ્યન્ત | તત્સરૂપ | आदाय प्रहृत्य સ્વરૂપ ક્રિયાવ્યતિહાર યુદ્ધ અર્થ | અવ્યયીભાવ સંજ્ઞા | केशाकेशि। |
| नदीभिर्ना०२७ | - | નદીવાચી | સંજ્ઞાનો વિષય | ,, | **उन्मत्तगङ्गम्** देशः। |
| संख्या०२८ | સંખ્યાવાચી | નદીવાચી | સમાહાર અર્થ | ,, | द्वियमुनम्। |
| वंश्येन०२९ | સંખ્યાવાચી | વંશ્યવાચી | - | ,, | **एकमुनि** व्याकरणस्य |
| पारे-मध्ये०30 | पारे, मध्ये, अग्रे, अन्तर् | ષષ્ઠ્યન્ત | - | ,, | पारेगङ्गम्/ गङ्गपारम्। |
| यावदिय०३१ | यावत् | - | અવધારણની ગમ્યમાનતા | ,, | **यावदमत्रं** भोजय। |
| पर्यपाङ०३२ | परि, अप, आङ् बहिस् અચ્ અન્ત પ્રકૃતિ | પંચમ્યન્ત | - | ,, | परित्रिगर्त्तम्। |
| लक्षणेना०33 | અભિમુખ અર્થવાળાં अभि, प्रति | લક્ષણવાચી | - | ,, | **अभ्यग्नि** शलभाः पतन्ति। |
| दैर्घ्येऽनु ३४ | अनु | દૈર્ઘ્યાર્થક લક્ષણવાચી | - | ,, | **अनुगङ्गं** वाराणसी। |
| समीपे ३५ | સમીપાર્થક अनु | - | - | ,, | **अनुवनम**शनिर्गताः। |

| | | | | | |
|---|---|---|---|---|---|
| तिष्ठद्ग्वि०३६ | - | - | નિપાતન | ” | **तिष्ठद्गु** कालः। |
| नित्यं०३७ | - | અલ્પાર્થક प्रति | - | ” | शाक**प्रति**। |
| संख्याऽ०३८ | સંખ્યાવાચી, अक्ष, शलाका | ઘૂત વિષયક અન્યથા વૃત્તિમાં વર્ત્તતું परि | - | ” | एकपरि। |
| विभक्ति-समीप०३९ | વિભક્તિ, સમીપ, સમૃદ્ધિ, વ્યૃદ્ધિ, અર્થાભાવ, અત્યય, અસંપ્રતિ પશ્ચાત્, ક્રમ, ખ્યાતિ, યુગપત્, સદૃક્, સમ્પત્ સાકલ્ય, અન્ત અર્થક અવ્યય | - | પૂર્વપદાર્થ | ” | अधिस्त्रि। |
| योग्यता०४० | યોગ્યતા, વીપ્સા, અર્થાનતિવૃત્તિ સાદૃશ્ય અર્થક અવ્યય | - | પૂર્વપદાર્થ | ” | अनुरुपम्। |
| यथाऽथा ४१ | था પ્રત્યયાન્ત સિવાયનો यथा અવ્યય | - | પૂર્વપદાર્થ | ” | यथारुपम्। |

## गतिक्वन्यस्तत्पुरुषः ३.१.४२

અ.અ.સૂ. : **गति-कु अव्ययं नाम नाम्ना ऐकार्थ्ये समासः नित्यम्, तत्पुरुषः च, अन्यः ।**

અર્થ : ગતિસંજ્ઞક નામો તથા कु અવ્યય, અન્ય નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે નિત્ય સમાસ પામે છે. અને તે તત્પુરુષસંજ્ઞક થાય છે. જે अन्य અર્થાત્ બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

સ. **गतिकु** = गतिश्च कुश्च इति। (प्रथमा औ, सूत्रत्वात् लोपः।)

★ **तत्पुरुषः** = स चासौ पुरुषश्च इति।

ઉદા. (૧) **ऊरीकृत्य** = સ્વીકાર કરીને. ऊरीकरणं पूर्वमिति।

(૨) **खाट्कृत्य** = ખાટ્ એ પ્રમાણે અવાજ કરીને. खाट्करणं पूर्वमिति।

(૩) **प्रकृत्य** = સારી રીતે કરીને. प्रकरणं पूर्वमिति।

(૪) **कारिकाकृत्य** = મર્યાદા કરીને. कारिकाकरणं पूर्वमिति। આ ઉદા.ની સાધનિકા ऊर्याद्यनु०૩.૧.૨ અને कारिका० ૩.૧.૩માં દર્શાવેલ છે.

(૫) **कुब्राह्मणः** = ખરાબ બ્રાહ્મણ. कुत्सितो ब्राह्मण इति। આ સૂત્રથી कु અને ब्राह्मणનો **સમાસ** તથા, प्रथमोक्तं०૩.૧.૧૪૮થી कुનો **પૂર્વનિપાત**→कुब्राह्मण પ્રથમા सि વગેરે→कुब्राह्मणः।

(૬) **कोष्णम्** = કંઈક ગરમ. ईषत् ऊष्णमिति। પૂર્વ પ્રમાણે સમાસ વગેરે→कु+ऊष्ण

का-कवौ०३.२.१३७थी कुनो का→**का**+ऊष्ण
अवर्णस्ये०१.२.६थी ओ→**को**ष्ण
પ્રથમા सि વગેરે→कोष्ण**म्**।

**પ્ર.ઉદા.** **अन्य इति किम् ? कुपुरुषकः** = ખરાબ પુરુષવાળો દેશ.
कुत्सिताः पुरुषाः यस्मिन् स इति।
एकार्थं चा०३.१.२२थी कु અને पुरुषनो સમાસ તથા, विशेषण-सर्वादि०३.१.१५०थी कुनो પૂર્વનિપાત→ **कु**+पुरुष
शेषाद् वा ७.३.१७५थी कच्→कुपुरुष+**क**
પ્રથમા सि વગેરે→कुपुरुषकः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ જ્યાં બહુવ્રીહ્યાદિ લક્ષણ ન જણાતાં હોય ત્યાં જ થાય છે. જ્યારે અહીં અન્ય પદાર્થની પ્રધાનતા હોવાથી બહુવ્રીહિનું લક્ષણ જણાય છે. માટે આ સૂત્રથી તત્પુરુષ સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(१) અહીં ધ્યાનમાં લેવું કે, દરેક ગતિસંજ્ઞક નામો અવ્યય જ હોવાથી પૂર્વસૂત્રથી અનુવૃત્ત अव्ययम् પદ **संभवे व्यभिचारे च विशेषणमर्थवत् २/५७** ન્યાયાનુસારે માત્ર कुनું જ વિશેષણ જાણવું. તેથી અહીં પૃથ્વીવાચક અનવ્યય कुનું ગ્રહણ ન કરતાં પાપ અને અલ્પવાચી कु અવ્યયનું જ ગ્રહણ થશે.

(२) **તત્પુરુષ સંજ્ઞાનાં પ્રદેશો :** गोस्तत्पुरुषात् ७.३.१०५ વગેરે.

જિ. : વસ્તુતઃ એક સમાસથી બીજો સમાસ અન્ય જ હોય છે. જેમ, द्वन्द्व વગેરેથી તત્પુરુષ સમાસ અન્ય છે.

તેમ, બહુવ્રીહિથી પણ અન્ય જ છે. તો સૂત્રમાં अन्यः પદનું ગ્રહણ શા માટે કર્યું ?

**સમા.** : આ સૂત્ર બહુવ્રીહિ સમાસ વિધાયક સૂત્રોથી પર હોવાથી कुपुरुषः વગેરે સ્થાને स्पर्द्धे ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે બહુવ્રીહિનો બાધ થઈ તત્પુરુષ સમાસ થવાની આપત્તિ આવે. આ આપત્તિનું વારણ કરવા માટે અહીં अन्यः પદનું ગ્રહણ કર્યું છે. તેથી જણાય છે કે, જ્યાં બહુવ્રીહિ કે અવ્યયીભાવની પ્રાપ્તિ હોય ત્યાં તત્પુરુષ સમાસ કરવો નહીં.

આમ, અહીં ધ્યાનમાં લેવું કે, कुपुरुषः વગેરે ઘણા બધાં તત્પુરુષ સમાસો સમાન સ્વરૂપવાળાં હોવાથી બહુવ્રીહિ સમાસની ભ્રાંતિ થવાની શક્યતા પણ છે. પરંતુ સમાન દેખાતાં પણ બંને સમાસમાં અર્થાદિનો ભેદ હોય છે. જે નીચેનાં કોષ્ટક પ્રમાણે જાણવું.

| **कुपुरुषः તત્પુરુષ સમાસ** | **कुपुरुषः બહુવ્રીહિ સમાસ** |
|---|---|
| (૧) कुत्सितः पुरुषः એ પ્રમાણે વિગ્રહ થાય. | कुत्सिताः पुरुषाः यस्य स એ પ્રમાણે વિગ્રહ થાય. |
| (૨) ખરાબ પુરુષ એ પ્રમાણે અર્થ થાય. | ખરાબ પુરુષવાળો દેશ એ પ્રમાણે અર્થ થાય. |
| (૩) અન્ય સમાસાન્ત પ્રત્યય થતાં નથી. | कच् પ્રત્યય થતાં कुपुरुषकः પણ થાય. |
| (૪) આ સમાસમાં ઉત્તર પદાર્થની પ્રધાનતા જાણવી. | આ સમાસમાં અન્ય પદાર્થની પ્રધાનતા જાણવી. |

# दुर्निन्दा-कृच्छ्रे ३.१.४३

**અ.અ.સૂ. : निन्दा-कृच्छ्रे दुर् अव्ययं नाम नाम्ना ऐकार्थ्ये समासः नित्यम्, तत्पुरुषः च, अन्यः।**

**અર્થ** : નિંદા અને કૃચ્છ્ર અર્થમાં વર્તતું दुर् અવ્યય નામ, અન્ય નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે નિત્ય સમાસ પામે છે. અને તે તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણથી રહિત જાણવા.

**સ.** **निन्दा-कृच्छ्रे** = निन्दा च कृच्छ्रं च इति निन्दाकृच्छ्रम्, तस्मिन्निति।

**ઉદા.** (૧) **दुष्पुरुषः** = દુર્જન પુરુષ. दुष्टः (निन्दितः) पुरुष इति।
આ સૂત્રથી दुर् અને पुरुषનો સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી दुर्નો પૂર્વનિપાત→**दुर्**+पुरुष
निर्दुर्बहि०૨.૪.૯થી र्નો ष्→दुष्पुरुष
પ્રથમા सि વગેરે→दुष्पुरुषः।

(૨) **दुष्कृतम्** = કષ્ટપૂર્વક કરેલું. कृच्छ्रेण कृतमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**પ્ર.ઉદા.** **अन्य इत्येव→दुष्पुरुषकः** = ખરાબ પુરુષવાળો (દેશ).
दुष्टाः पुरुषाः यस्मिन् स इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ कुपुरुषकः પ્રમાણે જાણવી.
આ સૂત્રની પ્રવૃત્તિ જ્યાં બહુવ્રીહ્યાદિ લક્ષણ ન જણાતાં હોય ત્યાં થાય છે. જ્યારે અહીં અન્ય પદાર્થની પ્રધાનતા હોવાથી બહુવ્રીહિનું લક્ષણ જણાય છે. માટે આ સૂત્રથી તત્પુરુષ સમાસ થશે નહીં.

**વિશેષતા :**

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, धातोः पूजार्थस्व०૩.૧.૧ સૂત્ર દ્વારા થતી ઉપસર્ગસંજ્ઞા ક્રિયાનાં યોગમાં જ થાય છે. જ્યારે दुष्पुरुषः વગેરે ઉદા.માં ક્રિયાનો યોગ ન હોવાથી તેને સૂત્ર નિર્દિષ્ટ ઉપસર્ગ સંજ્ઞા થઈ નથી. અને તેથી ગતિસંજ્ઞા પણ ન થતાં गतिक्वन्य० ૩.૧.૪૨થી સમાસની પ્રાપ્તિ ન હતી તેની પ્રાપ્તિ માટે આ સૂત્રનો નિર્દેશ છે.

જિ. : दुष्पुरुषः ઈત્યાદિ સમાસમાં ભલે ક્રિયાનો યોગ નથી પરંતુ कृच्छ्रेण कृतमिति સમાસમાં તો કરવું આદિ ક્રિયાનો યોગ છે જ તો તેને धातोः पूजार्थ०૩.૧.૧ આદિ દ્વારા ઉપસર્ગ આદિ સંજ્ઞા થતાં गतिक्वन्य०૩.૧.૪૨થી સમાસ સિદ્ધ જ હતો, તો અહીં कृच्छ्र અર્થનું પુનઃ ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : અહીં **सिद्धे सत्यारम्भो नियमार्थः १/२५** ન્યાયની પ્રવૃત્તિ થઈ છે. તેથી નિયમ થયો કે, दुर् અવ્યય ગતિસંજ્ઞક અવ્યય સ્વરૂપે જો અન્ય નામની સાથે તત્પુરુષ સમાસ પામે તો તે कृच्छ्र અર્થમાં જ થશે. અન્ય અર્થમાં નહીં.

## सुः पूजायाम् ३.१.४४

અ.અ.સૂ. : **पूजायां सुः अव्ययं नाम नाम्ना ऐकार्थ्ये समासः नित्यम्, तत्पुरुषः च, अन्यः ।**

અર્થ : પૂજા અર્થમાં વર્તતો सु અવ્યય નામ, અન્ય નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે નિત્ય સમાસ પામે છે.

અને તે તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

ઉદા. **सुराजा** = સારો રાજા.

शोभनः (पूजितः) राजा इति।

આ સૂત્રથી सु અને राजन्નો સમાસ તથા,

प्रथमोक्तं૦૩.૧.૧૪૮થી सुનો પૂર્વનિપાત→**सु**+राजन्

પ્રથમા सि વગેરે→सुराजा।

પ્ર.ઉદા. **अन्य इत्येव** = **सुमद्रम्** = મદ્રોની સમૃદ્ધિ.

मद्राणां समृद्धिरिति।

विभक्ति-समीप૦૩.૧.૩૯થી सु અને मद्रનો સમાસ તથા,

प्रथमोक्तं૦૩.૧.૧૪૮થી सुનો પૂર્વનિપાત→**सु**मद्र

પ્રથમા सि વગેરે→सुम**द्रम्**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ જ્યાં બહુવ્રીહ્યાદિ લક્ષણ ન જણાતાં હોય ત્યાં થાય છે. જ્યારે અહીં અવ્યયીભાવ સમાસનું લક્ષણ જણાતું હોવાથી આ સૂત્રથી તત્પુરુષ સમાસ થશે નહીં.

**વિશેષતા :**

(૧) વસ્તુતઃ પ્રાદિ અવ્યય ક્રિયાનાં યોગમાં ગતિસંજ્ઞક થાય છે. તેથી, शोभनो राजा इति सुराजा એ પ્રમાણે જ્યારે ક્રિયાનો યોગ ન હોય ત્યારે सु અવ્યયને ગતિસંજ્ઞા ન થતાં સમાસની પ્રાપ્તિ ન હતી. તેમજ, પૂજાર્થક सु અવ્યયનું धातोः पूजार्थ૦૩.૧.૧માં વર્જન હોવાથી ઉપસર્ગ સંજ્ઞા થતી નથી. તેથી ગતિસંજ્ઞા ન

થતાં गतिक्वन्य०૩.૧.૪૨થી સમાસની પ્રાપ્તિ ન હતી. આમ, બંને સ્થાને સમાસ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

## अतिरतिक्रमे च ३.१.४५

**અ.અ.સૂ.** : **अतिक्रमे च ( पूजायाम् ) अतिः अव्ययं नाम नाम्ना ऐकार्थ्ये समासः नित्यम्, तत्पुरुषः च, अन्यः ।**

**અર્થ** : અતિક્રમ અને પૂજા અર્થમાં વર્ત્તતો अति અવ્યય, અન્ય નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે નિત્ય સમાસ પામે છે. અને તે તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

ઉદા. (૧) **अतिस्तुत्य** = અતિશય સ્તુતિ કરીને.
अतिक्रमेण स्तवनं पूर्वमिति। (ष्टुंगक् स्तुतौ-११२४)
આ સૂત્રથી अति અને स्तुનો સમાસ તથા,
प्राक्काले०૫.૪.૪૭થી क्त्वा→अति+स्तु+**त्वा**
તથા, प्रथमोक्तं०૩.૧.૧૪૮થી अतिનો પૂર્વનિપાત→ अति+स्तु+**त्वा**
अनञः क्त्वो०૩.૨.૧૫૪થી त्वाનો यप्→अति+स्तु+**य**
ह्रस्वस्य तः०૪.૪.૧૧૬થી त् આગમ→अतिस्तुत्य
પ્રથમા सि વગેરે→अतिस्तुत्य।

(૨) **अतिराजा** = સારો રાજા. शोभनः राजा इति।
આ સૂત્રથી अति અને राजन्નો સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી अतिનો પૂર્વનિપાત→**अति**+राजन्
પ્રથમા सि વગેરે→अतिराजा।

**વિશેષતા :**

(૧) સૂત્રમાં बहुलम्નાં અધિકારથી અતિક્રમ અર્થમાં વર્ત્તતો अति અવ્યય હોતે છતે પણ ક્યારેક સમાસ થતો નથી. ઉદા. अति स्तुत्वा, अति सिक्त्वा।

(૨) અહીં પણ પૂર્વસૂત્રની જેમ અતિક્રમાર્થક अति અને પૂજાર્થક सु તથા अतिને गतिक्वन्य०૩.૧.૪૨થી સમાસની પ્રાપ્તિ ન હતી. તેની પ્રાપ્તિ માટે આ સૂત્રનો નિર્દેશ છે.

(૩) યદ્યપિ अतिक्रमेનો અધિકાર શરૂ થવાથી पूजायाम्નો અધિકાર અટકી જાય, પરંતુ **चकारो यस्मात्परस्तत्स-जातीयमेव समुच्चिनोति २/६१** ન્યાયાનુસારે ચકાર દ્વારા સપ્તમ્યન્ત पूजायाम् પદનું અનુકર્ષણ થાય છે. તેમજ, **चाऽनुकृष्टं नाऽनुवर्त्तते २/६२** ન્યાયાનુસારે તેનો અધિકાર ઉત્તર સૂત્રમાં જતો નથી.

## आङल्पे ३.१.४६

**અ.અ.સૂ. : अल्पे आङ् नाम नाम्ना ऐकार्थ्ये नित्यं समासः, तत्पुरुषः च, अन्यः ।**

**અર્થ** : અલ્પ અર્થમાં વર્ત્તતો आङ् અવ્યય, અન્ય નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે નિત્ય સમાસ પામે છે. અને તે તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

ઉદા. **आकडारः** = કંઈક ભૂરો રંગ. ईषत् कडार इति।
આ સૂત્રથી आङ् અને कडारનો સમાસ તથા,

प्रथमोक्तं०३.१.१४८थी आङ्नो पूर्वनिपात→**आ**कडार
प्रथमा सि वगेरे→आकडारः।

**વિશેષતા :**

(૧) **आङ्‌અવ્યયનાં અર્થો :**

**ईषदर्थे क्रियायोगे, मर्यादाऽभिविधौ च यः**
**एतमातं ङित्तं विद्याद्, वाक्यस्मरणयोरङित् ॥**

અલ્પ અર્થમાં, ક્રિયાયોગમાં, મર્યાદા અને અભિવિધિ અર્થમાં आङ् તે ङित् જાણવો. તેમજ, વાક્ય અને સ્મરણમાં અઙિત્ જાણવો.

**જિ.** : અહીં સૂત્રગત अल्पे પદ દ્વારા તદન્ય અર્થમાં आङ् અવ્યયનો અન્ય નામ સાથે સમાસનો નિષેધ થાય છે. તો आबद्धम्, आयुक्तम् ઇત્યાદિ પ્રયોગોમાં અલ્પાર્થતા ન હોવા છતાં પણ સમાસ કેવી રીતે થાય?

**સમા.** : आबद्धम्, आयुक्तम् ઇત્યાદિ સમાસમાં ક્રિયાયોગ હોવાથી ऊर्याद्यनुकरण०३.१.२થી ગતિસંજ્ઞા કરવા દ્વારા गतिक्वन्य०३.१.४२થી ગતિ તત્પુરુષ સમાસ કરવામાં આવ્યો છે. અહીં તાત્પર્ય એ છે કે, સામાન્ય અલ્પાર્થક आङ् અવ્યય ક્રિયાયોગ વિના જ વપરાતો હોય છે. તેથી તેને ગતિસંજ્ઞાની પ્રાપ્તિ ન હોવાથી ગતિ તત્પુરુષ સમાસ ન થતાં આ સૂત્ર દ્વારા સમાસની પ્રાપ્તિ કરવામાં આવી છે. પણ ગતિસંજ્ઞક आङ् અવ્યયને તો गति-क्वन्य०३.१.४२થી જ સમાસ જાણવો. આમ, આ સૂત્ર ક્રિયાયોગ સિવાયનાં જ आङ् અવ્યયનાં

વિષયમાં વિધિ-નિષેધ જણાવતું હોવાથી ક્રિયાયોગ વિષયક आबद्धम् વગેરે પ્રયોગોમાં નિષેધ થતો નથી.

## प्रा-ऽत्यव-परि-निरादयो गत-क्रान्त-क्रुष्ट-ग्लान-क्रान्ताद्यर्थाः प्रथमाद्यन्तैः ३.१.४७

**અ.અ.સૂ. :** **गत-क्रान्त-क्रुष्ट-ग्लान-क्रान्ताद्यर्थाः प्रात्यवपरि निरादयः नाम प्रथमाद्यन्तैः नामभिः नित्यं समासः, तत्पुरुषः च, अन्यः ।**

**અર્થ** : ગત વગેરે અર્થમાં વર્ત્તતાં प्र વગેરે નામ, અન્ય પ્રથમાન્ત નામની સાથે,
ક્રાન્ત વગેરે અર્થમાં વર્ત્તતાં अति વગેરે નામ, અન્ય દ્વિતીયાન્ત નામની સાથે,
ક્રુષ્ટ વગેરે અર્થમાં વર્ત્તતાં अव વગેરે નામ, અન્ય તૃતીયાન્ત નામની સાથે,
ગ્લાન વગેરે અર્થમાં વર્ત્તતાં परि વગેરે નામ, અન્ય ચતુર્થ્યન્ત નામની સાથે,
ક્રાન્ત વગેરે અર્થમાં વર્ત્તતાં निर् વગેરે નામ, અન્ય પંચમ્યન્ત નામની સાથે,
ઐકાર્થ્ય જણાતે છતે નિત્ય સમાસ પામે છે. અને તે તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

સ. (૧) **प्रात्यवपरिनिरादयः** = प्रश्च अतिश्च अवश्च परिश्च निर् चेति प्रात्यवपरिनिरः प्रात्यवपरिनिर आदिर्येषां ते इति।

(२) **गत-क्रान्त-कृष्ट-ग्लान-क्रान्ताद्यर्थाः** = गतश्च क्रान्तश्च क्रुष्टश्च ग्लानश्च क्रान्तश्च इति गतक्रान्तक्रुष्टग्लानक्रान्ताः, गतक्रान्तक्रुष्टग्लानक्रान्ता आदयोऽर्थो येषां ते इति।

(૩) **प्रथमाद्यन्तैः** = प्रथमा आदिर्यासां ता इति प्रथमादयः, प्रथमादयोऽन्ते येषां तानीति प्रथमाद्यन्तानि, तैरिति।

- **ગત વગેરે અર્થક प्र વગેરેનો પ્રથમાન્ત નામ સાથે સમાસ.**

ઉદા. (૧) **प्राचार्यः** = પ્રકૃષ્ટ આચાર્ય. प्रगतोऽचार्य इति।
આ સૂત્રથી ગતઅર્થક प्र અને आचार्यનો સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી प्रનો પૂર્વનિપાત→**प्र**+आचार्य
समानानां०૧.૨.૧થી દીર્ઘ→**प्रा**चार्य
પ્રથમા सि વગેરે→प्राचार्यः।

(૨) **समर्थः** = અર્થ સંગત. संगतोऽर्थ इति।

- **ક્રાન્ત વગેરે અર્થક अति વગેરેનો દ્વિતીયાન્ત નામ સાથે સમાસ.**

(૩) **अतिखट्वः** = ખાટલાને ઓળંગી ગયેલ.
खट्वामतिक्रान्त इति।
આ સૂત્રથી अति અને खट्वानो સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી अतिનો પૂર્વનિપાત→
**अति**+खट्वा
गोश्चान्ते०૨.૪.૯૬થી હ્રસ્વ→अति+**खट्व**
પ્રથમા सि વગેરે→अतिखट्वः।

(૪) **उद्वेलः** = વેળાને ઓળંગી ગયેલ. वेलां उद्गत इति।

- **ક્રુષ્ટ વગેરે અર્થક अव વગેરેનો તૃતીયાન્ત નામ સાથે સમાસ.**

(૫) **अवकोकिलः** = કોયલથી ખેંચાયેલું.
अवकृष्टः कोकिलया इति।

(૬) **परिवीरुत्** = વેલડીઓથી પરિપૂર્ણ.

परिणद्धे विरुद्भिरिति।

- **ગ્લાન વગેરે અર્થક परि વગેરેનો ચતુર્થ્યન્ત નામ સાથે સમાસ.**

(૭) **पर्यध्ययनः** = અધ્યયનથી કંટાળેલો. परिग्लानोऽध्ययनायेति।

(૮) **उत्सङ्ग्रामः** = સંગ્રામ માટે ઉદ્યુક્ત.

उद्युक्तस्संग्रमायेति।

- **ક્રાન્ત વગેરે અર્થક निर् વગેરેનો પંચમ્યન્ત નામ સાથે સમાસ.**

(૯) **निष्कौशाम्बिः** = કૌશાંબીમાંથી નીકળેલ.

निष्क्रान्तः कौशाम्ब्या इति।

(૧૦) **अपशाखः** = ડાળમાંથી છૂટો પડેલ.

शाखायाः अपगत इति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા.(૧) **गताद्यर्था इति किम्? वृक्षं प्रति विद्युत्** = વૃક્ષ તરફ વીજળી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ પૂર્વપદ प्र વગેરે गत વગેરે અર્થવાળાં હોય તો જ થાય છે. જ્યારે અહીં લક્ષ્ય-લક્ષણભાવને જણાવનાર प्रति છે, માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

(૨) **अन्य इत्येव→प्राचार्यको देशः** = સારા આચાર્યવાળો દેશ. प्रकृष्ट आचार्यो यस्मिन् स इति।

આ ઉદા.ની સાધનિકા गतिक्वन्य०૩.૧.૪૨ સૂત્ર નિર્દિષ્ટ कुपुरुषकः પ્રમાણે જાણવી. પરંતુ સમાસ उष्ट्रमुखा०૩.૧.૨૩થી કરવો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ જ્યાં બહુવ્રીહિ આદિ લક્ષણ ન જણાતાં હોય ત્યાં થાય છે. જ્યારે અહીં અન્ય પદાર્થની પ્રધાનતા હોવાથી બહુવ્રીહિનું લક્ષણ જણાય છે. માટે આ સૂત્રથી તત્પુરુષ સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) અહીં સૂત્રગત ત્રણે પદ બહુવચનમાં હોવાથી **यथा सङ्ख्यमनुदेशः समानाम् १/१०** ન્યાયાનુસારે ત્રણે વચ્ચે પરસ્પર અનુક્રમ જાણવો.

(૨) **बाहुलकात् षष्ठ्याऽपि-अन्तर्गार्ग्यः** = ગાર્ગ્યની અંદર રહેલો. अन्तर्गतो गार्ग्यस्य।
આ સૂત્રમાં પ્રથમાન્તથી પંચમ્યન્ત નામની સાથે સમાસનો નિર્દેશ છે. પરંતુ नाम नाम्नै०૩.૧.૧૮થી बहुलम्નો અધિકાર પ્રાપ્ત થતો હોવાથી अन्तर्गतः વગેરે અર્થમાં ષષ્ઠ્યન્ત નામની સાથે અને प्रतिष्ठित વગેરે અર્થમાં સપ્તમ્યન્ત નામની સાથે પણ સમાસ પ્રાપ્ત થાય છે. તેથી अन्तर्गतः गार्ग्यस्य इति अन्तर्गार्ग्यः, अन्तर्गतः अङ्गुल्यां इति अन्तरङ्गुलः, प्रतिष्ठितमुरसीति प्रत्युरसि આદિ સમાસ પણ સિદ્ધ થાય છે.

(૩) **द्वन्द्वात्परः प्रत्येकमभिसम्बध्यते ३/१५** ન્યાયાનુસારે द्वन्द्व સમાસને અંતે રહેલ द्वन्द्वસમાસીભૂત गत વગેરેનો प्र વગેરે સાથે અન્વય થાય છે.

(૪) અહીં સૂત્રગત ...निरादयः, ...क्रान्ताद्यर्थाः,... प्रथमाद्यन्तैः પદોમાં જે બહુવચનનો નિર્દેશ કર્યો છે. તે આકૃતિગણ માટે જાણવો. તેથી प्र વગેરેનાં गतादि અર્થમાં અને પ્રથમા વગેરે વિભક્તિમાં નહીં કહેવાયેલાં પણ અવ્યય, અર્થ અને વિભક્તિનું ગ્રહણ થાય છે. અને અહીં જે અર્થમાં જે વિભક્તિ દર્શાવાઈ છે. ક્વચિત્ તે જ અર્થમાં તેનાથી અન્ય વિભક્તિઓથી પણ સમાસ પ્રાપ્ત થાય છે. જેમકે, विगतौ अरीति व्यरी અને विगताः अद्धयः इति व्यपाः[1] એ પ્રમાણે એક જ અર્થમાં બે વિભક્તિનાં પ્રયોગ પણ પ્રાપ્ત થાય છે.

(૫) અહીં કેટલાંક વ્યાકરણકારોનાં મતે प्रगतः आचार्यः ઈત્યાદિ વિગ્રહ વાક્યમાં પ્રાદિ સ્વપદ સ્વરૂપે મનાય છે. જે માત્ર ગતાદિ અર્થનો બોધ જ કરાવે છે. તેથી તેઓનાં મતે શુદ્ધ વિગ્રહ વાક્ય गतः आचार्यः ઈત્યાદિ રૂપે જ જણાવ્યાં છે.

## अव्ययं प्रवृद्धादिभिः ३.१.४८

**અ.અ.સૂ. : अव्ययं नाम प्रवृद्धादिभिः नामभिः ऐकार्थ्ये नित्यं समासः, तत्पुरुषः च, अन्यः ।**

**અર્થ** : અવ્યય નામ પ્રવૃદ્ધ વગેરે નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે નિત્ય સમાસ પામે છે. અને તે તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

---

૧. અહીં ऋक्-पूः૭.૩.૭૬થી अत् સમાસાન્ત થયો છે.

સ. **प्रवृद्धादिभिः** = प्रवृद्धा आदिर्येषां तानीति प्रवृद्धादीनि, तैरिति।

ઉદા. (१) **पुनःप्रवृद्धम्** = છેદાવાં છતાં ફરી ઊગી ગયેલું.
पुनः प्रवर्धते स्मेति।
આ સૂત્રથી पुनर् અને प्रवृद्धनो સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી पुनर्નો પૂર્વનિપાત→**पुनर्**+प्रवृद्ध
रः पदान्ते०૧.૩.૫૩થી र्નો વિસર્ગ→पुनःप्रवृद्ध
પ્રથમા सि વગેરે→पुनःप्रवृ**द्धम्**।

(२) **अन्तर्भूतः** = અંદર થયેલું. भूयते स्मेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**વિશેષતા :**

(१) **प्रवृद्धादि ગણથી સિદ્ધ સમાસો :** पुनःप्रवृद्धम्, पुनरुत्स्यूतम्, पुनर्निष्क्रान्तः, पुनरुक्तम्, पुनर्नवम्, पुनःशृतम्, स्वर्यातः, अन्तर्भूतः, प्रातःसवनम्, उच्चैर्घोषः, नीचैर्गतम्, अधस्पदम्, अनद्धा, असशक्तः, प्रायश्चित्तम्, सद्यस्क्रीः, प्राग्वृत्तम्, पुराकल्पः, श्वःश्रेयसम्, श्वोवसीयसम् વગેરે.
તેમજ, બહુવચન આકૃતિગણ માટે છે. તેથી અન્ય પણ पुनर्गवम् વગેરે પ્રયોગો આ સૂત્રથી સિદ્ધ જાણવા.

(२) યદ્યપિ અહીં पुनः प्रवृद्धम् इति पुनःप्रवृद्धम् એ પ્રમાણે સ્વપદ વિગ્રહ વાક્ય અને સમાસ બંને એક સમાન જ જણાય છે. પરંતુ સમાસમાં એકપદપણું પ્રાપ્ત થતાં તદ્ધિત નિમિત્તક આદિ સ્વરની વૃદ્ધિ પૂર્વપદનાં આદિ સ્વરનાં વિષયમાં પ્રાપ્ત થાય છે. જેમકે, पौनःप्रवृद्धम्।

(૩) અહીં નિત્ય સમાસ હોવાથી અર્થબોધ માટે पुनः प्रवर्धते स्म એ પ્રમાણે અસ્વપદ વિગ્રહ જાણવો. તથા पुनर् અવ્યય કાળવાચી હોવાથી काला-ऽध्वनो૦૨.૨.૪૨થી વિકલ્પે દ્વિતીયા અને સપ્તમી વિભક્તિ થાય છે. પણ अव्ययस्य ૩.૨.૭થી તેનો લોપ થઈ જાય છે.

## ङस्युक्तं कृता ३.१.४९

**અ.અ.સૂ. : ङस्युक्तं नाम कृता नाम्ना ऐकार्थ्ये नित्यं समासः, तत्पुरुषः च, अन्यः ।**

**અર્થ** : કૃત્ પ્રત્યય કરનાર સૂત્રોમાં ङसि (પંચમી) વિભ-ક્ત્યન્તથી કહેવાયેલ નામ, કૃદન્ત નામની સાથે નિત્ય સમાસ પામે છે. અને તે તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

સ. **ङस्युक्तम्** = ङसिना उक्तमिति।

ઉદા. (१) **कुम्भकारः** = કુંભાર.
कुम्भं करोतीति। (डुकृंग् करणे-૮૮૮)
कर्मणोऽण् ૫.૧.૭૨થી अण् આદિ થતાં→**कार**
આ સૂત્રથી कुम्भ અને कारનો સમાસ તથા,
प्रथमोक्तं૦૩.૧.૧૪૮થી कुम्भनो પૂર્વનિપાત→**कुम्भ**+कार
પ્રથમા सि વગેરે→कुम्भकारः।

પ્ર.ઉદા.(१) **ङस्युक्तमिति किम्? अलं कृत्वा** = કરવાથી સર્યું.

★ આ સૂત્રની પ્રવૃત્તિ પૂર્વપદ ङसि (પંચમી) વિભક્ત્યન્તથી કહેવાયેલ નામ હોય તો થાય છે. જ્યારે અહીં अलम् પૂર્વપદથી પર निषेधेऽलं૦૫.૪.૪૪થી क्त्वा થયેલ છે.

તે निषेधे એ પ્રમાણે સપ્તમી વિભક્ત્યન્તથી કહેવાયેલ હોવાથી આ સૂત્રથી સમાસ થયો નહીં.

(૨) **कृतेति किम् ? धर्मो वो रक्षतु** = ધર્મ તમારું રક્ષણ કરે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉત્તરપદ કૃત્ પ્રત્યયાન્ત નામ હોય તો થાય છે. જ્યારે અહીં वस् કૃત્પ્રત્યયાન્ત નામ નથી. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) અહીં **गतिकारकङस्युक्तानां विभक्त्यन्तानामेव कृदन्तै र्विभक्त्युत्पत्तेः प्रागेव समासः २/३१** ન્યાયની પ્રવૃત્તિ થાય છે. તેથી कच्छपी આદિ પ્રયોગમાં कच्छ+अम्+प આવી અવસ્થામાં પ્રથમ સમાસ અને ત્યારબાદ વિભક્તિની ઉત્પત્તિ જાણવી. તેથી વિભક્તિની પૂર્વે જ कच्छप એ પ્રમાણે अકારાન્ત સમાસ પ્રાપ્ત થતાં जातेरयान्त०२.૪.૫૪ વગેરે સૂત્રથી ङी પ્રત્યયની પ્રાપ્તિ થાય છે. અન્યથા વિભક્ત્યન્તતયા अકારાન્તપણું પ્રાપ્ત ન થતાં ङी પ્રત્યય લાગે નહીં. અહીં આશય એ છે કે, कच्छपः વગેરે સમાસમાં વિગ્રહ વાક્યગત વિભક્તિ તો સમાસની પૂર્વે જ ઉપસ્થિત હોય છે. અને તેનો લોપ થવા છતાં પણ અંતરંગ કાર્ય સ્વરૂપ હોવાથી સ્થાનીવત્ તરીકે મનાતાં પ્રયોગ अકારાન્ત મનાય નહીં. તેથી, સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય પણ થાય નહીં. પરંતુ પ્રસ્તુત ન્યાયની પ્રવૃત્તિ થતાં પૂર્વે સમાસની પ્રવૃત્તિ અને પછી વિભક્તિની ઉત્પત્તિ જાણવી.

## तृतीयोक्तं वा ३.१.५०

અ.અ.સૂ. : **तृतीयोक्तं नाम कृता नाम्ना ऐकार्थ्ये समासः वा, तत्पुरुषः च, अन्यः।**

અર્થ : दंशेस्तृतीयया ૫.૪.૭૩ સૂત્રથી આરંભીને સૂત્રગત તૃતીયા વિભક્ત્યન્તથી કહેવાયેલ નામ, કૃત્ પ્રત્યયાન્ત નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે વિકલ્પે સમાસ પામે છે. અને તે તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણથી રહિત જાણવા.

સ. **तृतीयोक्तम्** = तृतीयया उक्तमिति।

ઉદા. **मूलकोपदंशं/मूलकेनोपदंशं भुङ्क्ते** = મૂળાને બટકીને ખાય છે.

मूलकेन उपदंशमिति। (दंश् दशने-४९६)

दंशेस्तृतीयया ૫.૪.૭૩થી णम् વગેરે કાર્ય થતાં→उपदंशम्

આ સૂત્રથી વિકલ્પે સમાસ તથા, प्रथमोक्तं० ૩.૧.૧૪૮ થી मूलकનો પૂર્વનિપાત→**मूलक**+उपदंशम्

પ્રથમા सि વગેરે→मूलकोपदंशम्।

**વિશેષતા :**

(૧) આ સૂત્રમાં वा શબ્દ નિત્ય સમાસની નિવૃત્તિ માટે છે. તેથી, હવે પછીનાં સૂત્રથી થતાં સમાસમાં સ્વપદ વિગ્રહ વાક્ય પ્રયોગ પણ પ્રાપ્ત થાય છે.

(૨) 'સૂત્રમાં તૃતીયા વિભક્ત્યન્તથી કહેવાયેલ' એ પ્રમાણે નિર્દેશ કર્યો છે. તેથી दंशेस्तृ०૫.૪.૭૩થી આરંભીને

आनुलोम्ये०૫.૪.૮૮ સૂત્રમાં તૃતીયા વિભક્ત્યન્ત ઉપપદ નિમિત્તક જે કૃત્ પ્રત્યયો જણાવેલ છે તદન્ત નામ આ સૂત્રનાં વિષયભૂત બને છે.

## नञ् ३.१.५१

**અ.અ.સૂ. : नञ् नाम नाम्ना ऐकार्थ्ये समासः, तत्पुरुषः च, अन्यः ।**

**અર્થ** : नञ् નામ, અન્ય નામની સાથે ઐકાર્થ્યે જણાતે છતે સમાસ પામે છે. અને તે તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

ઉદા. (૧) **अगौः गवयः** = ગાય નહીં પણ ગવય.
આ સૂત્રથી नञ् અને गोनो સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી नञ्नो પૂર્વનિપાત→**न**+गो
नञत् ૩.૨.૧૨૫થી नञ्नो अत्→**अगो**
પ્રથમા सि વગેરે→अगौः।

(૨) **असूर्यंपश्या राजदाराः** = સૂર્યને પણ નહીં જોનારી રાજરાણી.
सूर्यमपि न पश्यन्तीति।
આ સૂત્રથી नञ् અને सूर्यनो સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી नञ्नो પૂર્વનિપાત→**न**+सूर्य
नञत् ૩.૨.૧૨૫થી नञ्नो अत्→**असूर्य**
હવે, असूर्य+दृश् અવસ્થામાં,
असूर्योग्राद्०૫.૧.૧૨૬થી खश् પ્રત્યય વગેરે કાર્ય થતાં→
असूर्य**म्पश्या**।

**વિશેષતા :**

नञ् અવ્યયનાં અર્થ બે પ્રકારે છે.

(a) **પર્યુદાસ નઞર્થ :** નિર્વર્ત્યમાન પદનાં અર્થથી ભિન્ન પણ તત્સદૃશ કોઈક અન્ય પદનો અર્થ.

(b) **પ્રસજ્ય નઞર્થ :** નિર્વર્ત્યમાન પદનાં અર્થનો તદ્દન અભાવ સ્વરૂપ.

અહીં પ્રાયઃ પર્યુદાસ નઞર્થમાં જ नञ् અવ્યયનો સમાસ થતો હોય છે. કારણકે પ્રસજ્ય પ્રતિષેધ તદ્દન અભાવ સ્વરૂપ હોવાથી अस्ति આદિ ક્રિયા સાથે સંબંધ ધરાવે છે. જેથી નામ પદની સાથે તેમાં સમાસનું સામર્થ્ય રહેતું નથી. પરંતુ न वचनमिति अवचनम् ઈત્યાદિ સ્થાને ક્રિયાવાચક પદ નામ સ્વરૂપે પ્રયુક્ત થયું હોવાથી પ્રસજ્ય પ્રતિષેધ હોતે છતે પણ સમાસ પામે છે. જે 'પ્રાયઃ' પદ દ્વારા જણાવાયું છે.

અહીં ધ્યાનમાં લેવું કે, આ સમાસ न गौरिति **अगौः** 'જે ગાય નથી ગવયાદિ' એ પ્રમાણે પદની નિર્વર્ત્ય-માનતાની પ્રતીતિ કરાવે છે. તે ચાર પ્રકારે છે :

(a) **તત્સદૃશ : अब्राह्मणः क्षत्रियादिः** = બ્રાહ્મણ નહીં તેની સમાન જાતિવાળો ક્ષત્રિય વગેરે.

(b) **તદ્‌વિરુદ્ધ : अधर्मः पापः** = ધર્મ નહીં પણ ધર્મથી વિરુદ્ધ પાપ.

(c) **તદન્ય : अनग्निः तृणादिः** = અગ્નિ સિવાયનાં તૃણ વગેરે.

(d) **તદભાવ : अवचनम्** = વચનનો અભાવ.

## पूर्वा-ऽपरा-ऽधरोत्तरमभिन्नेनांशिना ३.१.५२

**અ.અ.સૂ. : पूर्वा-ऽपरा-धरोत्तरं नाम अभिन्नेन अंशिना नाम्ना ऐकार्थ्ये समासः, तत्पुरुषः च, अन्यः।**

**અર્થ** : पूर्व, अपर, अधर અને उत्तर નામ, તેનાં અભિન્ન અંશિવાચી નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

**સ.** **पूर्वा-ऽपराधरोत्तरम्** = पूर्वश्च अपरश्च अधरश्च उत्तरश्च इति।

**ઉદા.** (૧) **पूर्वकायः** = કાયનો પૂર્વભાગ. कायस्य पूर्व इति।
આ સૂત્રથી पूर्व અને कायनो સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી पूर्वनो પૂર્વનિપાત→**पूर्व**+काय
પ્રથમા सि વગેરે→पूर्वकायः।

(૨) **अपरकायः** = કાયાનો પાછળનો ભાગ.
कायस्याऽपर इति।

(૩) **अधरकायः** = કાયાનો નીચેનો ભાગ. कायस्याऽधर इति।

(૪) **उत्तरकायः** = કાયાનો ઉપરનો ભાગ. कायस्योत्तर इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**પ્ર.ઉદા.** (૧) **अभिन्नेनेति किम् ? पूर्वं छात्राणामान्त्रयस्व** = બધા છાત્રમાં પૂર્વ છાત્રને તું આમંત્રણ આપ.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉત્તરપદ અભિન્ન અંશીવાચક નામ હોય તો જ થાય છે. જ્યારે અહીં છાત્રો ભિન્ન આંશીવાચી નામ છે. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

(૨) **अंशिनेति किम् ? पूर्वो नाभेः कायस्य** = નાભિથી શરીરનો પૂર્વભાગ.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉત્તરપદ અંશીવાચી નામ હોય તો જ થાય છે. જ્યારે અહીં ઉત્તરપદ અવધિવાચી નામ છે. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) યદ્યપિ पूर्वकायः વગેરે સમાસ षष्ठ्ययत्ना०૩.૧.૭૬થી ષષ્ઠી તત્પુરુષ તરીકે સિદ્ધ જ હતાં. પરંતુ અંશવાચી पूर्व વગેરે નામનો પૂર્વનિપાત કરવા માટે જ આ સૂત્રનો નિર્દેશ જાણવો. અને તેથી આ સમાસ ષષ્ઠી તત્પુરુષનાં અપવાદ સ્વરૂપે જ્ઞાપિત કરાય છે. જેનાં દ્વારા कायपूर्वम् વગેરે અનિષ્ટ પ્રયોગોનો બાધ કરવામાં આવે છે.

(૨) અહીં સૂત્રગત अभिन्न પદમાં પ્રસજય નञ्‌નો નિર્દેશ છે. માટે 'અભિન્ન એટલે પરસ્પર જોડાયેલું એમ ન કહેતાં ભેદનાં અભાવવાળો' એમ જ કહેવું. તેથી पूर्वं पाणि पादस्य એમાં पाणि અને पादનો સમાહાર દ્વન્દ્વ સમાસ હોવાથી અભિન્નતા પ્રગટ થાય છે. પરંતુ पाणि च पाद चेति એ પ્રમાણે વિગ્રહ વાક્ય દ્વારા ભેદની પ્રતીતિ પણ હોવાથી આ સૂત્ર દ્વારા સમાસ થશે નહીં.

(૩) અહીં ધ્યાનમાં લેવું કે, पूर्वो नाभेः कायस्य એ પ્રમાણે पूर्व શબ્દનું સામર્થ્ય માત્ર काय સાથે નહીં પણ અવધિ વાચી नाभि સાથે પણ છે. માટે **सापेक्षमसमर्थम् ૨/૨૮** ન્યાયાનુસારે અહીં पूर्व અને कायનો સમાસ નહીં થાય.

## सायाह्नादयः ३.१.५३

અ.અ.સૂ. : **सायाह्नादयः ( अंशिना ) तत्पुरुषः समासः ।**

અર્થ : सायाह्न વગેરે અંશી તત્પુરુષ સમાસ નિપાતન પામે છે.

સ. **सायाह्नादयः** = सायाह्न आदिर्येषां ते इति।

ઉદા. (૧) **सायाह्नः** = દિવસનો અંતભાગ (સાંજ).
अह्नः सायमिति।
આ સૂત્રથી सायं અને अहन्નો સમાસ તથા,
संख्या-साय૦૧.૪.૫૦ નિર્દિષ્ટ सायનાં બળથી म्નો
લોપ→साय+अहन्
सर्वांश-संख्या૦૭.૩.૧૧૮થી अट् સમાસાન્ત અને अह्न्
આદેશ→साय+**अह्न्**+**अ**
પ્રથમા सि વગેરે→सायाह्नः।

(૨) **मध्यन्दिनम्** = દિવસનો મધ્યભાગ (બપોર).
दिनस्य मध्यमिति।
આ સૂત્રથી मध्य અને दिनનો સમાસ તથા,
નિપાતનસામર્થ્યથી मध्यનો પૂર્વનિપાત→**मध्य**+दिन
लोकम्पृण૦૩.૨.૧૧૩થી न् નિપાતન→मध्य**न्**दिन
પ્રથમા सि વગેરે→मध्यन्दि**नम्**।

**વિશેષતા :**

(૧) **सायाह्नादि ગણથી સિદ્ધ થતાં સમાસો :** सायाह्न, मध्याह्न, मध्यन्दिन, मध्यरात्र વગેરે.
સૂત્રમાં બહુવચન આકૃતિગણ માટે છે. તેથી અન્ય પણ આના જેવા પ્રયોગોનો આ ગણમાં સમાવેશ થાય છે.

(૨) અહીં પણ अह्नः सायम् ઇત્યાદિ વિગ્રહવાળા षष्ठ्य यत्ना०३.१.७६ દ્વારા થતાં ષષ્ઠી તત્પુરુષ સમાસનો બાધ થાય છે. અને सायं વગેરે નામનો પૂર્વનિપાત થાય છે.

જિ. : साय શબ્દનો અર્થ સાંજ એટલે કે દિવસનો અંતભાગ એવો જ થાય છે. તો તેનો દિવસવાચી अह्न् નામ સાથે સમાસ કરવા દ્વારા તેમાં પુનઃ દિવસ અર્થનું સંયોજન શી રીતે થાય? અર્થાત્ દિવસનાં દિવસનો અંતભાગ આવો અર્થ શી રીતે બોલાય?

સમા. : તમારી વાત સાચી છે. પરંતુ **विशिष्टवाचकपदस्य सति विशेषणवाचक-पदसमभिव्याहारे विशेष्यमात्र परत्वम्।** એમ નિયમ હોવાથી વિશેષણનાં અર્થથી વિશિષ્ટ પદનો પુનઃ વિશેષણવાચી પદ સાથે પ્રયોગ કરવામાં આવે ત્યારે તે વિશિષ્ટ પદનો અર્થ માત્ર વિશેષ્ય પરક જ થાય છે. તેથી જ नृत्यति ક્રિયાપદનો અર્થ 'તે નૃત્ય કરે છે.' એવો હોવા છતાં પણ नृत्यं नृत्यति વાક્યનો અર્થ પણ 'તે નૃત્ય કરે છે' તેમ જ થાય છે. પણ 'તે નૃત્યને નૃત્ય કરે છે' એવો થતો નથી. તેવા પ્રયોગમાં नृत् ધાતુનો અર્થ ઉપરોક્ત નિયમાનુસારે માત્ર 'કરવું' એ પ્રમાણે થાય છે. પણ 'નૃત્ય કરવું' એમ નહીં. તે જ રીતે અહીં પણ साय શબ્દનો અર્થ દિવસનો અંતભાગ હોવા છતાં પણ सायाह्नः આદિ સમાસમાં सायंનો અર્થ માત્ર 'અન્તભાગ' એટલો જ કરવો.

## समेंऽशेऽर्धं नवा ३.१.५४

**અ.અ.સૂ. : समे अंशे अर्धं नाम अभिन्नेन अंशिना नाम्ना ऐकार्थ्ये समासः, तत्पुरुषः च, अन्यः।**

**અર્થ** : સમાન અંશમાં વર્ત્તતું अर्ध નામ, અભિન્ન અંશીવાચી નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

ઉદા. **अर्द्धपिप्पली/पिप्पल्यर्द्धम्** = પીપરનાં સરખાં ભાગ.
पिप्पल्या अर्द्धमिति।
આ સૂત્રથી अर्द्ध અને पिप्पलीનો સમાસ તથા,
प्रथमोक्तं० ૩.૧.૧૪૮થી अर्द्धનો પૂર્વનિપાત→
**अर्द्ध**+पिप्पली
પ્રથમા सि વગેરે→अर्द्धपिप्पली।
**વિકલ્પે :** આ સૂત્રથી સમાસ ન થાય ત્યારે,
षष्ठ्ययत्ना० ૩.૧.૭૬થી સમાસ તથા,
प्रथमोक्तं० ૩.૧.૧૪૮થી पिप्पलीનો પૂર્વનિપાત→
**पिप्पली**+अर्द्ध
પ્રથમા सि વગેરે→पिप्यल्य**र्द्धम्**।

પ્ર.ઉદા. **समेंऽश इति किम् ? ग्रामार्द्धः** = ગામનો અડધો ભાગ.
ग्रामस्याऽर्द्ध इति।
षष्ठ्ययत्ना० ૩.૧.૭૬થી ग्राम અને अर्द्धનો સમાસ તથા,
प्रथमोक्तं० ૩.૧.૧૪૮થી ग्रामનો પૂર્વનિપાત→**ग्राम**+अर्द्ध
પ્રથમા सि વગેરે→ग्रामार्द्धः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ अर्द्ध પૂર્વપદ સમાન અંશ અર્થક હોય તો થાય છે. જ્યારે અહીં સમાન અંશની વિવક્ષા નથી. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) અહીં સૂત્રનિર્દિષ્ટ नवा પદ અંશી તત્પુરુષ સમાસને વિકલ્પે કરી ષષ્ઠી તત્પુરુષ સમાસ કરવા માટે છે.

(૨) યદ્યપિ અહીં अर्धं च सा पिप्पली च એ પ્રમાણે કર્મધારય સમાસ વડે જ પ્રયોગ સિદ્ધ થાય છે. પરંતુ ભેદની વિવક્ષામાં વિકલ્પપક્ષે ષષ્ઠી સમાસનો બાધ કરવા માટે અને અસમાન અંશમાં કર્મધારય સમાસનો નિષેધ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. તેથી अर्द्धश्वासौ ग्रामश्च ઇત્યાદિ અસમાન અંશ વિષયક પ્રયોગોમાં સમાસ થશે નહીં.

(૩) અહીં ધ્યાનમાં લેવું કે, अर्ध શબ્દ અસમાન સામાન્ય ખંડ અને સમાન વિભાગ એમ બંને અર્થમાં વર્ત્તે છે. ત્યાં 'અસમાન ખંડ' અર્થનાં વિષયમાં **अर्धसुदर्शन देवमहना...१/११** એ પ્રમાણે વચનથી પુલિંગમાં છે. અને 'સમાન વિભાગ' અર્થનાં વિષયમાં **धर्मं दानादिके तुल्यभागेऽर्धं ब्राह्मणं श्रुतौ ३/७** એ પ્રમાણે વચનથી નપુંસકલિંગમાં વર્ત્તે છે. આ સૂત્રમાં समेंऽशे એ પ્રમાણે સમાન વિભાગ અર્થવાળાં अर्ध શબ્દનું ગ્રહણ હોવાથી નપુંસક લિંગનું જ ગ્રહણ કરવું.

(૪) અહીં સૂત્રમાં અન્ય નામ સ્વરૂપે અભિન્ન અંશીવાચક પદ અભિપ્રેત છે. તેથી, अर्धं पिप्पलीनाम् ઇત્યાદિ પ્રયોગમાં બહુવચનતયા પિપ્પલીનાં વિષયમાં અભિન્નતાનો બોધ ન થતો હોવાથી સમાસ થતો નથી. યદ્યપિ अर्धपिप्पल्यः ઇત્યાદિ બહુવચનાન્ત પ્રયોગ ક્યાંક દેખાય છે. પરંતુ તેમાં સર્વપ્રથમ એકવચનાન્ત पिप्पली પદની સાથે અભિન્ન અંશીવાચી નામનો અભિન્નની વિવક્ષાએ अर्ध પદ સાથે સમાસ કરવામાં આવ્યો છે. અને ત્યારબાદ अर्धपिप्पली च अर्धपिप्पली च अर्धपिप्पली च इति अर्धपिप्पल्यः એ પ્રમાણે એક શેષ પ્રક્રિયા દ્વારા બહુવચનાન્ત પ્રયોગની સિદ્ધિ જાણવી.

(૫) અહીં કેટલાંક વ્યાકરણકારો અસમાન અંશમાં જ ષષ્ઠી તત્પુરુષ સમાસ ઇચ્છે છે. અને સમાન અંશમાં વિકલ્પનું ગ્રહણ ન કરતાં નિત્ય અંશી તત્પુરુષ સમાસ જ ઇચ્છે છે.

## जरत्यादिभिः ३.१.५५

**અ.અ.સૂ. : अर्द्धं नाम जरत्यादिभिः अभिन्नैः अंशिभिः नामभिः ऐकार्थ्ये समासः नवा, तत्पुरुषः च, अन्यः ।**

**અર્થ** : अर्द्ध નામ, जरती વગેરે અભિન્ન અંશીવાચક નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે વિકલ્પે સમાસ પામે છે. અને તે તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

સ. **जरत्यादिभिः** = जरती आदिर्येषां ते इति जरत्यादयः तैरिति।

ઉદા. (१) **अर्द्धजरती/जरत्यर्द्धः** = અડધી ઘરડી. जरत्या अर्द्धमिति।
આ સૂત્રથી अर्द्ध અને जरतीनो સમાસ તથા,
प्रथमोक्तं० ३.१.१४८થી अर्द्धनो પૂર્વનિપાત→
**अर्द्ध**+जरती।
પ્રથમા सि વગેરે→अर्द्धजरती।
**વિકલ્પે :** આ સૂત્રથી સમાસ ન થાય ત્યારે,
षष्ठ्ययत्ना० ३.१.७६થી अर्द्ध અને जरतीनो સમાસ તથા,
प्रथमोक्तं० ३.१.१४८થી जरतीनो પૂર્વનિપાત→
**जरती**+अर्द्ध
પ્રથમા सि વગેરે→जरत्यर्द्धः।

(२) **अर्द्धोक्तम्/उक्तार्द्धमः** = અડધું કહેલું. उक्तस्य अर्द्धमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**વિશેષતા :**

(१) **जरत्यादि ગણથી સિદ્ધ થતાં સમાસો :** अर्धजरती, अर्धवैशसम्, अर्धोत्तम्, अर्धविलोकितम् વગેરે. સૂત્રમાં બ.વ. આકૃતિગણ માટે છે. તેથી આના જેવા જણાતાં અન્ય પ્રયોગોનો પણ આ ગણમાં સમાવેશ થાય છે.

(२) अर्द्धजरती વગેરે સમાસનાં વિષયમાં અસમાન અંશમાં પણ પ્રવૃત્તિ કરવા માટે આ સૂત્રનો પૂર્વસૂત્રથી પૃથક્ નિર્દેશ જાણવો. તથા, પૂર્વસૂત્રની જેમ અહીં પણ ભેદની વિવક્ષામાં વિકલ્પપક્ષે ષષ્ઠી તત્પુરુષ સમાસનો બાધ થાય છે.

## द्वि-त्रि-चतुष्पूरणा-ऽग्रादयः ३.१.५६

**અ.અ.સૂ. : द्वि-त्रि-चतुष्पूरणा-ऽग्रादयः नामानि अभिन्नेन अंशिना नाम्ना ऐकार्थ्ये समासः नवा, तत्पुरुषः च, अन्यः।**

**અર્થ** : પૂરણ પ્રત્યયાન્ત द्वि, त्रि, चतुर् નામ તથા अग्र વગેરે નામ, અભિન્ન અંશીવાચી નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે વિકલ્પે સમાસ પામે છે. અને તે તત્પુરુષ-સંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

**સ.** **द्वि-त्रि-चतुष्पूरणा-ऽग्रादयः** = द्विश्च त्रिश्च चत्वारश्च इति द्वित्रिचत्वारः, द्वि-त्रि-चत्वारश्च ते पूरणाश्च इति द्वित्रि चतुष्पूरणाः, अग्रमादिर्येषां ते इति अग्रादयः द्वि-त्रि-चतुष्पूरणाश्च अग्रादयश्चेति।

ઉદા. (૧) **द्वितीयभिक्षा/भिक्षाद्वितीयम्** = ભિક્ષાનો બીજો ભાગ.
भिक्षायाः द्वितीयमिति।
આ સૂત્રથી द्वितीय અને भिक्षाનો સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી द्वितीयाનો પૂર્વનિપાત→
द्वितीय+भिक्षा।
परतः स्त्री०૩.૨.૪૯થી પુંવત્ભાવ→द्विती**य**+भिक्षा
પ્રથમા सि વગેરે→द्वितीयभिक्षा।
**વિકલ્પે** : આ સૂત્રથી સમાસ ન થાય ત્યારે,
षष्ठ्ययत्ना०૩.૧.૭૬થી भिक्षा અને द्वितीयનો સમાસ,
તથા, प्रथमोक्तं०૩.૧.૧૪૮થી भिक्षाનો પૂર્વનિપાત→
**भिक्षा**द्वितीय
પ્રથમા सि વગેરે→भिक्षाद्विती**यम्**।

(૨) **तृतीयभिक्षा/भिक्षातृतीयम्** = ભિક્ષાનો ત્રીજો ભાગ.
भिक्षायाः तृतीयमिति।

(૩) **तुर्यभिक्षा/भिक्षातुर्यम्** = ભિક્ષાનો ચોથો ભાગ.
भिक्षायाः तुर्यमिति।

(૪) **अग्रहस्तः/हस्ताग्रः** = હાથનો અગ્રભાગ.
हस्तस्याऽग्रमिति।

(૫) **तलपादः/पादतलम्** = પગનું તળિયું. पादस्य तलमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**વિશેષતા :**

(૧) યદ્યપિ આ સૂત્રમાં नित्यम्નો અધિકાર ન હોવાથી વિકલ્પ પક્ષમાં સ્વપદ-વિગ્રહ વાક્ય તો સિદ્ધ જ હતું. તેથી વિકલ્પે ષષ્ઠી તત્પુરુષ સમાસની પ્રાપ્તિ માટે સૂત્રમાં वाની અનુવૃત્તિ ગ્રહણ કરી છે. તેથી तृप्तार्थ-पूरणा०૩.૧.૮૫ સૂત્રમાં પૂરણ પ્રત્યયાન્ત નામને ષષ્ઠી તત્પુરુષનો નિષેધ હોવા છતાં પણ સૂત્રગત वाનાં સામર્થ્યથી અભિન્ન અંશીવાચી નામની સાથે અંશવાચી નામ સ્વરૂપે વિકલ્પે સમાસ પ્રાપ્ત થશે.

(૨) **अग्रादि ગણથી સિદ્ધ સમાસો :** अग्रहस्तः, तलपादः, ऊर्ध्वकायः વગેરે. સૂત્રમાં બ.વ. આકૃતિગણ માટે છે. તેથી આના જેવા અન્ય પ્રયોગો પણ આ ગણમાં સમાવિષ્ટ થાય છે.

(૩) **द्वन्द्वात्परः प्रत्येकमभिसम्बध्यते ३/१५** ન્યાયાનુસારે द्वन्द्व સમાસનાં ઘટકીભૂત द्वि, त्रि, चतुर् એ ત્રણે પદનો અન્વય પૂરણ સાથે થાય છે.

(૪) અહીં ધ્યાનમાં લેવું કે, સૂત્રગત પૂરણ પદ द्वि-त्रि-चतुर्નું વિશેષણ છે. તેથી प्रथमोक्तं०૩.૧.૧૪૮ સૂત્ર

દ્વારા તેનો પૂર્વનિપાત થવો જોઈએ, પરંતુ સૂત્ર-સામર્થ્યથી જ અહીં द्वि-त्रि-चतुर्‌ની પછી મૂકાયેલ છે.

## कालो द्विगौ च मेयैः ३.१.५७

**અ.અ.સૂ. : द्विगौ च कालः नाम मेयैः नामभिः ऐकार्थ्ये समासः, तत्पुरुषः च, अन्यः।**

**અર્થ** : દ્વિગુનાં વિષયમાં વર્ત્તતું કાળવાચી નામ તથા સામાન્ય એકવચનાન્ત કાળવાચી નામ, મેયવાચી નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે તત્પુરુષ-સંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

ઉદા. (૧) **मासजातः** = જન્મ્યાનો મહિનો થયો છે જેને તે.
जातस्य मास इति।
આ સૂત્રથી मास અને जातनो સમાસ તથા,
प्रथमोक्तं० ૩.૧.૧૪૮થી मासनो પૂર્વનિપાત→**मास**+जात
પ્રથમા सि વગેરે→मासजातः।

(૨) **एकमासजातः** = જન્મ્યાનો એક મહિનો થયો છે જેને તે.
एको मासो जातस्येति।
एक અને मास વચ્ચે દ્વિગુ સંજ્ઞાનો વિષય હોવાથી,
આ સૂત્રથી एक, मास અને जातनो સમાસ તથા,
प्रथमोक्तं० ૩.૧.૧૪૮થી एक, मासनो પૂર્વનિપાત→
**एक**+**मास**+जात
પ્રથમા सि વગેરે→एकमासजातः।

(૩) **द्व्यह्नसुप्तः** = સુવાનાં બે દિવસ છે જેને તે.
द्वे अहनी सुप्तस्येति।

द्वि અને अहन् વચ્ચે દ્વિગુ સંજ્ઞાનો વિષય હોવાથી, આ સૂત્રથી द्वि, अहन् અને सुप्तनो સમાસ તથા, प्रथमोक्तं०૩.૧.૧૪૮થી द्वि अहन्નો પૂર્વનિપાત→

**द्वि+अहन्**+सुप्त

આ સૂત્રથી द्वि+अहन्ને તત્પુરુષ સંજ્ઞા થવાથી, सर्वांश-संख्या०૭.૩.૧૧૮થી अट् અને अह्न्→

**द्व्यह्न**+सुप्त

પ્રથમા सि વગેરે→द्व्यह्नसुप्तः।

પ્ર.ઉદા.(૧) **काल इति किम्? द्रोणो धान्यस्य** = ધાન્યનો દ્રોણ. (દશ શેર માપવાનું સાધન).

★ આ સૂત્રની પ્રવૃત્તિ પૂર્વપદ કાળવાચી નામ હોય તો થાય છે. જ્યારે અહીં धान्य કાળવાચી નામ નથી. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) કાળનો મેયવાચી નામની સાથે અંશ-અંશી રૂપ સંબંધનો જ અભાવ હોવાથી અહીં **संभवे व्यभिचारे च विशेषण-मर्थवत् २/५७** ન્યાયાનુસારે अभिन्नेन अंशिनानो અધિકાર અટકી ગયો છે. અને તેથી તત્સંબદ્ધ नवानो અધિકાર પણ અટકી ગયો.

(૨) સૂત્રમાં ચકારનું ગ્રહણ 'દ્વિગુરહિત કાળવાચી' એ પ્રમાણે અનુક્ત નામનાં ગ્રહણ માટે છે.

(૩) અહીં પણ पूर्वा-ऽपरा०૩.૧.૫૨ સૂત્રની જેમ જ આ સૂત્ર પણ ષષ્ઠી તત્પુરુષ સમાસનું અપવાદ સૂત્ર જાણવું. તેથી जातमासः જેવા અનિષ્ટ પ્રયોગોનો બાધ થતાં मास વગેરેનો પૂર્વનિપાત પ્રાપ્ત થાય છે.

(૪) અહીં સૂત્રગત मेयैः પદ દ્વારા અન્ય નામ તરીકે મેયવાચી પદ અભિપ્રેત છે. અને ત્યાં જન્મ આદિથી લઈને વર્ષ, માસ આદિની ગણતરી હોવાથી जात વગેરે પદ જ મેયવાચી બને છે. પણ, તદ્વિશેષ્યભૂત चैत्र વગેરે દ્રવ્ય નહીં. અને તેથી જ પ્રાયઃ क्त પ્રત્યયાન્ત મેયવાચી નામની સાથે જ આ સમાસ ઇચ્છાય છે. માટે मासो गच्छतः, वर्षमधीयानस्य, मासो गन्तुं वर्त्तते ઇત્યાદિ પ્રયોગોમાં સમાસ થતો નથી. તેમજ, ઉપરોક્ત મેયત્વની વ્યાખ્યા માસવાચી, વર્ષવાચી, દિવસવાચી, મુહૂર્ત્તવાચી વગેરે કાળ વિશેષમાં જ ઘટતી હોવાથી તેનું ગ્રહણ કરવું, પણ સમય, વેળા આદિ શબ્દનું નહીં.

(૫) અહીં આ વ્યાકરણમાં काल એ પ્રમાણે સંજ્ઞાનું વિધાન ન હોવાથી **स्वं रुपं शब्दस्याऽशब्दसंज्ञा १/१** ન્યાયાનુસારે काल શબ્દનું જ ગ્રહણ હોવું જોઈએ પણ લોકરૂઢ તદ્વાચક વર્ષ, માસ ઇત્યાદિનું ગ્રહણ થશે નહીં. પરંતુ काल પદ પોતે જ સ્વની વાચકતામાં લાક્ષણિક હોવાથી જ્યાં-જ્યાં પણ તેનો પ્રયોગ થાય છે, ત્યાં-ત્યાં તદ્વાચક વર્ષ, માસ ઇત્યાદિમાં જ તેની લક્ષણા કરવામાં આવે છે.

જિ. : एकमासजातः એ પ્રમાણે સમાસમાં एकानां मासानां समाहारः એમ કાળવાચી દ્વિગુ સમાસ સિદ્ધ જ હતો. તેથી માત્ર जात પદ સાથે જ સમાસની અપેક્ષા રહેતી હતી. તો સૂત્રમાં द्विगौ પદનું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : અહીં દ્વિગુ પદનું ગ્રહણ દ્વિગુસંજ્ઞક બે પદનો जात વગેરે એક પદ સાથે સમાસ કરવા માટે છે. અન્યથા नाम नाम्ना એ પ્રમાણેની અનુવૃત્તિ આવતી હોવાથી એક નામનો જ એક નામ સાથે સમાસ થઈ શકત.

## स्वयं-सामी क्तेन ३.१.५८

અ.અ.સૂ. : **स्वयं-सामी नाम क्तेन नाम्ना ऐकार्थ्ये समासः, तत्पुरुषः च, अन्यः।**

અર્થ : स्वयं અને सामी નામ, क्त પ્રત્યયાન્ત નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે તત્પુરુષ-સંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

સ. **स्वयं-सामी** = स्वयं च सामि चेति।

ઉદા. (૧) **स्वयंधौतम्** = સ્વયં ધોવાયેલું. स्वयं धौतमिति।
આ સૂત્રથી स्वयं અને धौतનો સમાસ તથા,
प्रथमोक्तं० ૩.૧.૧૪૮થી स्वयंનો પૂર્વનિપાત→**स्वयं**+धौत
પ્રથમા सि વગેરે→स्वयंधौतम्।

(૨) **सामीकृतम्** = અડધું કરાયેલું. सामि कृतमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **क्तेनेति किम्? स्वयं कृत्वा** = પોતે કરીને.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉત્તરપદ क्त પ્રત્યયાન્ત નામ હોય તો થાય છે. જ્યારે અહીં क्त्वा પ્રત્યયાન્ત નામ છે માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

વિશેષતા :

(૧) યદ્યપિ અહીં स्वयं धौतमिति स्वयंधौतम् એ પ્રમાણે સ્વપદ વિગ્રહ વાક્ય અને સમાસ બંને એક સમાન જ જણાય છે. પરંતુ સમાસમાં એકપદપણું પ્રાપ્ત થતાં તદ્ધિત નિમિત્તક આદિ સ્વરની વૃદ્ધિ પૂર્વપદનાં આદિ સ્વરનાં વિષયમાં પ્રાપ્ત થાય છે. જેમકે, स्वायंधौतिः।

(૨) અહીં स्वयं શબ્દ પોતે જ કર્તૃવાચક અને કરણવાચક હોતે છતે પણ તૃતીયા વિભક્ત્યન્ત टा પ્રત્યયાન્ત પદ નથી. તેથી कारकं कृता ૩.૧.૬૮ વગેરે સૂત્રથી પણ સમાસની પ્રાપ્તિ ન હતી. તથા, सामी શબ્દ અર્ધ અર્થવાળો હોવાથી સ્વયં વિશેષણ હોવાનાં કારણે કદાચિત્ યાદચ્છિકતયા વિશેષણ-વિશેષ્યભાવેન क्त પ્રત્યયાન્ત પદનો પૂર્વ પ્રયોગ થવાની આપત્તિ આવે. તેનું વારણ કરવા માટે આ સૂત્રમાં નિર્દેશ છે.

## द्वितीया खट्वा क्षेपे ३.१.५९

**અ.અ.સૂ. : द्वितीया खट्वा नाम क्तेन नाम्ना क्षेपे ऐकार्थ्ये समासः, तत्पुरुषः च, अन्यः।**

**અર્થ** : દ્વિતીયા વિભક્ત્યન્ત खट्वा નામ, क्त પ્રત્યયાન્ત નામની સાથે નિંદા અર્થ જણાતે છતે સમાસ પામે છે. અને તે તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

ઉદા. (૧) **खट्वारुढः जाल्मः** = ખાટલાં પર ચઢેલો લુચ્ચો.

(खट्वामारुढ इति।)[१]

આ સૂત્રથી खट्वा અને आरुढનો સમાસ તથા, प्रथमोक्तं०૩.૧.૧૪૮થી खट्वाનો પૂર્વનિપાત→

**खट्वा**+आरुढ

પ્રથમા सि વગેરે→खट्वारुढः।

પ્ર.ઉદા. **क्षेप इति किम् ? खट्वामारुढः पिताऽध्यापयति** = ખાટલા પર બેઠેલા પિતા ભણાવે છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ નિંદા અર્થ જણાતો હોય તો થાય છે. જ્યારે અહીં માત્ર પિતાનું કર્તૃત્વ જણાવાય છે. પણ નિંદા અર્થ ગમ્યમાન નથી. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

**વિશેષતા :**

આ સૂત્રની પ્રવૃત્તિ નિંદા અર્થનાં વિષયમાં જ થાય છે તે નિંદા અર્થ પૂર્વપદાર્થ કે ઉત્તરપદાર્થથી ગમ્યમાન નથી. પરંતુ સમાસ રૂપ સમુદાય દ્વારા જ પ્રસિદ્ધ છે. તેથી અહીં સ્વપદ વિગ્રહ વાક્ય વડે પણ નિંદા અર્થનો બોધ થતો નથી. માટે સૂત્રમાં नित्यम्નો અધિકાર ન હોવા છતાં પણ આ સમાસની નિત્યતા જાણવી.

---

૧. સમાસ પ્રકરણમાં કેટલાંક સમાસો અવિગ્રહ નિત્ય સમાસ હોવાથી તેઓનો વિગ્રહ થતો જ નથી. માત્ર અર્થબોધ અને ઉત્તરપદાર્થ - પૂર્વપદાર્થનાં વિભાગ માટે તે દર્શાવ્યાં છે માટે કૌંસમાં લખેલ છે.

## कालः ३.१.६०

અ.અ.સૂ. : **द्वितीया कालः नाम क्तेन नाम्ना ऐकार्थ्ये समासः, तत्पुरुषः च, अन्यः।**

અર્થ : દ્વિતીયા વિભક્ત્યન્ત કાળવાચી નામ, क्त પ્રત્યયાન્ત નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

ઉદા. (૧) **रात्र्यारुढाः** = રાત્રિ ઉપર આરોહણ થયેલાં.
रात्रिम् आरुढा इति।
આ સૂત્રથી रात्रि અને क्त પ્રત્યયાન્ત आरुढનો સમાસ તથા, प्रथमोक्तं०૩.૧.૧૪૮થી रात्रिનો પૂર્વનિપાત→
**रात्रि**+आरुढा
પ્રથમા सि વગેરે→रात्र्यारुढाः।

(૨) **अहरतिसृताः** = દિવસને ઓળંગી ગયેલા.
अहः अतिसृता इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**વિશેષતા :**

(૧) ઉત્તરસૂત્રમાં વ્યાપ્તિ અર્થનો નિર્દેશ હોવાથી અવ્યાપ્તિનાં વિષયમાં તત્પુરુષ સમાસ કરવા માટે આ સૂત્રનો આરંભ જાણવો.

(૨) અહીં कालो द्विगौ०૩.૧.૫૭ની જેમ काल પદથી કાળવાચી વિશેષ નામનું ગ્રહણ કરવું.

(૩) અહીં બૃ.વૃ.માં रात्र्यारुढः, अहरतिसृताः ઇત્યાદિ ઉદા. દ્વારા ચર અને અચર એવા છ મુહૂર્ત્ત ગ્રહણ કરવામાં આવ્યા છે. અહીં આશય એ છે કે, દિવસ અને રાત્રિનાં કુલ ૩૦ મુહૂર્ત્ત હોય છે. જેમાંથી દિવસનાં ૧૨ મુહૂર્ત્ત અને રાત્રિનાં ૧૨ મુહૂર્ત્ત નિશ્ચિત હોય છે. પરંતુ તે સિવાયનાં છ મુહૂર્ત્ત નિશ્ચિત હોતાં નથી. તે છ મુહૂર્ત્ત દક્ષિણાયન કાળમાં રાત્રિમાં સમાવિષ્ટ પામે છે. અને ઉત્તરાયણ કાળમાં દિવસમાં સમાવિષ્ટ પામે છે. તેથી કેટલાંક કાળ સુધી રાત્રિને પામ્યા પછી તે જ મુહૂર્ત્તો પુનઃ દિવસને પણ પામે છે. એવા પ્રકારની અનિશ્ચિતતા હોવાથી અહીં અવ્યાપ્તિનો ભાવ ગ્રહણ થાય છે.

## व्याप्तौ ३.१.६१

**અ.અ.સૂ. : व्याप्तौ द्वितीया कालः नाम नाम्ना ऐकार्थ्ये समासः, तत्पुरुषः च, अन्यः।**

**અર્થ** : ગુણ, ક્રિયા અને દ્રવ્યની સાથે અત્યન્ત સંયોગ રૂપ વ્યાપ્તિમાં કરાયેલાં દ્વિતીયા વિભક્ત્યન્ત કાળવાચી નામ, વ્યાપક અર્થવાળાં નામની સાથે સમાસ પામે છે. અને તે તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

ઉદા. (૧) ગુણ→**मुहूर्त्तसुखम्** = મુહૂર્ત્ત સુધી સતત સુખ.
मुहूर्त्तं सुखमिति।

આ સૂત્રથી मुहूर्त્ત અને सुखनો સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી मुहूर्त्तनો પૂર્વનિપાત→**मुहूर्त्त**+सुख
પ્રથમા सि વગેરે→मुहूर्त्त**सुखम्**।

(૨) **क्रिया→क्षणपाठः** = ક્ષણ સુધી સતત પાઠ. क्षणं पाठ इति।

(૩) **द्रव्य→दिनगुडः** = દિવસ સુધી સતત ગોળ. दिनं गुड इति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા.(૧) **व्याप्ताविति किम्? मासं पूरको याति** = મહિનાને પૂરનારો જાય છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ વ્યાપ્તિમાં કરાયેલ દ્વિતીયાન્ત નામને વિશે થાય છે. જ્યારે અહીં कर्मणि ૨.૨.૪૦થી દ્વિતીયા થઈ છે. જે વ્યાપ્તિ અર્થમાં નથી. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

**વિશેષતા :**

યદ્યપિ પૂર્વસૂત્રથી અવ્યાપ્તિ અને વ્યાપ્તિ એમ બંને વિષયમાં સમાસ ઈષ્ટ હોવાથી એક જ સૂત્રથી કાર્ય થઈ શકે એમ હતું. પરંતુ અવ્યાપ્તિનાં વિષયમાં માત્ર क्त પ્રત્યયાન્ત નામની સાથે અને વ્યાપ્તિનાં વિષયમાં કોઈપણ વ્યાપક અર્થવાળાં નામની સાથે સમાસ અભિપ્રેત હોવાથી બંને સૂત્રનો પૃથક્ નિર્દેશ કર્યો છે.

## श्रितादिभिः ३.१.६२

**અ.અ.સૂ.** : **द्वितीया नाम श्रितादिभिः नामभिः ऐकार्थ्ये समासः, तत्पुरुषः च, अन्यः ।**

**અર્થ** : દ્વિતીયા વિભક્ત્યન્ત નામ, श्रित વગેરે નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

**સ.** **श्रितादिभिः** = श्रित आदिर्येषां तानीति श्रितादीनि, तैरिति।

**ઉદા.** (૧) **धर्मश्रितः** = ધર્મને આશ્રિત થયેલો. धर्मं श्रित इति।
આ સૂત્રથી धर्म અને श्रितનો સમાસ તથા,
प्रथमोक्तं० ૩.૧.૧૪૮થી धर्मનો પૂર્વનિપાત→**धर्म**+श्रित
પ્રથમા सि વગેરે→धर्मश्रितः।

(૨) **शिवगतः** = મોક્ષને પામેલો. शिवं गत इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**વિશેષતા :**

(૧) **श्रितादि ગણ :** श्रित, अतीत, पतित, गत, अत्यस्त, प्राप्त, आपन्न, गमिन्, आगामिन् વગેરે. સૂત્રમાં બ.વ. આકૃતિગણ માટે છે. તેથી ओदनबुभुक्षुः, हिताशंसुः, तत्त्वबुभुत्सुः, सुखेच्छुः જેવા પ્રયોગો પણ સિદ્ધ થાય છે.

(૨) **नामग्रहणे लिङ्गविशिष्टस्याऽपि ग्रहणम् १/१६** ન્યાયાનુસારે સૂત્રગત श्रित પદ દ્વારા श्रिता વગેરે સ્ત્રીલિંગ આદિ નામનું પણ ગ્રહણ થાય છે. તેમ, धर्मं श्रिता इति धर्मश्रिता એ પ્રમાણે સમાસ પણ થાય છે.

(૩) અહીં સૂત્રમાં દ્વિતીયાન્ત નામનો श्रितादि એવા કૃદન્તની સાથે સમાસ દર્શાવ્યો છે. અને દ્વિતીયાન્ત નામ કારક

હોવાથી **गति-कारक-ङस्युक्तानां विभक्त्यन्ताना-मेव कृदन्तैर्विभक्त्युत्पत्तेः प्रागेव समासः २/३१** ન્યાયાનુસારે વિભક્તિની ઉત્પત્તિની પૂર્વે જ સમાસ થવો જોઈએ. પરંતુ અહીં સાક્ષાત્ કારકત્વની ઉદ્દેશ્યતાનો અભાવ હોવાથી અર્થાત્ સાક્ષાત્ કર્ત્રાદિ કારકનું ગ્રહણ નહીં હોવાથી તે ન્યાયની પ્રવૃત્તિ ન થતાં પૂર્વે વિભક્તિની ઉત્પત્તિ અને પછી સમાસની પ્રવૃત્તિ જાણવી.

## प्राप्ता-ऽपन्नौ तयाऽच्च ३.१.६३

**અ.અ.સૂ. : प्राप्ता-ऽपन्नौ नाम्नी तया नाम्ना ऐकार्थ्ये समासः, तत्पुरुषः च, अन्यः।**

**અર્થ** : प्राप्त અને आपन्न પ્રથમાન્ત નામ, અન્ય तया = દ્વિતીયાન્ત નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા. તથા તેનાં યોગમાં તે બે શબ્દનાં અન્ત્યવર્ણનો अत् આદેશ થાય છે.

સ. **प्राप्ता-ऽपन्नौ** = प्राप्तश्च आपन्नश्चेति।

ઉદા. (૧) **प्राप्तजीविका** = જીવીકાને પામેલી. जीविकां प्राप्ता इति।
આ સૂત્રથી प्राप्ता અને जीविकाનો સમાસ તથા, आनो अ
તથા, प्रथमोक्तं० ૩.૧.૧૪૮થી प्राप्ताનો પૂર્વનિપાત→ **प्राप्ता**जीविका
પ્રથમા सि વગેરે→प्राप्तजीविका।

(૨) **आपन्नजीविका** = જીવીકાને પામેલી.

जीविकामापन्ना इति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**વિશેષતા :**

(૧) સૂત્રમાં સમાસાન્ત अत् આદેશ દર્શાવ્યો છે. તેમાં त् ઉચ્ચારણ માટે છે.

**જિ.** : અહીં प्राप्त, आपन्न એ પ્રમાણે અકારાન્ત પદોનાં અંતે अ આદેશ દ્વારા પુનઃ અકારાંતપણું શા માટે જણાવવામાં આવે છે?

**સમા.** : **नामग्रहणे लिङ्गविशिष्टस्याऽपि ग्रहणम् १/१६** ન્યાયાનુસારે प्राप्ता-ऽपन्नौ પદ દ્વારા प्राप्ता અને आपन्ना એ પ્રમાણે સ્ત્રીલિંગ શબ્દોનું પણ ગ્રહણ થાય છે. તેથી તે શબ્દોમાં અન્ત્ય आ નો अ કરવા માટે આ આદેશનો નિર્દેશ જાણવો. જેનાં ઉદા. સ્વરૂપે जीविकां प्राप्ता इति प्राप्तजीविका એ પ્રમાણે સૂચન કરેલ છે.

**જિ.** : श्रितादि ગણમાં प्राप्त અને आपन्न શબ્દનું ગ્રહણ કરેલ જ છે. તેથી પૂર્વસૂત્રથી જ આ સૂત્ર વિષયક સમાસ સિદ્ધ જ હતો તો પણ આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો?

**સમા.** : પૂર્વસૂત્રમાં श्रितादि ગણ અંતર્ગત તરીકે प्राप्त, आपन्न પદ તૃતીયાન્ત દર્શાવેલ છે. જયારે આ સૂત્રમાં પ્રથમાન્ત સ્વરૂપે દર્શાવેલ હોવાથી प्रथमोक्तं૦૩.૧.૧૪૮થી પૂર્વનિપાત થાય છે. તેથી પૂર્વપદમાં રહેલ प्राप्त-आपन्न પદવાળાં प्राप्तजीविका આદિ સમાસો પ્રાપ્ત થાય છે.

યદ્યપિ આ સૂત્રમાં વિકલ્પનું ગ્રહણ કર્યું નથી. પરંતુ श्रितादि ગણપાઠમાં प्राप्त-आपन्नનાં સમાવેશથી અનર્થ-કતા ન થાય તે માટે વિકલ્પે जीविकाप्राप्तः આદિ સમાસો પણ થાય છે.

## ईषद् गुणवचनैः ३.१.६४

**અ.અ.સૂ. :** **ईषत् नाम गुणवचनैः नामभिः ऐकार्थ्ये समासः, तत्पुरुषः च, अन्यः ।**

**અર્થ** : ईषत् અવ્યય, ગુણવચન નામની સાથે ઐકાર્થ્યે જણાતે છતે સમાસ પામે છે. અને તે તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા. જે ગુણમાં રહીને તેનાં (ગુણનાં) યોગથી ગુણીમાં પણ રહે તેને ગુણવચન કહેવાય છે.

સ. **गुणवचनैः** = गुणा उच्यन्ते यैस्तैरिति।

ઉદા. (૧) **ईषत्पिङ्गलः** = થોડું પીળું. ईषत् पिङ्गल इति।
આ સૂત્રથી ईषद् અને पिङ्गलનો સમાસ તથા,
प्रथमोक्तं० ૩.૧.૧૪૮થી ईषत्નો પૂર્વનિપાત→**ईषत्पि**ङ्गल
પ્રથમા सि વગેરે→ईषत्पिङ्गलः।

(૨) **ईषद्रक्तः** = થોડું રાતું. ईषद् रक्त इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **गुणवचनैरिति किम् ? ईषद् गार्ग्यः** = કંઈક ગર્ગઋષિનાં પૌત્ર જેવો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉત્તરપદ ગુણવચન નામ હોય તો થાય છે. જ્યારે અહીં गार्ग्य વૃદ્ધાપત્ય પ્રત્યયાન્ત નામ છે, ગુણવચન નથી. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, જે शुक्ल આદિ શબ્દોની પ્રવૃત્તિ ગુણમાં પણ થતી હોય અને તે ગુણનાં યોગથી ગુણી એવા દ્રવ્યમાં પણ થતી હોય તેને જ ગુણવચન કહેવાય છે. જેમકે, ईषत्पिङ्गलः ઇત્યાદિ ઉદા.માં નિર્દિષ્ટ पिङ्गल વગેરે શબ્દો પીળાશ આદિ ગુણોનાં વાચક હોવાથી ગુણોમાં પણ રહેલાં છે. અને તે ગુણોનાં યોગથી વિશેષણતયા દ્રવ્યનાં પણ વાચક છે. તેથી તેઓ ગુણવચન છે. પરંતુ प्राज्ञः આદિ ગુણવાચી શબ્દો વિશેષણતયા માત્ર ગુણીનાં જ વાચક બને છે. પરંતુ ગુણનાં નહીં. તેથી તેઓ ગુણવચન કહેવાતાં નથી. આમ, અહીં પ્રાયઃ કરીને વર્ણ, ગંધ, રસ અને સ્પર્શનાં જ વિશેષવાચી શબ્દો ગુણવચન સ્વરૂપે ગ્રહણ થાય છે.

## तृतीया तत्कृतैः ३.१.६५

**અ.અ.સૂ. :** **तृतीया नाम तत्कृतैः गुणवचनैः नामभिः ऐकार्थ्ये समासः, तत्पुरुषः च, अन्यः ।**

**અર્થ** : તૃતીયાન્ત નામ, તદ્વાચી અર્થથી કરાયેલ ગુણવચન નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

**સ.** **तत्कृतैः** = तेन कृतानीति तत्कृतानि, तैरिति।

**ઉદા.** (૧) **शङ्कुलाखण्डः** = સૂડીથી (કરેલો) ટુકડો.

शङ्कुलया कृतः खण्ड इति।
આ સૂત્રથી शङ्कुला અને खण्डનો સમાસ તથા, प्रथमोक्तं०૩.૧.૧૪૮થી शङ्कुलाનો પૂર્વનિપાત→
**शङ्कुला**+खण्ड
પ્રથમા सि વગેરે→शङ्कुलाखण्डः।

(૨) **मदपटुः** = મદ વડે (કરેલો) હોંશિયાર.
मदेन कृतः पटुरिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા.(૧) **तत्कृतैरिति किम् ? अक्ष्णा काणः** = આંખથી કાણો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ તૃતીયાન્તવાચી અર્થથી કરાયેલ નામ ઉત્તરપદમાં હોય તો થાય છે. જ્યારે અહીં काण અને अक्षि વચ્ચે સંબંધ માત્રમાં જ यद्भेदै०૨.૨.૪૬થી તૃતીયા થઈ છે. પણ अक्षिથી કરાયેલ काणत्व નથી. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

(૨) **गुणवचनैरित्येव→दध्ना पटुः ( पाटवमित्यर्थः )** = દહીં વડે હોંશિયારી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉત્તરપદમાં ગુણવચન નામ હોય તો જ થાય છે. જ્યારે અહીં पटु ગુણવાચી છે. પણ ગુણીમાં વૃત્તિ ન હોવાથી ગુણવચન નથી. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, नाम नाम्नै०૩.૧.૧૮ સૂત્રથી नाम नाम्ना એ પ્રમાણે અનુવૃત્તિ આવતી હોવાથી એક નામનો અન્ય એક જ નામ સાથે સમાસ થવાની

પ્રાપ્તિ છે. તેથી कोपेषद्रक्तः એવા ત્રિપદ સમાસોમાં कोपेन પદ ईषद्रक्तः એવા સમુદાય સાથે એક નામ તયા જ સમાસ પામે છે. માટે સમસ્ત સમુદાય પણ એક નામ જણાય છે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, शङ्कुलाखण्डः ઇત્યાદિ પ્રયોગમાં शङ्कुलया कृतः खण्डः એ પ્રમાણે બંને પદોને कृतની અપેક્ષા વર્ત્તે છે. યદ્યપિ પ્રધાન એવા ઉત્તરપદની અપેક્ષા હોતે છતે સમાસ થઈ શકે છે. પણ અપ્રધાન એવા પૂર્વપદ સાથે અપેક્ષા હોવાથી **सापेक्षमसमर्थम्** **૨/૨૮** ન્યાયાનુસારે સમાસ નહીં થવાની આપત્તિ આવશે. તેથી અહીં અપેક્ષીભૂત कृत શબ્દનો અર્થ વિગ્રહ નિષ્પન્ન शङ्कुलाखण्डः વૃત્તિની અન્તર્ભૂત જાણવો. અને અન્તર્ભૂત પદની અપેક્ષા હોતે છતે **सापेक्षमसमर्थम्** **૨/૨૮** ન્યાયની પ્રવૃત્તિ થતી નથી. અને સમાસની પ્રાપ્તિ થાય છે. અને વૃત્તિ અન્તર્ભૂત હોવાનાં કારણે તે અર્થ દ્વારા कृत શબ્દ ઉક્ત થતાં તેનો સમાસમાં પ્રયોગ થતો નથી.

જિ. : खण्ड અને काण શબ્દ ગુણીનું જ વિશેષણ બને છે. પણ સ્વતંત્રતયા ગુણનો વાચક બનતો નથી. તો પૂર્વસૂત્રની અનુવૃત્તિથી પ્રાપ્ત ગુણવચનની વિવક્ષા અહીં શી રીતે થાય?

**સમા.** : તમારી વાત સાચી છે. વસ્તુતઃ खण्ड શબ્દ ખંડન ક્રિયા રૂપ ગુણમાં પણ વર્ત્તે છે. અને ગુણ અને ગુણીનો અભેદોપચાર હોવાથી વિશેષણતયા ગુણવાચી દ્રવ્યનું પણ વાચક થાય છે. તેથી ઔપચારિક દૃષ્ટિએ

તેઓને ગુણવચન સ્વરૂપે ગ્રહણ કરવામાં કોઈ આપત્તિ નથી.

પરંતુ જેઓમાં ઉપચારતયા પણ ગુણવચનત્વ ઘટતું નથી. એવા શુદ્ધ ગુણવાચી નામની સાથે આ સૂત્રથી સમાસ થતો નથી. જેમકે, घृतेन पाटवम्, विद्यया धार्ष्ट्यम् પરંતુ કેટલાંક વ્યાકરણકારો અહીં સમાસ ઈચ્છે છે. તેથી તેમનાં મતે घृतपाटवम्, विद्याधार्ष्ट्यम् ઈત્યાદિ પ્રયોગો પણ સિદ્ધ થાય છે.

અહીં કેટલાંક વ્યાકરણકારો खण्ड વગેરે શબ્દોનાં વિષયમાં ગુણમાત્ર વૃત્તિ એવા ગુણવચન સ્વરૂપે સમાસ સ્વીકારે છે. પણ અભેદોપચાર કરતાં નથી.

## चतस्राऽर्द्धम् ३.१.६६

**અ.અ.સૂ. :** **तृतीया अर्द्धं नाम तत्कृतेन चतस्रा नाम्ना ऐकार्थ्ये समासः, तत्पुरुषः च, अन्यः ।**

**અર્થ** : તૃતીયા વિભક્ત્યન્ત अर्द्ध નામ, તદ્‌વાચી અર્થથી કરાયેલ चतसृ નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

ઉદા. **अर्द्धचतस्रः मात्राः** = અડધા વડે કરેલી ચાર (માત્રા).
अर्द्धेन कृता चतस्र इति।
આ સૂત્રથી अर्द्ध અને चतसृનો સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી अर्द्धનો પૂર્વનિપાત→**अर्द्ध**चतसृ
પ્રથમા जस् વગેરે→अर्द्धचत**स्रः**।

પ્ર.ઉદા.(૧) **चतस्त्रेति किम् ? अर्द्धेन चत्वारः द्रोणाः** = અડધા વડે કરેલ ચાર દ્રોણ.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉત્તરપદ સ્ત્રીલિંગ એવું चतसृ નામ હોય તો જ થાય છે. જ્યારે અહીં પુંલિંગ चतुर् ઉત્તરપદ તરીકે હોવાથી આ સૂત્રથી સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) અહીં **स्वं रुपं शब्दस्याऽशब्दसंज्ञा १/१** ન્યાયાનુસારે સૂત્રગત चतस्त्रा પદ દ્વારા चतसृ શબ્દનું જ ગ્રહણ કરવું. પણ તદર્થ જ્ઞાપક અન્ય શબ્દનું ગ્રહણ કરવું નહીં.

(૨) અહીં કેટલાંક કૈયટ વગેરે વ્યાકરણકારો મહાભાષ્યનાં પ્રમાણથી अर्धेन चतस्त्रः એ પ્રમાણે कृत શબ્દનાં પ્રયોગ વિના માત્ર તૃતીયા વિભક્તિ દ્વારા જ સમાસનો વિગ્રહ ઈચ્છે છે. અને अर्द्धेन कृताश्चत्वारः ઈત્યાદિ વિવક્ષામાં સમાસનો અભાવ ઈચ્છે છે.

## ऊनार्थ-पूर्वाद्यैः ३.१.६७

**અ.અ.સૂ. :** **तृतीया नाम ऊनार्थ-पूर्वाद्यैः नामभिः ऐकार्थ्ये समासः, तत्पुरुषः च, अन्यः ।**

**અર્થ :** તૃતીયા વિભક્ત્યન્ત નામ, ऊन અર્થવાળાં તેમજ पूर्व વગેરે નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

**સ.** **ऊनार्थ-पूर्वाद्यैः** = ऊनोऽर्थो येषां तानीति ऊनार्थानि, पूर्व आद्यो येषां तानीति पूर्वाद्यानि, ऊनार्थानि च पूर्वाद्यानि च इति ऊनार्थपूर्वाद्यानि, तैरिति ।

ઉદા. (૧) **माषोनम्** = એક અડદ વડે ન્યૂન. माषेण ऊनमिति। આ સૂત્રથી माष અને ऊनનો સમાસ તથા, प्रथमोक्तं०૩.૧.૧૪૮થી माषનો પૂર્વનિપાત→**माष**+ऊन પ્રથમા सि વગેરે→माषोनम्।

(૨) **माषविकलम्** = અડદથી ન્યૂન. माषेण विकलमिति।

(૩) **मासपूर्वः** = એક મહિનો નાનો. मासेन पूर्व इति।

(૪) **मासावरः** = એક મહિનો મોટો. मासेन अवर इति। આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**વિશેષતા :**

(૧) **पूर्वादि ગણ :** पूर्व, अवर, सदृश, सम, कलह, निपुण, मिश्र, श्लक्ष्ण વગેરે. સૂત્રમાં બ.વ. આકૃતિગણ માટે છે. તેથી धान्येन अर्थः इति धान्यार्थः, हिरण्यार्थः, સમાસો, आत्मनापञ्चमः, आत्मनाषष्ठः આ અલુપ્ સમાસો, माषेणाधिकमिति माषाधिकं, द्रोणाधिका સમાસો તેમજ भ्रात्रा तुल्यः इति भ्रातृतुल्यः, एकेन द्रव्यवत्त्वमिति एकद्रव्यवत्त्वम् વગેરે સમાસો પણ સિદ્ધ થાય છે.

(૨) અહીં આકૃતિગણ નિર્દિષ્ટ एकेन द्रव्यवत्त्वमिति एक-द्रव्यवत्त्वम् જેવાં સમાસમાં एकं च तद् द्रव्यं च એ પ્રમાણે કર્મધારય સમાસ કરીને मतु પ્રત્યય દ્વારા પણ આ રૂપની સિદ્ધિ થઈ શકે છે. પરંતુ તેવા સ્થાને एकादेः૦૭.૨.૫૮ સૂત્રથી इकण् પ્રત્યય લાગવાની આપત્તિ આવે. તેનાં વારણ માટે આ સમાસનો અહીં નિર્દેશ છે.

જિ. : સૂત્રગત પૂર્વાદિ ગણ અંતર્ગત पूर्व, अवर શબ્દ દિશા વાચક જણાતાં હોવાથી તેઓનાં યોગમાં प्रभृत्यान्यार्थ० ૨.૨.૭૫ સૂત્ર દ્વારા પંચમી વિભક્ત્યન્ત પદની જ પ્રાપ્તિ થાત. તો તૃતીયાન્ત નામનો સમાસ કેવી રીતે થશે?

સમા. : વસ્તુતઃ અહીં पूर्व, अवर શબ્દ હેતુવાચક રૂપે ગ્રહણ કરવા. પણ દિશાવાચક સ્વરૂપે નહીં. યદ્યપિ કર્મ અને કરણમાં તૃતીયા વિભક્ત્યન્તપણાંની પ્રાપ્તિ થાય છે. પરંતુ કર્ત્તા અને કરણવાચી પદ ક્રિયા સાપેક્ષ હોવાથી तृतीया०૩.૧.૬૫ દ્વારા સમાસ પામે છે. આ જ વાત ટીકાગત 'यथायोगम्' પદ દ્વારા જણાવવામાં આવી છે.

## कारकं कृता ३.१.६८

**અ.અ.સૂ.** : **कारकं तृतीया नाम कृता नाम्ना ऐकार्थ्ये समासः, तत्पुरुषः च, अन्यः।**

**અર્થ** : કારકવાચી તૃતીયાન્ત નામ, કૃત્ પ્રત્યયાન્ત નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

ઉદા. (૧) **आत्मकृतम्** = આત્મા વડે કરેલું. आत्मना कृतमिति। આ સૂત્રથી आत्मन् અને कृतનો સમાસ તથા, प्रथमोक्तं०૩.૧.૧૪૮થી आत्मन्‌નો પૂર્વનિપાત→ आत्मन्+कृत

नाम्नो नो०२.१.९१थी न्नो લોપ→आत्मकृत
પ્રથમા सि વગેરે→आत्मकृतम्।

(૨) **नखनिर्भिन्नः** = નખ વડે ભેદાયેલ. नखैः निर्भिन्न इति।

(૩) **काकपेया नदी** = કાગડાં વડે પીવા યોગ્ય. (છીછરી - ઓછી ઊંડાઈવાળી) નદી. काकेन पेया इति।

(૪) **बाष्पछेद्यानि तृणानि** = બાષ્પ વડે છેદવા યોગ્ય (અતિ કોમળ) ઘાસ. बाष्पेन छेद्यानीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**પ્ર.ઉદા.** **कारकमिति किम् ? विद्ययोषितः** = વિદ્યાનાં હેતુથી રહેલો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ પૂર્વપદ તૃતીયાન્ત કારકવાચી નામ હોય તો જ થાય છે. જ્યારે અહીં विद्यया પદ હેતુવાચી છે, માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) **कर्त्ता कर्म च करणं, सम्प्रदानं तथैव च,**
**अपादानाधिकरणमित्याहुः, कारकाणि षट् ॥**
આમ, કારકો છ છે, પણ સૂત્રમાં તૃતીયાન્ત કારકનું ગ્રહણ હોવાથી અહીં કર્ત્તા અને કરણ એમ બે જ કારક અભિપ્રેત છે.

(૨) સ્તુતિ, નિંદા અર્થમાં પ્રાયઃ કૃત્ય પ્રત્યયાન્ત શબ્દની સાથે સમાસ થાય છે. જેમકે, काकपेया नदी, श्वलेह्यः कूपः વગેરે.
તેમજ, क्तवतु, क्त्वा, तव्य અને अनीय પ્રત્યયાન્ત નામો સાથે સમાસ થતો નથી. જેમકે, दात्रेण लूनवान्, दात्रेण कृत्वा, काकैः पातव्यः ઇત્યાદિ.

(૩) સ્તુતિ કે નિંદા અર્થમાં થતાં काकपेया नदी વગેરે સમાસોમાં પૂર્વપદાર્થ કે ઉત્તરપદાર્થનાં અર્થની ગમ્ય-માનતા નથી. પરંતુ સમાસ રૂપ સમુદાય દ્વારા જ પ્રસિદ્ધ છે. તેથી અહીં સ્વપદ વિગ્રહ વાક્ય વડે પણ નિંદા અર્થનો બોધ થતો નથી. માટે સૂત્રમાં नित्यम्નો અધિકાર ન હોવા છતાં પણ સમાસની નિત્યતા જાણવી.

(૪) સૂત્રમાં કારક નામનો કૃદન્ત નામની સાથે સમાસ અભિપ્રેત હોવાથી સર્વ ઉદા.માં પ્રાયઃ **गति-कार-कङस्युक्तानां विभक्त्यन्तानामेव कृदन्तै० २/३१** ન્યાયાનુસારે સ્યાદિની ઉત્પત્તિની પૂર્વે જ સમાસની પ્રવૃત્તિ જાણવી.

(૫) અહીં ધ્યાનમાં લેવું કે, સૂત્રગત कृत् આદિ પદો प्रत्ययः प्रकृत्यादेः ૭.૪.૧૧૫ પરિભાષાનુસારે માત્ર પ્રકૃતિનું વિશેષણ બને છે. પણ તેનાથી હીન કે વધુનું નહીં. અને તેથી જ विशेषणमन्तः ૭.૪.૧૧૩ પરિભાષાનુસારે માત્ર પ્રકૃતિ જ પ્રત્યયાન્ત સ્વરૂપે જણાય છે. તેથી निर्भिन्नः, नखनिर्भिन्नः આદિ પદોમાં ઉપસર્ગો અને અન્ય પદનો નિર્દેશ હોવાથી તેઓ કૃત્ પ્રત્યયાન્ત સ્વરૂપે ગ્રહણ થવા જોઈએ નહીં. પરંતુ प्रत्ययः प्रकृत्यादेः ૭.૪.૧૧૫નાં અપવાદ સૂત્રતયા कृत् सगतिकारक स्यापि[૧] ૭.૪.૧૧૭ પરિભાષાનો નિર્દેશ હોવાથી ગતિ અને કારક સંજ્ઞક પદ સહિતની પ્રકૃતિ પણ પ્રત્યયનાં

---

૧. **कृत् सगति**०૭.૪.૧૧૭ = કૃત્ પ્રત્યયો, ગતિસંજ્ઞક નામ અને કારક નામ સહિત પ્રકૃતિ સમુદાયનું વિશેષણ બને છે.

વિશેષણ સ્વરૂપે બને છે. અને તેથી निर्भिन्नः, नख निर्भिन्नः વગેરે પણ કૃદન્ત સ્વરૂપે ગણાતાં આ સૂત્ર દ્વારા અન્ય તૃતીયાન્ત નામ તેઓની સાથે સમાસ પામે છે. જેમકે, चैत्रेण निर्भिन्न इति चैत्रनिभिन्नः, चैत्रेण नखनिर्भिन्न इति चैत्रनखनिर्भिन्नः ।

(૬) યદ્યપિ અહીં समो ज्ञो૦૨.૨.૫૧થી કર્મમાં અને प्रसितो૦૨.૨.૪૯થી અધિકરણમાં પણ તૃતીયા વિભક્તિ થાય છે. અને કર્તૃ-કરણની જેમ કર્મ-અધિકરણ પણ કારક છે, પરંતુ તેવા તૃતીયાન્ત નામથી સમાસ નહીં દેખાતાં હોવાથી લઘુવૃત્તિમાં તેનું ગ્રહણ કર્યું નથી. અને તો પણ જો તેવા પ્રકારનાં સમાસો સાહિત્યમાં દેખાય તો તે કર્તૃ અને કરણનાં ઉપલક્ષણથી ગ્રહણ કરી લેવા.

## नविंशत्यादिनैकोऽच्चान्तः ३.१.६९

**અ.અ.સૂ. :** **तृतीया एकः नाम नविंशत्यादिना नाम्ना ऐकार्थ्ये समासः, तत्पुरुषः च, अन्यः, अत् चान्तः ।**

**અર્થ** : તૃતીયાન્ત एक નામ, नविंशति આદિ નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે તત્પુરુષ-સંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા. તથા एक શબ્દને અન્તે अत् આગમ થાય છે.

**સ.** **नविंशत्यादिना** = नविंशतिरादिर्यस्य स इति नविंशत्यादिः, तेनेति।

ઉદા. (૧) **एकान्नविंशतिः** = ઓગણીશ. एकेन न विंशतिरिति।
આ સૂત્રથી एक અને नविंशतिનો સમાસ તથા,
एकને અન્તે अत् આગમ અને
प्रथमोक्तं० ૩.૧.૧૪૮થી एकનો પૂર્વનિપાત→
**एक**+**अत्**+नविंशति
પ્રથમા सि વગેરે→ए**कान्न**विंशतिः।

(૨) **एकान्नत्रिंशत्** = ઓગણત્રીશ. एकेन न त्रिंशत् इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**વિશેષતા :**

(૧) આ સૂત્રમાં अत्નાં વિધાન સામર્થ્યથી જ लुगस्यादेत्यपदे ૨.૧.૧૧૩ एकનાં अનો લોપ કરવો નહીં. અન્યથા अत्નાં સ્થાને त् એ જ પ્રમાણે નિર્દેશ કરે.

(૨) સૂત્રમાં नविंशतिःનો નિર્દેશ હોવાથી न विंशतिरिति अविंशतिः એ પ્રમાણે नञत् ૩.૨.૧૨૫ સૂત્ર દ્વારા नञ्નો अ આદેશ તેમજ नञव्ययात् संख्याया० ૭.૩.૧૨૩ સૂત્રથી ड સમાસાન્ત પ્રત્યય પણ થશે નહીં.

## चतुर्थी प्रकृत्या ३.१.७०

**અ.અ.સૂ. : प्रकृत्या नाम्ना ऐकार्थ्ये चतुर्थी नाम समासः, तत्पुरुषः च, अन्यः।**

**અર્થ** : પ્રકૃતિ અર્થાત્ પરિણામી કારણવાચી નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે ચતુર્થી વિભક્ત્યન્ત નામ સમાસ પામે છે. અને તે તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુ-વ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

ઉદા. **यूपदारु** = ખીલા માટે લાકડું. यूपाय दारु इति।
આ સૂત્રથી यूप અને दारुનો સમાસ તથા,
प्रथमोक्तं० ૩.૧.૧૪૮થી यूपનો પૂર્વનિપાત→**यूप**+दारु
પ્રથમા सि વગેરે→**यूप**दारु।

પ્ર.ઉદા. **प्रकृत्येति किम् ? रन्धनाय स्थाली** = રાંધવા માટે થાળી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉત્તરપદ પ્રકૃતિવાચી નામ હોય તો થાય છે. જ્યારે અહીં स्थाली પ્રકૃતિવાચી નામ નથી. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) સૂત્રમાં વિકારવાચી નામનું ગ્રહણ હોવાથી અન્ય ચતુર્થ્યન્ત નામનું ગ્રહણ નહીં થાય પણ વિકાર અર્થનાં तादर्थ्ये ૨.૨.૫૪ સૂત્રથી થયેલ ચતુર્થી વિભક્ત્યન્ત નામનું જ ગ્રહણ થશે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, मूत्राय यवागूः संपद्यते ઈત્યાદિ વાક્યમાં ગૌણ એવું વિકારવાચી નામ संपद्यते ક્રિયાને પણ સાપેક્ષ હોવાથી यवागू પ્રકૃતિવાચી નામ સાથે સમાસ પામતું નથી.

**જિ.** : સૂત્રમાં સમાસનાં વિષય તરીકે વિકારવાચી નામ અભિપ્રેત છે. અને વિકારવાચી નામને तादर्थ्ये ૨.૨.૫૪થી ચતુર્થી જ થાય છે. તો चतुर्थी પદનું ગ્રહણ શા માટે કર્યું?

**સમા.** : कुण्डलं हिरण्यस्य ઈત્યાદિ પ્રયોગોમાં અધ્યાહૃત अस्ति ક્રિયાની અપેક્ષાએ ઉક્ત થતાં ચતુર્થી ન કરીને પ્રથમા

થાય છે. ત્યારે આ સૂત્રની પ્રવૃત્તિ ન થાય. અને षष्ठ्ययत्ना०૩.૧.૭૬ સૂત્ર દ્વારા ષષ્ઠી તત્પુરુષ સમાસ થતાં हिरण्य શબ્દનો પૂર્વનિપાત થાય તે માટે चतुर्थी પદનું ગ્રહણ કર્યું છે.

## हितादिभिः ३.१.७१

**અ.અ.સૂ. : चतुर्थी नाम हितादिभिः नामभिः ऐकार्थ्ये समासः, तत्पुरुषः च, अन्यः ।**

**અર્થ** : ચતુર્થી વિભક્ત્યન્ત નામ हित વગેરે નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે તત્પુરુષ-સંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

**સ.** **हितादिभिः** = हित आदिर्येषां तानीति हितादीनि, तैरिति।

**ઉદા.** (૧) **गोहितम्** = ગાયને હિતકારી. गवे हितमिति।
આ સૂત્રથી गो અને हितनो સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી गोનો પૂર્વનિપાત→**गो**+हित
પ્રથમા सि વગેરે→गोहि**तम्**।

(૨) **गोसुखम्** = ગાયને સુખ. गवे सुखमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**વિશેષતા :**

(૧) **हितादि ગણ :** हित, सुख, रक्षित, बलि વગેરે.
સૂત્રમાં બ.વ. આકૃતિગણ માટે છે. તેથી अश्वघासः, श्वश्रूसुरां, श्वश्रूसूरम्, हस्तिविधानम्, धर्मनियमः, धर्मजिज्ञासा,

नाट्यशाला, आत्मनेपदम्, परस्मैपदम् ઇત્યાદિ સમાસો સિદ્ધ થાય છે.

(૨) અહીં પાંચ કૃત્ય પ્રત્યયાન્ત (तव्य, अनीय, य, क्यप् અને ध्यण्) શબ્દો પણ हितादि ગણ અંતર્ગત જ જાણવા. તેથી देवाय देयमिति देवदेयम्, ब्राह्मणदेयम्, वरप्रदेया कन्या ઇત્યાદિ સમાસો પણ થાય છે.

(૩) અહીં गोभ्यः हितम् इति गोहितम् ઇત્યાદિ પ્રયોગમાં सुख અને हित શબ્દનાં યોગમાં हित-सुखा० २.२.६५ સૂત્રથી ગૌણ નામને ચતુર્થી વિભક્તિ જાણવી. પરંતુ तद्-भद्रायुष्य० २.२.६६ સૂત્રથી નહીં. અહીં આશય એ છે કે, આશીઃનાં વિષયમાં સમાસ દ્વારા આશીઃની પ્રતીતિ રહેતી નથી. તેથી આશીઃ ક્રિયા સાથે જ हित-सुखनो સંબંધ થતાં ચતુર્થ્યન્ત નામ સાથે સમાસનો અભાવ હોવાથી સમાસની પ્રાપ્તિ જ નથી.

**જિ.** : हितादि ગણમાં પાંચેય કૃત્ય પ્રત્યયોનું ગ્રહણ કર્યું છે. તો ब्राह्मणाय दातव्यम् એવા વિગ્રહ દ્વારા तव्य પ્રત્યયાન્ત નામ સાથે સમાસનું ઉદા. શા માટે દર્શાવ્યું નથી ?

**સમા.** : વસ્તુતઃ વ્યાકરણ શાસ્ત્ર સંસ્કૃત સાહિત્યમાં પ્રયુક્ત શબ્દોનું જ આખ્યાન કરે છે. અને ब्राह्मणाय दातव्यम् ઇત્યાદિ तव्य પ્રત્યયાન્ત શબ્દોનો ચતુર્થ્યન્ત નામની સાથે સમાસ સંસ્કૃત સાહિત્યમાં અભિહિત ન હોવાથી તેમાં ઉપરોક્ત સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

## तदर्थाऽर्थेन ३.१.७२

અ.અ.સૂ. : **चतुर्थी नाम तदर्थार्थेन नाम्ना ऐकार्थ्ये समासः, तत्पुरुषः च, अन्यः।**

અર્થ : ચતુર્થી વિભક્ત્યન્ત નામ, ચતુર્થીનો અર્થ છે જેનો એવા अर्थ નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુ વ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

સ. **तदर्थाऽर्थेन** = तस्या अर्थो यस्य स इति तदर्थः, तदर्थश्चासौ अर्थश्चेति तदर्थार्थः, तेनेति।

ઉદા. (૧) **पित्रर्थं पयः** = પિતાને માટે દૂધ. पित्राय इदमिति।
આ સૂત્રથી पितृ અને अर्थनो સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી पितृनो પૂર્વનિપાત→**पितृ**+अर्थ
પ્રથમા सि વગેરે→पित्रर्थम्।

(૨) **आतुरार्था यवागूः** = રોગી માટે રાબડી.
आतुराय इयमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **तदर्थार्थेनेति किम्? पित्रे अर्थः** = પિતાનું ધન.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉત્તરપદ ચતુર્થીનાં અર્થવાળું अर्थ નામ હોય તો થાય છે. જ્યારે ધન અર્થવાળું अर्थ નામ છે. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) અહીં સૂત્રગત तदर्थ પદનો 'તે છે અર્થ જેનો' એ પ્રમાણે જ અર્થ થાય છે. પરંતુ तद् પદ પૂર્વાનુસંધાનથી

બુદ્ધિમાં રહેલાં અર્થનું ગ્રહણ કરતો હોવાથી પૂર્વસૂત્રમાં નિર્દિષ્ટ चतुर्थी અર્થનું ગ્રહણ થતાં તદર્થનો 'ચતુર્થી છે અર્થ જેનો' એવો અર્થ પ્રાપ્ત થાય છે.

(૨) ચતુર્થી વિભક્તિ વડે अर्थ શબ્દનો 'માટે' એવો અર્થ ઉક્ત થઈ જાય છે. અને **उक्तार्थानामप्रयोगः १/२८** ન્યાયાનુસારે વિગ્રહ વાક્યમાં પણ અર્થ શબ્દનો પ્રયોગ જ સંભવતો ન હોવાથી સ્વપદ વિગ્રહ વાક્ય થતું નથી. તેથી, આ સૂત્ર દ્વારા થતાં સમાસો बहुलम्નાં અધિકારથી નિત્ય સમાસ જાણવા.

(૩) તાદર્થ્યનાં બે પ્રકાર છે.

| ઉપકારક | અપકારક |
|---|---|
| (a) ઉપચાયક - अश्वाय घासः | (a) અપચાયક - जलाशयेभ्यः उष्णोऽपगमः |
| (b) સુખજનક - पित्रे इदम् | (b) અનુપપાદક - नरकाय देवपूजा |
| | (c) નાશક - हरिणेभ्यो वागुराः । |
| | (d) દુઃખજનક - मशकेभ्यो धूमः । |

(૪) યદ્યપિ આ સમાસ વિશેષણતયા પ્રયુક્ત થતો હોવાથી અન્યપદાર્થ પ્રધાન સમાસ જેવો જણાય છે. પરંતુ તત્પુરુષસંજ્ઞક હોવાનાં કારણે ઉત્તરપદાર્થપ્રધાન જાણવો. ખરેખર તો **ङ्ऽर्थोवाच्यवत् ८/१** લિંગાનુ-શાસનનાં વચનાનુસારે ચતુર્થી વિભક્ત્યન્ત સમાસગત

अर्थ પદ વાચ્યલિંગતાને પામે છે. અર્થાત્ વિશેષ્ય સ્વરૂપે રહેલાં पयः આદિ પદનું જે લિંગ હોય તે લિંગે પ્રયુક્ત થાય છે. પણ તેમાં અન્યપદાર્થની પ્રધાનતા જાણવી નહીં.

## पञ्चमी भयाद्यैः ३.१.७३

**અ.અ.સૂ. : पञ्चमी नाम भयाद्यैः नामभिः ऐकार्थ्ये समासः, तत्पुरुषः च, अन्यः ।**

**અર્થ** : પંચમી વિભક્ત્યન્ત નામ, भय વગેરે નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે તત્પુરુષ-સંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

**સ.** **भयाद्यैः** = भय आद्यो येषां तानीति, भयाद्यानि, तैरिति।

**ઉદા.** (૧) **वृकभयम्** = વાઘથી ભય. वृकाद् भयमिति।
આ સૂત્રથી वृक અને भयનો સમાસ તથા,
प्रथमोक्तं० ૩.૧.૧૪૮થી वृकनो પૂર્વનિપાત→वृकभय
પ્રથમા सि વગેરે→वृकभ**यम्**।

(૨) **वृकभीरुः** = વાઘથી ડરનારો. वृकात् भीरुरिति।
★ આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**વિશેષતા :**

(૧) **भयादि ગણ :** भय, भीत, भीति, भी, भीरु, भीलुक, निर्गत, जुगुप्सु, अपेत, अपोढ, मुक्त, पतित, अपत्रस्त વગેરે. સૂત્રમાં બ.વ. આકૃતિગણ માટે છે. તેથી द्वीपान्तरानीतः स्थानभ्रष्टः, तपरः વગેરે સમાસો પણ સિદ્ધ થાય છે.

(૨) नाम नाम्नै०૩.૧.૧૮થી આવતાં बहुलम्નાં અધિકારથી આ સૂત્ર દ્વારા प्रासादात् पतितः વગેરે સ્થાને સમાસ થતાં નથી.

## क्तेनाऽसत्त्वे ३.१.७४

**અ.અ.સૂ. : असत्त्वे पञ्चमी नाम क्तेन नाम्ना ऐकार्थ्ये समासः, तत्पुरुषः च, अन्यः ।**

**અર્થ** : અસત્ત્વ અર્થમાં વર્ત્તતાં નામને જે પંચમી વિભક્તિ થાય છે. તે પંચમી વિભક્ત્યન્ત નામ, क्त પ્રત્યયાન્ત નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

**સ.** **असत्त्वे** = न सत्त्वमिति असत्त्वम्, तस्मिन्निति।

**ઉદા.** (૧) **स्तोकान्मुक्तः** = થોડાથી મુકાયેલો. स्तोकात् मुक्त इति।
આ સૂત્રથી स्तोक અને मुक्तનો સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી स्तोकનો પૂર્વનિપાત અને
असत्त्वे ङसेः ૩.૨.૧૦થી વિભક્તિનો અલુપ્→
स्तो**कात्**+मुक्त
પ્રથમા सि વગેરે→स्तो**कान्**मुक्तः।

(૨) **अल्पान्मुक्तः** = અલ્પથી મુકાયેલો. अल्पात् मुक्त इति।
★ આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**પ્ર.ઉદા.** **असत्त्व इति किम् ? स्तोकाद् बद्धः** = થોડા (દ્રવ્યથી) બંધાયેલ.

★ આ સૂત્રની પ્રવૃત્તિ પૂર્વપદ અસત્ત્વમાં થતી પંચમી વિભક્ત્યન્ત નામ હોય તો થાય છે. જ્યારે અહીં અસત્ત્વમાં થનાર પંચમી વિભક્તિ નથી. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) યદ્યપિ અહીં स्तोकात् मुक्त इति स्तोकान्मुक्तः એ પ્રમાણે સ્વપદ વિગ્રહ વાક્ય અને સમાસ બંને એક સમાસ જ થાય છે. પરંતુ સમાસમાં એકપદપણું પ્રાપ્ત થતાં તદ્ધિત નિમિત્તક આદિ સ્વરની વૃદ્ધિ પૂર્વપદનાં આદિ સ્વરનાં વિષયમાં પ્રાપ્ત થાય છે. જેમકે, स्तौकान्बद्ध इति।

(૨) સૂત્રમાં असत्त्वનો વિષય અભિપ્રેત હોવાથી स्तोकाल्प० ૨.૨.૭૯ સૂત્ર અને आरादर्थैः ૨.૨.૭૮ સૂત્ર દ્વારા થયેલ પંચમીનું ગ્રહણ કરવું.

(૩) असत्त्व = જે ભાવ દ્વારા स्तोक વગેરે ગુણવાચી શબ્દોની ગુણરૂપે રહીને જ શબ્દ પ્રવૃત્તિ થાય તે ભાવ અસત્ત્વ કહેવાય છે.

અહીં તાત્પર્ય એ છે કે, स्तोकादि ગુણવાચી શબ્દો જ્યારે દ્રવ્યનું સામાનાધિકરણ્ય પ્રાપ્ત કરે છે. અર્થાત્ દ્રવ્યનું વિશેષણ બની દ્રવ્યરૂપે જ વાક્યમાં પ્રવૃત્ત થાય છે. ત્યારે सीदन्त्यस्मिन् गुणादय इति એ વ્યુત્પત્ત્યનુસારે સત્ત્વ કહેવાય છે. જેમકે, स्तोक धनमिति તથા,

તેનાથી અન્ય જે હોય એટલે કે, જેમાં દ્રવ્યનાં સમાનાધિકરણ વિના તે દ્રવ્યાદિનાં સ્થાને માત્ર ગુણ સ્વરૂપે જ स्तोकादिની શબ્દ પ્રવૃત્તિ થઈ હોય તે અસત્ત્વ કહેવાય છે.

**જિ.** : આ સૂત્ર અસત્ત્વ વિષયક પંચમી વિભક્ત્યન્ત પદનો સમાસ કરનારું છે. અને स्तोका૦૨.૨.૭૯થી થતાં પંચમી વિભક્તિ ત્રણેય વચનમાં વર્ત્તે છે. તો અહીં લઘુવૃત્ત્યાદિ તમામ સ્થળે स्तोकान्मुक्तः ઇત્યાદિ રૂપે માત્ર એકવચનાન્ત પદોનાં જ ઉદા. શા માટે દર્શાવવામાં આવ્યા છે? દ્વિવચનાન્ત કે બહુવચનાન્ત કેમ નહીં?

**સમા.** : તમારી વાત સાચી છે. પરંતુ આ સૂત્રમાં અલુપ્ સમાસનો નિર્દેશ કર્યો છે. તેથી જ પંચમી વિભક્તિનાં ङसिનો ऐकार्थ्ये ૩.૨.૮ સૂત્રથી થતાં લોપનો નિષેધ થાય છે. તે જ પંચમી વિભક્ત્યન્ત નામ આ સૂત્રનો વિષય બને છે. અને તે પંચમી વિભક્તિનો લોપ કરનારું असत्त्वे૦૩.૨.૧૦ સૂત્રમાં માત્ર એકવચનાન્ત બોધક ङसि પ્રત્યયનો નિર્દેશ કર્યો છે. તેથી આ સૂત્રની પ્રવૃત્તિ પણ માત્ર એકવચનમાં જ થશે. આથી અહીં એ નિષ્કર્ષ જણાય છે કે, દ્વિવચન, બહુવચનમાં આ સૂત્ર દ્વારા પંચમી તત્પુરુષ સમાસ થશે નહીં. પરંતુ स्तोकाभ्यां मुक्तः એ પ્રમાણે માત્ર વાક્યનો જ નિર્દેશ થશે.

## पर:शतादि: ३.१.७५

અ.અ.સૂ. : **पर:शतादि: तत्पुरुष: समास: ।**

અર્થ : पर:शत: વગેરે પંચમી તત્પુરુષ સમાસ નિપાતન પામે છે.

સ. **पर:शतादि:** = पर:शत आदिर्यस्य स इति।

ઉદા. (૧) **पर:शता:** = સોથી પર. शतात् परे इति।
આ સૂત્રથી पर અને शतनો સમાસ તથા, स् આગમ અને प्रथमोक्तं० ૩.૧.૧૪૮થી परस्નો પૂર્વનિપાત→**परस्**+शत પ્રથમા जस् વગેરે→पर:शता:।

(૨) **पर:सहस्त्रा:** = હજારથી પર. सहस्त्रात् परे इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**વિશેષતા :**

(૧) **पर:शतादि ગણ** : पर:शता:, पर:सहस्त्रा:, परोलक्षा:

(૨) અહીં અન્ય કેટલાંક વ્યાકરણકારો परस् એ પ્રમાણે स् કારાન્ત શબ્દ પણ સ્વીકારે છે. તેથી તેઓનાં મતે આ સૂત્ર દ્વારા परस् શબ્દનો પૂર્વનિપાત જ જાણવો.

## षष्ठ्ययत्नाच्छेषे ३.१.७६

અ.અ.સૂ. : **शेषे षष्ठी नाम नाम्ना ऐकार्थ्ये समास:, तत्पुरुष: च, अन्य: ।**

અર્થ : शेषे ૨.૨.૮૧થી જે શેષ અર્થમાં થતી ષષ્ઠી વિભક્ત્યન્ત નામ, અન્ય નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. પરંતુ તે ષષ્ઠી नाथ: ૨.૨.૧૦ વગેરે સૂત્રથી

યત્ન વડે કરેલી ન હોય તો. અને તે તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

ઉદા. **राजपुरुषः** = રાજાનો પુરુષ. राज्ञः पुरुष इति।
આ સૂત્રથી राजन् અને पुरुषનો સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી राजन्नो પૂર્વનિપાત→
**राजन्**+पुरुष
नाम्नो नो०૨.૧.૯૧થી न्नो લોપ→राजपुरुष
પ્રથમા सि વગેરે→राजपुरुषः।

પ્ર.ઉદા.(૧) **अयत्नादिति किम्? सर्पिषो नाथितम्** = ઘી મને હો એવી પ્રાર્થના કરે છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ અયત્નજ ષષ્ઠીનાં વિષયમાં જ થાય છે. જ્યારે અહીં યત્નજ ષષ્ઠી હોવાથી આ સૂત્રથી સમાસ થયો નહીં.

(૨) **शेष इति किम्? गवां कृष्णा सम्पन्नक्षीरा** = ગાયોમાંની કાળી ગાય વધારે દૂધવાળી છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ શેષષષ્ઠી હોય તો જ થાય છે. જ્યારે અહીં અપાદાનમાં ષષ્ઠી થયેલ છે માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) કારક પ્રકરણમાં શેષ અર્થનાં વિષયમાં ષષ્ઠી કહેલી છે. તે શેષ અર્થ બે પ્રકારે છે.

(a) **સ્વાભાવિક શેષ અર્થ :** જે સ્વાભાવિક રીતે સ્વ-સ્વામીભાવ વગેરે સંબંધ રૂપ છે. તેમાં થયેલી ષષ્ઠીને અયત્નજ ષષ્ઠી કહેવાય છે.

(b) **યત્નસાધ્ય શેષ અર્થ :** नाथः ૨.૨.૧૦ વગેરે સૂત્રોથી વિકલ્પ અને નિષેધ પક્ષમાં કર્માદિ કારકની અવિવક્ષા રૂપ હોય છે. તેમાં થયેલી ષષ્ઠી યત્નજ ષષ્ઠી કહેવાય છે.

યદ્યપિ ઉપરોક્ત બંને શેષ અર્થમાં शेषे ૨.૨.૮૧ દ્વારા જ ષષ્ઠી થાય છે. પરંતુ આ સૂત્રમાં અયત્નજ ષષ્ઠીનું વિધાન હોવાથી સ્વાભાવિક શેષ અર્થમાં થયેલી ષષ્ઠી વિભક્ત્યન્ત નામનું જ ગ્રહણ થાય છે.

(૨) આ સૂત્રની પ્રવૃત્તિમાં **सापेक्षमसमर्थम् २/२८** ન્યાયની પ્રવૃત્તિ થઈ છે. જે પદ બીજા પદને સાપેક્ષ હોય તે સમાસાદિ પદવિધિને પ્રાપ્ત કરવા સમર્થ બનતું નથી. તેથી, ऋद्धस्य राज्ञः पुरुषः અહીં ષષ્ઠ્યન્ત राजन् શબ્દ પોતાનાં વિશેષણભૂત ષષ્ઠ્યન્ત ઋદ્ધ શબ્દને સાપેક્ષ હોવાથી राजन् શબ્દનો पुरुष શબ્દ સાથે સમાસ થયો નહીં.

યદ્યપિ देवदत्तस्य गुरुकुलम्, जिनदत्तस्य दासभार्या ઇત્યાદિ કેટલાંક પ્રયોગમાં સાપેક્ષતા છે. પરંતુ દેવદત્તનું ગુરુકુળ અને જિનદત્તનાં દાસની ભાર્યા ઇત્યાદિ રૂપ સાચો અર્થ બોધ થતો હોવાથી સમાસની પ્રવૃત્તિ થાય છે. તેથી ત્યાં ન્યાયની અનિત્યતા જાણવી.

(૩) અહીં ધ્યાનમાં લેવું કે, कर्मणि ૨.૨.૪૦ આદિ સૂત્ર દ્વારા જ્યાં નિત્ય દ્વિતીયા વગેરે થતી હોય તેનાં વિકલ્પમાં ષષ્ઠી દર્શાવી હોય તે જ યત્નજ શેષ અર્થમાં થયેલ ષષ્ઠી જાણવી. અન્યથા शेषे ૨.૨.૮૧થી થતી નિત્ય ષષ્ઠીનાં વિકલ્પમાં અન્ય સૂત્ર દ્વારા વિકલ્પે

દ્વિતીયા વગેરે વિભક્તિ દર્શાવી હોય તો તે વિકલ્પે થયેલ ષષ્ઠી પણ અયત્નજ શેષમાં થયેલ ષષ્ઠી જ જાણવી. તે ષષ્ઠીનાં વિષયમાં આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે. જેમકે, गोस्वामी, पृथिवीश्वरः આદિ પ્રયોગોમાં स्वामी-श्वरा०૨.૨.૯૮ સૂત્ર દ્વારા સપ્તમીનાં વિકલ્પમાં शेषे ૨.૨.૮૧થી જ ષષ્ઠી થતાં गवां स्वामी આદિ વિગ્રહ વાક્ય દ્વારા આ સૂત્રથી સમાસ થયો છે.

(૪) અહીં ધ્યાનમાં લેવું કે, संघस्य भद्रं भूयात् ઇત્યાદિ પ્રયોગમાં આશીઃ અર્થમાં शेषे ૨.૨.૮૧થી ષષ્ઠી થાય છે. તેથી તે અયત્નજ ષષ્ઠી કહેવાતાં આ સૂત્ર દ્વારા સમાસની પ્રાપ્તિ છે. પરંતુ संघभद्रं भूयात् ઇત્યાદિ પ્રકારે સમાસ થયે છતે તેમાં આશીઃની પ્રતીતિ રહેતી નથી. તેથી, આશીઃ રૂપ સંબંધનાં સામર્થ્યથી આ સૂત્ર દ્વારા સમાસ થશે નહીં.

## कृति ३.१.७७

**અ.અ.સૂ. : कृति षष्ठी नाम नाम्ना ऐकार्थ्ये समासः, तत्पुरुषः च, अन्यः ।**

**અર્થ** : कर्मणि कृतः ૨.૨.૮૩ અને कर्त्तरि ૨.૨.૮૬થી થયેલ કૃત્પ્રત્યય નિમિત્તક ષષ્ઠી. તે અન્તવાળું નામ, અન્ય નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

ઉદા. (૧) **सर्पिर्ज्ञानम्** = ઘીનું જ્ઞાન. सर्पिषः ज्ञानमिति।
અહીં कर्मणि कृतः ૨.૨.૮૩થી ષષ્ઠી થઈ હોવાથી,
આ સૂત્રથી सर्पिस् અને ज्ञाननो સમાસ તથા,
प्रथमोक्तं० ૩.૧.૧૪૮થી सर्पिस्નો પૂર્વનિપાત→
सर्पिस्+ज्ञान
પ્રથમા सि વગેરે→सर्पिर्ज्ञा**नम्**।

(૨) **गणधरोक्तिः** = ગણધરોનું વચન. गणधराणामुक्तिरिति।
અહીં कर्तरि ૨.૨.૮૬થી ષષ્ઠી થયેલી હોવાથી,
સમાસાદિ કાર્યો પૂર્વ પ્રમાણે જાણવા.

**વિશેષતા :**

(૧) અહીં कर्मणि कृतः ૨.૨.૮૩ અને कर्तरि ૨.૨.૮૬ સૂત્રથી જે ષષ્ઠી થાય છે. તે કર્મ આદિ કારકમાં થતી હોવાથી શેષ સ્વરૂપે નથી. તેથી, षष्ठ्ययत्ना० ૩.૧.૭૬થી શેષ ષષ્ઠીનાં વિષયમાં સમાસની પ્રાપ્તિ ન હતી. તેની પ્રાપ્તિ આ સૂત્રથી થાય છે. પણ કર્માદિની અવિવક્ષા કરીને शेषे ૨.૨.૮૧ દ્વારા સંબંધમાં જ ષષ્ઠી કરવામાં આવે તો પૂર્વસૂત્ર દ્વારા જ સમાસની પ્રાપ્તિ જાણવી.

## याजकादिभिः ३.१.७८

અ.અ.સૂ. : **षष्ठी नाम याजकादिभिः नामभिः ऐकार्थ्ये समासः, तत्पुरुषः च, अन्यः।**

અર્થ : ષષ્ઠી વિભક્ત્યન્ત નામ याजक વગેરે નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે તત્પુરુષ-સંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

સ. **याजकादिभिः** = याजक आदिर्येषां तानीति याजकादीनि, तैरिति।

ઉદા. (૧) **ब्राह्मणयाजकः** = બ્રાહ્મણોને પૂજનાર.
ब्राह्मणानां याजक इति।

(૨) **गुरुपूजकः** = ગુરુઓનો પૂજનાર.
गुरुणां पूजक इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ सर्पिर्ज्ञानम् પ્રમાણે જાણવી. પરંતુ સમાસ આ સૂત્રથી કરવો.

**વિશેષતા :**

(૧) **याजकादि ગણ :** याजक, पूजक, परिचारक, परिषेवक, स्नापक, अध्यापक, उच्छादक, उन्मादक, उद्वर्त्तक, होतृ, भर्तृ વગેરે. સૂત્રમાં બહુવચન આકૃતિ ગણ માટે છે. તેથી તુલ્યાર્થક નામ ઉત્તરપદમાં હોય તો પણ સમાસ થાય છે. જેમકે, गुरुसदृशः, गुरुसमः, दास्याःसदृशः, वृषल्याःसमः વગેરે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, તુલ્યાર્થક सदृश વગેરે શબ્દનાં યોગમાં तुल्यार्थैस्तृतीया० ૨.૨.૧૧૬થી ષષ્ઠી વિભક્તિ થાય છે. જે શેષ ષષ્ઠી નથી. તેથી, षष्ठ्ययत्ना० ૩.૧.૭૬ સૂત્રથી गुरुसदृशः આદિ પ્રયોગમાં સમાસની પ્રાપ્તિ નથી. માટે આ સૂત્રથી આકૃતિગણતયા પ્રાપ્તિ જાણવી.

જિ. : याजकादि ગણ અંતર્ગત याजक વગેરે અને होतृ વગેરે શબ્દો णक-तृच् પ્રત્યયાન્ત જ છે. અને તે પ્રત્યયો

કૃત્ હોવાથી પૂર્વસૂત્રથી જ ब्राह्मणयाजकः આદિ સમાસો સિદ્ધ જ હતાં. તો પણ આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો?

**સમા.** : તમારી વાત સાચી છે. પરંતુ આગામી कर्मजा० ૩.૧.૮૩ સૂત્ર દ્વારા કર્તૃવાચક કૃદન્ત નામની સાથે સમાસનો નિષેધ કરવામાં આવશે. याजकादि શબ્દોમાં તે નિષેધનાં વારણ માટે આ સૂત્રનો નિર્દેશ છે. તેથી, કર્તૃવાચક તમામ કૃદંતોમાં પણ याजकादि કૃદંત નામની સાથે ષષ્ઠી તત્પુરુષ સમાસ થશે. પણ અન્ય નામની સાથે નહીં.

## पत्ति-रथौ गणकेन ३.१.७९

**અ.અ.સૂ.** : **षष्ठी पत्ति-रथौ नाम्नी गणकेन नाम्ना ऐकार्थ्ये समासः, तत्पुरुषः च, अन्यः।**

**અર્થ** : ષષ્ઠી વિભક્ત્યન્ત पत्ति અને रथ નામ, गणक નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

**સ.** **पत्ति-रथौ** = पतिश्च रथश्च इति।

ઉદા. (૧) **पत्तिगणकः** = દૂતને ગણનારો. पत्तिनां गणक इति।

(૨) **रथगणकः** = રથને ગણનારો. रथानां गणक इति।

આ ઉદા.ની સાધનિકા कृति ૩.૧.૭૭ નિર્દિષ્ટ सर्पिर्ज्ञानम् પ્રમાણે જાણવી. પરંતુ સમાસ આ સૂત્રથી જાણવો.

પ્ર.ઉદા. **पत्ति-रथाविति किम् ? धनस्य गणकः** = ધનને ગણનારો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ पत्ति અને रथ પૂર્વપદમાં હોય તો જ થાય છે. જ્યારે અહીં धन પૂર્વપદ છે, માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) અહીં પણ પૂર્વસૂત્રની જેમ જ कर्मजा तृचा૦૩.૧.૮૩ સૂત્રથી નિષિદ્ધ સમાસની પ્રાપ્તિ જાણવી.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, पत्ति અને रथ શબ્દ સિવાય અન્ય શબ્દનો गणकની સાથે कर्मजा૦૩.૧.૮૩થી સમાસનો નિષેધ થાય છે. પરંતુ ज्योतिर्गणकः ઇત્યાદિ પ્રયોગોમાં આજીવિકા રૂપ વિશેષ અર્થની વિવક્ષા હોવાથી अकेन क्रीडा૦૩.૧.૮૧થી સમાસની પ્રાપ્તિ જાણવી.

## सर्वपश्चादादयः ३.१.८०

અ.અ.સૂ. : **सर्वपश्चादादयः तत्पुरुषः समासः ।**

અર્થ : सर्वपश्चात् વગેરે ષષ્ઠી તત્પુરુષ સમાસ નિપાતન પામે છે.

સ. **सर्वपश्चादादयः** = सर्वपश्चादादिर्येषां ते इति।

ઉદા. (૧) **सर्वपश्चात्** = સર્વની પાછળ. सर्वेषां पश्चादिति।
આ સૂત્રથી सर्व અને पश्चात्નો સમાસ તથા,
નિપાતન સામર્થ્યથી सर्वનો પૂર્વનિપાત→**सर्व**पश्चात्।
પ્રથમા सि વગેરે→सर्वपश्चात्।

(૨) **सर्वचिरम्** = સર્વથી લાંબું. सर्वेषां चिरमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**વિશેષતા :**

(૧) **सर्वपश्चादादि ગણ :** सर्वपश्चात्, सर्वचिरम्, तदुपरिष्टात् વગેરે. સૂત્રમાં બહુવચન શિષ્ટ પ્રયોગનાં અનુસરણ માટે છે. અર્થાત્ આકૃતિગણ માટે છે.

(૨) વસ્તુતઃ सर्वपश्चादादि સમાસોમાં પણ सर्व વગેરે શબ્દોને शेषे ૨.૨.૮૧ દ્વારા ષષ્ઠી વિભક્તિ થઈ હોવાથી षष्ठ्यत्ना० ૩.૧.૭૬થી સમાસ થવાની શક્યતા હતી, પરંતુ આગામી तृप्तार्थ-पूरणा०३.૧.૮૫ સૂત્ર દ્વારા पश्चात् વગેરે અવ્યય નામોની સાથે ષષ્ઠી તત્પુરુષ સમાસનો નિષેધ હોવાથી અહીં પણ સમાસની પ્રાપ્તિ થતી ન હતી. તેની પ્રાપ્તિ માટે આ સૂત્રનો નિર્દેશ છે.

**જિ.** : सर्वपश्चात् સમાસમાં पश्चात् અવ્યય સ્વરૂપે જણાય છે. અને विभक्ति०૩.૧.૩૯ સૂત્રમાં પશ્ચાદર્થવાળાં અવ્યય નામનું ગ્રહણ કરેલું છે. તેથી वनस्य अनु इति अनुवनम् ની જેમ જ सर्वेषां पश्चात् એ પ્રમાણે એ જ સૂત્ર દ્વારા સમાસ સિદ્ધ જ હતો તો અહીં નિર્દેશ શા માટે કર્યો?

**સમા.** : તત્પુરુષ સમાસ કરનારાં દરેક સૂત્રોમાં अन्य પદનું ગ્રહણ કરેલ છે. જેનું તાત્પર્ય એ છે કે, જે પદોને જે અર્થ દ્વારા તત્પુરુષ સમાસની પ્રાપ્તિ થતી હોય તે પદોને તે જ અર્થમાં અન્ય સમાસ કરવા નહીં તેથી, અહીં सर्वपश्चात् સમાસમાં पश्चात् પદનું ગ્રહણ કર્યું છે.

તે જ જણાવે છે કે, पश्चात् ૫૬ विभक्ति૦૩.૧.૩૯ સૂત્ર દ્વારા અવ્યયીભાવ સમાસનો વિષયભૂત બનતો નથી. આ, ખરેખર તો અવ્યય સ્વરૂપે છે. પરંતુ આ સૂત્રનાં વચનસામર્થ્યથી અવ્યયીભાવ સમાસમાં જે અવ્યય સ્વરૂપે રહેતો નથી.

## अकेन क्रीडा-ऽऽजीवे ३.१.८१

**અ.અ.સૂ. : षष्ठी नाम अकेन नाम्ना क्रीडा-ऽऽजीवे ऐकार्थ्ये समासः, तत्पुरुषः च, अन्यः।**

**અર્થ** : ષષ્ઠ્યન્ત નામ, अक પ્રત્યયાન્ત નામની સાથે ક્રીડા અને આજીવિકા અર્થ જણાતો હોય તો ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

**સ.** **क्रीडा-ऽऽजीवे** = क्रीडा च आजीवश्च इति क्रीडा-ऽऽजीवम्, तस्मिन्निति।

**ઉદા.** (૧) **उद्दालकपुष्पभञ्जिका** = ઉદ્દાલક પુષ્પ તોડવાની રમત વિશેષ.
उद्दालकपुष्पाणां भञ्जिका इति।
આ સૂત્રથી उद्दालकपुष्प અને भञ्जिकाનો સમાસ તથા, प्रथमोक्तं૦૩.૧.૧૪૮થી उद्दालकपुष्पનો પૂર્વનિપાત→
**उद्दालकपुष्प**+भञ्जिका
પ્રથમા सि વગેરે→उद्दालकपुष्पभञ्जिका।

★ અહીં नाम्नि पुंसि च ૫.૩.૧૨૧ સૂત્રથી भञ्जोंप् आमर्दने-१४८६ ધાતુને णक પ્રત્યય લાગેલ છે. માટે આ સૂત્રથી સમાસ થયો છે.

(૨) **नखलेखकः** = નખ ઉપર લખીને આજીવિકા ચલાવનાર.
नखानां लेखक इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **क्रीडा-ऽऽजीव इति किम्? पयसः पायकः** = દૂધને પીવું તે.

★ આ સૂત્રથી પ્રવૃત્તિ ક્રીડા અને આજીવિકા ગમ્યમાન હોય તો થાય છે. જ્યારે અહીં તે અર્થ જણાતો નથી. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) આ સૂત્રની પ્રવૃત્તિ ક્રીડા અને આજીવિકાનાં વિષયમાં જ થાય છે. તે ક્રીડા આદિ અર્થ પૂર્વપદાર્થ કે ઉત્તર પદાર્થથી ગમ્યમાન નથી. પરંતુ સમાસ રૂપ સમુદાય દ્વારા જ પ્રસિદ્ધ છે. તેથી અહીં સ્વપદ વિગ્રહ વાક્ય વડે પણ ક્રીડા વગેરે અર્થનો બોધ થતો નથી. માટે સૂત્રમાં नित्यम्નો અધિકાર ન હોવા છતાં પણ આ સમાસની નિત્યતા જાણવી.

(૨) અહીં પણ पत्ति-रथौ૦૩.૧.૭૯ની જેમ જ कर्मजा तृचा૦ ૩.૧.૮૩થી નિષિદ્ધ સમાસની પ્રાપ્તિ જાણવી.

## સમાસનો નિષેધ કરતાં સૂત્રો : ૩.૧.૮૨થી ૩.૧.૮૭

## न कर्त्तरि ३.१.८२

અ.અ.સૂ. : **कर्त्तरि षष्ठी नाम अकेन नाम्ना समासः न ।**

અર્થ : કર્ત્તરિમાં થયેલ ષષ્ઠી વિભક્ત્યન્ત નામ, अक પ્રત્યયાન્ત નામની સાથે સમાસ પામતું નથી.

ઉદા. (૧) **तव शायिका** = તમારો સુવાનો વારો.

★ અહીં पर्यायार्ह०૫.૩.૧૨૦થી णक પ્રત્યય કર્ત્તામાં થયો છે. તેથી कर्त्तरि ૨.૨.૮૬થી ષષ્ઠી વિભક્તિ થતાં कृति ૩.૧.૭૭થી युष्मद् અને शायिकाનાં સમાસની પ્રાપ્તિ હતી જેનો આ સૂત્રથી નિષેધ થયો છે.

પ્ર.ઉદા. **कर्त्तरीति किम् ? इक्षुभक्षिका** = શેરડીને ખાવાનો વારો. कृति ૩.૧.૭૭થી इक्षु અને भक्षिकाનો સમાસ તથા, प्रथमोक्तं०૩.૧.૧૪૮થી इक्षुનો પૂર્વનિપાત→

**इक्षु**+भक्षिका

પ્રથમા सि વગેરે→इक्षुभक्षिका।

★ આ સૂત્રથી કર્ત્તામાં થયેલ ષષ્ઠ્યન્ત નામ પૂર્વપદમાં હોય તો જ સમાસનો નિષેધ થાય છે. જ્યારે અહીં कर्मणि कृतः ૨.૨.૮૬ કર્મમાં પ્રાપ્ત ષષ્ઠી વિભક્ત્યન્ત નામ છે. માટે આ સૂત્રથી સમાસનો પ્રતિષેધ થયો નહીં.

**વિશેષતા :**

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, ષષ્ઠી વિભક્ત્યન્ત નામનો अक પ્રત્યયાન્ત નામની સાથે कृति ૩.૧.૭૭થી સમાસ થવાનો હતો. તેના નિષેધ માટે આ સૂત્રનો નિર્દેશ જાણવો.

## कर्मजा तृचा च ३.१.८३

અ.અ.સૂ. : **कर्मजा षष्ठी नाम कर्त्तरि तृचा च (अकेन) नाम्ना समासः न।**

**અર્થ** : કર્મમાં થયેલ ષષ્ઠી વિભક્ત્યન્ત નામ, કર્ત્તામાં થયેલ તૃચ્ અને अक પ્રત્યયાન્ત નામની સાથે સમાસ પામતું નથી.

**સ.** **कर्मजा** = कर्मणि जाता इति।

**ઉદા. (૧)** **भक्तस्य भोजकः** = અન્નને ખાનારો.
અહીં णक-तृचौ ૫.૧.૪૮થી કર્ત્તામાં પ્રાપ્ત णक પ્રત્યયાન્ત નામ પર છતાં कर्मणि कृतः ૨.૧.૮૩થી भक्तस्यને ષષ્ઠી થયેલ છે. તેથી कृति ૩.૧.૭૭થી સમાસની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્ર દ્વારા નિષેધ થાય છે.

**(૨)** **अपां स्रष्टा** = પાણીને રચનાર.
અહીં પણ પૂર્વપ્રમાણે સૂત્રની પ્રવૃત્તિ જાણવી.

**પ્ર.ઉદા.(૧)** **कर्मजेति किम्? गुणो गुणिविशेषकः** = ગુણ ગુણીનો વિશેષક છે.
**सम्बन्धेऽत्र षष्ठी** = આ સૂત્રની પ્રવૃત્તિ કર્મમાં થયેલ ષષ્ઠી વિભક્ત્યન્ત પૂર્વપદ હોય તો જ થાય છે. જ્યારે અહીં કારકની વિવક્ષા ન હોવાથી शेषे ૨.૨.૮૧થી ષષ્ઠી થયેલ છે. માટે षष्ठ्ययत्ना०૩.૧.૭૬થી પ્રાપ્ત સમાસનો આ સૂત્ર દ્વારા નિષેધ થયો નહીં.

**(૨)** **कर्त्तरीरित्येव** = **पयःपायिका** = દૂધ પીવું તે.
આ સૂત્રની પ્રવૃત્તિ કર્ત્તામાં થયેલ अक પ્રત્યયાન્ત નામ હોય તો જ થાય છે. જ્યારે અહીં भावे ૫.૩.૧૨૨થી अकનું વિધાન ભાવમાં થયેલ છે. માટે कृति ૩.૧.૭૭થી પ્રાપ્ત સમાસનો આ સૂત્ર દ્વારા પ્રતિષેધ થયો નહીં.

**વિશેષતા :**

(૧) અહીં પૂર્વસૂત્રથી कर्त्तरि પદની અનુવૃત્તિ આવી રહી છે. તે અનુવૃત્તિ પ્રાપ્ત अकेन પદનું જ વિશેષણ બને છે. પણ અન્યનું નહીં.

યદ્યપિ પૂર્વસૂત્રમાં कर्त्तरि પદ षष्ठीનું વિશેષણ છે. પરંતુ અધિકારોની પ્રવૃત્તિ અને નિવૃત્તિ અર્થનાં વશથી થાય છે. સંબંધનાં વશથી નહીં.

અહીં આશય એ છે કે, જો कर्त्तरि પદને षष्ठीનું વિશેષણ બનાવવામાં આવે તો તે વિષયમાં પૂર્વસૂત્રથી જ નિષેધ થઈ ગયો હોવાથી પૂર્વસૂત્ર વ્યર્થ જાય અને વળી સૂત્રમાં तृच् પ્રત્યયનો યોગ દર્શાવ્યો હોવાથી કર્તૃબોધક तृच् પ્રત્યય દ્વારા કર્ત્તા ઉક્ત થતો હોવાથી આ સૂત્રનાં વિષયમાં કર્ત્તરિમાં ષષ્ઠી વિભક્તિ સંભવતી જ નથી. તેમજ, तृच् પ્રત્યય માત્ર કર્ત્તામાં જ થતો હોવાથી **संभवे व्यभिचारे च विशेषणमर्थवत् ૨/૫૭** ન્યાયાનુસારે कर्त्तरि પદ તેનું પણ વિશેષણ બનશે નહીં. તેથી તે अक પ્રત્યયનું જ વિશેષણ બનશે.

(૨) અહીં કેટલાંક ગ્રંથોમાં भूभर्त्ता વગેરે પ્રયોગ પણ જોવા મળે છે. પરંતુ તે પ્રયોગમાં भर्तृ શબ્દ याजकादि ગણ અંતર્ગત સમાવિષ્ટ જાણવો. અહીં આશય એ છે કે, भर्तृ શબ્દ બે પ્રકારે છે. (a) ઉણાદિ નિષ્પન્ન, પતિનો પર્યાયવાચી શબ્દ અને (b) ભરણ-ધારણ ક્રિયા નિમિત્તક तृच् પ્રત્યયાન્ત भृ ધાતુનું કૃદન્ત.

તેમાં याजकादि ગણમાં પ્રથમ પક્ષગત भर्तृ શબ્દ છે. તેથી, ઉણાદિનાં વ્યુત્પત્તિ પક્ષને આશ્રયીને याजकादि પ્રયોગમાં પણ કર્મનિમિત્તક ષષ્ઠી થાય છે. પરંતુ આ સૂત્રમાં ક્રિયા નિમિત્તક तृच् પ્રત્યયાન્ત શબ્દનું ગ્રહણ હોવાથી તે સમાસોનો નિષેધ થતો નથી.

## तृतीयायाम् ३.१.८४

**અ.અ.સૂ.** : **कर्त्तरि तृतीयायां कर्मजा षष्ठी नाम नाम्ना समासः न।**

**અર્થ** : કર્તૃવાચક નામને તૃતીયા વિભક્તિ થયે છતે કર્મમાં થયેલ ષષ્ઠી વિભક્ત્યન્ત નામ, અન્ય નામની સાથે સમાસ પામતું નથી.

ઉદા. **आश्चर्यो गवां दोहोऽगोपालकेन** = ગોવાળીયો નહીં હોવા છતાં પણ ગાયોનું દોહવું આશ્ચર્ય છે.

અહીં ષષ્ઠ્યન્ત કર્મવાચી નામ અને कृत् પ્રત્યયાન્ત दोह નામના સમાસની कृति ૩.૧.૭૭થી પ્રાપ્તિ હતી, પરંતુ કર્તૃવાચક નામ તૃતીયા વિભક્ત્યન્ત હોવાથી આ સૂત્રથી સમાસનો નિષેધ થયો છે.

પ્ર.ઉદા. **तृतीयायामिति किम्? शब्दानुशासनं गुरोः** = ગુરુનું શબ્દાનુશાસન.

★ આ સૂત્રની પ્રવૃત્તિ કર્તૃવાચી નામ તૃતીયા વિભક્તિમાં હોય તો થાય છે. જ્યારે અહીં કર્ત્તાવાચી નામને कर्त्तरि ૨.૨.૮૬થી ષષ્ઠી થયેલ છે. માટે આ સૂત્રથી शब्द અને अनुशासनનાં સમાસનો નિષેધ થયો નહીં.

**વિશેષતા :**

(૧) અહીં કેટલાંક વ્યાકરણકારોનાં મતે ષષ્ઠી વિભક્ત્યન્ત કર્તૃવાચી નામ પણ આ સૂત્રનાં વિષયભૂત બનતાં સમાસ પામતું નથી. જેમકે, विचित्रा सूत्रस्य कृतिराचार्यस्य આ મત પાણિની વ્યાકરણકારને સંમત હોય તેવું જણાય છે.

## तृप्तार्थ-पूरणा-ऽव्यया-ऽतृश्-शत्रानशा ३.१.८५

**અ.અ.સૂ. : तृप्तार्थ-पूरणा-ऽव्यया-ऽतृश्-शत्रानशा नाम्ना षष्ठी नाम समासः न।**

**અર્થ** : तृप्त અર્થવાળા, પૂરણ પ્રત્યયાન્ત, અવ્યય, अतृश्, शतृ અને आनश् પ્રત્યયાન્ત નામની સાથે ષષ્ઠ્યન્ત નામ સમાસ પામતું નથી.

સ. **तृप्तार्थ-पूरणा-ऽव्यया-ऽतृश्-शत्रानशा** = तृप्तोऽर्थो येषां ते इति तृप्तार्थाः, तृप्तार्थाश्च पूरणश्च अव्ययानि च अतृश् च शतृश्च आनश् च इति तृप्तार्थ-पूरण-ऽव्यया-ऽतृश्-शत्रानश्, तेनेति।

ઉદા. (૧) **તૃપ્ત અર્થક = फलानां तृप्तः** = ફળોથી તૃપ્તિ.
અહીં તૃપ્તાર્થક શબ્દ અને ષષ્ઠ્યન્ત નામનાં षष्ठ्ययत्ना० ૩.૧.૭૬થી સમાસની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ કર્યો છે.

(૨) **પૂરણ પ્રત્યયાન્ત = तीर्थकृतां षोडशः** = તીર્થંકરોમાં સોળમા.

અહીં षोडश પૂરણ પ્રત્યયાન્ત હોવાથી षष्ठ्ययत्ना० ૩.૧.૭૬થી પ્રાપ્ત સમાસનો આ સૂત્ર દ્વારા નિષેધ થાય છે.

(૩) **અવ્યય = राज्ञः साक्षात्** = રાજાની સામે.
અહીં साक्षात् પદ સ્વરાદિગણતયા અવ્યયસંજ્ઞક હોવાથી षष्ठ्ययत्ना०૩.૧.૭૬થી પ્રાપ્ત સમાસનો આ સૂત્ર દ્વારા નિષેધ થાય છે.

(૪) **अतृश् = रामस्य द्विषन्** = રામનો દ્વેષ કરતો.

(૫) **शतृ = चैत्रस्य पचन्** = ચૈત્રનું રાંધવું.

(૬) **आनश् = मैत्रस्य पचमानः** = મૈત્રનું રાંધવું.
આ ઉદા.માં द्विषन् વગેરે શબ્દો अतृश् વગેરે પ્રત્યયાન્ત હોવાથી સંબંધની વિવક્ષામાં षष्ठ्ययत्ना०૩.૧.૭૬થી પ્રાપ્ત સમાસનો આ સૂત્ર દ્વારા નિષેધ થાય છે.

**વિશેષતા :**

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, राज्ञः पाटलिपुत्रस्य धनं, सर्पिषः पीयमानस्य गन्धः ઇત્યાદિ કેટલાંક સ્થાને આ સૂત્રગત તૃપ્તાર્થક વગેરે નામો ન હોવા છતાં પણ સમાસો થતાં નથી. વસ્તુતઃ राज्ञः पाटलिपुत्रस्य, सर्पिषः पीयमानस्य ઇત્યાદિ પ્રયોગમાં राज्ञः વગેરે પદનો पाटलिपुत्रस्य વગેરે પદ સાથે સામાનાધિકરણ્ય હોવાથી વિશેષણતયા સાપેક્ષતા વર્ત્તે છે. તેથી **सापेक्षमसमर्थम् ૨/૨૮** ન્યાયાનુસારે તેઓનો धनादि પદની સાથે ષષ્ઠી તત્પુરુષ સમાસ થતો નથી પણ અહીં पाटिपुत्रकश्चासौ राजा च

इति तस्य पाटलिपुत्रकराजस्य એ પ્રમાણે વિશેષણ-વિશેષ્ય તરીકે पाटलिपुत्रस्य અને राज्ञः પદનો विशेषणं-विशेष्यै० ૩.૧.૯૬ સૂત્રથી સમાસ થઈ શકે છે. કારણકે ત્યાં પરસ્પર સિવાય અન્ય પદની સાપેક્ષતા વર્ત્તતી નથી. અને પ્રથમોક્તતયા पाटलिपुत्रक પદનો પૂર્વનિપાત થાય છે.

(૨) અહીં કેટલાંક વ્યાકરણકારોનાં મતે સૂત્રગત अव्यय પદ દ્વારા અવ્યયીભાવ સમાસ નિષ્પન્ન પદ પણ ગ્રહણ થાય છે. તેથી તેઓનાં મતે चैत्रस्य उपकुम्भम् ઇત્યાદિ પ્રયોગોમાં चैत्रस्य પદનો उपकुम्भम् રૂપ અવ્યયીભાવ સમાસ નિષ્પન્ન પદ સાથે સમાસ થતો નથી.

(૩) અહીં સંબંધમાં ષષ્ઠી હોવાથી षष्ठ्ययत्ना०૩.૧.૭૬થી સમાસની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્ર દ્વારા નિષેધ થાય છે.

**જિ.** : અહીં चैत्रस्य पचन्, मैत्रस्य पचमानः ઇત્યાદિ પ્રયોગોમાં कर्मणि कृतः ૨.૨.૮૩થી ષષ્ઠી વિભક્તિ કરી હોય તેવું જણાય છે. પરંતુ तृन्नुदन्ता०૨.૨.૯૦થી તે ષષ્ઠીનો બાધ થતાં કર્મતયા દ્વિતીયા વિભક્તિ જ થાય છે. તો આ ઉદા.ની સંગતિ શી રીતે થાય ?

**સમા.** : વસ્તુતઃ અહીં चैत्र આદિની કર્મતયા વિચારણા કરીને कर्मणि कृतः ૨.૨.૮૩થી ષષ્ઠી વિભક્તિ કરવામાં આવી નથી. પણ અધ્યાહારથી તદન્ય કોઈપણ घटादिनी જ કર્મતયા વિવક્ષા કરવામાં આવી છે. અને તેથી જ ક્રિયાની સાથે चैत्र આદિનાં સંબંધની વિવક્ષાએ शेषे

૨.૨.૮૧થી જ ષષ્ઠી વિભક્તિ કરવામાં આવે છે. તથા સંબંધ અનેક પ્રકારનાં હોવાથી, ક્રિયાની સાથે તેઓનાં સંબંધની વિવક્ષા કરવામાં કોઈ આપત્તિ નથી.

## ज्ञानेच्छा-ऽर्चार्था-ऽऽधारक्तेन ३.१.८६

**અ.અ.સૂ. : ज्ञानेच्छा-ऽर्चार्था-ऽऽधारक्तेन नाम्ना षष्ठी नाम समासः न।**

**અર્થ** : જ્ઞાન, ઈચ્છા, અર્ચા અર્થમાં વર્ત્તતી પ્રકૃતિથી જે क्त પ્રત્યય કહેવાયો છે. અને अद्यर्थाच्चा૦૫.૧.૧૨થી આધારમાં જે क्त પ્રત્યય કહેવાયો છે, તે પ્રત્યયાન્ત નામની સાથે ષષ્ઠ્યન્ત નામ સમાસ પામતું નથી.

**સ.** **ज्ञानेच्छा-ऽर्चार्था-ऽऽधारक्तेन** = ज्ञानं च इच्छा च अर्चा च इति ज्ञानेच्छाऽर्चाः, ज्ञानेच्छा-ऽर्चा अर्था येषां ते इति ज्ञानेच्छाऽर्चार्थाः, ज्ञानेच्छार्चार्थाश्च आधारश्च इति ज्ञानेच्छा र्चार्थाधारम्, ज्ञानेच्छार्चार्थाधारे क्तः इति ज्ञानेच्छार्चार्था धारक्तम्, तेनेति।

ઉદા. (૧) **જ્ઞાનાર્થક = राज्ञां ज्ञातः** = રાજામાં પ્રસિદ્ધ.

(૨) **ઈચ્છાર્થક = राज्ञामिष्टः** = રાજાને ઈચ્છતો.

(૩) **અર્ચાર્થક = राज्ञां पूजितः** = રાજાને પૂજતો.

આ ઉદા.માં ज्ञानेच्छार्चा૦૫.૨.૯૨ સૂત્રથી વર્તમાનમાં क्त લાગીને ज्ञातः વગેરે કૃદન્ત બનેલ છે. અને क्तयोरसदा૦ ૨.૨.૯૧થી વર્ત્તમાન અર્થમાં कर्तरि ૨.૨.૮૬થી પ્રાપ્ત ષષ્ઠીનો નિષેધ થતો નથી. તેથી

कृति ૩.૧.૭૭થી સમાસની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ જાણવો.

(૪) **इदमेषां यातम्** = આમાં આઓનું જવું.
અહીં अद्यर्था०૫.૧.૧૨થી આધારમાં क्त થયેલ છે. તેથી પૂર્વપ્રમાણે कृति ૩.૧.૭૭થી પ્રાપ્ત સમાસનો આ સૂત્ર દ્વારા નિષેધ થાય છે.

**વિશેષતા :**

(૧) **द्वन्द्वात्परः प्रत्येकमभिसम्बध्यते ३/१५** ન્યાયાનુસારે द्वन्द्व સમાસનાં ઘટકીભૂત દરેક પદનો અર્થ તેમજ, क्त સાથે અન્વય જાણવો.

**જિ.** : અહીં राज्ञां पूजितः ઇત્યાદિ સ્થાને સમાસનો નિષેધ દર્શાવ્યો છે. પરંતુ कलहं स राममहितः कृतवान् (भट्टीकाव्य-१०/२) એ પ્રમાણે राममहितः આદિ સમાસો દેખાય છે. તેનો સમન્વય શી રીતે કરવો?

**સમા.** : સમાસ પ્રકરણગત बहुलम्નાં અધિકારથી તે સમાસ થાય છે. અહીં કેટલાંક વૈયાકરણીઓનાં મતે राममहित આદિ સ્થાને આ સૂત્રમાં દર્શાવેલાં જ્ઞાન, ઇચ્છા કે પૂજા અર્થમાં અને अद्यर्थाच्चा०૫.૧.૧૨ સૂત્રથી વર્તમાનકાળમાં क्त પ્રત્યય થયો નથી. પણ ભૂતકાળમાં क्त-क्तवतु સૂત્રથી क्त પ્રત્યય થયો છે, તેથી સમાસની પ્રાપ્તિ ઇષ્ટ જ છે. પરંતુ તે રીતે માનતાં क्तयोरसदाधारे ૨.૨.૯૧થી ષષ્ઠી વિભક્તિનો નિષેધ થતાં કર્તાને તૃતીયા વિભક્તિની પ્રાપ્તિ થાય છે. અને તે સમાસ તૃતીયાતત્પુરુષ તરીકે સિદ્ધ થાય છે. જો કે આ મત પણ સ્વમતે સંમત જ હોય તેવું જણાય છે.

તેમજ કેટલાંક અન્ય વૈયાકરણીઓનાં મતે માત્ર કૃત્-પ્રત્યયનાં યોગમાં કારકનાં સ્થાને થયેલ ષષ્ઠી વિભક્તિ જ આ સૂત્રનો વિષય બને છે. અન્ય સંબંધ આદિમાં થયેલ નહીં. તેથી राममहित આદિ સ્થાને राम પદનો महित ક્રિયા સાથે સંબંધષષ્ઠીની વિવક્ષા કરવા દ્વારા ષષ્ઠી તત્પુરુષ સમાસ પણ સિદ્ધ થાય છે. (પરંતુ આ મત ગ્રંથકારને સ્વમતે ઈષ્ટ હોય તેવું જણાતું નથી.)

## अस्वस्थगुणैः ३.१.८७

**અ.અ.સૂ. : अस्वस्थगुणैः नामभिः षष्ठी नाम समासः न।**

**અર્થ** : જે ગુણો માત્ર સ્વમાં જ રહે પણ દ્રવ્યમાં ન રહે તે સ્વસ્થ ગુણ. તે સિવાયનાં અસ્વસ્થગુણ. તદ્વાચક નામની સાથે ષષ્ઠ્યન્ત નામ સમાસ પામતું નથી.

ઉદા. (૧) **पटस्य शुक्लः** = પટનો શુક્લ વર્ણ.

(૨) **गुडस्य मधुरः** = ગોળનો મધુર રસ.

અહીં शुक्ल અને मधुर ગુણ વાચકતા સંબંધથી દ્રવ્યમાં પણ રહી શકે છે. માટે અસ્વસ્થ ગુણની સાથે ષષ્ઠ્યન્ત નામનો षष्ठ्ययत्ना०૩.૧.૭૬થી પ્રાપ્ત સમાસનો આ સૂત્ર દ્વારા નિષેધ થાય છે.

પ્ર.ઉદા. **अस्वस्थगुणैरिति किम्?**

(૧) **घटवर्णः** = ઘટનો વર્ણ. घटस्य वर्ण इति।

(૨) **चन्दनगन्धः** = ચંદનની ગંધ. चन्दनस्य गन्ध इति।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉત્તરપદ અસ્વસ્થ ગુણવાચી હોય તો થાય છે. જ્યારે અહીં वर्ण અને गन्ध સ્વસ્થ ગુણ હોવાથી षष्ठ्ययत्ना૦૩.૧.૭૬થી પ્રાપ્ત સમાસનો આ સૂત્ર દ્વારા નિષેધ થયો નહીં.

**વિશેષતા :**

(૧) અહીં बहुलम्નાં અધિકારથી कण्टकस्य तैक्ष्ण्यम्, वृषलस्य धाष्ट्र्यम् ઇત્યાદિ સ્થાને સમાસ થતાં નથી. અને कुसुमसौरभ्यम्, चन्दनसौरभम् ઇત્યાદિ સ્થાને સમાસ થાય છે.

(૨) અહીં સૂત્રગત अस्वस्थ વિશેષણયુક્ત गुण શબ્દ દ્વારા લોકપ્રસિદ્ધ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શરૂપી ગુણો જ અભિપ્રેત છે. તેથી तद्-तद् વિશેષવાચી નામ સાથે જ આ પ્રતિષેધ જાણવો. તેથી यत्नगौरवम्, बुद्धिकौशलम् ઇત્યાદિ પ્રયોગમાં સમાસનો નિષેધ થતો નથી.

**જિ.** : અહીં पटस्य शुक्लः ઇત્યાદિ ઉદા.માં पटस्य वर्णः शुक्लः એ પ્રમાણે અધ્યાહારથી वर्ण શબ્દનો બોધ થાય છે. તેથી, पटનો અન્વય वर्ण સાથે હોવાથી शुक्ल શબ્દ સાથે સમાસની પ્રાપ્તિ જ નથી તો નિષેધ શા માટે કર્યો ?

**સમા.** : વસ્તુતઃ અર્થથી અથવા પ્રકરણથી શુક્લ આદિ પદ દ્વારા વર્ણાદિનો બોધ થતો હોવાથી તે શુક્લ આદિ વર્ણાદિ અંતર્ગત જ કહેવાય છે. અર્થાત્ વર્ણાદિ સ્વરૂપે જ કહેવાય છે. તેથી पटस्य પદનો અન્વય જેમ વર્ણાદિની સાથે થાય તેમ વર્ણાદિનો પ્રયોગ ન હોય

તો તદર્થક શુક્લ આદિની સાથે પણ હોય છે. અને તેથી સમાસની પ્રાપ્તિ થતાં તેનો નિષેધ કરવામાં આવે છે.

જિ. : गुणपर्यायवद् द्रव्यम् વ્યાખ્યાનુસારે દરેક ગુણ સમવાય સંબંધથી દ્રવ્યમાં રહેતાં જ હોય છે. તેથી જે માત્ર સ્વમાં જ રહે પણ દ્રવ્યમાં ન રહે. તેવાં ગુણો આ વિશ્વમાં સંભવતાં જ નથી. માટે દરેક ગુણ અસ્વસ્થ ગુણ જ કહેવાશે. તો **संभवे व्यभिचारे च विशेषणमर्थवत् ૨/૫૭** ન્યાયાનુસારે અહીં અસ્વસ્થ વિશેષણ વ્યર્થ જતાં માત્ર गुणैः આટલું જ સૂત્ર શા માટે ન જણાવ્યું?

સમા. : વસ્તુતઃ અહીં **द्रव्याप्रतिपादकत्वे सति गुणप्रतिपादकत्वम् स्वस्थगुणत्वम्** એ પ્રમાણે વ્યાખ્યાનુસારે જે ગુણો દ્રવ્યનું પ્રતિપાદન કર્યા વિના માત્ર ગુણનું જ પ્રતિપાદન કરતાં હોય તે સ્વસ્થ ગુણ તરીકે અભિપ્રેત છે. અને તે સિવાયનાં અસ્વસ્થગુણ તરીકે ગ્રહણ કરવા.

અહીં આશય એ છે કે, જે ગુણ માત્ર પોતાનું જ પ્રતિપાદન કરતાં હોય તે વાચકના સંબંધ દ્વારા માત્ર સ્વમાં જ રહે છે. પણ દ્રવ્યમાં નહીં. તેથી તે સ્વસ્થ ગુણ કહેવાય છે. જેમકે, घटस्य वर्णः અર્થાત્ ઘટનો વર્ણ. એવું ગુણપ્રધાન પ્રતિપાદન કરી શકાય છે. પરંતુ वर्णः घटः અર્થાત્ વર્ણ એવો ઘટ. એવું દ્રવ્ય પ્રધાન પ્રતિપાદન કરી શકાતું નથી. માટે આ ગુણ સ્વસ્થગુણ કહેવાય છે. જ્યારે पटस्य शुक्लः અર્થાત્

વસ્ત્રનો શુક્લ વર્ણ. અને शुक्लः पटः અર્થાત્ સફેદ વસ્ત્ર એમ અહીં ગુણપ્રધાન અને દ્રવ્ય પ્રધાન બંને પ્રતિપાદન કરી શકાય છે. તે અસ્વસ્થ ગુણ કહેવાય છે. આમ, અહીં સૂત્રગત अस्वस्थ પદ દ્વારા વાચકતા સંબંધથી જેઓ દ્રવ્યમાં અને સ્વમાં એ પ્રમાણે બંનેમાં રહેતાં હોય. તેવા ગુણોનું ગ્રહણ થાય છે.

**તત્પુરુષ સમાસ : ૩.૧.૮૮ થી ૩.૧.૧૧૬**

## सप्तमी शौण्डाद्यैः ३.१.८८

**અ.અ.સૂ. : शौण्डाद्यैः नामभिः सप्तमी नाम ऐकार्थ्ये समासः, तत्पुरुषः च, अन्यः ।**

**અર્થ** : शौण्ड વગેરે નામની સાથે સપ્તમ્યન્ત નામ ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

**સ.** **शौण्डाद्यैः** = शौण्ड आद्यो येषां ते इति शौण्डाद्याः, तैरिति।

ઉદા. (૧) **पानशौण्डः** = પાનમાં આસક્ત. पाने शौण्ड इति।
આ સૂત્રથી पान અને शौण्डનો સમાસ તથા,
प्रथमोक्तं० ૩.૧.૧૪૮થી पानનો પૂર્વનિપાત→**पान**+शौण्ड
પ્રથમા सि વગેરે→पानशौण्डः।

(૨) **अक्षधूर्त्तः** = જુગાર રમવામાં આસક્ત. अक्षेषु धूर्त्त इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**વિશેષતા :**

(૧) **शौण्डादि ગણ :** शौण्ड, धूर्त्त, कितव, व्याल, सव्य, आयस, व्यान, सवीण, अन्तर, अधीन, पटु, पण्डित,

कुशल, चपल, निपुण, सिद्ध, शुष्क, पक्व, बन्ध વગેરે સૂત્રમાં બ.વ. આકૃતિગણ માટે છે. તેથી, शिरःशेखरः, हस्तकटकः, आपातरमणीयः, अवसानविरसः, पृथिवी-विदितः, पृथिवीप्रणतः, अन्तेगुरुः, मध्येगुरुः, (गलेचोपकः त्वचिसारः), अधमर्णः, उत्तमर्णः વગેરે પ્રયોગો સિદ્ધ થાય છે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, એક કારકનો અન્ય કારક સાથે ક્રિયા દ્વારા જ સંબંધ થાય છે. જેમકે, अक्षेषु प्रसक्तः शौण्डः અહીં अक्ष રૂપ કારકનો शौण्ड રૂપ કારક સાથે प्रसक्ति ક્રિયા દ્વારા જ સંબંધ થાય છે. અને તે સંબંધભાવને આશ્રયીને પ્રસક્તિરૂપ ક્રિયાનો અર્થ વૃત્તિમાં અંતર્ભૂત જ થાય છે. અને અંતર્ભૂત અર્થ દ્વારા તે ક્રિયા ઉક્ત થતી હોવાથી વૃત્તિમાં તેનો પ્રયોગ થતો નથી. પરંતુ અર્થબોધ માટે વિગ્રહવાક્યમાં પ્રયોગ થાય છે.

જ્યારે નાગેશાદિ કેટલાંક વ્યાકરણકારો प्रसक्ति ક્રિયાની અપેક્ષા વિના જ शौण्ड રૂપ કર્તૃકારક દ્વારા જ સામર્થ્ય સ્વીકારે છે. તેથી તેઓનાં મતે વિગ્રહ વાક્યમાં પણ प्रसक्ति ક્રિયાનો પ્રયોગ થશે નહીં.

## सिंहाद्यैः पूजायाम् ३.१.८९

**અ.અ.સૂ. : सिंहाद्यैः नामभिः सप्तमी नाम पूजायाम् ऐकार्थ्ये समासः, तत्पुरुषः च, अन्यः ।**

**અર્થ** : सिंह વગેરે નામની સાથે સપ્તમ્યન્ત નામ પૂજાર્થ ગમ્યમાન હોય તો ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે

છે. અને તે તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

સ. **सिंहाद्यैः** = सिंह आद्यो येषां ते इति सिंहाद्याः, तैरिति।

ઉદા. (૧) **समरसिंहः** = યુદ્ધમાં સિંહ જેવો. समरे सिंहः इव इति। આ સૂત્રથી समर અને सिंहनो સમાસ તથા, प्रथमोक्तं० ૩.૧.૧૪૮થી समरनो પૂર્વનિપાત→**समर**सिंह પ્રથમા सि વગેરે→समरसिंहः।

(૨) **भूमिवासवः** = ભૂમિમાં ઇન્દ્ર જેવો. भूमौ वासव इवेति। આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**વિશેષતા :**

(૧) **सिंहादि ગણ અંતર્ગત શબ્દો દ્વારા સિદ્ધ સમાસ :**
સૂત્રમાં બહુવચન આકૃતિગણ માટે છે. તેથી આના જેવા જણાતાં અન્ય પ્રયોગો પણ આ સૂત્રથી જ સિદ્ધ થાય છે.
समरसिंहः, रणव्याघ्रः, भूमिवासवः, कलियुधिष्ठिरः વગેરે.

**શિં.** : અહીં સૂત્રમાં પૂજા અર્થ અભિપ્રેત છે. પરંતુ समरसिंहः ઇત્યાદિ ઉદા.માં તો માત્ર સદૃશતાની જ પ્રતીતિ થાય છે. તો ત્યાં પૂજાર્થ કેવી રીતે ગમ્યમાન છે ?

**સમા.** : વસ્તુતઃ અહીં સિંહાદિની ઉપમા દ્વારા સાધારણ ધર્મ તરીકે શૂરત્વાદિનો નિર્દેશ કર્યો છે. જે ગુણ સ્વરૂપે છે. અને કોઈનાં ગુણોનું કથન એ પ્રશંસાર્થક હોવાથી પૂજા સ્વરૂપે જ છે. તેથી અહીં પૂજા અર્થની સંગતિ થાય જ છે.

## काकाद्यैः क्षेपे ३.१.९०

**અ.અ.સૂ. : काकाद्यैः नामभिः सप्तमी नाम क्षेपे ऐकार्थ्ये समासः, तत्पुरुषः च, अन्यः।**

**અર્થ** : काक વગેરે નામની સાથે સપ્તમ્યન્ત નામ નિંદા અર્થ ગમ્યમાન હોય તો ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

**સ.** **काकाद्यैः** = काक आद्यो येषां ते इति काकाद्याः तैरिति।

**ઉદા.** (૧) **तीर्थकाकः** = તીર્થમાં કાગડા જેવો (અસ્થિર).
तीर्थे काक इव इति।
આ સૂત્રથી તીર્થ અને काकનો સમાસ તથા,
प्रथमोक्तं૦૩.૧.૧૪૮થી તીર્થનો પૂર્વનિપાત→**तीर्थ**काक
પ્રથમા सि વગેરે→तीर्थकाकः।

(૨) **तीर्थश्वा** = તીર્થમાં કૂતરા જેવો (અસ્થિર).
तीर्थे श्वा इव इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**પ્ર.ઉદા.(૧) क्षेप इति किम् ? तीर्थे काकोऽस्ति** = તીર્થમાં કાગડો છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ નિંદા અર્થની ગમ્યમાનતામાં જ થાય છે. જ્યારે અહીં નિંદા અર્થ જણાતો નથી, માત્ર સ્વરૂપ કથન છે. તેથી આ સૂત્રથી સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) **काकादि ગણ અંતર્ગત શબ્દો દ્વારા સિદ્ધ થતાં સમાસો :**
तीर्थकाकः, तीर्थध्वाङ्क्षः, तीर्थवायसः, तीर्थबकः, तीर्थश्वा, तीर्थसारमेयः, तीर्थकुक्कुटः, तीर्थशृगालः વગેરે.

(૨) સૂત્રગત आद्य પદ आदिनो પર્યાયવાચી શબ્દ છે. જેનો અહીં પ્રકાર અર્થ જાણવો. તેથી, અહીં काकादि પ્રકારક અર્થવાળાં તમામ શબ્દોનું ગણપાઠ અંતર્ગત ગ્રહણ થાય છે. અર્થાત્ નિંદિત ધર્મ વડે જે પણ ભાવનાં આરોપણ દ્વારા કોઈ વ્યક્તિ નિંદાય છે. તે તદ્ભાવ યુક્ત નામનો काकादि ગણમાં સમાવેશ થાય છે. જેમકે, श्वाऽयम् ઇત્યાદિ રૂપે श्वानत्व આદિ ભાવનાં આરોપણ વડે श्वा આદિ શબ્દો દ્વારા નિંદા કરાય છે. ત્યારે श्वा આદિ શબ્દો પણ काक પ્રકારક કહેવાય છે. માટે आद्य શબ્દ દ્વારા તેઓનો પણ काकादि ગણમાં સમાવેશ થાય છે.

તેમજ, સૂત્રમાં બ.વ. આકૃતિગણ માટે છે. તેથી આના જેવા જણાતાં અન્ય પ્રયોગો પણ આ સૂત્રથી જ સમસ્ત જાણવા.

**જિ.** : સૂત્રમાં ક્ષેપ અર્થની ગમ્યમાનતા પણ જણાવી છે. તો तीर्थकाकः આદિ ઉદા.માં ક્ષેપ અર્થ કેવી રીતે જણાય છે?

**સમા.** : દોષોનાં ઉદ્ભાવક દ્વારા કોઈની પણ નિંદા-ગર્હા કરવી તે ક્ષેપ કહેવાય છે. તીર્થ, ગુરુકુલ આદિ સારા સ્થાનોમાં જઈને ત્યાં લાંબાકાળ સુધી ટકવું નહીં તે અસ્થિરતા નામનો દોષ કહેવાય છે. જે કાગડા આદિમાં સહજપણે હોય છે. તેથી, 'તીર્થમાં કાગડાં જેવો' એવું કહેવા દ્વારા અહીં કાગડાની ઉપમા વડે અસ્થિરતા જણાવાય છે. આમ, સ્પષ્ટતયા ક્ષેપ અર્થ ગમ્યમાન છે.

તેમજ, અહીં કેટલાંક વ્યાકરણકારોનાં મતે તીર્થ, ગુરુકુળ આદિ સારા સ્થાનોમાં લાંબા કાળ સુધી પણ રહેતો એવો વ્યક્તિ જો તેનાં લાભને પામી શકતો નથી. અથવા, તે તીર્થાદિ માટે નુકસાનકારી થાય છે. તો પણ તે તીર્થમાં કાગડા જેવો કહેવાય છે. તે પણ દોષનાં ઉદ્ભાવક સ્વરૂપે જ છે.

## पात्रेसमितेत्यादयः ३.१.९१

**અ.અ.સૂ. : पात्रेसमितेत्यादयः तत्पुरुषः समासः क्षेपे।**

**અર્થ** : पात्रेसमिता વગેરે એ પ્રમાણે તત્પુરુષ સમાસો નિંદા અર્થની ગમ્યમાનતામાં નિપાતન પામે છે.

**સ.** **पात्रेसमितेत्यादयः** = पात्रेसमित(ता) इति आदिर्येषां ते इति।

ઉદા. (૧) **पात्रेसमिताः** = ભોજન માટે જ ભેગાં થનારાં, બીજા કાર્ય માટે નહીં. पात्रे एव समिता इति।
આ સૂત્રથી पात्र અને समितनो સમાસ તથા,
નિપાતન સામર્થ્યથી જ पात्र નો પૂર્વનિપાત→**पात्र**+ ङि+समित
तत्पुरुषे०૩.૨.૨૦થી ङिનો અલુપ્→पात्रेसमित
પ્રથમા जस् વગેરે→पात्रेसमिताः।

(૨) **गेहेशूरः** = ઘરમાં જ શૂરવીર (યુદ્ધ વગેરેમાં નહીં).
गेहे एव शूर इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) **पात्रेसमितादि ગણ :** पात्रेसमिताः, पात्रेबहुलाः, गेहेशूरः, गेहेदाही, गेहेक्ष्वेडी, गेहेनर्दी, गेहेनर्ती, गेहेविजिती, गेहेविचिती, गेहेव्यालः, गेहेपटुः, गेहेपण्डितः, गेहेप्रगल्भः, गोष्ठेशूरः, गोष्ठेक्ष्वेडी, गोष्ठेनर्दी, गोष्ठेविजिती, गोष्ठेव्यालः, गोष्ठेपटुः, गोष्ठेपण्डितः, गोष्ठेप्रगल्भः, उदुम्बरमशकः, उदुम्बरकृमिः, कूपकच्छपः, कूपमण्डूकः, अवटकच्छपः, अवटमण्डूकः, उदपानमण्डूकः, नगरकाकः, नगरवायसः, नगरश्वा, गेहेमही, पिण्डीशूरः, पितरिशूरः, मातरिपुरुषः, गर्भेधीरः, गर्भेशूरः, गर्भेसुहितः, गर्भेतृप्तः, गर्भेदृप्तः, कर्णेटिरिटिरिः, कर्णेचुरुचुरः, कर्णेटिरिटिरा, कर्णेचुरुचुरा વગેરે.

(૨) **पात्रेसमितादि ગણ વિષયક વિશેષતાઓ :**

(a) पात्रेसमिता થી गोष्ठेप्रगल्भः સુધીનાં સમાસમાં અવધારણ વડે ક્ષેપ અર્થ જણાય છે.

(b) उदुम्बरमशकः થી उदपानमण्डुकः સુધીનાં સમાસનો અલ્પ જોનાર અને नगरकाकः થી नगरश्वा સુધીનાં સમાસનો દુર્જન એ પ્રમાણે અર્થ થાય છે.

(c) उदुम्बरमशकः થી नगरश्वा સુધીનાં સમાસોમાં ઉપમા વડે ક્ષેપ અર્થ જણાય છે.

(d) गेहेमही અને पिण्डीशूरः સમાસમાં અવધારણ વડે નિરુત્સાહિતપણું જણાવાય છે. જેથી ક્ષેપ અર્થની ગમ્યમાનતા છે.

(e) पितरिशूरः અને मातरिशूरः સમાસમાં પ્રતિષેધ કરેલાંનું સેવન કરનાર એ પ્રમાણે ક્ષેપ અર્થ જણાય છે.

(f) गर्भेधीरः થી गर्भेदृप्तः સુધીનાં સમાસમાં અભિમાની હોવાથી અનુચિત ચેષ્ટા કરનાર એ પ્રમાણે ક્ષેપ અર્થ જણાય છે.

(g) कर्णेटिरिटिरिः થી कर्णेचुरुचुराः જેવા સમાસમાં 'ચાડી-ચુગલી કરનાર' એ પ્રમાણે અનુચિત ચેષ્ટા વડે ક્ષેપ અર્થ જણાય છે. અહીં चुरुचुरा પ્રયોગમાં નિપાતન સામર્થ્યથી णि-वेत्त्यास૦૫.૩.૧૧૧થી अन ન થતાં शंसि૦૫.૩.૧૦૫થી अ થયેલ છે.

(h) સૂત્રમાં બ.વ. આકૃતિગણ માટે છે. તેથી અન્ય પણ व्रणकृमिः, गृहसर्पः, गृहकलविङ्कः, आखनिकवकः જેવાં સમાસો પણ સિદ્ધ થાય છે.

(૩) આ સૂત્રની પ્રવૃત્તિ નિંદા અર્થનાં વિષયમાં જ થાય છે. તે નિંદા અર્થ પૂર્વપદાર્થ કે ઉત્તરપદાર્થથી ગમ્યમાન નથી. પરંતુ સમાસ રૂપ સમુદાય દ્વારા જ પ્રસિદ્ધ છે. તેથી અહીં સ્વપદ વિગ્રહ વાક્ય વડે પણ નિંદા અર્થનો બોધ થતો નથી. માટે સૂત્રમાં नित्यम्નો અધિકાર ન હોવા છતાં પણ આ સમાસની નિત્યતા જાણવી.

(૪) અહીં સૂત્રગત इति પદ સમાસાન્તરની નિવૃત્તિ માટે છે. તેથી पात्रेसमिता આદિ સમસ્ત પદોનો અન્ય પદ સાથે સમાસ થશે નહીં. તેથી, परमाः पात्रेसमिताः, पात्रेसमितानां पुत्र ઇત્યાદિ પ્રયોગોમાં ઐકાર્થ્ય હોતે છતે પણ સમાસ થશે નહીં.

## क्तेन ३.१.९२

**અ.અ.સૂ. : सप्तमी नाम क्तेन नाम्ना क्षेपे ऐकार्थ्ये समासः, तत्पुरुषः च, अन्यः।**

**અર્થ** : સપ્તમ્યન્ત નામ, क्त પ્રત્યયાન્ત નામની સાથે ક્ષેપ અર્થ ગમ્યમાન હોય તો ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુ-વ્રીહ્યાદિ લક્ષણરહિત જાણવા.

**ઉદા.** (૧) **भस्मनिहुतम्** = રાખમાં હોમ્યા જેવું (નિષ્ફળ).
भस्मनि हुतमिव।
આ સૂત્રથી भस्मन् અને क्त પ્રત્યયાન્ત हुतનો સમાસ તથા, प्रथमोक्तं૦૩.૧.૧૪૮થી भस्मनिनो પૂર્વનિપાત→
**भस्मनि**+हुत
(भस्मनिમાં રહેલ ङि નો तत्पुरुषे૦૩.૨.૨૦થી અલુપ્)
પ્રથમા सि વગેરે→भस्मनिहुतम्।

(૨) **अवतप्तेनकुलस्थितम्** = તાપમાં નોળિયાનું ઊભા રહેવા જેવું (અસ્થિર). (अवतप्ते नकुलस्थितमिव।)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**વિશેષતા :**

(૧) પૂર્વસૂત્રની જેમ આ સૂત્રની પ્રવૃત્તિ નિંદા અર્થની ગમ્યમાનતામાં જ થતી હોવાથી नित्यम्નો અધિકાર ન હોવા છતાં પણ સમાસ નિત્ય જાણવો.

**જિ.** : સૂત્રમાં क्त પ્રત્યયાન્ત નામ સાથે જ સમાસ અભિપ્રેત છે. અને प्रत्ययः प्रकृत्यादेः ૭.૪.૧૧૫ પરિભાષાનુસારે

પ્રત્યય જે પ્રકૃતિને લાગ્યો હોય તે પ્રકૃતિ સહિત પ્રત્યય જ કૃત્પ્રત્યયાન્ત કહેવાય છે. પણ ન્યૂન કે અધિક નહીં. તેથી अवतप्तेनकुलस्थितम् આદિ પ્રયોગમાં स्थितम् પદ જ क्त પ્રત્યયાન્ત કહેવાતાં अवतप्तेनો સમાસ પણ માત્ર स्थितम् સાથે જ થઈ શકે પણ नकुलस्थितम् સાથે નહીં. તો તે ઉદા.ની સંગતિ શી રીતે કરવી ?

**સમા.** : વસ્તુતઃ प्रत्ययः प्रकृत्यादेः ૭.૪.૧૧૫ પરિભાષાનાં અપવાદ સ્વરૂપ कृत् सगति૦૭.૪.૧૧૭ પરિભાષા પણ છે. તે પરિભાષાનુસારે કૃત્ પ્રત્યય જ્યારે પ્રકૃતિને લાગ્યો હોય ત્યારે તે પ્રકૃતિ પ્રત્યયાન્ત સાથે ગતિસંજ્ઞક અને કારક પદ સહિત પણ તદન્તર્ગત તત્પ્રત્યયાન્ત મનાય છે. તેથી अवतप्ते नकुलस्थितम् આદિ પ્રયોગોમાં માત્ર स्थितम् પદ જ क्त પ્રત્યયાન્ત ન ગણાતાં नकुलस्थितम् પદ પણ क्त પ્રત્યયાન્ત કહેવાય છે. તેથી अवतप्ते પદનો नकुलस्थितम् પદ સાથે આ સૂત્ર દ્વારા સમાસ થવામાં કોઈ બાધ આવતો નથી.

## तत्राहोरात्रांशम् ३.१.९३

**અ.અ.સૂ. : तत्राहोरात्रांशं नाम क्तेन नाम्ना ऐकार्थ्ये समासः, तत्पुरुषः च, अन्यः ।**

**અર્થ** : સપ્તમ્યન્ત એવું तत्र નામ તથા દિવસનાં અવયવવાચી અને રાત્રિનાં અવયવવાચી નામ, क्त પ્રત્યયાન્ત નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે.

અને તે તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

સ. **तत्राहोरात्रांशम्** = अहश्च रात्रिश्चेति अहोरात्रम्, अहोरात्रस्यांऽशाः इति अहोरात्रांशाः, तत्र च अहोरात्रांशाश्चेति।

ઉદા. (૧) **तत्रकृतम्** = તે સ્થાને કરાયેલું. तत्र कृतमिति।
આ સૂત્રથી સપ્તમ્યન્ત तत्रनो कृतની સાથે સમાસ તથા, प्रथमोक्तं० ૩.૧.૧૪૮થી तत्रનો પૂર્વનિપાત→**तत्र**कृत
પ્રથમા सि વગેરે→तत्रकृ**तम्**।

(૨) **पूर्वाह्णकृतम्** = દિવસનાં પૂર્વભાગમાં કરાયેલું.
पूर्वाह्णे कृतमिति।

(૩) **पूर्वरात्रकृतम्** = રાત્રિનાં પૂર્વભાગમાં કરાયેલું.
पूर्वरात्रे कृतमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા.(૧) **तत्राहोरात्रांशमिति किम् ? घटे कृतम्** = ઘડામાં કરાયેલું.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સપ્તમ્યન્ત तत्र, अहन् અને रात्रिનાં અંશવાચી નામ પૂર્વપદમાં હોય તો જ થાય છે. જ્યારે અહીં સપ્તમ્યન્ત घट નામ પૂર્વપદમાં હોવાથી આ સૂત્રથી સમાસ થયો નહીં.

(૨) **अहोरात्रग्रहणं किम् ? शुक्लपक्षे कृतम्** = શુક્લ પક્ષમાં કરાયેલું.

★ આ સૂત્રની પ્રવૃત્તિ રાત્રિ અને દિવસનાં અંશવાચી નામ પૂર્વપદમાં હોય તો થાય છે. જ્યારે અહીં માસનો અંશવાચી નામ પૂર્વપદમાં છે, માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

(૩) **अंशमिति किम्?**

(a) **अह्नि भुक्तम्** = દિવસે ખવાયું.

(b) **रात्रौ नृत्तम्** = રાત્રે નચાયું.

★ આ સૂત્રની પ્રવૃત્તિ પૂર્વપદ અંશવાચી નામ હોય તો થાય છે. જ્યારે અહીં દિવસ અને રાત્રિવાચી નામ છે. પણ તદ્અંશવાચી નથી. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) યદ્યપિ પહેલી નજરે જોતાં અહીં तत्र, अहन् અને रात्रि એમ ત્રણ પદનો સમાસ થયો હોય તેવું જણાય છે. તેથી अंश પદનો પણ ત્રણેની સાથે સંબંધ થવો જોઈએ. પરંતુ તેવું ન થાય માટે અહીં સર્વપ્રથમ ऋक्सामर्ग्य० ૭.૩.૯૭ સૂત્ર દ્વારા अहोरात्र પ્રયોગનું નિપાતન કરવામાં આવ્યું છે. જેને अहोरात्रस्य अंशाः એ પ્રમાણે ષષ્ઠી તત્પુરુષ સમાસ દ્વારા अंश પદ જોડાય છે. અને ત્યારબાદ तत्र પદનો अहोरात्रांशम् સાથે સમાસ થાય છે. તેથી અહીં अंश પદનો अहोरात्र સાથે જ સંબંધ થશે. तत्र સાથે નહીં.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, પૂર્વસૂત્રથી આ સૂત્રનો પૃથક્ નિર્દેશ क्षेपे નાં અધિકારને અટકાવવા માટે કરેલ છે.

(૩) અહીં नाम नाम्नै० ૩.૧.૧૮થી પ્રાપ્ત बहुलम्નાં અધિકારથી આ સૂત્રથી નહીં સિદ્ધ થતાં એવા रात्रिवृत्तम्, संध्यागर्जितम् વગેરે પ્રયોગો પણ સિદ્ધ થાય છે. તેમજ,

अन्यजन्मकृतम् ઇત્યાદિ સમાસ कारकं कृता ૩.૧.૬૮ સૂત્રથી તૃતીયા તત્પુરુષ રૂપે જાણવા.

(૪) યદ્યપિ અહીં तत्र कृतमिति तत्रकृतम् એ પ્રમાણે સ્વપદ વિગ્રહ વાક્ય અને સમાસ એક જ જણાય છે. પરંતુ સમાસમાં એકપદપણું પ્રાપ્ત થતાં તદ્ધિત નિમિત્તક આદિ સ્વરની વૃદ્ધિ પૂર્વપદનાં આદિ સ્વરનાં વિષયમાં પ્રાપ્ત થાય છે. જેમકે, तात्रकृतिः।

**જિ.** : तत्र પ્રયોગમાં સપ્તમ્યર્થક त्रप् પ્રત્યય લાગ્યો હોવાથી સપ્તમી વિભક્તિ ઉક્ત થાય છે. તેથી **उक्तार्थानाम प्रयोगः ૧/૨૮** ન્યાયાનુસારે ત્યાં અન્તવર્ત્તિ વિભક્તિ તરીકે પણ સપ્તમી વિભક્તિ નથી. તો તેનું સપ્તમ્યન્ત વિશેષણ શી રીતે ઘટે?

**સમા.** : વસ્તુતઃ અહીં અન્તવર્ત્તિ વિભક્તિની વિવક્ષાથી સપ્તમ્યન્તત્વ જણાતું નથી. પણ तत्र પદ સપ્તમ્યર્થક હોવાનાં કારણે તેનો પ્રયોગ સપ્તમી વિભક્તિમાં જ થાય છે. અને માટે તે સપ્તમ્યન્ત જ જણાય છે.

**જિ.** : જો तत्र અવ્યયનો પ્રયોગ સપ્તમી વિભક્તિમાં જ થતો હોવાથી તે સર્વત્ર સપ્તમ્યન્ત જ રહેતું હોય તો **संभवे व्यभिचारे च विशेषणमर्थवत् ૨/૫૭** ન્યાયાનુસારે સપ્તમ્યન્ત વિશેષણ વ્યર્થ જવાની આપત્તિ આવે?

**સમા.** : तत्र અવ્યયની સાથે भवान् આદિ પદો જોડાઈને तत्रभवान् ઇત્યાદિ રૂપે અન્ય વિભક્તિઅર્થક પ્રયોગો પણ થાય છે. તેથી તેઓનું ગ્રહણ ન થઈ જાય તે માટે અહીં પૂર્વસૂત્રથી સપ્તમ્યન્ત પદની અનુવૃત્તિ ગ્રહણ કરેલી છે.

## नाम्नि ३.१.९४

**અ.અ.સૂ. : सप्तमा नाम नाम्ना नाम्नि ऐकार्थ्ये समासः, तत्पुरुषः च, अन्यः।**

**અર્થ** : સપ્તમી વિભક્ત્યન્ત નામ, અન્ય નામની સાથે સંજ્ઞાનાં વિષયમાં ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

ઉદા. (૧) **अरण्येतिलकाः** = દેશ વિશેષ/ઔષધિ વિશેષ.
अरण्ये तिलका इति।
આ સૂત્રથી अरण्ये અને तिलकનો સમાસ તથા,
प्रथमोक्तं० ૩.૧.૧૪૮થી अरण्येનો પૂર્વનિપાત→
**अरण्ये**+तिलक
(अद्-व्यञ्जनात्० ૩.૨.૧૮થી સપ્તમીનો અલુપ્)
પ્રથમા जस् વગેરે→अरण्येतिलकाः।

(૨) **अरण्येमाषकाः** = દેશ વિશેષ/ઔષધિ વિશેષ.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**વિશેષતા :**

(૧) આ સૂત્રની પ્રવૃત્તિ સંજ્ઞા અર્થનાં વિષયમાં જ થાય છે. તે સંજ્ઞા પૂર્વપદાર્થ કે ઉત્તરપદાર્થથી ગમ્યમાન નથી. પરંતુ સમાસરૂપ સમુદાય દ્વારા જ પ્રસિદ્ધ છે. તેથી અહીં સ્વપદ વિગ્રહ વાક્ય વડે પણ સંજ્ઞા અર્થનો બોધ થતો નથી. માટે સૂત્રમાં नित्यम्નો અધિકાર ન હોવા છતાં પણ આ સૂત્રથી થતાં સમાસની નિત્યતા જાણવી.

# कृद्येनाऽऽवश्यके ३.१.९५

અ.અ.સૂ. : **सप्तमी नाम कृद्येन नाम्ना आवश्यके ऐकार्थ्ये समासः, तत्पुरुषः च, अन्यः ।**

**અર્થ** : સપ્તમી વિભક્ત્યન્ત નામ, य एच्चातः ५.१.२८ સૂત્રથી થયેલ य પ્રત્યયાન્ત નામની સાથે અવશ્યભાવ ગમ્યમાન હોય તો ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

**સ.** **कृद्येन** = कृच्चासौ यश्चेति कृद्यः, तेनेति।

**ઉદા.** (૧) **मासदेयम्** = મહિનામાં અવશ્ય આપવા યોગ્ય.
मासे अवश्यं देयमिति।
આ સૂત્રથી मास અને य પ્રત્યયાન્ત देयनो સમાસ તથા, प्रथमोक्तं०૩.૧.૧૪૮થી मासनो પૂર્વનિપાત→**मास**देय પ્રથમા सि વગેરે→मासदे**यम्**।

**પ્ર.ઉદા.**(૧) **कृदिति किम् ? मासे पित्र्यम्** = મહિનામાં પિતા સંબંધી અવશ્ય કરવા યોગ્ય (કાર્ય).

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉત્તરપદ કૃત્ એવું य પ્રત્યયાન્ત નામ હોય તો થાય છે. જ્યારે અહીં ઉત્તરપદ तस्मै० ૭.૧.૩૫થી થતાં તદ્ધિત પ્રત્યય यથી નિષ્પન્ન છે. માટે આ સૂત્રથી અહીં સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) આ સૂત્રમાં કૃત્ પ્રત્યય એવો य પ્રત્યયાન્ત નામ અભિપ્રેત છે. તે य પ્રત્યય અનેક પ્રકારે થાય છે.

જેમકે, અનુબંધ વિનાનો घ्यण् અને क्यप् પણ य સ્વરૂપે છે. અને तव्य, अनीय પ્રત્યયને અન્તે પણ य રહેલો જ છે. પરંતુ **निरनुबन्धग्रहणे न सानुबन्धकस्य १/३२** ન્યાયાનુસારે घ्यण् અને क्यप् પ્રત્યય અને **अर्थवदग्रहणे नाऽनर्थकस्य १/१४** ન્યાયાનુસારે तव्य અને अनीय પ્રત્યય આ સૂત્રનો વિષય બનતાં નથી. તેથી શેષ એવો य પ્રત્યય જ આ સૂત્રનો વિષય બનશે. અને તેમાં પણ य एच्चातः ૫.૧.૨૮ સૂત્રથી વિહિત य પ્રત્યય જ લેવો.

(૨) આ સૂત્રની પ્રવૃત્તિ અવશ્યભાવ અર્થનાં વિષયમાં જ થાય છે. જે સમાસ રૂપ સમુદાય દ્વારા જ જણાય છે. પણ પૂર્વપદાર્થ કે ઉત્તરપદાર્થથી ગમ્યમાન થતો નથી. તેથી અહીં સ્વપદ વિગ્રહ વાક્ય વડે પણ અવશ્ય-ભાવનો બોધ થતો નથી. માટે સૂત્રમાં नित्यम्નો અધિકાર ન હોવા છતાં પણ આ સૂત્રથી થતાં સમાસની નિત્યતા જાણવી.

તેમજ, આ સમાસ અવશ્યભાવ અર્થમાં જણાવેલ હોવાથી જ્યારે સમાસ થાય છે, ત્યારે સમાસભાવ દ્વારા જ અવશ્યભાવ અર્થ ઉક્ત થઈ જાય છે. તેથી **उक्तार्थानामप्रयोगः १/२८** ન્યાયાનુસારે સમાસમાં अवश्यं પદનો પ્રયોગ કરાતો નથી. પણ વાક્યમાં કરાય છે.

(૩) આ સૂત્રમાં नाम नाम्नै० ૩.૧.૧૮થી પ્રાપ્ત बहुलम्નો અધિકાર આવવાથી संवत्सरकर्त्तव्यम् જેવા પણ સમાસો સિદ્ધ થાય છે.

## विशेषणं विशेष्येणैकार्थं कर्मधारयश्च ३.१.९६

અ.અ.સૂ. : **एकार्थं विशेषणं नाम विशेष्येण नाम्ना ऐकार्थ्ये समासः, कर्मधारयः च (तत्पुरुषः च, अन्यः)।**

અર્થ : ભિન્ન પ્રવૃત્તિ નિમિત્તવાળાં શબ્દોનું એક જ અર્થમાં રહેવું તે ઐકાર્થ્ય. એકાર્થક એવું વિશેષણ નામ, વિશેષ્યવાચી નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે કર્મધારય તથા તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

સ. **एकार्थम्** = एकोऽर्थो यस्य तदिति।

★ **कर्मधारयः** = कर्मणो धारयः इति।

ઉદા. (૧) **नीलोत्पलम्** = નીલું કમળ. नीलं च तद् उत्पलं च इति।
આ સૂત્રથી नील અને उत्पलનો સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી વિશેષણ नीलનો પૂર્વનિપાત→
**नील**+उत्पल
પ્રથમા सि વગેરે→नीलोत्प**लम्**।

(૨) **खञ्जकुण्टः/कुण्टखञ्जः** = લંગડો એવો ઠૂંઠો/ઠૂંઠો એવો લંગડો. खञ्जश्चासौ कुण्टश्च इति/कुण्टश्चासौ खञ्जश्च इति।
આ સૂત્રથી खञ्ज અને कुण्टનો સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી વિશેષણવાચીનો પૂર્વનિપાત→
**खञ्ज**कुण्ट/**कुण्ट**खञ्जः
પ્રથમા सि વગેરે→खञ्जकुण्टः/कुण्टखञ्जः।

प्र.ઉદા. **एकार्थमिति किम्? वृद्धोक्षा** = વૃદ્ધનો બળદ.

वृद्धस्य उक्षा इति।

षष्ठ्ययत्ना० ૩.૧.૭૬થી वृद्ध અને उक्षन्નો સમાસ તથા, प्रथमोक्तं० ૩.૧.૧૪૮થી वृद्धનો પૂર્વનિપાત→**वृद्ध**+उक्षन्

પ્રથમા सि વગેરે→वृद्धोक्षा।

★ આ સૂત્રની પ્રવૃત્તિ એકાર્થક એવા વિશેષણવાચી નામ પૂર્વપદમાં હોય તો થાય છે. જ્યારે અહીં એકાર્થક વિશેષણ નથી. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) **વિશેષણ : विशिष्यतेऽनेकप्रकारं वस्तु प्रकारान्तरेभ्यो व्यवच्छिद्यतेऽनेनेति विशेषणम्** = વસ્તુ અનેક પ્રકારે જેના દ્વારા વિશેષિત કરાય. અને તદન્ય પ્રકારે વ્યવચ્છિન્ન અર્થાત્ જુદી કરાય. તે વિશેષણ કહેવાય છે.

**વિશેષ્ય : व्यवच्छेद्यमिति विशेष्यम्।** = જે વસ્તુ વિશેષિત કરાય અને જુદી પડાય તે વિશેષ્ય કહેવાય છે.

(૨) આ સૂત્રમાં नाम नाम्नै० ૩.૧.૧૮થી પ્રાપ્ત बहुलम्નાં અધિકારથી रामो जामदग्न्यः, अर्जुनः कार्तवीर्यः, दीर्घ-श्चारायणः જેવા સ્થાને સમાસ થતાં નથી.

તેમજ, कृष्णसर्पः, लोहितशालिः, गौरखरः, लोहिताहिः, नरसिंहः, पुरुषमृगः, करिमकरः, बकटिट्टिभः, नकुलसर्पः, पक्षिमार्जारः, कुक्कुटसर्पः વગેરે જાતિ વિશેષવાચી હોવાનાં કારણે નિત્ય સમાસ થાય છે. કારણકે વિગ્રહ વાક્ય દ્વારા જાતિ જણાતી નથી.

(૩) સૂત્રમાં च કાર તત્પુરુષ સંજ્ઞા અને કર્મધારય સંજ્ઞા એમ બે કાર્યનાં સમુચ્ચય માટે છે. અહીં ચકારથી तत्पुरुष:ની અનુકૃષ્ટિ કરવી નહીં. અન્યથા **चानुकृष्टं नाऽनुवर्त्तते ૨/૬૨** ન્યાયાનુસારે તેનો અધિકાર ઉત્તરસૂત્રમાં ન આવવાની આપત્તિ આવે.

(૪) **કર્મધારય સંજ્ઞાનાં પ્રદેશો :** कडारादय: कर्मधारये ૩.૧.૧૫૮ ઇત્યાદિ.

**જિ.** : વિશેષણ અને વિશેષ્ય તે સંબંધી શબ્દો હોવાથી બંને એકબીજાને સાપેક્ષ જ છે. તેથી, એકનાં ગ્રહણ દ્વારા બીજાનું ગ્રહણ થઈ જ જાય છે. તો विशेष्येणैकार्थं कर्मधारयश्च અથવા विशेषणमेकार्थं कर्मधारयश्च માત્ર આટલા જ સૂત્રનો નિર્દેશ કેમ ન કર્યો ?

**સમા.** : અહીં વિશેષણ-વિશેષ્ય બંનેનાં ગ્રહણ દ્વારા ગ્રંથકારશ્રી જણાવે છે કે, જે અરસ-પરસ વિશેષણ-વિશેષ્ય બનવા દ્વારા એકબીજામાં વ્યવચ્છેદકતા અને વ્યવચ્છેદ્યતા પ્રગટ કરતાં હોય તેવા જ વિશેષણ-વિશેષ્યને આ સૂત્રનાં વિષયભૂત બનાવતાં સમાસની પ્રવૃત્તિ કરવી અન્યમાં નહીં. જેમકે, नीलं च तदुत्पलं चेति नीलोत्पलम् ઇત્યાદિ સમાસમાં नील વિશેષણ જેવી રીતે रक्तत्वनो વ્યવચ્છેદ કરે છે. તેમ उत्पल પણ વિશેષણતયા नीलभ्रमरादिनो વ્યવચ્છેદ કરે છે.

અને જ્યારે, तक्षक: सर्प: (સર્પની જાતિ વિશેષ) ઇત્યાદિ ઉદા.માં तक्षक વિશેષણ દ્વારા તદન્ય જાતિવાળાં સર્પનો વ્યવચ્છેદ થાય છે. પરંતુ सर्प દ્વારા तक्षक એવા

અન્ય કોઈનો વ્યવચ્છેદ થતો નથી. કારણકે तक्षक તે સર્પની જ જાતિ છે. અન્યની નહીં. તેથી, ત્યાં આ સૂત્રની પ્રવૃત્તિ ન થતાં સમાસ થતો નથી.

**જિ.** : તો आम्र એ વૃક્ષની જ જાતિ હોવાથી વિશેષણવાચી वृक्ष आम्रનો વ્યવચ્છેદ કરતો નથી. તો ત્યાં આ સૂત્રની પ્રવૃત્તિ શી રીતે થઈ?

**સમા.** : વસ્તુતઃ आम्र શબ્દ જેમ વૃક્ષનો વાચક છે તેમ फलादिનો પણ વાચક છે. અને તેનાં સહચારી માધુર્ય, સ્થૈર્ય આદિ ગુણોનો પણ વાચક છે. તેથી, અહીં वृक्ष વિશેષણ દ્વારા आम्र ફળાદિનો વ્યવચ્છેદ થાય છે. અને એ પ્રમાણે તો तक्षकाहिः, शेषाहिः વગેરે પ્રયોગો પણ સિદ્ધ થાય છે.

**અથવા** आम्रवृक्षः વગેરે પ્રયોગમાં आम्राणां वृक्ष इति आम्रवृक्षः એ પ્રમાણે ષષ્ઠી તત્પુરુષ સમાસ કરવામાં આવે છે.

**જિ.** : જો વિશેષણ-વિશેષ્ય બંને પરસ્પર વ્યવચ્છેદ કરતાં હોય તો વિશેષ્યને પણ વિશેષણ અને વિશેષણને પણ વિશેષ્ય કરી શકાય છે. તેમ કરતાં उत्पल રૂપ વિશેષણનો नील રૂપ વિશેષ્ય સાથે સમાસ થવાની પ્રાપ્તિ છે. અને ત્યારે प्रथमोक्तं૦૩.૧.૧૪૮ સૂત્ર દ્વારા વિશેષણ રૂપ उत्पलનો પૂર્વનિપાત થાય અને उत्पल-नीलम् આવો અનિષ્ટ પ્રયોગ થવાની આપત્તિ આવે તેનું વારણ શી રીતે કરવું?

**સમા.** : જ્યારે વિશેષણ-વિશેષ્યભાવ બંને પદમાં સમાન રીતે થવાની યોગ્યતા હોય ત્યારે **प्रधानस्य तु सापेक्षत्वेऽपि समासः २/२९** ન્યાયાનુસારે પ્રધાન પદને જ વિશેષ્ય સ્વરૂપે મનાય છે. અને તે દ્રવ્યાદિનો વાચક બનતાં ક્રિયાની સાથે સંબંધ ધરાવતું હોય તે પ્રધાન કહેવાય છે. તેથી नील અને उत्पलમાંથી દ્રવ્યવાચક અને ક્રિયાની સાથે સંબંધ ધરાવતો उत्पल પદ વિશેષ્યતયા પ્રયુક્ત થાય છે. અને તેથી વિશેષણ એવા અપ્રધાનનો વિશેષ્ય એવા પ્રધાનની સાથે સમાસ થતાં प्रथमोक्तं० ૩.૧.૧૪૮ સૂત્રથી અપ્રધાનનો જ પૂર્વનિપાત થાય છે.

તથા, જે શબ્દો સમાન રીતે ગુણાદિમાં પ્રવૃત્ત થાય છે. તે શબ્દોનાં સમાસ પ્રસંગે બંને પદ અપ્રધાન હોવાથી યથેચ્છ પ્રવૃત્તિ થાય છે. જેમકે, खञ्ज श्चासौ कुण्टश्च इति खञ्जकुण्टः/कुण्टखञ्जः ।

તેમજ, कृष्णसारङ्गः વગેરે સમાસોમાં બંને ગુણવાચી હોવા છતાં પણ યથેચ્છ પ્રવૃત્તિ થતી નથી. કારણકે ત્યાં सारङ्ग વગેરે શબ્દો સમુદાયવાચી હોવાથી પ્રધાન મનાય છે.

**જિ.** : વિશેષણ-વિશેષ્ય પ્રાયઃ એક વિભક્તિમાં જ વર્ત્તતાં હોવાથી એકાર્થક જ હોય છે. તો સૂત્રમાં एकार्थम् પદનું ગ્રહણ શા માટે કર્યું?

**સમા.** : વસ્તુતઃ વિશેષણ બે પ્રકારે છે. (a) **સમાનાધિકરણ :** જે એક વિભક્તિ રૂપ અધિકરણમાં વર્ત્તતું હોવાથી એકાર્થક સ્વરૂપે હોય તે. **ઉદા.** नीलम् उत्पलम् = નીલું

કમળ. (b) **વ્યધિકરણ :** જે ભિન્ન-ભિન્ન વિભક્તિ રૂપ અધિકરણમાં વર્ત્તે છે તે. **ઉદા.** वृद्धस्य उक्षा = ઘરડાનો બળદ.

સૂત્રમાં एकार्थम् પદનાં ગ્રહણ દ્વારા વ્યધિકરણ વિશેષણ-વિશેષ્ય વચ્ચે આ સૂત્રથી સમાસનો નિષેધ થાય છે. તેથી આ સૂત્ર દ્વારા માત્ર સમાનાધિકરણ વિશેષણ-વિશેષ્યમાં જ સમાસ થાય છે.

## पूर्वकालैक-सर्व-जरत्-पुराण-नव-केवलम् ३.१.९७

**અ.અ.સૂ. :** **एकार्थं पूर्वकालैक-सर्व-जरत्-पुराण-नव-केवलं-नाम नाम्ना ऐकार्थ्ये समासः, कर्मधारयः च ( तत्पुरुषः च अन्यः )।**

**અર્થ** : એકાર્થક એવા પૂર્વકાલવાચી નામ, एक, सर्व, जरत्, पुराण, नव અને केवल નામ, અન્ય નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે કર્મધારય તથા તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

**સ.** **पूर्वकालैक-सर्व-जरत्-पुराण-नव-केवलम्** = पूर्वः कालो यस्य स इति पूर्वकालः, पूर्वकालश्च एकश्च सर्वश्च जरंश्च, पुराणश्च नवश्च केवलश्चेति।

ઉદા. (१) **स्नातानुलिप्तः** = પહેલાં સ્નાન કરેલો પછી લેપન કરેલો. पूर्वं स्नातः पश्चात् अनुलिप्त इति।
આ સૂત્રથી स्नात અને अनुलिप्तનો સમાસ તથા,

प्रथमोक्तं०३.१.१४८थी स्नातनो पूर्वनिपात→
**स्नात**+अनुलिप्त
પ્રથમા सि વગેરે→स्नातानुलिप्तः।

(२) **एकशाटी** = એક સાડી. एका चासौ शाटी च इति।
પૂર્વ પ્રમાણે સમાસ વગેરે→एका+शाटी
पुंवत् कर्म०३.२.५७थी एकानो પુંવદ્ભાવ→**एक**शाटी।

(३) **सर्वान्नम्** = બધું અન્ન. सर्वं च तदन्नं च इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(४) **जरद्गवः** = ઘરડો બળદ. जरश्चांसौ गौश्च इति।
પૂર્વ પ્રમાણે સમાસ વગેરે→जरत्+गो
गोस्तत्पु०७.३.१०५थी अट्→जरत्+गो+**अ**
अस्वयं०७.४.७०थी ओनो अव्→जरत्+**गव**
પ્રથમા सि વગેરે→जरद्**गवः**।

(५) **पुराणकविः** = જુના કવિ. पुराणश्चासौ कविश्च इति।

(६) **नवोक्तिः** = નવી વાણી. नवा चासौ उक्तिश्च इति।

(७) **केवलज्ञानम्** = કેવલજ્ઞાન. केवलञ्च तद् ज्ञानञ्चेति।
આ ઉદા.ની સાધનિકા स्नातानुलिप्तः પ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **एकार्थमित्येव** = **स्नात्वाऽनुलिप्तः** = સ્નાન કરીને લેપન કરેલો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ એકાર્થક (સમાનાધિકરણ) એવા નામો વચ્ચે થાય છે. જ્યારે અહીં स्नात्वानी अनुलिप्त સાથે એકાર્થતા નથી. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

વિશેષતા :

(૧) સૂત્રગત एक શબ્દ સંખ્યા, અન્ય, અસહાય અને અદ્વિતીય અર્થમાં વર્ત્તે છે. જેમકે,

(a) **સંખ્યા = एकशाटी** = એક સાડી.

(b) **અન્ય = एकर्षय:** = અન્ય ઋષિઓ.

(c) **અસહાય = एकचौर:** = એકલો ચોર.

(d) **અદ્વિતીય = एकधनुर्धर:** = એકલો (શ્રેષ્ઠ) ધનુર્ધારી.

તથા, सर्व શબ્દ દ્રવ્ય, અવયવ, પ્રકાર અને ગુણીઓનાં કાર્ત્સ્ન્ય અર્થમાં વર્ત્તે છે. જેમકે,

(a) **દ્રવ્ય સાકલ્ય = सर्वशैला:** = સર્વ પર્વત્તો.

(b) **અવયવ સાકલ્ય = सर्वरात्र:** = સંપૂર્ણ રાત્રિ.

(c) **પ્રકાર સાકલ્ય = सर्वान्नम्** = સર્વ પ્રકારનું અન્ન.

(d) **ગુણ સાકલ્ય = सर्वशुक्ल:** = સંપૂર્ણ સફેદ.

તેમજ, અન્ય શબ્દોનાં પણ વિશેષ અર્થ આ પ્રમાણે ગ્રહણ કરવા.

(૨) અહીં સૂત્રગત पूर्वकाल પદ સાપેક્ષ હોવાથી અપર કાલવાચી શબ્દની સાથે જ સમાસ પામે છે.

**જિ.** : સૂત્રોક્ત શબ્દો વિશેષણ હોવાથી તેનો વિશેષ્ય સાથે પૂર્વસૂત્રથી સમાસ સિદ્ધ જ હતો. તો આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો ?

**સમા.** : તમારી વાત સાચી છે. પરંતુ આ સૂત્રનો નિર્દેશ કર્યો હોવાથી स्पर्द्धे ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે આ સૂત્રગત પદોનો જ્યારે અન્ય પદ સાથે સમાસ થશે ત્યારે વિશેષણતયા જ થશે. અર્થાત્ તેઓનો જ પૂર્વ

નિપાત થશે. અન્યનો નહીં. અન્યથા, स्नातानुलिप्तः પ્રયોગમાં બંને જ પદ સમાન રૂપે વિશેષણ હોવાથી खञ्जकुण्टः આદિની જેમ યથેચ્છ પ્રવૃત્તિ પ્રાપ્ત થાય છે. પરંતુ હવે આ સૂત્ર દ્વારા પૂર્વકાલવાચી स्नातનો જ પૂર્વ પ્રયોગ થશે. પણ अनुलिप्तનો નહીં.

તેમજ, જો આ સૂત્રગત પદોનો અરસપરસ સમાસ થતો હોય તો स्पर्द्धे ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે સૂત્રમાં નિર્દિષ્ટ પદોમાં પશ્ચાનુપૂર્વીનાં ક્રમ પ્રમાણે જ પૂર્વનિપાત કરવો. પણ અન્યથા નહીં. જેમકે, पुराण श्चासौ केवलश्च इति केवलपुराणः।

## दिगधिकं संज्ञा-तद्धितोत्तरपदे ३.१.९८

અ.અ.સૂ. : **एकार्थं दिगधिकं नाम, नाम्ना ऐकार्थ्ये समासः, कर्मधारयः च (तत्पुरुषः च अन्यः), संज्ञा-तद्धि-तोत्तरपदे।**

અર્થ : એકાર્થક એવું દિશાવાચી તથા अधिक નામ, અન્ય નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે કર્મધારય તેમજ તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા. જો સંજ્ઞાનો, તદ્ધિતનો વિષય તથા ઉત્તરપદ પરમાં હોય તો.

સ. (૧) **दिगधिकम्** = दिग् च अधिकश्चेति।

(૨) **संज्ञा-तद्धितोत्तरपदे** = संज्ञा च तद्धितश्च उत्तरपदं चेति संज्ञा-तद्धितोत्तरपदम्, तस्मिन्निति।

ઉદા. (૧) **दक्षिणकोशलाः** = દેશ વિશેષ.
(दक्षिणाश्चासौ कोशलाश्च इति)
આ સૂત્રથી સંજ્ઞાનાં વિષયમાં दक्षिणा અને कोशलाનો સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી દિશાવાચીનો પૂર્વનિપાત→
दक्षिणा+कोशला
पुंवत्०૩.૨.૫૭થી दक्षिणाનો પુંવત્ભાવ→दक्षि**ण**कोशला
પ્રથમા जस्[1] વગેરે→दक्षिणकोशलाः।

(૨) **पूर्वेषुकामशमी** = ગામ વિશેષ.
(पूर्वा चासौ इषुकामशमी चेति)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૩) **दाक्षिणशालः** = દક્ષિણ શાળામાં થયેલો.
(दक्षिणस्यां शालायां भव इति।)
આ સૂત્રથી તદ્ધિતનાં વિષયમાં दक्षिणा અને शालाનો સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી दक्षिणाનો પૂર્વનિપાત→
**दक्षिणा**+शाला
पुंवत्०૩.૨.૫૭થી પુંવદ્ભાવ→दक्षि**ण**शाला
दिक्पूर्वा०૬.૩.૨૩થી ण પ્રત્યય→दक्षिणशाला+**अ**
वृद्धिःस्वरेष्वा०૭.૪.૧થી વૃદ્ધિ→**दा**क्षिणशाला+अ
अवर्णेवर्ण०૭.૪.૬૮થી आનો લોપ→दाक्षिणशाल
પ્રથમા सि વગેરે→दाक्षिणशालः।

---

૧. દેશવાચી નામો પ્રાયઃ બ.વ.માં જ વપરાય છે.

(૪) **अधिकषाष्टिकः** = અધિક સાઈઠથી ખરીદાયેલો.
(अधिकया षष्ठ्या क्रीत इति।)
પૂર્વ પ્રમાણે તદ્ધિતનાં વિષયમાં સમાસ વગેરે→
अधिकषष्टि
मूल्यैः क्रीते ૬.૪.૧૫૦થી इकण्→अधिकषष्टि+**इक**
अवर्णेवर्ण०૭.૪.૬૮થી इનો લોપ→अधिकषष्टिक
मान-संवत्सर०૭.૪.૧૯થી ઉત્તરપદની વૃદ્ધિ→
अधिक**षा**ष्टिक
પ્રથમા सि વગેરે→अधिकषाष्टिकः।

(૫) **उत्तरगवधनः** = ઉત્તર ગાય છે ધન જેનું તે.
(उत्तरो गौः धनमस्येति।)
આ સૂત્રથી ધન ઉત્તરપદ પર છતાં उत्तरा અને गौनो સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી उत्तराનો પૂર્વનિપાત→
**उत्तरा**+गो+धन
पुंवत्०૩.૨.૫૭થી उत्तराનો પુંવદ્ભાવ→**उत्तर**+गो+धन
गोस्तत्पु०૭.૩.૧૦૫થી अट् સમાસાન્ત→
उत्तर+गो+**अ**+धन
अस्वयंभुवो०૭.૪.૭૦થી ओनो अव्→उत्तर+**गव**+धन
एकार्थं०૩.૧.૨૨થી ત્રણે પદોનો સમાસ→उत्तरगवधन
પ્રથમા सि વગેરે→उत्तरगवधनः।

(૬) **अधिकगवप्रियः** = અધિક ગાય પ્રિય છે જેને તે.
(अधिको गौः प्रियोऽस्येति।)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**વિશેષતા :**

(૧) અહીં સંજ્ઞાનાં વિષયમાં, તદ્ધિતનાં વિષયમાં અને ઉત્તરપદ પર છતાં એમ ત્રણ નિમિત્તમાં પૃથક્-પૃથક્ કારણથી નિત્ય સમાસ થાય છે. તે કારણો નીચે પ્રમાણે છે.

(a) **સંજ્ઞાનો વિષય** = વાક્ય દ્વારા સંજ્ઞા જણાતી નથી. તેથી વિગ્રહવાક્ય થતું નથી.

(b) **તદ્ધિતનો વિષય** = તદ્ધિતનાં પ્રત્યયો વિભક્ત્યન્ત નામને જ લાગે છે. જ્યારે આખું વાક્ય વિભક્ત્યન્ત હોતું નથી. તેથી તે તદ્ધિતનો વિષય બનતું નથી.

(c) **ઉત્તરપદનો વિષય** = ત્રણે પદનું ઐકાર્થ્યપણું હોતે છતે ઉત્તરપદની વિવક્ષા થાય છે. જ્યારે વિગ્રહ વાક્યમાં તો માત્ર બે પદો વચ્ચે જ ઐકાર્થ્ય થતું હોય છે. તેથી ત્યાં પણ વિગ્રહ વાક્ય થતું નથી.

આમ, ઉદા.માં જે વિગ્રહવાક્ય દર્શાવવામાં આવ્યું છે. તે પૂર્વપદ અને ઉત્તરપદનાં વિભાગને જણાવવા માટે છે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, આ સૂત્રથી दक्षिणाश्चासौ कोशलाश्च इति दक्षिणकोशलाः એ પ્રમાણે તત્પુરુષ સમાસ થયા પછી 'તે નામનાં દેશવાળાં' એ પ્રમાણે સ્વામીત્વ અર્થની વિવક્ષા હોય તો તે અર્થથી મત્વર્થીય પ્રત્યય અને બહુવ્રીહિ સમાસ એમ બંને દ્વારા પ્રાપ્તિ થઈ શકે છે. પરંતુ મત્વર્થીય પ્રત્યય એ બહિર્ભૂત એવા अस्ति અર્થની અપેક્ષા રાખતો હોવાથી બહિરંગ કાર્ય

છે. જ્યારે બહુવ્રીહિ સમાસ નિરપેક્ષ હોવાથી અંતરંગ કાર્ય છે. તેથી, **अन्तरङ्गं बहिरङ्गात् १/४२** ન્યાયાનુસારે મત્વર્થીય પ્રત્યય ન થતાં બહુવ્રીહિ સમાસ જ કરવો. આમ, અહીં નિયમ થાય છે કે, **જ્યારે બહુવ્રીહિ સમાસથી જ ઈષ્ટ અર્થની પ્રાપ્તિ થતી હોય ત્યારે કર્મધારય સમાસ કરીને મત્વર્થીય પ્રત્યય ન લગાડવો.** (**न कर्मधारयान्मत्वर्थीयो बहुव्रीहिश्चेत् तदर्थप्रतिपत्तिकरः**।)

જિ. : દિશાવાચી અને अधिक નામ વિશેષણ સ્વરૂપે જ આ સૂત્રની પ્રવૃત્તિનો વિષય બને છે. તેથી विशेषणं विशेष्ये० ૩.૧.૯૬ સૂત્રથી જ સમાસ સિદ્ધ હતો તો આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો?

સમા. : અહીં **सिद्धे सत्यारम्भो नियमार्थः १/२५** ન્યાયની પ્રવૃત્તિ થઈ છે. તેથી અહીં નિયમ થયો કે, દિશાવાચી અને अधिक નામ સંજ્ઞાનાં વિષયમાં, તદ્ધિતનાં વિષયમાં અને ઉત્તરપદ પર છતાં જ સમાસ પામે છે. અન્યથા નહીં. તેથી दक्षिणा गौ સ્થાને विशेषणं० ૩.૧.૯૬થી પણ સમાસની પ્રાપ્તિ થતી નથી.

## संख्या समाहारे च द्विगुश्चाऽनाम्न्यम् ३.१.९९

અ.અ.સૂ. : **एकार्थं संख्या नाम नाम्ना ऐकार्थ्ये समासः, कर्मधारयः च (तत्पुरुषः च अन्यः), समाहारे च (संज्ञा-तद्धितोत्तरपदे), अयम् अनाम्नि द्विगुः कर्मधारयः च, (तत्पुरुषः च अन्यः)।**

**અર્થ** : એકાર્થક એવું સંખ્યાવાચી નામ, અન્ય નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે કર્મધારય તથા તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા. જો સંજ્ઞાનો વિષય, તદ્ધિતનો વિષય અને ઉત્તરપદ પરમાં હોય તો. તથા સમાહાર અર્થ જણાતો હોય તો આ જ સમાસ જો સંજ્ઞાનો વિષય ન હોય તો દ્વિગુ સંજ્ઞક પણ થાય છે.

**સ.** **अनाम्नि** = न नामन् इति अनाम, तस्मिन्निति।

**ઉદા.** (૧) **पञ्चाम्रा** = વનનું નામ વિશેષ.
(पञ्च च ते आम्राश्च इति।)
આ સૂત્રથી સંજ્ઞાનાં पञ्चन् અને आम्रनो સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી पञ्चन्‌નો પૂર્વનિપાત→
**पञ्चन्**+आम्र
नाम्नो नो०૨.૧.૯૧થી न्‌નો લોપ→पञ्च+आम्र
પ્રથમા जस् વગેરે→पञ्चाम्राः।

(૨) **सप्तर्षयः** = તારાનું નામ વિશેષ.
(सप्त च ते ऋषयश्चेति।)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૩) **द्वैमातुरः** = બે માતાનો પુત્ર. (द्वयोः मात्रोरपत्यमिति।)
આ સૂત્રથી તદ્ધિતનાં વિષયમાં द्वि અને मातृનો સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી द्विनो પૂર્વનિપાત→**द्वि**+मातृ
संख्या-सं०૬.૧.૬૬થી अण् અને मातुर्→**द्विमातुर्**+**अ**

वृद्धिः स्वरेष्वा०७.४.१थी वृद्धि→**द्वै**मातुर
प्रथमा सि वगेरे→द्वैमातु**रः**।

(४) **अध्यर्द्धकंसः** = દોઢ કાંસાથી ખરીદાયેલ.
(अध्यर्द्धेन कंसेन क्रीत इति।)
પૂર્વ પ્રમાણે સમાસ વગેરે→अध्यर्द्ध+कंस
मूल्यैः०६.४.१५०थी इकण्→अध्यर्द्धकंस+**इक**
अनाम्न्य०६.४.१४१थी इकण्नो લોપ→अध्यर्द्धकंस
प्रथमा सि वगेरे→अध्यर्द्धकंसः।

(५) **पञ्चगवधनः** = પાંચ ગાયો છે ધન જેનું તે.
(पञ्च गावः धनमस्येति।)

(६) **पञ्चनावप्रियः** = પાંચ નાવડી પ્રિય છે જેને તે.
(पञ्च नावः प्रिया अस्येति।)
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ उत्तरगवधनः પ્રમાણે જાણવી, પરંતુ સમાસ આ સૂત્રથી કરવો.

(७) **पञ्चराजी** = પાંચ રાજાઓની ટોળી.
(पञ्चानां राज्ञां समाहार इति।)
આ સૂત્રથી पञ्चन् અને राजन्नो દ્વિગુ સમાસ તથા, प्रथमोक्तं०३.१.१४८थी पञ्चन्नो પૂર્વનિપાત→
**पञ्चन्**+राजन्
नाम्नो नो०२.१.९१थी न्नो લોપ→पञ्च+राजन्
राजन्सखेः०७.३.१०६थी अट्→पञ्च+राजन्+**अ**
नोऽपदस्य०७.४.६१थी अन्नो લોપ→पञ्च+राज
આ સૂત્રથી અસંજ્ઞામાં દ્વિગુ સંજ્ઞા થવાથી,
द्विगोः समा०२.४.२२थी ङी→पञ्चराज+**ई**

अस्य ङ्यां०२.४.८६थी अनो લોપ→पञ्चराजी
પ્રથમા सि વગેરે→पञ्चराजी।

પ્ર.ઉદા.(૧) **समाहारे चेति किम् ? अष्टौ प्रवचनमातरः** = આઠ પ્રવચનમાતા.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સમાહાર અર્થની ગમ્યમાનતામાં તથા સંજ્ઞાનો વિષય, તદ્ધિતનો વિષય અને ઉત્તરપદ પર છતાં જ થાય છે. જ્યારે અહીં એક પણ નિમિત્ત ન હોવાથી આ સૂત્રથી સમાસ થયો નહીં.

(૨) **अनाम्नीति किम् ? पाञ्चर्षम्** = પાંચ ઋષિઓનું આ.
(पञ्चानां ऋषीणामिदमिति।)
**द्वैमातुरः** ઉદા. પ્રમાણે સમાસ વગેરે→पञ्च+ऋषि
तस्येदम् ६.३.१६०थी अण्→पञ्च+ऋषि+**अ**
वृद्धिः स्वरेष्वा०७.४.१थी वृद्धि→**पाञ्च**+ऋषि+अ
अवर्णेवर्ण०७.४.६८थी इनो લોપ→पाञ्च+ऋष
પ્રથમા सि વગેરે→पाञ्च**र्षम्**।

★ આ સૂત્રથી જ્યાં સંજ્ઞાનો વિષય ન હોય ત્યાં જ દ્વિગુ સંજ્ઞા થાય છે. જ્યારે અહીં સંજ્ઞાનો વિષય હોવાથી આ સૂત્રથી દ્વિગુસંજ્ઞા થઈ નહીં. તેથી द्विगोरनपत्ये ६.१.२४थी अण्नो લોપ થયો નહીં.

**વિશેષતા :**

(૧) અનેક સંખ્યાવાળાં પદાર્થમાં કોઈપણ રીતે સમૂહ આદિની વિવક્ષા દ્વારા એકત્વ પ્રગટ કરવું તે સમાહાર કહેવાય છે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, पञ्चगवधनः ઇત્યાદિ સમાસમાં गो શબ્દ પુંલિંગ અને સ્ત્રીલિંગ એ પ્રમાણે બંને લિંગમાં વર્તતો હોવાથી જ્યારે સ્ત્રીલિંગની વિવક્ષા કરવામાં આવે ત્યારે अट् સમાસાન્ત પ્રત્યયનાં કારણે गव શબ્દ टित् થવાથી अणञेये૦૨.૪.૨૦ સૂત્ર દ્વારા ङी પ્રત્યય લાગે છે. તેથી पञ्चगवधनः સમાસ પ્રાપ્ત થાય છે.

યદ્યપિ पञ्चनावप्रियः ઇત્યાદિ પ્રયોગોમાં પણ नौ શબ્દ સ્ત્રીલિંગ હોવાથી ઉપરોક્ત રીતે पञ्च**नावी**प्रियः એવો પ્રયોગ થવાની શક્યતા હતી. પરંતુ **प्रकृतेर्लिङ्गवचने बाधन्ते स्वार्थिकाः क्वचित् ८/२** લિંગાનુશાસનનાં વચનાનુસારે અહીં अट् પ્રત્યય દ્વારા સ્ત્રીલિંગનો બાધ થવાથી नौ શબ્દ નપુંસકલિંગમાં વર્તે છે. તેથી ङी પ્રત્યય થતો નથી.

(૩) સૂત્રમાં બે ચકાર દર્શાવેલ છે. તેનાં પ્રયોજન નીચે પ્રમાણે છે.

(a) **પ્રથમ ચકાર :** યદ્યપિ સૂત્રમાં समाहारे પદનાં ગ્રહણથી संज्ञा-तद्धितोत्तरपदे નો અધિકાર અટકી જાય. પરંતુ સૂત્રગત ચકાર દ્વારા **चकारो यस्मात्परस्तत्सजातीयमेव समुच्चिनोति २/६१** ન્યાયાનુસારે समाहारे નાં સજાતીય સપ્તમ્યન્ત संज्ञा-तद्धितोत्तरपदे નું ગ્રહણ કરાય છે.

તેમજ, **चानुकृष्टं नाऽनुवर्त्तते २/६२** ન્યાયાનુસારે संज्ञा-तद्धितोत्तरपदे‌નો અધિકાર ઉત્તર સૂત્રમાં જશે નહીં.

(b) **દ્વિતીય ચકાર :** દ્વિગુસંજ્ઞા તથા કર્મધારય-તત્પુરુષ સંજ્ઞા એમ બે કાર્યનાં સમુચ્ચય માટે છે.

(૪) સૂત્રમાં अयम्નું ગ્રહણ પરસૂત્રમાં द्विगुश्च પદની અનુવૃત્તિ ન આવે તેની માટે છે.

(૫) **દ્વિગુસંજ્ઞાનાં પ્રદેશો :** द्विगोः समाहारात् ૨.૪.૨૨ ઈત્યાદિ.

**જિ.** : આ સૂત્રગત સમાસો विशेषणं विशेष्ये૦૩.૧.૯૬થી સિદ્ધ જ હતાં. તો આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો?

**સમા.** : અહીં **सिद्धे सत्यारम्भो नियमार्थः १/२५** ન્યાયની પ્રવૃત્તિ થઈ છે. તેથી, નિયમ થયો કે, સંખ્યાવાચક નામ સંજ્ઞા, તદ્ધિતનો વિષય તથા ઉત્તરપદ પર છતાં તેમજ, જો સમાહારની ગમ્યમાનતા હોય તો જ સમાસ પામે છે. અન્યથા નહીં. તેથી अष्टौ प्रचनमातरः અહીં विशेषणं विशेष्ये૦૩.૧.૯૬થી પણ સમાસ થયો નહીં.

**જિ.** : બે કે તેથી વધુ સંખ્યાવાળાં પદાર્થનાં વિષયમાં જ સમૂહની વિવક્ષા થઈ શકે છે. તેથી એક સંખ્યાવાળી વસ્તુમાં સમાહાર થવાની પ્રાપ્તિ નથી. તો एकापूपी વગેરે સમાસની સંગતિ શી રીતે જાણવી ?

સમા. : अनादिनिधने द्रव्ये, स्वपर्यायाः प्रतिक्षणम्,
उन्मज्जन्ति निमज्जन्ति, कूलकल्लोलवज्जले ॥

★ અનાદિ અનંત દ્રવ્યમાં પ્રત્યેક ક્ષણે તે દ્રવ્યનાં પર્યાયો નદીનાં કિનારે ઉછળતાં મોજાંની જેમ પ્રગટ થાય છે. અને વિલીન થાય છે.

ઉપરોક્ત કથનાનુસારે પદાર્થો એક હોવા છતાં પણ તેનાં પર્યાયો અનંતા હોય છે. તેથી એક પદાર્થનાં અનેક પર્યાયને આશ્રયીને પણ તેમાં અનેકત્વ સંભવે છે. અને તે અનેકત્વનાં સમૂહની વિવક્ષાએ ત્યાં સમાહાર જણાતાં સમાસની સંગતિ થઈ શકે છે. તેથી एकापूपी વગેરે સમાસમાં પણ વિગ્રહ વાક્ય एकानाम् अपूपानां समाहारः એ પ્રમાણે બ.વ. યુક્ત જ થશે.

## निन्द्यं कुत्सनैरपापाद्यैः ३.१.१००

અ.અ.સૂ. : एकार्थं निन्द्यं नाम अपापाद्यैः कुत्सनैः नामभिः ऐकार्थ्ये समासः, कर्मधारयः च ( तत्पुरुषः च अन्यः )।

અર્થ : એકાર્થક એવું નિન્દ્યવાચી નામ, पाप વગેરે સિવાયનાં નિંદાનાં હેતુવાચી (કુત્સનવાચી) નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે કર્મધારય તથા તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

સ. **अपापाद्यैः** = पापा आद्यो येषां ते इति पापाद्याः, न पापाद्या इति अपापाद्याः तैरिति।

ઉદા. (१) **वैयाकरणखसूची** = આકાશ સામે જોતો વૈયાકરણ (નિષ્પ્રતિભાશાળી વૈયાકરણ)

वैयाकरण श्चासौ खसूची चेति।

આ સૂત્રથી वैयाकरण અને खसूचीનો સમાસ તથા, प्रथमोक्तं०૩.૧.૧૪૮થી वैयाकरणનો પૂર્વનિપાત→

**वैयाकरण**+खसूची

પ્રથમા सि વગેરે→वैयाकरणखसूची।

(२) **मीमांसकदुर्दुरुढः** = નાસ્તિક મીમાંસક.

मीमांसक श्चासौ दुर्दुरुढश्चेति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા.❖ **निन्द्यमिति किम् ? वैयाकरणश्चौरः** = ચૌર વૈયાકરણ.

★ આ સૂત્રની પ્રવૃત્તિ પ્રત્યાસત્તિ દ્વારા જે નિન્દ્ય હોય તે નામ પૂર્વપદમાં હોય તો જ થાય છે. જ્યારે અહીં चौर પદથી वैयाकरणत्व નિન્દ્ય બનતું નથી. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

❖ **अपापाद्यैरिति किम् ?**

(१) **पापवैयाकरणः** = પાપી વૈયાકરણ.

पापश्चासौ वैयाकरणश्चेति।

विशेषणं०૩.૧.૯૬થી સમાસ તથા,

प्रथमोक्तं० ૩.૧.૧૪૮થી पापનો પૂર્વનિપાત→

**पाप**+वैयाकरण

પ્રથમા सि વગેરે→पापवैयाकरणः।

(૨) **हतविधिः** = ખરાબ ભાગ્ય. हतश्चासौ विधिश्चेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રમાં पाप વગેરે શબ્દનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) અહીં वैयाकरणखसूची પ્રયોગનો સામાન્ય શબ્દાર્થ 'આકાશ તરફ જોતો વૈયાકરણ' એવો થાય છે. પરંતુ તેમાં પ્રગટ રીતે ક્ષેપ અર્થ જણાતો નથી. તેથી, અહીં એવો અર્થ કરવો કે, જ્યારે કોઈક વૈયાકરણને વ્યાકરણ વિષયક પ્રશ્ન પૂછવામાં આવ્યો હોય ત્યારે તેનો જવાબ ન આવડતો હોવાથી વિચારવાની મુદ્રામાં આકાશ સામે જોવાનો ઢોંગ કરે ત્યારે તેને वैयाकरण-खसूची કહેવાય છે. અને તે જ રીતે નિંદા અર્થ પણ ગમ્યમાન છે.
અહીં કેટલાંક વ્યાકરણકારો वैयाकरणखसूचिः આવો પ્રયોગ પણ માને છે.

(૨) આ સૂત્રગત ઉદા.માં પ્રત્યાસત્તિ ન્યાય દ્વારા નિન્દ્ય અર્થ પણ સમાસગત પદ સંબંધી જ હોવો જોઈએ, અન્ય સંબંધી નહીં. તેથી वैयाकरणश्चौरः ઇત્યાદિ સમાસ થશે નહીં. અહીં આશય એ છે કે, જો સમાસમાં

वैयाकरण પદનો પ્રયોગ હોય તો પ્રત્યાસત્તિ ન્યાય દ્વારા वैयाकरणत्वની નિંદામાં જ સૂત્રની પ્રવૃત્તિ થાય છે. તદન્ય પદની નિંદામાં નહીં. અહીં वैयाकरणखसूची વગેરે સમાસનાં અર્થમાં વ્યાકરણ સંબંધી પ્રશ્નો પૂછ્યા પછી જ આકાશમાં જોવાની ક્રિયા છે. તેથી, ત્યાં वैयाकरणत्वની નિંદા જણાય છે. પણ वैयाकरणत्ववान् પુરુષનાં અન્ય ધર્મની નહીં. જ્યારે वैयाकरणश्चौरः પ્રયોગમાં ચોરીની ક્રિયા દ્વારા वैयाकरणत्वની નિંદા નથી પણ તદ્‌વાન્ મનુષ્યત્વની નિંદા છે. માટે આ સૂત્રથી સમાસ થશે નહીં. પણ विशेषणं विशेष्ये० ૩.૧.૯૬થી चौरवैयाकरणः એ પ્રમાણે સમાસ થશે.

(૩) યદ્યપિ અહીં विशेषणं०૩.૧.૯૬થી સમાસો સિદ્ધ જ હતાં તો પણ આ સૂત્રનો નિર્દેશ કરવા દ્વારા ગ્રંથકાર શ્રી જણાવે છે કે, નિન્દ્યવાચી પદ વિશેષ્ય હોવા છતાં પણ પૂર્વનિપાત જ પામશે. તેથી, खसूचीवैयाकरणः જેવા પ્રયોગ થશે નહીં.

(૪) **पापादि ગણ અંતર્ગતતયા આ સૂત્રનાં વિષયભૂત ન થતાં પ્રયોગો :** पापवैयाकरणः, खलवैयाकरणः, अणक वैयाकरणः, पापकुलालः, अणकनापितः, हतविधिः, दग्धदैवम्, दुष्टामत्याः, क्षुद्रतापसः વગેરે.

સૂત્રમાં બ.વ. શિષ્ટ પ્રયોગનાં અનુસરણ માટે છે. તેથી, જે શબ્દોનો પ્રયોગ નિંદા હેતુવાચી તરીકે પ્રસિદ્ધ હોય તેનું પણ ગ્રહણ થાય છે.

## उपमानं सामान्यैः ३.१.१०१

અ.અ.સૂ. : **एकार्थं उपमानं नाम सामान्यैः नामभिः ऐकार्थ्ये समासः, कर्मधारयः च ( तत्पुरुषः च अन्यः )।**

અર્થ : એકાર્થક એવું ઉપમાનવાચી નામ, ઉપમાન અને ઉપમેયમાં રહેલ સામાન્ય ધર્મવાચી નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે કર્મધારય તથા તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

ઉદા. (૧) **शस्त्रीश्यामा** = છરી જેવી શ્યામ.
शस्त्रीव शस्त्रीति, शस्त्री चासौ श्यामा चेति।
આ સૂત્રથી शस्त्री અને श्यामाનો સમાસ તથા,
प्रथमोक्तं૦૩.૧.૧૪૮થી शस्त्रीનો પૂર્વનિપાત→**शस्त्री**श्यामा
પ્રથમા सि વગેરે→शस्त्रीश्यामा।

(૨) **मृगचपला** = હરણી જેવી ચપળ.
मृगीव मृगीति, मृगी चासौ चपला चेति।
પૂર્વપ્રમાણે સમાસ વગેરે→मृगी+चपला
पुंवत् कर्म०૩.૨.૫૭થી मृगीનો પુંવત્‌ભાવ→**मृग**चपला।

પ્ર.ઉદા.(૧) **उपमानमिति किम् ? देवदत्ता श्यामा** = કાળી દેવદત્તા.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉપમાનવાચી નામ પૂર્વપદમાં હોય તો થાય છે. જ્યારે અહીં ઉપમેયવાચી નામ છે. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

(૨) **सामान्यैरिति किम् ? अग्निर्माणवकः** = અગ્નિ જેવો બાળક.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉપમાન-ઉપમેયનો સામાન્ય ધર્મવાચી નામ ઉત્તરપદ સ્વરૂપે હોય તો થાય છે. જ્યારે અહીં माणवक ઉપમેયવાચી નામ છે. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) **ઉપમાનવાચી નામ :** જેનાં વડે ઉપમા અપાય તે ઉપમાનવાચી નામ કહેવાય છે.

**ઉપમેયવાચી નામ :** જેને અર્થાત્ જે પદાર્થ કે વ્યક્તિ આદિને ઉપમા અપાય તેને ઉપમેયવાચી નામ કહેવાય છે.

**સામાન્યધર્મવાચી નામ :** તેઓમાં રહેલ શ્યામત્વ આદિ ઉપમા નિમિત્તક ભાવને સામાન્યધર્મ કહેવાય છે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, शस्त्री વગેરે ઉપમાનવાચી શબ્દો અને श्याम વગેરે સામાન્યધર્મવાચી શબ્દો श्याम વગેરે ગુણને આશ્રયીને ઉપમેયવાચી પદાર્થમાં રહે છે. ત્યારે જ એકાર્થતા સિદ્ધ થાય છે. અન્યથા જો ઉપમેયમાં રહેલાં શ્યામાદિ ગુણની પ્રધાનતા ન હોય તો માત્ર शस्त्री અને श्याम વગેરે શબ્દોની એકાર્થતા હોતી નથી. અને તે એકાર્થતાનાં અભાવમાં સામાન્ય સંબંધની વિવક્ષામાં ષષ્ઠી તત્પુરુષ સમાસ થઈ શકે છે. પણ આ સૂત્રથી કર્મધારય સમાસ થતો નથી.

તથા, એકાર્થતા હોતે છતે જ્યારે કર્મધારય સમાસ થાય છે. ત્યારે पुंवत्૦૩.૨.૫૭થી પુંવત્ભાવ પણ થાય છે.

જિ. : કોઈ પણ ઉપમાનવાચી નામ ઉપમેયવાચી નામનું વિશેષણ જ હોય છે. તેથી विशेषणं विशेष्ये૦૩.૧.૯૬થી આ સમાસ પણ સિદ્ધ જ હતો. તો આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો?

સમા. : માત્ર વિશેષણ-વિશેષ્યતયા થતાં સમાસમાં સામાન્ય ધર્મની પ્રતીતિ હોતી નથી. તે પ્રતીતિની ઉપસ્થિતિ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

તેમજ, ઉપમાનવાચી નામ જેમ સામાન્યધર્મવાચી નામનું વિશેષણ છે તેમ ઉપમેયવાચી નામનું પણ વિશેષણ છે. તેથી, ત્યાં પણ સમાસ થવાની પ્રાપ્તિ છે. પરંતુ અહીં એવો નિયમ કરવામાં આવે છે કે, ઉપમાનવાચી નામ વિશેષણ હોવા છતાં પણ તેનો માત્ર સામાન્ય ધર્મવાચી વિશેષ્ય નામ સાથે જ સમાસ થશે. પણ ઉપમેયવાચી વિશેષ્ય નામ સાથે નહીં. તેથી सिंहबालः આદિ પ્રયોગોનો सिंह इव बालः એ પ્રમાણે વિગ્રહ ન કરતાં सिंहस्य बालः એ પ્રમાણે ષષ્ઠી તત્પુરુષ જ્ઞાપક જ વિગ્રહ કરવો.

## उपमेयं व्याघ्राद्यैः साम्यानुक्तौ ३.१.१०२

**અ.અ.સૂ. : एकार्थं उपमेयं नाम व्याघ्राद्यैः नामभिः साम्यानुक्तौ ऐकार्थ्ये समासः, कर्मधारयः च (तत्पुरुषः च अन्यः)।**

**અર્થ** : એકાર્થક એવું ઉપમેયવાચી નામ, વ્યાઘ્ર વગેરે નામની સાથે સાધારણધર્મની અનુક્તિમાં ઐકાર્થ્ય જણાતે છતે

સમાસ પામે છે. અને તે કર્મધારય તથા, તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

સ. (૧) **व्याघ्राद्यैः** = व्याघ्र आद्यो येषां ते इति व्याघ्राद्याः, तैरिति।

(૨) **साम्यानुक्तौ** = न उक्तिरिति अनुक्तिः, साम्यस्य अनुक्तिरिति साम्यानुक्तिः, तस्यामिति।

ઉદા. (૧) **पुरुषव्याघ्रः** = વાઘ જેવો પુરુષ.
व्याघ्र इव व्याघ्रः, पुरुषश्चासौ व्याघ्रश्चेति।
આ સૂત્રથી पुरुष અને व्याघ्रનો સમાસ તથા,
प्रथमोक्तं૦૩.૧.૧૪૮થી पुरुषનો પૂર્વનિપાત→**पुरुष**+व्याघ्र
પ્રથમા सि વગેરે→पुरुषव्याघ्रः।

(૨) **श्वसिंही** = સિંહ જેવી કૂતરી.
सिंही इव सिंही, शुनी चासौ सिंही चेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **साम्यानुक्ताविति किम्? पुरुषव्याघ्रः शूर इति मा भूत्** = વાઘ જેવો શૂરવીર પુરુષ.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સાધારણ ધર્મની અનુક્તિ હોય તો થાય છે. જ્યારે અહીં સાધારણ ધર્મની ઉક્તિ છે. માટે આ સૂત્રથી पुरुषव्याघ्रः એ પ્રમાણે સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) **व्याघ्रादि ગણ :** व्याघ्र, सिंह, ऋषभ, वृषभ, महिष, चन्दन, वृक, वराह, हस्तिन्, कुञ्जर, रुरु, पृषत, पुण्डरीक, पलाविका, कुञ्चा।

સૂત્રમાં બ.વ. આકૃતિગણ માટે છે. તેથી वाग्वज्रः, मुखपद्मम्, पाणिपल्लवम्, करकिसलयम्, वदनेन्दुः, पार्थिवचन्द्रः, वानरश्वा, कुचकुम्भः, स्तनकलशः વગેરે સમાસો પણ સિદ્ધ થાય છે.

જિ. : અહીં પણ પૂર્વસૂત્રની જેમ જ ઉપમાન અને ઉપમેય-વાચી નામ વિશેષણ-વિશેષ્ય હોવાથી विशेषणं विशेष्ये० ૩.૧.૯૬થી જ સમાસ સિદ્ધ હતો તો આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો?

સમા. : વસ્તુતઃ પૂર્વસૂત્રગત નિયમ વડે ઉપમાનવાચી નામનો ઉપમેયવાચી નામની સાથે સમાસનો નિષેધ કરવામાં આવ્યો છે. તેથી જ્યારે સામાન્ય ધર્મની અનુક્તિ હોય ત્યારે પૂર્વસૂત્રથી નિષિદ્ધ પણ સમાસને પુનઃ પ્રાપ્ત કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. આમ, અહીં તાત્પર્ય એ છે કે, સામાન્ય ધર્મની ઉક્તિ હોતે છતે માત્ર સામાન્ય ધર્મ સાથે જ સમાસ થશે. પણ ઉપમેયવાચી નામની સાથે નહીં. અને સામાન્ય ધર્મની અનુક્તિ હોતે છતે ઉપમેયવાચી નામની સાથે સમાસ થઈ શકશે. તથા पुरुषव्याघ्रः આદિ સમાસમાં વિશેષણતયા व्याघ्र આદિ પદનો પૂર્વનિપાત થવાની પ્રાપ્તિ હતી. જેનો નિષેધ કરીને આ સૂત્ર દ્વારા વિશેષ્ય એવા पुरुष વગેરે પદોનો પૂર્વનિપાત કરવામાં આવે છે.

જિ. : पुरुषव्याघ्रः शूरः ઇત્યાદિ પ્રયોગમાં સામાન્ય ધર્મની ઉક્તિ હોતે છતે પણ સમાસગત પદોને સામાન્ય

ધર્મની સાપેક્ષતા જણાય છે. તેથી **सापेक्षमसमर्थम् ૧/૨૮** ન્યાયાનુસારે સમાસ થવાનો જ ન હતો તો સૂત્રમાં साम्यानुक्तौ પદનું ગ્રહણ શા માટે કર્યું?

**સમા.** : તમારી વાત સાચી છે. પરંતુ અહીં साम्यानुक्तौ પદનાં ગ્રહણ દ્વારા ગ્રંથકારશ્રી જણાવે છે કે, **सापेक्षमसमर्थम् ૧/૨૮** ન્યાયની જ્યાં પ્રવૃત્તિ થતી હોય ત્યાં પણ સમાસ બાહ્ય પદની જો પ્રધાન પદની સાથે સાપેક્ષતા વર્ત્તતી હોય તો તે ન્યાયની પ્રવૃત્તિ ન થતાં પણ સમાસ થાય છે. અને તે નિયમ દ્વારા दर्शनीयः राजपुरुषः વગેરે સમાસો તે ન્યાય દ્વારા પ્રતિષિદ્ધ થતાં નથી.

## पूर्वा-ऽपर-प्रथम-चरम-जघन्य-समान-मध्य-मध्यम-वीरम् ३.१.१०३

**અ.અ.સૂ.** : **एकार्थं पूर्वा-ऽपर-प्रथम-चरम-जघन्य-समान-मध्य-मध्यम-वीरं नाम नाम्ना ऐकार्थ्ये समासः, कर्मधारयः च ( तत्पुरुषः च अन्यः )।**

**અર્થ** : એકાર્થક એવા पूर्व, अपर, प्रथम, चरम, जघन्य, समान, मध्य, मध्यम અને वीर નામ, અન્ય નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે કર્મધારય તથા તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

**સ.** **पूर्वा-ऽपर-प्रथम-चरम-जघन्य-समान-मध्य-मध्यम-वीरम्** = पूर्वश्च अपरश्च प्रथमश्च चरमश्च जघन्यश्च समानश्च मध्यश्च मध्यमश्च वीरश्चेति।

ઉદા. (૧) **पूर्वपुरुषः** = પૂર્વ પુરુષ. पूर्वश्चासौ पुरुषश्चेति।
આ સૂત્રથી પૂર્વ અને પુરુષનો સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી પૂર્વનિપાત→**पूर्व**पुरुष
પ્રથમા सि વગેરે→पूर्वपुरुषः।

(૨) **अपरपुरुषः** = બીજો પુરુષ. अपरश्चासौ पुरुषश्चेति।

(૩) **प्रथमपुरुषः** = પહેલો પુરુષ. प्रथमश्चासौ पुरुषश्चेति।

(૪) **चरमपुरुषः** = છેલ્લો પુરુષ. चरमश्चासौ पुरुषश्चेति।

(૫) **जघन्यपुरुषः** = નીચ પુરુષ. जघन्यश्चासौ पुरुषश्चेति।

(૬) **समानपुरुषः** = સમાન પુરુષ. समानश्चासौ पुरुषश्चेति।

(૭) **मध्यपुरुषः** = મધ્ય(માં રહેલો) પુરુષ. मध्यश्चासौ पुरुषश्चेति।

(૮) **मध्यमपुरुषः** = મધ્યમ પુરુષ. मध्यमश्चासौ पुरुषश्चेति।

(૯) **वीरपुरुषः** = વીર પુરુષ. वीरश्चासौ पुरुषश्चेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**વિશેષતા :**

(૧) આ સૂત્રમાં नाम नाम्नै०૩.૧.૧૮ સૂત્રથી આવતાં बहुलम्નાં અધિકારથી અહીં एकवीरः વગેરે સમાસમાં પર રહેલ वीर વગેરેનો પણ પૂર્વનિપાત થયો નથી.

**જિ.** : સૂત્રોક્ત શબ્દો વિશેષણ હોવાથી તેનો વિશેષ્ય સાથે विशेषणंविशेष्ये०૩.૧.૯૬થી સમાસ સિદ્ધ જ હતો તો આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો?

**સમા.** : તમારી વાત સાચી છે. પરંતુ આ સૂત્રનો નિર્દેશ કર્યો હોવાથી स्पर्द्धे ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે આ સૂત્રગત પદોનો જ્યારે અન્ય પદ સાથે સમાસ થશે ત્યારે વિશેષણતયા જ થશે. અર્થાત્ તેઓનો જ

પૂર્વનિપાત થશે. અન્યનો નહીં. અન્યથા પૂર્વપટુઃ પ્રયોગમાં બંને જ પદ સમાનરૂપે વિશેષણ હોવાથી खञ्जकुण्टः આદિની જેમ યથેચ્છ પ્રવૃત્તિ પ્રાપ્ત થાય છે. પરંતુ હવે આ સૂત્ર દ્વારા पूर्व શબ્દનો જ પૂર્વપ્રયોગ થશે. પણ पटुનો નહીં.

તેમજ, આ સૂત્રગત પદોનો બીજા સૂત્રગત પદોની સાથે જો સમાસ થાય તો स्पर्द्धे ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે આ સૂત્રગત પદોનો જ પૂર્વનિપાત થશે. જેમકે, पूर्वश्चासौ जरच्चेति पूर्वजरत्।

તથા, જો આ સૂત્રગત પદોનો અરસપરસ સમાસ થતો હોય તો स्पर्द्धे ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે સૂત્રમાં નિર્દિષ્ટ પદોમાં પશ્ચાનુપૂર્વીનાં ક્રમ પ્રમાણે જ પૂર્વનિપાત કરવો. પણ અન્યથા નહીં. જેમકે, पूर्वश्चासौ वीरश्चेति वीरपूर्वः।

## श्रेण्यादि कृताद्यैश्च्व्यर्थे ३.१.१०४

**અ.અ.સૂ.** : **एकार्थं श्रेण्यादि नाम कृताद्यैः नामभिः च्व्यर्थे ऐकार्थ्ये समासः, कर्मधारयः च ( तत्पुरुषः च अन्यः )।**

**અર્થ** : એકાર્થક એવાં श्रेणि વગેરે નામ, कृत વગેરે નામની સાથે च्वि અર્થની ગમ્યમાનતા હોય તો ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે કર્મધારય તથા તત્પુરુષ-સંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

**સ.** (૧) **श्रेण्यादि** = श्रेणिरादिर्यस्य तदिति।

(२) **कृताद्यैः** = कृत आद्यो येषां ते इति कृताद्याः, तैरिति।

(३) **च्व्यर्थे** = च्वेरर्थ इति च्व्यर्थः, तस्मिन्निति।

ઉદા. (१) **श्रेणिकृताः** = શ્રેણિભિન્નને શ્રેણિ કરી.
अश्रेणयः श्रेणयः कृता इति।
આ સૂત્રથી श्रेणि અને कृताનો સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી श्रेणिનો પૂર્વનિપાત→**श्रेणि**+कृता
પ્રથમા जस् વગેરે→श्रेणिकृताः।

(२) **ऊककृताः** = અરક્ષકને રક્ષક કર્યો.
अनूका ऊकाः कृता इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **च्व्यर्थ इति किम्? श्रेणयः कृताः किञ्चित्** = કાંઈક શ્રેણિઓ કરી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ च्वि અર્થ જણાતો હોય તો થાય છે. જ્યારે અહીં च्वि અર્થની ગમ્યમાનતા નથી. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(१) **श्रेण्यादि ગણ :** श्रेणी, ऊक, पूग, कुन्दुम, कन्दुम, राशि, निचय, विशिष्ट, निर्धन, कृपण, इन्द्र, देव, मुण्ड, भूत, श्रमण, वदान्य, अध्यायक, अध्यापक, ब्रह्मण, क्षत्रिय, पटु, पण्डित, कुशल, चपल, निपुण।

(२) **कृतादि ગણ :** कृत, मत, मित, भूत, उप्त, उक्त, समाज्ञात, समाख्यात, समाम्नात, संभावित, अवधारित, अवकल्पित, निराकृत, उपकृत, अपाकृत, कलित, उदाहृत, उदीरित, उदित,

दृष्ट, विश्रुत, विहित, निरुपित, आसीन, आस्थित, अवबद्ध। સૂત્રમાં બ.વ. આકૃતિગણ માટે છે. તેથી, આના સદૃશ અન્ય શબ્દોની સાથે પણ श्रेणि વગેરેનાં સમાસનો આ સૂત્રમાં જ સમાવેશ થાય છે.

(૩) અહીં ધ્યાનમાં લેવું કે, च्व्यर्थे પદ દ્વારા च्वि અર્થનું ગ્રહણ કર્યું છે. પણ च्वि પ્રત્યયનું નહીં. તેથી, માત્ર च्वि અર્થ જણાતે છતે આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે. પણ જો च्वि અર્થની સાથે च्वि પ્રત્યયનો પણ પ્રયોગ હોય તો च्वि પ્રત્યયાન્ત શબ્દો ગતિસંજ્ઞક હોવાથી गतिक्वन्य०૩.૧.૪૨ દ્વારા ગતિ તત્પુરુષ સમાસ પામે છે. તેથી, च्वि પ્રત્યયાન્ત श्रेणीकृताः, ऊककृताः વગેરે નિત્ય સમાસ થાય છે.

(૪) અહીં જ્યારે ઐકાર્થ્યપણાંનાં અભાવમાં સમાસ ન હોય ત્યારે આ સમાસ ન થતાં સામાન્ય વાક્યમાં અધ્યાહારથી इति શબ્દનો પણ પ્રયોગ થાય છે. જેમકે, अनिर्धना निर्धना इत्युपकृता इति निर्धनकृताः।

(૫) અહીં ધ્યાનમાં લેવું કે, श्रेणीकृता વગેરે च्व्यर्थ પ્રયોગોમાં श्रेणी અને कृता પદમાં ક્રિયા-કારકનો જ સંબંધ છે. પણ વિશેષણ-વિશેષ્યભાવ નથી. તેથી અન્ય કોઈપણ સૂત્રથી સમાસ સિદ્ધ ન થતાં આ સૂત્રનો નિર્દેશ કર્યો છે.

## क्तं नञादिभिन्नैः ३.१.१०५

અ.અ.સૂ. : **एकार्थं क्तं नाम नञादिभिन्नैः नामभिः ऐकार्थ्ये समासः कर्मधारयः च, ( तत्पुरुषः च अन्यः )।**

**અર્થ** : એકાર્થક એવું क्त પ્રત્યયાન્ત નામ, नञ् આદિ વડે જ ભિન્ન નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે કર્મધારય તથા તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

**સ.** **नञादिभिन्नैः** = नञ् आदिर्येषां ते इति नञादयः, नञादिभिर्भिन्नानीति नञादिभिन्नानि, तैरिति।

**ઉદા.** (૧) **कृताकृतम्** = કરેલું એવું નહીં કરેલું (થોડું કરેલું).
कृतं च तदकृतं चेति।
આ સૂત્રથી कृत અને अकृतनो સમાસ તથા,
प्रथमोक्तं० ૩.૧.૧૪૮થી कृतनो પૂર્વનિપાત→**कृत**+अकृत
પ્રથમા सि વગેરે→कृताकृतम्।

(૨) **पीताऽवपीतम्** = પીધેલું નહીં પીધેલું (થોડું પીધું).
पीतं च तदवपीतं चेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**પ્ર.ઉદા.** (૧) **क्तमिति किम्? कर्त्तव्यमकर्त्तव्यं च** = કરવા યોગ્ય અને નહીં કરવા યોગ્ય.

★ આ સૂત્રની પ્રવૃત્તિ क्त પ્રત્યયાન્ત નામ પૂર્વપદમાં હોય તો થાય છે. જ્યારે અહીં तव्य પ્રત્યયાન્ત નામ છે. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

(૨) **नञादिभिन्नैरिति किम्?**

(i) **कृतं प्रकृतम्** = કર્યું, સારું કર્યું.

(ii) **कृतं चाविहितम् च** = કર્યું અને નહીં કર્યું.

★ આ સૂત્રની પ્રવૃત્તિ नञ् વગેરેથી જ ભિન્ન થયેલ નામ ઉત્તરપદમાં હોય તો થાય છે. જ્યારે અહીં (i)માં प्र ઉપસર્ગ વડે ભિન્ન થયેલ છે. અને (ii)માં ધાતુનો ભેદ છે. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) અહીં સૂત્રગત नञादि પદનાં आदि પદ દ્વારા अप, अव, वि વગેરે અવ્યયોનું પણ ગ્રહણ થાય છે. વસ્તુતઃ कृताकृतम् વગેરે ઉદા.માં नञ् અવ્યય ઈષદ્-અપરિસમાપ્તિ અર્થમાં પ્રયુક્ત થયો છે. તેથી, આદિ પદ દ્વારા પણ તત્પ્રકારક ઈષદ્-અપરિસમાપ્તિ અર્થવાચક અન્ય અવ્યયોનું ગ્રહણ થાય છે.

યદ્યપિ कृताकृतम् પ્રયોગોમાં नञ्નો અભાવ અર્થ પણ ગ્રહણ થઈ શકતો હતો, પરંતુ જો સર્વથા અભાવ ગ્રહણ કરવામાં આવે તો, વ્યધિકરણતા જણાતાં એકાર્થતાની અર્થાત્ સમાનાધિકરણતાની પ્રાપ્તિ થાય નહીં. તેથી, અહીં ઈષદ્-અપરિસમાપ્તિ અર્થ જ ગ્રહણ કરવો.

(૨) અહીં પણ विशेषणंविशेष्यै૦૩.૧.૯૬થી સમાસ સિદ્ધ જ હતાં. પરંતુ બંને પદ ક્રિયાવાચી હોવાથી વિશેષણતયા બંને પદોનો પૂર્વનિપાત થવાની પ્રાપ્તિ હતી. તેનું નિયમન કરીને માત્ર नञ् આદિ રહિત પદનો જ પૂર્વનિપાત કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. તેથી अकृतकृतम्, अनाशिताशितम् વગેરે અનિષ્ટ પ્રયોગો થશે નહીં.

(૩) અહીં **एकदेशविकृतमनन्यवत् १/७** ન્યાયની પ્રવૃત્તિ થાય છે. તે ન્યાયાનુસારે क्त પ્રત્યયાન્ત નામમાં સેટ્ અને અનિટ્નો ભેદ હશે તો પણ એ માત્ર इ રૂપ એકદેશની જ વિકૃતતા હોવાથી સમાન પ્રયોગ જ ગણાશે. માટે આ સૂત્ર દ્વારા नञ् આદિથી ભિન્ન સેટ્ પ્રયોગનો અનિટ્ પ્રયોગની સાથે અને અનિટ્ પ્રયોગનો સેટ્ પ્રયોગની સાથે પણ સમાસ થાય છે. તેથી क्लिष्टं च तद् अक्लिशितं चेति क्लिष्टाक्लिशितम्, पूतापवितम् વગેરે પ્રયોગો પણ સિદ્ધ થાય છે. યદ્યપિ અહીં ધ્યાનમાં લેવું કે, પરસૂત્રથી સેટ્ પ્રયોગનો અનિટ્ પ્રયોગની સાથે સમાસનો નિષેધ કરવામાં આવ્યો છે. માટે અહીં માત્ર અનિટ્ પ્રયોગનો સેટ્ પ્રયોગની સાથે જ સમાસનાં પ્રયોગો દર્શાવ્યાં છે.

## सेड् नाऽनिटा ३.१.१०६

અ.અ.સૂ. : **सेड् क्तं नाम नञादिभिन्नेन अनिटा नाम्ना न समासः ।**

અર્થ : સેટ્ એવું क्त પ્રત્યયાન્ત નામ, नञ् આદિ ભિન્ન અનિટ્ નામની સાથે સમાસ પામતું નથી.

સ. (૧) **सेट्** = सह इटा वर्त्तते इति।

(૨) **अनिटा** = न विद्यते यत्र तदनिट्, तेनेति।

ઉદા. (૧) **क्लिशितमक्लिष्टम्** = ક્લેશકારી એવું અક્લેશકારી (થોડું ક્લેશકારી).

★ અહીં पूङ्-क्लिश०४.४.४५થી क्लिश् ધાતુને વિકલ્પે इट् થઈ છે. તેથી સેટ્ એવા क्लिशितनो અનિટ્ એવા

अक्लिष्ट સાથે પૂર્વસૂત્રથી સમાસની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્ર દ્વારા નિષેધ થાય છે.

(૨) **शितमशातम्** = તીક્ષ્ણ કર્યું ન કર્યું. (થોડું તીક્ષ્ણ કર્યું).

★ અહીં छा-शोर्वा ૪.૪.૨૧થી शो ધાતુને વિકલ્પે इट् થઈ છે. માટે સેટ્ એવા शितનો અનિટ્ એવા अशात સાથે પૂર્વસૂત્રથી પ્રાપ્ત સમાસનો આ સૂત્રથી નિષેધ થાય છે.

પ્ર.ઉદા.(૧) **सेडिति किम्? कृताकृतम्** = કરેલું એવું નહીં કરેલું (થોડું કરેલું).

★ આ સૂત્રની પ્રવૃત્તિ પૂર્વપદ સેટ્ એવું क्त પ્રત્યયાન્ત નામ હોય તો થાય છે. જ્યારે અહીં कृत તે સેટ્ નથી. માટે આ સૂત્રથી સમાસનો નિષેધ થયો નહીં.

(૨) **अनिटेति किम्? अशितानशितम्** = ખાધું ન ખાધું. (થોડું ખાધું).

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉત્તરપદ અનિટ્ क्त પ્રત્યયાન્ત નામ હોય તો થાય છે. જ્યારે અહીં अनशितम् અનિટ્ નામ નથી. માટે આ સૂત્રથી સમાસનો નિષેધ થયો નહીં.

**વિશેષતા :**

(૧) આ સૂત્ર પૂર્વનું અપવાદ સૂત્ર છે.

(૨) અહીં સૂત્રમાં इट्નું ગ્રહણ તે ઉપલક્ષણ છે. તેનાં દ્વારા અર્થભેદ નહીં કરનારાં તમામ વિકારોનું ગ્રહણ થાય છે. માટે અહીં એ ફલિત થાય છે કે, જેમ इट्નાં

ગ્રહણથી અર્થભેદ ન થતો હોવાથી **एकदेशविकृत मनन्यवत् ૧/૭** ન્યાયાનુસારે પૂર્વસૂત્રની પ્રવૃત્તિ થઈ શકે છે. તેમ અન્ય પણ એવા અર્થાભાવ વિશિષ્ટ વિકારવાળાં પ્રયોગમાં પણ પૂર્વસૂત્રની પ્રવૃત્તિ થઈ શકે છે.

અને તે જ પ્રમાણે આ સૂત્ર દ્વારા પણ જેમ સેટ્ પ્રયોગનો અનિટ્ પ્રયોગ સાથે સમાસનો નિષેધ કરાય છે. તેમ વિકાર સહિત એવા પૂર્વપદનો વિકારરહિત એવા ઉત્તરપદની સાથે સમાસ થશે નહીં. તેથી शिताशातम्, छिताच्छातम् ઇત્યાદિ પ્રયોગો પણ નહીં થાય. પરંતુ જો ઉત્તરપદ વિકારસહિત અને પૂર્વપદ વિકારરહિત હોય અથવા બંને પદ વિકારસહિત હોય તો પૂર્વસૂત્રથી સમાસ થાય છે.

**જિ.** : विन्नावित्तम्, त्राणात्रातम् ઇત્યાદિ પ્રયોગમાં પૂર્વપદ વિકાર સહિત અને ઉત્તરપદ વિકારરહિત છે. તો આ સૂત્ર દ્વારા સમાસનો અભાવ શા માટે ન કર્યો ?

**સમા.** : विन्न અને त्राण પ્રયોગમાં ऋ-ह्री૦૪.૨.૭૬ સૂત્રથી વિકલ્પે तનો न થયો છે. તેથી પૂર્વપદની સવિકારિતા તો વર્ત્તે છે. પરંતુ સમાસ તે પરવિધિ છે અને એ પરવિધિમાં क्तादेशोऽषि ૨.૧.૬૧ સૂત્ર દ્વારા न આદેશ અસત્ થતાં क्त સ્વરૂપે જ મનાય છે. તેથી, ત્યાં વિકારિતા જ મનાતી નથી. માટે પૂર્વસૂત્રથી જ સમાસ થાય છે.

## सन्महत्परमोत्तमोत्कृष्टं पूजायाम् ३.१.१०७

અ.અ.સૂ. : **एकार्थं सन्महत्परमोत्तमोत्कृष्टं नाम पूजायां नाम्ना ऐकार्थ्ये समासः, कर्मधारयः च (तत्पुरुषः च अन्यः)।**

અર્થ : એકાર્થક એવાં सत्, महत्, परम, उत्तम અને उत्कृष्ट નામ પૂજા અર્થ ગમ્યમાન હોય તો પૂજ્યવાચી નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે કર્મધારય તથા તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

સ. **सन्महत्परमोत्तमोत्कृष्टम्** = संश्च महांश्च परमश्च उत्तमश्च उत्कृष्टश्चेति।

ઉદા. (१) **सत्पुरुषः** = સજ્જન પુરુષ. संश्चासौ पुरुषश्चेति।
આ સૂત્રથી सत् અને पुरुषનો સમાસ તથા,
प्रथमोक्तं० ૩.૧.૧૪૮થી सत्નો પૂર્વનિપાત→**सत्**+पुरुष
પ્રથમા सि વગેરે→सत्पुरुषः।

(२) **महापुरुषः** = મહાપુરુષ. महांश्चासौ पुरुषश्चेति।
પૂર્વપ્રમાણે સમાસ વગેરે→महत्+पुरुष
जातीयैकार्थे० ૩.૨.૭૦થી महत्ने અંતે डा→
महत्+**आ**+पुरुष
डित्यन्त्य० ૨.૧.૧૧૪થી अत्નો લોપ→महापुरुष
પ્રથમા सि વગેરે→महापुरुषः।

(३) **परमपुरुषः** = શ્રેષ્ઠ પુરુષ. परमश्चासौ पुरुषश्चेति।

(४) **उत्तमपुरुषः** = ઉત્તમ પુરુષ. उत्तमश्चासौ पुरुषश्चेति।

(૫) **उत्कृष्टपुरुषः** = શ્રેષ્ઠ પુરુષ. उत्कृष्टश्चासौ पुरुषश्चेति।

★ આ ઉદા.ની સાધનિકા सत्पुरुषः પ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **पूजायामिति किम्? सन् घटः अस्तीत्यर्थः** = ઘટ છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ પૂજા અર્થની ગમ્યમાનતા હોય તો થાય છે. જ્યારે અહીં વિદ્યમાનતા અર્થની ગમ્યમાનતા છે. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) અહીં સૂત્રમાં પૂજા અર્થનો નિર્દેશ કર્યો છે. પરંતુ नाम नाम्नै०૩.૧.૧૮ સૂત્રથી આવતાં बहुलम्નાં અધિકારથી महाजनः, महोदधिः વગેરે વૈપુલ્યાર્થક સમાસો પણ સિદ્ધ જાણવા.

(૨) આ સૂત્રગત સમાસો विशेषणं-विशेष्ये०૩.૧.૯૬થી જ સિદ્ધ હોવા છતાં પણ **સૂત્રનિર્દેશનાં પ્રયોજનો.**

(a) અહીં **सिद्धे सत्यारम्भो नियमार्थः १/२५** ન્યાયની પ્રવૃત્તિ થઈ છે. અને એ ન્યાયાનુસારે અહીં નિયમ કરવામાં આવે છે કે, सन् વગેરે શબ્દોનો જો પૂજા અર્થ જણાતો હોય તો જ વિશેષણ-વિશેષ્ય ભાવ દ્વારા કર્મધારય સમાસ થશે. અન્યથા विशेषणं विशेष्यै०૩.૧.૯૬થી પણ સમાસ નહીં થાય.

(b) આ સૂત્રગત પદો અને પૂર્વોક્ત અન્ય સૂત્રગત પદો વચ્ચે જો સમાસ થાય તો स्पर्द्धे ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે આ સૂત્રગત सत् વગેરે પદોનો જ પૂર્વનિપાત થાય. જેમકે, सच्छुक्लः।

(c) તથા, આ સૂત્રગત પદોનો પરસ્પર સમાસ થાય તો સ્પર્દ્ધે ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે સૂત્રમાં નિર્દિષ્ટ પદોમાં પશ્ચાનુપૂર્વીક્રમ પ્રમાણે જ પૂર્વનિપાત કરવો પણ અન્યથા નહીં. જેમકે, परममहान्।

## वृन्दारक-नाग-कुञ्जरैः ३.१.१०८

**અ.અ.સૂ. : पूजायां वृन्दारक-नाग-कुञ्जरैः नामभिः एकार्थं नाम ऐकार्थ्ये समासः, कर्मधारयः च (तत्पुरुषः च अन्यः)।**

**અર્થ** : પૂજા અર્થ જણાતો હોય તો वृन्दारक, नाग અને कुञ्जर નામની સાથે એકાર્થક એવું પૂજ્યવાચી નામ ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે કર્મધારય તથા તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

**સ.** **वृन्दारक-नाग-कुञ्जरैः** = वृन्दारकश्च नागश्च कुञ्जरश्चेति वृन्दारकनागकुञ्जराः तैरिति।

ઉદા. (૧) **गोवृन्दारकः** = દેવ જેવો બળદ. गौश्चासौ वृन्दारकश्चेति। આ સૂત્રથી गो અને वृन्दारकનો સમાસ તથા, प्रथमोक्तं० ૩.૧.૧૪૮થી गोનો પૂર્વનિપાત→**गो**+वृन्दारक પ્રથમા सि વગેરે→गोवृन्दारकः।

(૨) **गोनागः** = હાથી જેવો બળદ. गौश्चासौ नागश्चेति।

(૩) **गोकुञ्जरः** = હાથી જેવો બળદ. गौश्चासौ कुञ्जरश्चेति। આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા.(૧) **पूजायामित्येव = सुसीमो नागः** = સારી ફણાવાળો નાગ.

★ આ સૂત્રની પ્રવૃત્તિ પૂજા અર્થની ગમ્યમાનતામાં થાય છે. જ્યારે અહીં પૂજા અર્થ જણાતો નથી. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, वृन्दारक વગેરે શબ્દો જાતિવાચક છે. પરંતુ ઉપમા આદિ દ્વારા તેમાં પૂજા અર્થની સંગતિ પણ થાય છે. તેથી वृन्दारक આદિની ઉપમા આપવા દ્વારા અહીં જે પ્રશંસા અર્થ પ્રગટ થાય છે. તે પ્રશંસા અર્થ પણ પૂજ્યતાનો જ એક પ્રકાર કહેવાય છે.

**જિ.** : આ સૂત્રગત સમાસો પણ उपमेयं व्याघ्राद्यैः૦૩.૧.૧૦૨ સૂત્ર દ્વારા સિદ્ધ જ હતાં તો પણ આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો ?

**સમા.** : उपमेयं व्याघ्राद्यैः૦૩.૧.૧૦૨ સૂત્રમાં સામાન્ય ધર્મની અનુક્તિ અભિપ્રેત છે. જ્યારે वृन्दारक આદિ શબ્દોની સાથે સામાન્ય ધર્મની ઉક્તિ હશે તો પણ સમાસ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. તેથી गोनागो बलवान् વગેરે સામાન્યધર્મની ઉક્તિવાળાં પ્રયોગો પણ આ સૂત્ર દ્વારા સિદ્ધ થાય છે.

તથા, અહીં પણ **सिद्धे सत्यारम्भो नियमार्थः १/२५** ન્યાયની પ્રવૃત્તિ થતાં નિયમ કરવામાં આવે છે કે, वृन्दारक વગેરે શબ્દોનો ઉપમાન-ઉપમેયભાવમાં કર્મધારય સમાસ માત્ર પૂજા અર્થ જણાતો હશે તો જ થશે. અન્યથા उपमेयं૦૩.૧.૧૦૨થી પણ સમાસ થશે નહીં.

## कतर-कतमौ जातिप्रश्ने ३.१.१०९

**અ.અ.સૂ. : एकार्थौ कतर-कतमौ नाम्नी जातिप्रश्ने नाम्ना ऐकार्थ्ये समासः, कर्मधारयः च ( तत्पुरुषः च अन्यः )।**

**અર્થ** : એકાર્થક कतर અને कतम નામ, જાતિ વિષયક પ્રશ્ન ગમ્યમાન હોય તો અન્ય નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે અને તે કર્મધારય તથા તત્પુરુષ-સંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

સ. (૧) **कतर-कतमौ** = कतरश्च कतमश्चेति।

(૨) **जातिप्रश्ने** = जातेः प्रश्नमिति जातिप्रश्नम्, तस्मिन्निति।

ઉદા. (૧) **कतरकठः** = (તમારા બેમાં) કોણ કઠ છે?

कतरश्चासौ कठश्चेति।

આ સૂત્રથી कतर અને कठનો સમાસ તથા,

प्रथमोक्तं०૩.૧.૧૪૮થી कतरनો પૂર્વનિપાત→**कतर**+कठ

પ્રથમા सि વગેરે→कतरकठः।

(૨) **कतमगार्ग्यः** = (તમારામાં) કોણ ગાર્ગ્ય છે?

कतमश्चासौ गार्ग्यश्चेति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **जातिप्रश्न इति किम् ?**

(૧) **कतरः शुक्लः** = (તમારા બેમાં) કોણ શ્વેત છે?

(૨) **कतमो गन्ता** = (તમારામાં) કોણ જનાર છે?

★ આ સૂત્રની પ્રવૃત્તિ જાતિ વિષયક જ પ્રશ્નની ગમ્યમાનતામાં થાય છે. જ્યારે અહીં ઉદા.(૧)માં

ગુણ વિષયક અને ઉદા.(૨)માં ક્રિયા વિષયક પ્રશ્નની ગમ્યમાનતા છે. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) પૂર્વની જેમ આ સૂત્રગત સમાસો विशेषणं०૩.૧.૯૬થી જ સિદ્ધ હતાં તો પણ આ સૂત્રનો નિર્દેશ કર્યો. તેથી અહીં **सिद्धे सत्यारम्भो०१/२५** ન્યાયની પ્રવૃત્તિ થઈ છે. તેથી નિયમ થયો કે, कतर અને कतम નામ, અન્ય નામની સાથે જાતિ સંબંધી પ્રશ્નની ગમ્યમાનતા હોય તો જ સમાસ પામે છે. અન્યથા विशेषणं० ૩.૧.૯૬થી પણ સમાસ પામતો નથી.

## किं क्षेपे ३.१.११०

**અ.અ.સૂ. :** **क्षेपे एकार्थं किं नाम नाम्ना ऐकार्थ्ये समासः, कर्मधारयः च (तत्पुरुषः च अन्यः)।**

**અર્થ :** ક્ષેપ અર્થ જણાતો હોય તો એકાર્થક એવું किम् નામ, અન્ય નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે અને તે કર્મધારય તથા તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

**ઉદા.** (૧) **किंराजा** = શું રાજા? (જે રક્ષણ પણ ન કરે).
(को राजा इति।)
આ સૂત્રથી किम् અને राजन्નો સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી किम्નો પૂર્વનિપાત→**किम्**+राजन्
પ્રથમા सि વગેરે→किंराजा।

(૨) **किंगौः** = શું બળદ (જે ભાર વહન ન કરે!)
(को गौरिति।)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**પ્ર.ઉદા.(૧) क्षेप इति किम्? को राजा तत्र** = ત્યાં કોણ રાજા છે?

★ આ સૂત્રની પ્રવૃત્તિ ક્ષેપ અર્થની ગમ્યમાનતામાં જ થાય છે. જ્યારે અહીં ક્ષેપ અર્થ જણાતો નથી. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) પૂર્વ સૂત્રની જેમ આ સૂત્રગત સમાસો પણ विशेषणं० ૩.૧.૯૬થી જ સિદ્ધ હતાં. તો પણ આ સૂત્રનો નિર્દેશ કર્યો તેથી અહીં **सिद्धे सत्यारम्भो०१/२५** ન્યાયની પ્રવૃત્તિ થઈ છે. માટે અહીં નિયમ થયો છે કે, किम् નામ, અન્ય નામની સાથે ક્ષેપ અર્થ જણાતો હોય તો જ સમાસ પામે છે. અન્યથા विशेषणं० ૩.૧.૯૬થી પણ સમાસ પામતું નથી.

## पोटा-युवति-स्तोक-कतिपय-गृष्टि-धेनु-वशा-वेहद्-बष्कयणी-प्रवक्तृ-श्रोत्रिया-ऽध्यायक-धूर्त्त-प्रशंसारुढैर्जातिः ३.१.१११

અ.અ.સૂ. : **पोटा-युवति-स्तोक-कतिपय-गृष्टि-धेनु-वशा-वेहद्-बष्कयणी-प्रवक्तृ-श्रोत्रिया-ऽध्यायक-धूर्त्त-प्रशंसारुढैः नामभिः एकार्थं जातिः नाम ऐकार्थ्ये समासः, कर्मधारयः च ( तत्पुरुषः च अन्यः )।**

અર્થ : पोटा, युवति, स्तोक, कतिपय, गृष्टि, धेनु, वशा, वेहत्, बष्कयणी, प्रवक्तृ, श्रोत्रिय, अध्यायक, धूर्त નામ તથા પ્રશંસામાં રૂઢ થયેલ નામની સાથે એકાર્થક એવું જાતિવાચી નામ ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે કર્મધારય તથા તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

સ. **पोटा-युवति-स्तोक-कतिपय-गृष्टि-धेनु-वशा-वेहद्-बष्कयणी-प्रवक्तृ-श्रोत्रिया-ऽध्यायक-धूर्तप्रशंसा-रुढैः** = पोटा च युवतिश्च स्तोकं च कतिपयं च गृष्टिश्च धेनुश्च, वशा च वेहच्च बष्कयणी च प्रवक्ता च श्रोत्रियश्च अध्यायकश्च धूर्त्तश्च प्रशंसा-रुढानि चेति पोटा-युवतिस्तोक कतिपयगृष्टिधेनुवशावेहद्बष्कयणीप्रवक्तृश्रोत्रियाऽ-ध्यायक धूर्त्तप्रशंसारुढानि, तैरिति।

ઉદા. (१) **इभ्यपोटा** = પુરુષ વેષધારી વાણિયાની સ્ત્રી.
इभ्या चासौ पोटा चेति।
આ સૂત્રથી इभ्या અને पोटाનો સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી इभ्याનો પૂર્વનિપાત→**इभ्या**+पोटा
पुंवत् कर्म०૩.૨.૫૭થી इभ्याનો પુંવત્ભાવ→**इभ्य**+पोटा
પ્રથમા सि વગેરે→इभ्यपोटा।

(२) **नागयुवतिः** = યુવાન હાથણી. नागा चासौ युवतिश्चेति।

(३) **अग्निस्तोकम्** = થોડો અગ્નિ. अग्निश्चासौ स्तोकं चेति।

(४) **दधिकतिपयम्** = થોડું દહીં. दधि च तत् कतिपयं चेति।

(५) **गोगृष्टिः** = એકવાર પ્રસૂતિને પામેલી ગાય.
गौश्चासौ गृष्टिश्चेति।

(૬) **गोधेनुः** = તાજી પ્રસૂતિને પામેલી ગાય. गौश्चासौ धेनुश्चेति।

(૭) **गोवशा** = વન્ધ્યા ગાય. गौश्चासौ वशा चेति।

(૮) **गोवेहत्** = ગર્ભને નષ્ટ કરનારી ગાય. गौश्चासौ वेहच्चेति।

(૯) **गोबष्कयणी** = જૂની પ્રસૂતિને પામેલી ગાય.
गौश्चासौ बष्कयणी चेति।

(૧૦) **कठप्रवक्ता** = સારું બોલનાર કઠ. कठश्चासौ प्रवक्ता चेति।

(૧૧) **कठश्रोत्रियः** = સારું સાંભળનાર કઠ. कठश्चासौ श्रोत्रियश्चेति।

(૧૨) **कठाध्यायकः** = વેદ ભણનાર કઠ.
कठश्चासावध्यायकश्चेति।

(૧૩) **मृगधूर्त्तः** = ધૂર્ત્ત હરણ. मृगश्चासौ धूर्त्तश्चेति।

(૧૪) **गोमतल्लिका** = સારી ગાય. गौश्चासौ मतल्लिका चेति।

(૧૫) **गोप्रकाण्डम्** = સારી ગાય. गौश्चासौ प्रकाण्डं चेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**વિશેષતા :**

(૧) આ સૂત્રગત સમાસ પણ विशेषणं૦૩.૧.૯૬થી સિદ્ધ જ હતાં. પણ જાતિવાચી વિશેષ્ય નામોનો પૂર્વનિપાત કરવા માટે જ આ સૂત્રનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

(૨) પ્રશંસાવાચી શબ્દો ત્રણ પ્રકારે હોય છે.

(a) **જાતિશબ્દ :** પરપદાર્થમાં પ્રયોગ કરાતાં છતાં ઉપમા દ્વારા પ્રશંસા જણાવતાં જાતિવાચક શબ્દો. જેમકે, सिंहो माणवकः।

(b) **ગુણશબ્દ :** ગુણ-ગુણીનાં સંબંધ વડે પ્રશંસા જણાવતાં ગુણવાચક શબ્દો. જેમકે, रमणीयो ग्रामः।

(c) **રૂઢિશબ્દ :** પરંપરાગત રીતે પ્રશંસા અર્થમાં રૂઢ થયેલાં શબ્દો. જેમકે, गोमतल्लिका।

અહીં સૂત્રગત प्रशंसारुढैः પદ દ્વારા ઉપરોક્ત પ્રકારમાંથી રૂઢિ શબ્દનું ગ્રહણ કરવું. અને તે આ પ્રમાણે છે : मतल्लिका, मचर्चिका, प्रकाण्ड, उद्ध, कुमारी, तल्लजक, पाद, मिश्र, पाश, हस्त, भित्ति, स्थल, वाली, कपाट, तट વગેરે.

(૩) અહીં ધ્યાનમાં લેવું કે, निन्द्यं कुत्सनै०૩.૧.૧૦૧ સૂત્ર દ્વારા નિંદાનાં હેતુભૂત નામ સાથે સમાસ જણાવાઈ જ ગયો હોવાથી અહીં ધૂર્ત્ત નામ વ્યર્થ જણાય છે. પરંતુ ધૂર્ત્ત શબ્દ નિંદાનાં હેતુભૂત હોવાની સાથે સાક્ષાત્ નિંદાવાચી પદ પણ છે. તેથી અહીં સાક્ષાત્ નિંદાવાચી ધૂર્ત્ત પદનું જ ગ્રહણ કરવું. તે શબ્દ પ્રવૃત્તિનાં નિમિત્તભૂત ન બનતાં સ્વયં જ નિંદાનાં આશ્રયરૂપે નિંદાવાચી શબ્દ કહેવાય છે.

(૪) અહીં ધ્યાનમાં લેવું કે, સૂત્રગત नागयुवतिः ઉદા.માં જ્યારે સ્થૂલતા ગુણનાં યોગથી સાદશ્યની વિવક્ષામાં भाज-गोण०२.४.३०થી ङी પ્રત્યય કરવામાં આવે ત્યારે नागी चासौ युवतिश्च એ પ્રમાણે વિગ્રહ થશે. જેનો હાથી જેવી સ્થૂલ યુવતી એ પ્રમાણે અર્થ થાય છે. અને જ્યારે દીર્ઘનાં ગુણનાં યોગથી સાદશ્યની વિવક્ષામાં સર્પવાચી नाग શબ્દનું ગ્રહણ કરવામાં આવે ત્યારે भाज-गोण०२.४.३०થી ङी ન થતાં नागा चासौ युवतिश्च એ પ્રમાણે વિગ્રહ થશે. જેનો સર્પ જેવી દીર્ઘ યુવતી એ પ્રમાણે અર્થ થાય છે.

## चतुष्पाद् गर्भिण्या ३.१.११२

અ.અ.સૂ. : **एकार्थं चतुष्पाद् जातिः नाम गर्भिण्या नाम्ना ऐकार्थ्ये समासः, कर्मधारयः च ( तत्पुरुषः च अन्यः )।**

અર્થ : એકાર્થક એવું ચાર પગવાળાં પશુઓનું જાતિવાચક નામ, गर्भिणी નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે કર્મધારય તથા તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

સ. **चतुष्पाद्** = चत्वारः पादा यस्याः सा इति।

ઉદા. (૧) **गोगर्भिणी** = ગર્ભવતી ગાય. गौश्चासौ गर्भिणी चेति। આ સૂત્રથી गो અને गर्भिणीનો સમાસ તથા, प्रथमोक्तं०૩.૧.૧૪૮થી गोનો પૂર્વનિપાત→**गो**+गर्भिणी પ્રથમા सि વગેરે→गोगर्भिणी।

(૨) **महिषगर्भिणी** = ગર્ભવતી ભેંસ. महिषीश्चासौ गर्भिणी चेति। આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ पुंवत्०૩.૨.૫૭થી महिषीનો પુંવદ્ભાવ કરવો.

પ્ર.ઉદા. **जातेरित्येव** = **कालाक्षी गर्भिणी** = ગર્ભવતી કાલાક્ષી નામની ગાય.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ચાર પગવાળાં પશુનું જાતિવાચક નામ જ પૂર્વપદમાં હોય તો થાય છે. જ્યારે અહીં જાતિ વાચી નામ નથી. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) આ સૂત્રગત સમાસો પણ विशेषणं०૩.૧.૯૬થી સિદ્ધ જ હતાં. પણ જાતિવાચી गो વગેરે વિશેષ્ય નામોનો પૂર્વનિપાત કરવા માટે જ આ સૂત્રનો નિર્દેશ છે.

## युवा खलति-पलित-जरद्-वलिनैः ३.१.११३

અ.અ.સૂ. : **एकार्थं युवा नाम खलति-पलित-जरद्-वलिनैः नामभिः ऐकार्थ्ये समासः, कर्मधारयः च (तत्पुरुषः च अन्यः)।**

**અર્થ** : એકાર્થક એવું युवन् નામ, खलति, पलित, जरत् અને वलिन નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે કર્મધારય તથા તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

સ. **खलतिपलितजरद्वलिनैः** = खलतिश्च पलितश्च जरच्च वलिनश्चेति खलतिपलितजरद्वलिनाः, तैरिति।

ઉદા. (૧) **युवखलतिः** = દુષ્ટ યુવાન. युवा चासौ खलतिश्चेति।
આ સૂત્રથી युवन् અને खलतिનો સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી युवन्નો પૂર્વનિપાત→
**युवन्**+खलति
नाम्नो नो०૨.૧.૯૧થી न्નો લોપ→युवखलति
પ્રથમા सि વગેરે→युवखलतिः।

(૨) **युवपलितः** = વૃદ્ધ યુવાન. युवा चासौ पलितश्चेति।

(૩) **युवजरन्** = વૃદ્ધ યુવાન. युवा चासौ जरंश्चेति।

(૪) **युववलिनः** = પૂજ્ય યુવાન. युवा चासौ वलिनश्चेति।

(૫) **युववलिना** = પૂજ્ય યુવતિ. युवतिश्चासौ वलिना चेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ઉદા.(૫)માં पुंवत्०૩.૨.૫૭થી युवतिનો પુંવદ્ભાવ (युवन्) કરવો.

વિશેષતા :

(૧) અહીં પણ પૂર્વસૂત્રની જેમ જ વિશેષ્ય એવા युवन् નામનો પૂર્વનિપાત કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. અથવા તો युवन् શબ્દ પણ ગુણવાચી હોવાનાં કારણે વિશેષણ કહેવાય છે. તેથી खञ्जकुण्टः આદિ પ્રયોગોની જેમ અહીં પણ પૂર્વ-પર નિપાતનું નિયમન ન રહેતાં નિયમન કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, **नामग्रहणे लिङ्गविशिष्टस्याऽपि ग्रहणम् १/१६** ન્યાયાનુસારે युवन्નાં ગ્રહણથી સ્ત્રીલિંગ વિશિષ્ટ युवतिનું પણ ગ્રહણ થાય છે.

**જિ.** : સૂત્રમાં युवन् શબ્દની સાથે जरन् શબ્દનાં સમાસનો પણ નિર્દેશ છે, કે જે વ્યક્તિ યુવાન હોય તે जरन् અર્થાત્ વૃદ્ધ શી રીતે હોય ? અને જે વ્યક્તિ વૃદ્ધ હોય તે યુવાન શી રીતે હોય. તેથી जरन् શબ્દની અપેક્ષાએ युवन् શબ્દમાં વિશેષણત્વ ઘટતું નથી. તો સૂત્રગત जरन् શબ્દનો સમન્વય શી રીતે કરવો ?

**સમા.** : જ્યારે युवन् શબ્દનો વિશેષણ તરીકે પ્રયોગ થયો હોય ત્યારે બંનેમાંથી કોઈપણ એકનું ગુણવાચીતયા તે-તે અવસ્થામાં ગુણોનાં કારણભૂત પદ તરીકે વિવક્ષા કરવી. જેમકે, કોઈ યુવાનમાં આળસ, કરચલી, ધોળાવાળ, રોગ આદિ રૂપ વૃદ્ધત્વ જોઈ શકાય છે. તો કોઈ વૃદ્ધમાં શરીરસૌષ્ઠવ, સ્વાસ્થ્ય, ઉત્સાહ, સ્ફૂર્ત્તિ વગેરે રૂપ યુવાની જોઈ શકાય છે.

આમ, આળસુ યુવાન આદિ માટે युवजरन् શબ્દનો પ્રયોગ થઈ શકે છે.

## कृत्य-तुल्याख्यमजात्या ३.१.११४

અ.અ.સૂ. : **एकार्थं कृत्य-तुल्याख्यं नाम अजात्या नाम्ना ऐकार्थ्ये समासः, कर्मधारयः च ( तत्पुरुषः च अन्यः )।**

**અર્થ** : એકાર્થક એવા કૃત્ય પ્રત્યયાન્ત નામો તથા તુલ્ય અર્થવાળાં નામો, અજાતિવાચી નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. અને તે કર્મધારય તથા તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

**સ.** **कृत्य-तुल्याख्यम्** = तुल्य इति आख्या यस्य स इति तुल्याख्यः, कृत्यश्च तुल्याख्यश्चेति।

**ઉદા.** (૧) **भोज्योष्णम्** = ખાવા યોગ્ય ગરમ. भोज्यं च तदुष्णं चेति।
અહીં भुज् ધાતુને ऋवर्ण०૫.૧.૧૭થી घ्यण् લાગીને भोज्य બનેલ છે તેથી,
આ સૂત્રથી भोज्य અને ऊष्णનો સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી भोज्यनो પૂર્વનિપાત→
**भोज्य**+ऊष्ण
પ્રથમા सि વગેરે→भोज्योष्णम्।

(૨) **स्तुत्यपटुः** = પ્રશંસા યોગ્ય હોંશિયાર. स्तुत्यश्चासौ पटुश्चेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. અને दृ-वृग्० ૫.૧.૪૦થી स्तुने क्यप् લાગીને स्तुत्य બનેલ છે.

(૩) **तुल्यसन्** = સમાન સત્ત્વવાળો. तुल्यश्चासौ सच्चेति।

(૪) **सदृशमहान्** = સમાન મહાન. सदृशश्चासौ महांश्चेति। આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **अजात्येति किम् ? भोज्य ओदनः** = ખાવા યોગ્ય ભાત.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉત્તરપદ અજાતિવાચી નામ હોય તો થાય છે. જ્યારે અહીં ओदन જાતિવાચી છે. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) આ સૂત્રગત સમાસો विशेषणं૦૩.૧.૯૬થી સિદ્ધ જ હતાં. તો પણ આ સૂત્રનો નિર્દેશ અજાતિવાચી નામનાં પૂર્વનિપાતનો પ્રતિષેધ કરીને કૃત્ય પ્રત્યયાન્ત અને તુલ્ય અર્થક નામોનાં પૂર્વનિપાત કરવા માટે છે.

જિ. : शीतपानीयम् પ્રયોગમાં पानीय શબ્દ पा ધાતુને अनीय પ્રત્યય લાગીને બન્યો હોય તેવું જણાય છે. તેથી કૃત્ય પ્રત્યયાન્ત થતાં આ સૂત્ર દ્વારા તેનો પૂર્વનિપાત કેમ થયો નહીં?

**સમા.** : અહીં पानीय પદ કૃત્ય પ્રત્યયાન્ત નથી, પણ ઉણાદિ નિષ્પન્ન છે. જેનો પાણી એ પ્રમાણે અર્થ છે. તેથી આ સૂત્રથી સમાસ ન થતાં विशेषणं૦૩.૧.૯૬થી સમાસ થયેલ છે.

## कुमारः श्रमणादिना ३.१.११५

અ.અ.સૂ. : **एकार्थं कुमारः नाम श्रमणादिना नाम्ना ऐकार्थ्ये समासः, कर्मधारयः च ( तत्पुरुषः च अन्यः )।**

અર્થ : એકાર્થક એવું કુમાર નામ, श्रमण વગેરે નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે સમાસ પામે છે. જે કર્મધારય તથા તત્પુરુષસંજ્ઞક થાય છે. જે બહુવ્રીહ્યાદિ લક્ષણ રહિત જાણવા.

સ. **श्रमणादिना** = श्रमणा आदिर्यस्य स इति श्रमणादिः, तेनेति।

ઉદા. (૧) **कुमारश्रमणा** = કુમારી સાધ્વી. कुमारी चासौ श्रमणा चेति।
આ સૂત્રથી कुमारी અને श्रमणाનો સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી कुमारीનો પૂર્વનિપાત→
**कुमारी**+श्रमणा
पुंवत् कर्म०૩.૨.૫૭થી कुमारीનો પુંવત્ભાવ→
**कुमार**+श्रमणा
પ્રથમા सि વગેરે→कुमारश्रमणा।

(૨) **कुमारप्रव्रजिता** = કુમારી પ્રવ્રજિત થયેલી.
कुमारी चासौ प्रव्रजिता चेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**વિશેષતા :**

(૧) **श्रमणादि ગણ :** श्रमणा, प्रव्रजिता, कुलटा, गर्भिणी, तापसी, बन्धकी, दासी, अध्यायक, अभिरुपक, पटु, मृदु, पण्डित, कुशल, चपल, निपुण।

(૨) અહીં श्रमणा વગેરે સ્ત્રીલિંગ શબ્દનો જ નિર્દેશ હોવાથી તેઓની સાથે સ્ત્રીલિંગ कुमारी શબ્દ જ સમાસ પામે છે.

તથા, **नामग्रहणे लिङ्गविशिष्टस्याऽपि ग्रहणम् १/१६** ન્યાયાનુસારે अध्यापक વગેરે અન્ય શબ્દો પુંલિંગ અને સ્ત્રીલિંગ બંને લિંગમાં સમાસ પામે છે.

(૩) અહીં श्रमणा વગેરે શબ્દો ક્રિયાવાચી હોવાનાં કારણે कुमार પદની અપેક્ષાએ વિશેષણ છે. અને તે જ પ્રમાણે कुमार શબ્દ પણ અવસ્થા વિશેષ રૂપ ગુણનો વાચક હોવાથી વિશેષણત્વને પામે છે. તેથી અહીં પણ જ્યારે विशेषणं૦૩.૧.૯૬થી સમાસ કરવામાં આવે છે. ત્યારે खञ्जकुण्टः વગેરે પ્રયોગની જેમ પૂર્વનિપાત યથેચ્છ રીતે થાય છે. અને તેથી, આ સૂત્રનિર્દિષ્ટ ગણનાં વિષયમાં कुमार શબ્દનો અવશ્ય પૂર્વનિપાત કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

(૪) અહીં કેટલાંક વ્યાકરણકારો पूर्वकालैकसर्वजरत्पुराण नवकेवलपूर्वापरप्रथमचरमजघन्यसमानमध्यममध्यमवीर पूजार्थसन्महत्परमोतमोत्कृष्टा (१) वृन्दारकनागकुञ्जरैः (२) युवा खलतिपलितजरद्वलिनैः (३) कृत्यतुल्याख्यम-जात्या (४) અને कुमारः श्रमणादिना (५) આમ, પાંચ સૂત્રની રચના કરે છે. તે પાંચ સૂત્રોમાં...

(a) પ્રથમાન્ત નિર્દિષ્ટ નામો વચ્ચે જો પરસ્પર સમાસ થાય તો स्पर्द्धे ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે પછીનાં સૂત્રનિર્દિષ્ટ નામનો પૂર્વનિપાત થાય છે. જેમકે, तुल्ययुवा।

(b) અને તૃતીયાન્ત નિર્દિષ્ટ નામો વચ્ચે જો પરસ્પર સમાસ થાય તો પછીનાં સૂત્રનિર્દિષ્ટ નામનો પરનિપાત થાય છે. જેમકે, वृन्दारकपलित:।

(c) એક જ સૂત્રમાં દર્શાવેલાં શબ્દો વચ્ચે સમાસની વેળાએ પ્રથમાન્ત નિર્દિષ્ટ પદનો પશ્ચાનુપૂર્વીનાં ક્રમ પ્રમાણે પૂર્વનિપાત વિકલ્પે થાય છે. જેમકે, प्रथमवीर:, वीरप्रथम:

(d) તથા, એક જ સૂત્રમાં નિર્દિષ્ટ શબ્દો વચ્ચે સમાસની વેળાએ તૃતીયાન્ત નિર્દિષ્ટ પદનો પશ્ચાનુપૂર્વીનાં ક્રમ પ્રમાણે પરનિપાત વિકલ્પે થાય છે. જેમકે, खलति-पलित:, पलितखलति:।

ઉપરોક્ત વિષયમાં સ્વમતાનુસારે કેટલોક પદાર્થ સમ્મત છે. કેટલોક અસમ્મત છે. ત્યાં એક જ સૂત્રમાં દર્શાવેલ શબ્દો વચ્ચે સમાસની વેળાએ પ્રથમાન્ત નિર્દિષ્ટ નામનો પશ્ચાનુપૂર્વીનાં ક્રમ પ્રમાણે વિકલ્પે પૂર્વનિપાત અને તૃતીયાન્ત નિર્દિષ્ટ નામનો પશ્ચાનુપૂર્વીનાં ક્રમ પ્રમાણે વિકલ્પે પરનિપાત ન થતાં અનુક્રમે નિત્ય પૂર્વનિપાત અને પરનિપાત થાય છે. એ દૃષ્ટિએ ક્વચિત અસંમતિ જાણવી.

## मयूरव्यंसकेत्यादय: ३.१.११६

**અ.અ.સૂ. : मयूरव्यंसकेत्यादय: तत्पुरुष: ( निपात्यन्ते )।**

**અર્થ** : मयूरव्यंसक વગેરે સમાસો તત્પુરુષસંજ્ઞક નિપાતન પામે છે.

સ. **मयूरव्यंसकेत्यादयः** = मयूरव्यंसक इति आदिर्येषां ते इति।

ઉદા. (૧) **मयूरव्यंसकः** = લુચ્ચો મોર. व्यंसकश्चासौ मयूरश्चेति।
આ સૂત્રથી व्यंसक અને मयूरनो સમાસ તથા,
નિપાતન સામર્થ્યથી मयूरनो પૂર્વનિપાત→**मयूर**व्यंसक
પ્રથમા सि વગેરે→मयूरव्यंसकः।

(૨) **कम्बोजमुण्डः** = માથું મુંડાવેલ કંબોજ વંશીય ક્ષત્રિય.
मुण्डश्चासौ कम्बोजश्चेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૩) **एहीडं कर्म** = 'હે સ્ત્રી ! આવ' આવું બોલવાનું છે જેમાં એવું કર્મ.
'एहि ईडे ! स्त्रि !' इति जल्पो यस्मिन् (कर्मणि) तत् इति।
આ સૂત્રથી एहि અને ईडनो સમાસ તથા,
નિપાતન સામર્થ્યથી નપુંસક લિંગમાં પ્રયોગ = एहीडम्।

(૪) **अश्नीतपिबता क्रिया** = 'ખાઓ-પીઓ' એવું બોલવાનું છે જેમાં તે ક્રિયા.
अश्नीत पिबतेति सातत्येनोच्यते यस्यां सा इति।
આ સૂત્રથી ધાતુરૂપ એવા अश्नीत અને पिबतनो સમાસ થયો છે.

(૫) **कुरुकटो वक्ता** = 'કટ કર' એવું બોલનારો.
कुरु कटमित्यभीक्ष्णं य आह स उच्यते इति।
આ સૂત્રથી कुरु એ પ્રમાણે हि પ્રત્યયાન્ત ધાતુરૂપનો પોતાનાં કર્મ कट સાથે આભીક્ષ્ણ્ય અર્થમાં સમાસ થાય છે.

(૬) **गतप्रत्यागतम्** = ગયેલું એવું પાછું આવેલું.
गतं च तत् प्रत्यागतं चेति।
આ સૂત્રથી गत અને प्रत्यागतनो સમાસ તથા, નિપાતન સામર્થ્યથી જ गतनो પૂર્વનિપાત થાય છે. અન્યથા બંને વિશેષણ હોવાથી યદૃચ્છયા બંનેનાં પૂર્વનિપાતની પ્રાપ્તિ હતી.

(૭) **क्रयाक्रयिका** = ખરીદેલું થોડું ખરીદેલું.
क्रयश्चासौ क्रयिका चेति।
આ સૂત્રથી क्रय અને क्रयिकानो સમાસ તથા, નિપાતન સામર્થ્યથી क्रयनो અન્ત્યસ્વર દીર્ઘ = क्र**या**क्रयिका।

(૮) **शाकपार्थिवः** = શાકપ્રિય રાજા. शाकं प्रियं यस्य स इति शाकप्रियः, शाकप्रियश्चासौ पार्थिवश्चेति।
આ સૂત્રથી शाकप्रिय અને पार्थिवनो સમાસ તથા, નિપાતન સામર્થ્યથી જ प्रियनो લોપ = शाकपार्थिवः।

(૯) **त्रिभागः** = ત્રીજો ભાગ. तृतीयो भाग इति।
આ સૂત્રથી तृतीय અને भागनो સમાસ થતાં, નિપાતન સામર્થ્યથી જ પૂરણ પ્રત્યયાન્ત तीयनो લોપ = त्रिभागः।

(૧૦) **सर्वश्वेतः** = બધામાં અધિક સફેદ. सर्वेषां श्वेततर इति।
આ સૂત્રથી सर्व અને श्वेततरनो સમાસ તથા, નિપાતન સામર્થ્યથી तरप् પ્રત્યયનો લોપ = सर्वश्वेतः।

વિશેષતા :

(૧) **मयूरव्यंसकादि ગણ :** मयूरव्यंसकः, छात्रव्यंसकः, कम्बोजमुण्डः, यवनमुण्डः, मयूरव्यंसिका, एहीडम्, एहियवम्, एहिवणिजा, अपेहिवणिजा, एहिस्वागता, अपेहिस्वागता, एहिद्वितीया, अपेहिद्वितीया, एहिप्रघसा, अपेहिप्रघसा, एहिविघसा, अपेहिविघसा, एहिप्रकसा, अपेहिप्रकसा, प्रोहकटा, प्रोहकर्दमा, प्रोहकर्पदा, उद्धमचूडा, आहरचेला, आहरवसना, आहरवितता, कृन्धिविचक्षणा, भिन्धिलवणा, पचलवणा, उद्धरोत्सृजा, उद्धारावसृजा, उद्धमविधमा, उद्वपनिवपा, उत्पतनिपता, कृन्धिविक्षिणा, उन्मृजावमृजा, अश्नीतपिबता, अश्नीतपचता, खादतमोदता, पचतभृज्जता, लुनीतपुनीता, खादाचामा, आहरनिवपा, आवपनिष्किरा, पचप्रकूला, इहद्वितीया, इहपञ्चमी, अद्यद्वितीया, अद्यपञ्चमी, एहिरेयाहिरा, एहरेगच्छरा, आहोपुरुषिका, अहंपूर्विका, अहंप्रथमिका, अहमाहमिका, विचप्रका, निश्चप्रचा, यदृच्छा, जहिजोडः, उज्जहिजोडः, जहिस्तम्बः, उज्जहिस्तम्बः, कुरुकटः, स्नात्वाकालकः, पीत्वास्थिरकः, भुक्त्वासुहितः, प्रोष्यपापीयान्, उत्पत्यपाकला, निपत्यरोहिणी, निषद्यश्यामा, निषण्णश्यामा, उच्चावचम्, उच्चनीचम्, आचोपचम्, आचोवचम्, आचपराचम्, निश्चप्रचम्, निश्चत्वचम्, अकिंचनम्, अकुतोभयम्, शाकपार्थिवः, कुतवसौश्रुतः, अजातौल्वलिः, यष्टिमौद्गल्यः, परशुरामः, घृत्तरोटिः, ओदनपाणिनिः, आणिमाण्डव्यः, बलाकाकौशिकः,

विदर्भीकौण्डिन्यः, सहस्रार्जुनः, त्रिविद्या, एकादश, द्वादश, षोडश, एकविंशतिः, द्वाविंशतिः, एकशतम्, द्विशतम्, दध्योदनः, घृतौदनः, गुडधानाः, तिलपृथुका, अश्वरथः, गजरथः, घृतघटः, त्रिभागः/तृतीयभागः, त्र्यंशः/तृतीयांशः, षट्भागः/षष्ठभागः, षडंशः/षष्ठांशः, त्रिदिवं/तृतीयदिवम् त्रिविष्टपं/तृतीयविष्टपम्, सर्वश्वेतः, सर्वमहानः વગેરે.

**(૨) मयूरव्यंसकादि ગણ વિષયક વિશેષતાઓ :**

(a) मयूरव्यंसकःથી यवनमुण्डः સુધીનાં સમાસોમાં નિપાતન-સામર્થ્યથી વિશેષ્ય નામનો પૂર્વનિપાત થાય છે.

(b) एहीडम्થી उन्मृजावमृजा સુધીનાં સમાસો અન્યપદાર્થ-પ્રધાન છે. અને નિપાતનસામર્થ્યથી નપું.લિંગમાં વર્ત્તે છે.

(c) उन्मृजावमृजा પ્રયોગમાં मृज् ધાતુ अदादि ગણ સંબંધી હોવા છતાં પણ નિપાતન સામર્થ્યથી तुदादि ગણ સંબંધી श પ્રત્યય થયો છે.

(d) अश्नीतपिबताथी यदृच्छा સુધીનાં સમાસો ક્રિયા સ્વરૂપ અન્ય પદાર્થમાં નિપાતન પામે છે.

(e) अश्नीतपिबताथी पचप्रकूला સુધીનાં સમાસો ધાતુરૂપથી ધાતુરૂપ સાથે સમાસ પામે છે.

(f) जहिजोडःથી कुरुकटः સુધીનાં સમાસોમાં પંચમી વિભક્તિનો हि પ્રત્યયાન્ત પદ પોતાનાં કર્મવાચી નામની સાથે આભીક્ષ્ણ્ય અર્થમાં સમાસ પામેલ છે. પરંતુ बहुलम्નાં કારણે पचौदनमित्यभीक्ष्णमाह અહીં સમાસ થયો નહીં.

(g) गतप्रत्यागतम्‌थी मानोन्मानिका सुधीनां समासो पूर्वपद અને ઉત્તરપદની વ્યવસ્થા માટે નિપાતન કરેલાં છે.

(h) शाकपार्थिवःथी घृतघटः सुधीनां समासमां अन्य समास द्वारा प्रिय वगेरे शब्दोने उपस्थित करीने आ समासमां मध्यम पद स्वरूपे लोप करवो.

(i) त्रिभागः/तृतीयभागःथी त्रिविष्टपम्/तृतीयविष्टपम् सुधीनां समासमां पूरण प्रत्ययनो विકल्पे लोप थाय छे.

(j) सर्वश्वेतः અને सर्वमहान् समासमां तरप् प्रत्ययान्त ગુણવાચી નામની સાથે નિર્ધારણ ષષ્ઠી સમાસ થાય છે. અને तरप् પ્રત્યયનો લોપ થાય છે.

(k) સૂત્રમાં બ.વ. આકૃતિગણ માટે છે. તેથી કેટલાંક સમાસો જ્યાં તત્પુરુષ સમાસનાં સૂત્રમાં કહેલાં લક્ષણ ન ઘટતાં હોવા છતાં તત્પુરુષ જેવા જણાતાં હોય તેનો આ ગણમાં સમાવેશ થાય છે.

અહીં इति પદ સ્વરૂપનાં ગ્રહણ માટે છે. તેથી આ સમાસ થયા પછી તે સમસ્ત પદ સાથે અન્ય સમાસ થશે નહીં. તેથી परमो मयूरव्यंसक इति ઇત્યાદિ રીતે કર્મધારય વગેરે સમાસ ન થતાં માત્ર વાક્ય પ્રયોગ જ થશે.

જ્યારે કેટલાંક વ્યાકરણકારો માત્ર પૂર્વપદની સાથે સમાસનો નિષેધ માને છે. તેથી मयूरव्यंसकप्रियः સમાસ થાય છે.

## તત્પુરુષ સંજ્ઞક સમાસનું સારાંશ કોષ્ટક

| સૂત્ર | નામ | અન્ય નામ | અન્ય અર્થાદિ નિમિત્ત | પ્રચલિત સંજ્ઞા | ઉદા. |
|---|---|---|---|---|---|
| गतिक्वन्य०४२ | ગતિસંજ્ઞક અને कु | - | - | ગતિ તત્પુરુષ સમાસ | ऊरीकृत्य। |
| दुर्निन्दा०४३ | નિંદા કૃચ્છ્ર અર્થક दुर् અવ્યય | - | - | કુપૂર્વપદ તત્પુરુષ સમાસ | दुष्पुरुषः। |
| सुःपूजा०४४ | પૂજાર્થક सु અવ્યય | - | - | સુપૂર્વપદ તત્પુરુષ સમાસ | सुराजा। |
| अतिरतिक्रमे०४५ | અતિક્રમ, પૂજાર્થક अति | - | - | તત્પુરુષ સમાસ | अतिस्तुत्य। |
| आङल्पे ४६ | અલ્પાર્થક आङ् | - | - | " | आकडारः। |
| प्रात्यव-परि०४७ | ગત વિ.અર્થક प्र વગેરે | પ્રથમાન્ત | - | પ્રાદિ તત્પુરુષ સમાસ | प्राचार्यः। |
| | ક્રાન્ત વિ.અર્થક अति વગેરે | દ્વિતીયાન્ત | | " | अतिखट्वः। |
| | ક્રુષ્ટ વિ.અર્થક अव વગેરે | તૃતીયાન્ત | | " | अवकोकिलः। |
| | ગ્લાન વિ.અર્થક परि વગેરે | ચતુર્થ્યન્ત | | " | परिवीरुत्। |
| | ક્રાન્ત વિ.અર્થક निर् વગેરે | પંચમ્યન્ત | | " | निष्कौशाम्बिः। |
| अव्ययं प्र०४८ | અવ્યય | प्रवृद्ध વગેરે | - | તત્પુરુષ સમાસ | पुनःप्रवृद्धम्। |

| સૂત્ર | નામ | અન્ય નામ | અન્ય અર્થાદિ નિમિત્ત | પ્રચલિત સંજ્ઞા | ઉદા. |
|---|---|---|---|---|---|
| ङस्युक्तं०४९ | કૃત્ વિધાયક સૂત્રમાં ङसिथी કહેવાયેલ | કૃત્ પ્રત્યયાન્ત | - | ઉપપદ તત્પુરુષ સમાસ | कुम्भकारः। |
| तृतीयोक्तं०५० | કૃત્વિધાયક સૂત્રમાં તૃતીયાન્તથી કહેવાયેલ | કૃત્ પ્રત્યયાન્ત | - | " | मूलकोप-दंशम्(वा)। |
| नञ् ५१ | नञ् અવ્યય | - | - | નઞ્ તત્પુરુષ સમાસ | अगौः। |
| पूर्वा-ऽपरा०५२ | અંશાર્થક पूर्व, अपर, अधर, उत्तर | અભિન્ન અંશીવાચી | - | અંશી તત્પુરુષ સમાસ | पूर्वकायः। |
| सायाह्ना०५३ | - | - | નિપાતન | " | सायाह्नः। |
| समेंऽशे०५४ | સમાંશાર્થક अर्द्ध | અભિન્ન અંશીવાચી | - | " | अर्द्धपिप्पली। |
| जरत्यादि०५५ | जरती વગેરે | અભિન્ન અંશીવાચી | - | " | अर्द्धजरती। |
| द्वि-त्रि-चतुष्०५६ | પૂરણ પ્રત્યયાન્ત द्वि, त्रि, चतुर् અને अग्र વગેરે | અભિન્ન અંશીવાચી | - | " | द्वितीयभिक्षा। |

| સૂત્ર | નામ | અન્ય નામ | અન્ય અર્થાદિ નિમિત્ત | પ્રચલિત સંજ્ઞા | ઉદા. |
|---|---|---|---|---|---|
| कालो द्विगौ०૫૭ | દ્વિગુ વિષયક અને સામાન્ય કાળવાચી | મેયવાચી | - | મેયતત્પુરુષ સમાસ | मासजातः। |
| स्वयं-सामी०૫૮ | स्वयं, सामी | क्त પ્રત્યયાન્ત | - | તત્પુરુષ સમાસ | स्वयंधौतम्। |
| द्वितीया०૫૯ | દ્વિતીયાન્ત खट्वा | क्त પ્રત્યયાન્ત | નિંદા અર્થની ગમ્યમાનતામાં | દ્વિતીયા તત્પુરુષ સમાસ | खट्वारुढः। |
| कालः ૬૦ | દ્વિતીયાન્ત કાલવાચી | क्त પ્રત્યયાન્ત | - | ” | रात्र्यारुढाः। |
| व्याप्तौ ૬૧ | દ્વિતીયાન્ત કાલવાચી | - | વ્યાપ્તિની ગમ્યમાનતામાં | ” | मुहूर्त्तसुखम्। |
| श्रितादि०૬૨ | દ્વિતીયાન્ત | श्रित વગેરે | - | ” | धर्मश्रितः। |
| प्राप्ता-ऽप०૬૩ | प्राप्त, आपन्न | દ્વિતીયાન્ત નામ | - | ” | प्राप्तजीविका। |
| ईषद् गुण०૬૪ | ईषत् અવ્યય | ગુણ વચન | - | તત્પુરુષ સમાસ | ईषत्पिङ्गलः। |

| સૂત્ર | નામ | અન્ય નામ | અન્ય અર્થાદિ નિમિત્ત | પ્રચલિત સંજ્ઞા | ઉદા. |
|---|---|---|---|---|---|
| तृतीया तत्०६५ | तृतीयान्त | तदर्थकृत ગુણવચન | - | તૃતીયા તત્પુરુષ સમાસ | शङ्कुलाखण्डः। |
| चतस्राऽर्धं०६६ | तृतीयान्त अर्द्ध | तदर्थकृत चतसृ | - | ” | अर्धचतस्रो मात्राः। |
| ऊनार्थ-पूर्वा०६७ | तृतीयान्त | ઊનાર્થક, पूर्व વગેરે | - | ” | माषोनम्। |
| कारकं०६८ | तृतीयान्त કારક | कृत् પ્રત્યયાન્ત | - | ” | आत्मकृतम्। |
| न विंशत्य०६९ | तृतीयान्त एक | न विंशति વગેરે | - | ” | एकान्नविंशतिः। |
| चतुर्थी०७० | ચતુર્થ્યન્ત વિકાર | પ્રકૃતિવાચી | - | ચતુર્થી તત્પુરુષ સમાસ | यूपदारु। |
| हितादि०७१ | ચતુર્થ્યન્ત | हित વગેરે | - | ” | गोहितम्। |
| तदर्थाऽर्थे०७२ | ચતુર્થ્યન્ત | ચતુર્થી અર્થક अर्थ | - | ” | पित्रर्थम्। |
| पञ्चमी०७३ | પંચમ્યન્ત | भय વગેરે | - | પંચમી તત્પુરુષ સમાસ | वृकभयम्। |
| क्तेनाऽ०७४ | અસત્ત્વ અર્થમાં વર્તતું પંચમ્યન્ત | क्त પ્રત્યયાન્ત | - | ” | स्तोकान्मुक्तः। |

| સૂત્ર | નામ | અન્ય નામ | અન્ય અર્થાદિ નિમિત્ત | પ્રચલિત સંજ્ઞા | ઉદા. |
|---|---|---|---|---|---|
| परःशतादिः ७५ | - | - | નિપાતન | " | परःशताः। |
| षष्ठ्ययत्ना०७६ | શેષ અર્થમાં વર્તતું ષષ્ઠ્યન્ત | - | યત્નજ ષષ્ઠી ન હોય તો | ષષ્ઠી તત્પુરુષ સમાસ | राजपुरुषः। |
| कृति ७७ | કૃત્ નિમિત્તક ષષ્ઠ્યન્ત | - | - | " | सर्पिर्ज्ञानम्। |
| याजकादि०७८ | ષષ્ઠ્યન્ત | याजक વગેરે | - | " | ब्राह्मणयाजकः। |
| पत्ति-रथौ०७९ | ષષ્ઠ્યન્ત पत्ति, रथ | गणक | - | " | पत्तिगणकः। |
| सर्वपश्चादा०८० | - | | નિપાતન | " | सर्वपश्चात्। |
| अकेन क्रीडा०८१ | ષષ્ઠ્યન્ત | अक પ્રત્યયાન્ત | ક્રીડા, આજીવિકા અર્થમાં | " | उद्दालकपुष्प-भञ्जिका। |
| सप्तमी०८८ | સપ્તમ્યન્ત | शौण्ड વગેરે | - | સપ્તમી તત્પુરુષ સમાસ | पानशौण्डः। |

| સૂત્ર | નામ | અન્ય નામ | અન્ય અર્થાદિ નિમિત્ત | પ્રચલિત સંજ્ઞા | ઉદા. |
|---|---|---|---|---|---|
| सिंहाद्यैः०८९ | સપ્તમ્યન્ત | सिंह વગેરે | પૂજા અર્થની ગમ્યમાનતામાં | ,, | समरसिंहः। |
| काकाद्यैः क्षेपे०९० | સપ્તમ્યન્ત | काक વગેરે | નિંદા અર્થની ગમ્યમાનતામાં | ,, | तीर्थकाकः। |
| पात्रेसमिते०९१ | - | - | નિંદા અર્થની ગમ્યમાનતામાં નિપાતન | ,, | पात्रेसमिता। |
| क्तेन०९२ | સપ્તમ્યન્ત | क्त પ્રત્યયાન્ત | ક્ષેપ અર્થની ગમ્યમાનતામાં | ,, | भस्मनिहुतम्। |
| तत्राहो०९३ | સપ્તમ્યન્ત तत्र, દિવસ અને રાત્રીનાં અવયવવાચી | क्त પ્રત્યયાન્ત | - | ,, | तत्रकृतम्। |
| नाम्नि ९४ | સપ્તમ્યન્ત | - | સંજ્ઞાનો વિષય | ,, | अरण्येतिलका। |

| સૂત્ર | નામ | અન્ય નામ | અન્ય અર્થાદિ નિમિત્ત | પ્રચલિત સંજ્ઞા | ઉદા. |
|---|---|---|---|---|---|
| कृद्येनाऽ૦૯૫ | સપ્તમ્યન્ત | કૃત્ य પ્રત્યયાન્ત | અવશ્ય ભાવની ગમ્યમાનતામાં | ” | मासदेयम्। |
| विशेषणं૦૯૬ | એકાર્થક વિશેષણવાચી | એકાર્થક વિશેષ્યવાચી | - | વિશેષણ પૂર્વપદ કર્મ-ધારય તત્પુરુષ સમાસ | नीलोत्पलम्। |
| पूर्वकालैक૦૯૭ | એકાર્થક પૂર્વકાલવાચી, एक એકાર્થક सर्व, जरत्, पुराण, नव અને केवल | - | - | કર્મધારય તત્પુરુષ સમાસ | स्नातानुलिप्तः। |
| दिगधिकं૦૯૮ | એકાર્થક દિશાવાચી, अधिक | - | સંજ્ઞા, તદ્ધિતનાં વિષયમાં તથા, ઉત્તરપદ પર છતાં | ” | दक्षिणकोशलाः। |
| संख्या समाहारे૦૯૯ | એકાર્થક સંખ્યાવાચી | - | તદ્ધિતનો વિષય ઉત્તરપદ પર છતાં | ” | पञ्चाम्राः। |

| સૂત્ર | નામ | અન્ય નામ | અન્ય અર્થાદિ નિમિત્ત | પ્રચલિત સંજ્ઞા | ઉદા. |
|---|---|---|---|---|---|
| | | | સમાહારની ગમ્યમાનતામાં | દ્વિગુ કર્મધારય તત્પુરુષ સમાસ | पञ्चराजी। |
| निन्द्यं कुत्सनै०१०० | એકાર્થક નિન્દ્યવાચી | पाप વિ. સિવાયનાં નિંદાનાં હેતુવાચી | - | કર્મધારય તત્પુરુષ સમાસ | वैयाकरणखसूची। |
| उपमानं०१०१ | એકાર્થક ઉપમાનવાચી | સામાન્ય ધર્મવાચી | | ઉપમાન પૂર્વપદ કર્મધારય સમાસ | शस्त्रीश्यामा। |
| उपमेयं व्याघ्रा०१०२ | - | व्याघ्र વિ. ઉપમાનવાચી | સાધારણ ધર્મનું કથન ન હોય તો | ઉપમાન ઉત્તરપદ કર્મધારય અવધારણ તત્પુરુષ સમાસ અવધારણ તત્પુ.સમાસ | पुरुषव्याघ्रः। |
| पूर्वा-ऽपर०१०३ | એકાર્થક पूर्व, अपर, प्रथम चरम, जघन्य, समान, मध्य, मध्यम, वीर | - | - | કર્મધારય તત્પુરુષ સમાસ | पूर्वपुरुषः। |

| સૂત્ર | નામ | અન્ય નામ | અન્ય અર્થાદિ નિમિત્ત | પ્રચલિત સંજ્ઞા | ઉદા. |
|---|---|---|---|---|---|
| श्रेण्यादि०१०४ | એકાર્થક श्रेणि વગેરે | कृत વગેરે | च्वि અર્થ જણાતો હોય તો | કર્મધારય તત્પુરુષ સમાસ | श्रेणिकृताः। |
| क्तं नञादि०१०५ | એકાર્થક क्त પ્રત્યયાન્ત | नञ् આદિ ભિન્ન क्त પ્રત્યયાન્ત | - | " | कृताकृतम्। |
| सन्महत्०१०७ | એકાર્થક सत्, महत्, परम, उत्तम, उत्कृष्ट | | પૂજા અર્થ જણાતો હોય તો | " | सत्पुरुषः। |
| वृन्दारकनाग०१०८ | એકાર્થક | वृन्दारक, नाग, कुञ्जर | પૂજા અર્થ જણાતો હોય તો | " | गोवृन्दारकः। |
| कतर-कतमौ०१०९ | એકાર્થક कतर, कतम | - | જાતિસંબંધી પ્રશ્ન જણાતો હોય તો | " | कतरकठः। |
| किं क्षेपे०११० | એકાર્થક किम् | - | ક્ષેપ અર્થની ગમ્યમાનતામાં | " | किंराजा। |

| સૂત્ર | નામ | અન્ય નામ | અન્ય અર્થાદિ નિમિત્ત | પ્રચલિત સંજ્ઞા | ઉદા. |
|---|---|---|---|---|---|
| पोटा-युवति०११૧ | એકાર્થક જાતિવાચી | पोटा, युवति, स्तोक, कतिपय, गृष्टि, धेनु, वशा, वेहत्, वष्कयणी प्रवक्तृ, श्रोत्रिय, अध्यायक, धूर्त्त, પ્રશંસામાં રૂઢ થયેલ | - | " | इभ्यपोटा। |
| चतुष्पाद्०११૨ | એકાર્થક ચતુષ્પાદવાચી | गर्भिणी નામ | - | " | गोगर्भिणी। |
| युवा खलति०११૩ | એકાર્થક युवन् | खलति, पलित, जरत् वलिन | - | " | युवखलतिः। |
| कृत्य तुल्या०११૪ | એકાર્થક કૃત્ય પ્રત્યયાન્ત અને તુલ્યાર્થક | અજાતિવાચી | - | " | भोज्योष्णम्। |
| कुमारश्रमणा०११૫ | कुमार | श्रमणा વગેરે | - | " | कुमारश्रमणा। |
| मयूरव्यंसके०११૬ | - | - | નિપાતન | વિશેષ્ય પૂર્વપદ કર્મધારય તત્પુરુષ સમાસ<br>મધ્યમપદલોપી તત્પુરુષ સમાસ | मयूरव्यंसकः।<br>शाकपार्थिवः। |

# चाऽर्थे द्वन्द्वः सहोक्तौ ३.१.११७

**અ.અ.સૂ. : चार्थे नाम नाम्ना ऐकार्थ्ये सहोक्तौ समासः, द्वन्द्वः च।**

**અર્થ** : चનાં અર્થવાચક નામ, અન્ય નામની સાથે ઐકાર્થ્ય જણાતે છતે સહોક્તિનાં વિષયમાં સમાસ પામે છે. અને તે द्वन्द्व સંજ્ઞક થાય છે.

**સ.** (૧) **चार्थे** = चस्याऽर्थ इति चार्थः, तस्मिन्निति।

(૨) **सहोक्तौ** = सह वचनमिति सहोक्तिं, तस्यामिति।

**ઉદા.** (૧) **प्लक्षन्यग्रोधौ** = વડ અને પીપળો. प्लक्षश्च न्यग्रोधश्चेति।
આ સૂત્રથી प्लक्ष અને न्यग्रोधનો સમાસ તથા,
लघ्वक्षरा०૩.૧.૧૬૦થી प्लक्षનો પૂર્વનિપાત→**प्लक्ष**न्यग्रोध
પ્રથમા औ વગેરે→प्लक्षन्यग्रोधौ।

(૨) **वाक्त्वचम्** = વાણી અને ચામડી.
वाक् च त्वक् च एतयोः समाहार इति।
આ સૂત્રથી वाक् અને त्वक्નો સમાસ તથા,
लघ्वक्षरा०૩.૧.૧૬૦થી वाक्નો પૂર્વનિપાત→**वाक्**त्वच्
च्वर्ग-दष०૭.૩.૯૮થી अत् સમાસાન્ત→**वाक्**त्वच
પ્રથમા सि વગેરે→वाक्त्व**चम्**।

**પ્ર.ઉદા.** (૧) **चार्थ इति किम्? वीप्सा सहोक्तौ मा भूत्।**
**ग्रामो ग्रामो रमणीयः** = દરેક ગામ રમણીય છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ પદાર્થને વિશે સહોક્તિ જણાતી હોય તો થાય છે. જ્યારે અહીં વીપ્સાની સહોક્તિ છે. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

(૨) **सहोक्तावित्येव = प्लक्षश्च न्यग्रोधश्च वीक्ष्यताम्।**
પીપળો જોવાય અને વડ જોવાય.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સહોક્તિ જણાતી હોય તો થાય છે. જ્યારે અહીં वीक्ष्यताम् ક્રિયાનો અન્વય પ્રત્યેક સાથે થતો હોવાથી સહોક્તિ જણાતી નથી. માટે આ સૂત્રથી સમાસ થયો નહીં.

**વિશેષતા :**

(૧) **સહોક્તિ** = यद् वर्त्तिपदैः प्रत्येकं पदार्थानां युगपदभिधानं सा सहोक्तिः।
સમાસગત પ્રત્યેક પદની સાથે અન્ય પ્રત્યેક પદનું યુગપત્ કથન સહોક્તિ કહેવાય છે.

(૨) યદ્યપિ સૂત્રમાં नाम नाम्नानी અનુવૃત્તિ આવતી હોવાથી એક નામનો એક નામની સાથે જ સમાસ થવાની પ્રાપ્તિ છે. પરંતુ लघ्वक्षरा०૩.૧.૧૬૦ સૂત્રમાં एकम् પદનું ગ્રહણ કર્યું હોવાથી અહીં ઘણાં પદોનો પણ સમાસ થશે. જેમકે, धवश्च खदिरश्च पलाशश्च इति धवखदिरपलाशाः।

(૩) **परलिङ्गो द्वन्द्वोऽशी०८/१** લિંગાનુશાસનનાં વચનાનુસારે द्वन्द्व સમાસનાં ઉત્તરપદનું જે લિંગ હોય તે જ લિંગ સંપૂર્ણ સમાસને પણ થાય છે અને તે જ પ્રમાણે तद् સર્વનામનો અનુપ્રયોગ પણ પરપદનાં લિંગમાં જ થાય છે. જેમકે, कुक्कुटमयूर्यौ।

(૪) ચકારનો અર્થ ચાર પ્રકારે છે.

(i) **સમુચ્ચય :** કોઈપણ એક પદાર્થની પ્રતિ તુલ્ય બળવાળા, અવિરોધી, અનિયત ક્રમવાળાં અને યુગપત્ કહેવાતાં બે કે તેથી વધુ ક્રિયા, કારક, દ્રવ્ય અને ગુણોનો અન્યની સાથે જોડાણ તે સમુચ્ચય. જેમકે,

(a) **ક્રિયા :** चैत्रः पचति पठतिश्च।

(b) **કારક :** चैत्रो मैत्रश्च पठति।

(c) **દ્રવ્ય :** राज्ञो गौश्चाश्वश्च।

(d) **ગુણ :** शुक्लश्चायं कृष्णश्च।

★ ક્યારેક ચકાર વિના પણ સમુચ્ચય સંભવે છે. જેમકે,

**अहरहर्नयमानो ग्रामश्च पुरुषं पशुम्।**
**वैवस्वतो न तृप्यति सुराया इव दुर्मदी॥**

(ii) **અન્વાચય :** જ્યાં કેટલાંકની પ્રધાનતા હોય અને કેટલાંકની અપ્રધાનતા હોય તેવા ભાવોનાં સમુચ્ચયને અન્વાચય કહેવાય છે. જેમકે, बटो भिक्षामट गां चानय અહીં ભિક્ષા ભ્રમણની ક્રિયા પ્રધાન છે અને ગાય લાવવાની ક્રિયા ગૌણ છે.

(iii) **ઈતરેતર :** પરસ્પર સાપેક્ષ એવા દ્રવ્યમાં સ્પષ્ટ રીતે અવયવનો ભેદ જણાતાં દ્વિત્વ, બહુત્વ આદિથી વિશિષ્ટ સમૂહ રૂપ જોડાણ તે ઈતરેતર યોગ. જેમકે, चैत्रमैत्रो घटं कुर्वाते।

(iv) **સમાહાર :** ઉપરોક્ત પ્રકારમાં અવયવ ભેદથી વિવક્ષા રહિત માત્ર સમૂહ પ્રધાન જોડાણ તે સમાહાર. જેમકે, धवखदिरपलाशं तिष्ठति।

(૫) અહીં ધ્યાનમાં લેવું કે, एकश्च विंशतिश्च अनयोः समाहारः ઈત્યાદિ સમાહાર સંખ્યા દ્વન્દ્વ સમાસ તો એકવચનાન્ત તો થાય જ છે. પરંતુ एकश्च विंशतिश्च इति एकविंशतिः ઈત્યાદિ ઈતરેતર સંખ્યા દ્વન્દ્વ સમાસમાં પણ સમુદાયની સંખ્યાનું એકત્વ હોવાથી विंशति વગેરેની જેમ એક-વચનાન્તપણાને પામે છે. તથા, **आ शतादृद्वन्द्वे०२/६** લિંગાનુશાસનનાં વચનાનુસારે સ્ત્રીલિંગે થાય છે.

પરંતુ સંખ્યા દ્વન્દ્વ સિવાય અર્થાત્ સંખ્યેય દ્વન્દ્વ સમાસમાં જ્યારે બે કે બેથી વધુ રાશિની વિવક્ષા હોય ત્યારે અનુક્રમે દ્વિવચન, બહુવચન પણ થઈ શકે છે. જેમકે, एको देवदत्ताय दीयतां, विंशतिश्चैत्रायेति एकविंशती अनयोर्देहि, त्रिंशच्चत्वारिंशतौ, षष्टिसप्तत्यशीतयः વગેરે.

(૬) **દ્વન્દ્વ સમાસનાં પ્રદેશો :** द्वन्द्वे वा ૩.૨.૧૧ ઈત્યાદિ.

**એકશેષ પ્રક્રિયા :** ૩.૧.૧૧૮ થી ૩.૧.૧૨૮

## समानामर्थेनैकः शेषः ३.१.११८

**અ.અ.સૂ. : अर्थेन समानां ( ऐकार्थ्ये ) सहोक्तौ एकः शेषः ।**

**અર્થ** : અર્થથી સમાન એવા સમાનાર્થક નામોમાં સહોક્તિ ગમ્યમાન હોય તો એક નામ શેષ રહે છે. અર્થાત્ બાકીનાં નામોનો લોપ થાય છે.

ઉદા. (૧) **वक्रौ/कुटिलौ** = બે વક્ર. वक्रश्च कुटिलश्चेति।
આ સૂત્રથી वक्र અને कुटिलનો એકશેષ→वक्रौ/कुटिलौ।

(૨) **सिताः/शुक्लाः/श्वेताः** = ઘણાં સફેદ.
सितश्च शुक्लश्च श्वेतश्चेति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા.(૧) **अर्थेन समानामिति किम् ? प्लक्षन्यग्रोधौ** = પીપળો અને વડ.

★ આ સૂત્રની પ્રવૃત્તિ અર્થથી સમાન શબ્દોમાં થાય છે. જ્યારે અહીં प्लक्ष અને न्यग्रोध અર્થથી ભિન્ન છે. માટે આ સૂત્રથી એકશેષ પ્રક્રિયા થઈ નહીં.

(૨) **सहोक्तावित्येव = वक्रश्च कुटिलश्च दृश्यः** = વક્રને જુઓ અને કુટિલને જુઓ.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સહોક્તિ જણાતી હોય તો જ થાય છે. જ્યારે અહીં સહોક્તિની ગમ્યમાનતા ન હોવાથી આ સૂત્રથી એકશેષ પ્રક્રિયા થઈ નહીં.

**વિશેષતા :**

(૧) અહીં સૂત્રમાં પૂર્વપદને શેષ રાખવું કે પરપદને શેષ રાખવું તે અંગે કોઈ વિશેષ ઉપાદાન ન હોવાથી બંને પદ શેષ રહી શકે છે. અને આ જ વાત समानाम् એ પ્રમાણે બ.વ. દ્વારા દર્શાવી છે. તેથી અહીં વિવક્ષાને આધીન બંનેમાંથી કોઈપણ શેષ રાખવો. જેમકે, वक्रदण्डश्च कुटिलदण्डश्चेति वक्रदण्डौ/कुटिलदण्डौ।

(૨) આ પ્રક્રિયા દ્વન્દ્વ સમાસનાં અપવાદ સ્વરૂપે છે.

## स्यादावसंख्येयः ३.१.११९

**અ.અ.સૂ.** : **स्यादौ समानां (ऐकार्थ्ये) सहोक्तौ एकः शेषः, असंख्येयः ।**

**અર્થ** : સર્વે સ્યાદિ વિભક્તિમાં સમાન રૂપવાળાં નામોમાં સહોક્તિ ગમ્યમાન હોય તો એક નામ શેષ રહે છે. જો તે સંખ્યેયવાચી ન હોય તો.

**સ.** **असंख्येयः** = न संख्येय इति।

**ઉદા. (૧)** **अक्षाः** = પૈડું, પાસો અને ઔષધિ વિશેષ.

अक्षश्च अक्षश्च अक्षश्चेति।

આ સૂત્રથી ભિન્ન-ભિન્ન અર્થક પણ સમાન રૂપવાળાં अक्ष નામોમાં સહોક્તિ હોવાથી આ સૂત્રથી એકશેષ પ્રક્રિયા થઈ છે.

**પ્ર.ઉદા.(૧)** **स्यादाविति किम् ? मातृ-मातारौ** = માતા અને માપનાર.

माता च माता चेति।

चार्थे द्वन्द्वः०૩.૧.૧૧૭થી સમાસ તથા,

लघ्वक्षराऽ०૩.૧.૧૬૦થી मातृनो પૂર્વનિપાત→**मातृ**+मातृ

પ્રથમા औ વગેરે→मातृमातारौ।

★ આ સૂત્રની પ્રવૃત્તિ સ્યાદિ વિભક્તિમાં તુલ્ય રૂપવાળાં નામનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં मातृ-જનની અને मातृ-માપનાર એ પ્રમાણે અર્થક નામોમાં રૂપની તુલ્યતા નથી. માટે આ સૂત્રથી એકશેષ પ્રક્રિયા થઈ નહીં.

**(૨)** **असंख्येय इति किम् ? एकश्चैकश्च** = એક (ઘટ) અને એક (પટ).

★ આ સૂત્રમાં સંખ્યેયવાચી શબ્દનું વર્જન હોવાથી અહીં એકશેષ પ્રક્રિયા થઈ નથી.

**વિશેષતા :**

(૧) અહીં સમાન સ્યાદિ વિભક્તિનો નિર્દેશ કર્યો છે. જેનું તાત્પર્ય એ છે કે, સાતે-સાત વિભક્તિમાં જેનાં રૂપોની સમાનતા હોય તે જ રૂપોમાં આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે. જો એક વિભક્તિનાં એક રૂપમાં પણ અસમાનતા જણાતી હોય તો આ સૂત્ર પ્રવર્ત્તતું નથી. જેમકે, मातृमातारौ।

અહીં અન્ય કેટલાંક વ્યાકરણકારો જે સ્યાદિ વિભક્તિમાં તુલ્યરૂપતા ન હોય તેને છોડીને અન્ય તુલ્ય રૂપવાળી સ્યાદિ વિભક્તિમાં એકશેષની પ્રક્રિયા સ્વીકારે છે. તેથી તેઓનાં મતે माता च माता चेति मातृमातारौ ताभ्यामिति मातृभ्याम्, तयोरिति मात्रोः ઇત્યાદિ પ્રયોગો સ્વીકારે છે.

(૨) આ સૂત્ર દ્વન્દ્વ સમાસનાં અપવાદ રૂપ છે. તેથી અહીં દ્વન્દ્વ સમાસ કર્યા વિના એકશેષ પ્રક્રિયા કરવી. અન્યથા પહેલાં દ્વન્દ્વ સમાસ કર્યા બાદ પરવિધિ હોવાથી પહેલાં સમાસાન્ત પ્રત્યય થાય છે. અને તેથી પ્રયોગોની અસમાનતા આવી જતાં એકશેષની પ્રાપ્તિ રહેતી નથી.

## त्यदादिः ३.१.१२०

**અ.અ.સૂ. : त्यदादिः नाम नाम्ना (ऐकार्थ्ये) सहोक्तौ एकः शेषः।**

**અર્થ** : त्यद् વગેરે નામની અન્ય નામની સાથે સહોક્તિ જણાતે છતે त्यदादि નામ એકશેષ રહે છે.

સ. **त्यदादिः** = त्यद् आदिर्यस्य स इति।

ઉદા. (૧) **तौ** = તે અને ચૈત્ર. सश्च चैत्रश्चेति।
આ સૂત્રથી त्यदादि ગણ અંતર્ગત तद्‌ની चैत्र સાથે સહોક્તિ હોવાથી तद् સર્વનામ એકશેષ રહે છે.

(૨) **यौ** = જે અને તે. सश्च यश्चेति।

(૩) **वयम्** = તે, તું અને હું (અમે). स च त्वं च अहं चेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**વિશેષતા :**

(૧) જો સમાસમાં આવતાં બંને નામો त्यदादि સંબંધી હોય તો त्यदादि[૧] ગણપાઠમાં રહેલાં ક્રમ મુજબ स्पर्द्धे ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે પશ્ચાનુપૂર્વીનાં ક્રમથી त्यदादि એકશેષ રાખવો. જેમકે, यश्च सश्चेति यौ।
તથા बहुलम्‌નો અધિકાર હોવાથી ક્વચિત પૂર્વનો પણ એકશેષ રહે છે. જેમકે, अयं च एष चेति इमौ।

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, **स्त्रीपुंनपुंसकानां सहवचने स्यात् परं लिङ्गम् ८/३** લિંગાનુશાસનનાં વચનાનુસારે એકશેષ પ્રક્રિયા વિના પણ જ્યાં-જ્યાં બે કે વધુ લિંગનો એક સાથે પ્રયોગ કરવાનો અવસર હોય ત્યારે (द्वन्द्व સમાસ સિવાય) સ્ત્રીલિંગ, પુંલિંગ અને નપુંસક લિંગનાં ક્રમથી પરલિંગનો જ પ્રયોગ થશે. જેમકે, स च सा च तद् चेति तानि गच्छन्ति।

---

૧. **त्यदादि**→त्यद्, तद्, यद्, अदस्, इदम्, एतद्, एक, द्वि, युष्मद्, अस्मद् भवतु, किम्।

જિ. : જો त्यदादि ગણ અંતર્ગત પરસ્પર એકશેષ પ્રક્રિયા થાય તો પર પદ એકશેષ રહે છે. પરંતુ સ્ત્રીલિંગ, પુંલિંગ, નપુંસક લિંગ એમ ત્રણે લિંગવાળાં શબ્દોમાં એકશેષ પ્રક્રિયા કરવામાં આવે તો એકશેષ રહેનારું પદ કયા લિંગમાં પ્રયુક્ત થાય?

સમા. : **स्त्री-पुं-नपुंसकानां सहवचने स्यात् परं लिङ्गम् ८/३** લિંગાનુશાસનનાં વચનાનુસારે સ્ત્રીલિંગ, પુંલિંગ અને નપુંસકલિંગનાં ક્રમમાં બે અથવા ત્રણ લિંગનો પ્રયોગ હોય તો શેષ રહેલું પદ પરલિંગમાં જ પ્રવૃત્ત થાય છે. જેનાં ભાંગા નીચે પ્રમાણે છે.

(a) પું.+સ્ત્રી. = પું.→स च शाटी चेति तौ।

(b) સ્ત્રી.+નપું. = નપું.→तच्च शाटी चेति ते।

(c) પું.+નપું. = નપું.→तच्च पटश्चेति ते।

(d) સ્ત્રી.+પું.+નપું. = નપું.→सा च वस्त्रं च पटश्चेति तानि।

## भ्रातृ-पुत्राः स्वसृ दुहितृभिः ३.१.१२१

અ.અ.સૂ. : **भ्रातृ-पुत्राः नामानि स्वसृ-दुहितृभिः नामभिः (ऐकार्थ्ये) सहोक्तौ एकः शेषः।**

અર્થ : ભ્રાતૃવાચી અને પુત્રવાચી નામની અનુક્રમે સ્વસૃવાચી અને દુહિતૃવાચી નામની સાથે સહોક્તિ જણાતે છતે ભ્રાતૃવાચી અને પુત્રવાચી નામ એકશેષ રહે છે.

સ. (૧) **भ्रातृ-पुत्राः** = भ्रातरश्च पुत्राश्चेति।

(૨) **स्वसृ-दुहितृभिः** = स्वसारश्च दुहितरश्चेति स्वसृदुहितरः, ताभिरिति।

ઉદા. (૧) **भ्रातरौ** = ભાઈ અને બહેન. भ्राता च स्वसा चेति।
આ સૂત્રથી भ्रातृનો स्वसृની સાથે સહોક્તિ હોવાથી भ्रातृ નામ એકશેષ રહ્યું છે.

(૨) **पुत्रौ** = પુત્ર અને પુત્રી. पुत्रश्च दुहिता चेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**વિશેષતા :**

(૧) સૂત્રગત બ.વ. દ્વારા भ्रातृ આદિ શબ્દોનાં પર્યાયવાચી નામોનું પણ ગ્રહણ થાય છે. તેથી सोदर्यश्च स्वसा चेति सोदर्यौ અને भ्राता च भगिनी चेति भ्रातरौ જેવા પ્રયોગો પણ સિદ્ધ થાય છે.

(૨) અહીં સૂત્રગત भ्रातृ-पुत्राः અને स्वसृ-दुहितृभिः બંને પદમાં વચન અને સંખ્યાની સમાનતા હોવાથી **यथा-सङ्ख्यमनुदेशः समानाम् १/१०** ન્યાયાનુસારે તે બંને વચ્ચે અનુક્રમની પ્રાપ્તિ થાય છે.

## पिता मात्रा वा ३.१.१२२

**અ.અ.સૂ. : पिता नाम मात्रा नाम्ना (ऐकार्थ्ये) सहोक्तौ एकःशेषः वा।**

**અર્થ** : पितृ નામની मातृ નામની સાથે સહોક્તિ જણાતે છતે पितृ નામ વિકલ્પે એકશેષ રહે છે.

ઉદા. (૧) **पितरौ/मातापितरौ** = માતા અને પિતા.
माता च पिता चेति।
આ સૂત્રથી पितृ નામની मातृ નામ સાથે સહોક્તિ હોવાથી पितृ નામ વિકલ્પે એકશેષ રહ્યું છે.

**વિકલ્પે :** એકશેષ પ્રક્રિયા ન થાય ત્યારે,
चार्थे द्वन्द्वः૦૩.૧.૧૧૭થી સમાસ તથા,
मातृ નામ પૂજ્યવાચી[1] હોવાથી लघ्वक्षरा૦૩.૧.૬૦થી
પૂર્વનિપાત→**मातृ**+पितृ
आ द्वन्द्वे ૩.૨.૩૯થી ऋનો आ→मा**ता**+पितृ
પ્રથમા औ વગેરે→मातापि**तरौ**।

## श्वशुरः श्वश्रूभ्यां वा ३.१.१२३

**અ.અ.સૂ. : श्वशुरः नाम श्वश्रूभ्यां नामभ्यां (ऐकार्थ्ये) सहोक्तौ एकः शेषः वा।**

**અર્થ** : श्वशुर નામની श्वश्रू નામની સાથે સહોક્તિ જણાતે છતે श्वशुर નામ એકશેષ રહે છે.

**સ.** **श्वश्रूभ्याम्** = श्वश्रूश्च श्वश्रूश्चेति श्वश्रौ, ताभ्यामिति।

ઉદા. (૧) **श्वशुरौ/श्वश्रूश्वशुरौ** = સસરા અને સાસુ.
श्वशुरश्च श्वश्रूश्चेति।/श्वशुरश्च श्वशुरी चेति।
અહીં આ સૂત્રથી श्वशुर નામની श्वश्रू નામની સાથે સહોક્તિ હોવાથી श्वशुर નામ વિકલ્પે એકશેષ રહ્યું છે.
**વિકલ્પે :** એકશેષ પ્રક્રિયા ન થાય ત્યારે,
चार्थे द्वन्द्वः૦૩.૧.૧૧૭થી સમાસ તથા श्वश्रू શબ્દ અલ્પાક્ષરી હોવાથી,
लघ्वक्षरा૦૩.૧.૧૬૦થી પૂર્વનિપાત→**श्वश्रू**श्वशुरौ।

---

૧. पितुर्दशगुणं माता गौरवेणातिरिच्यते।

વિશેષતા :

જિ. : સૂત્રમાં श्वश्रू શબ્દ એક જ છે. અને તદ્વાચ્ય અર્થ પણ એક જ જણાય છે. તો દ્વિવચન શા માટે કર્યું ? તથા આ સૂત્રનું વિધાન પૂર્વસૂત્રની સાથે જ શા માટે ન કર્યું?

સમા. : વસ્તુતઃ **गौण-मुख्ययोः मुख्ये कार्ये संप्रत्ययः १/२२** ન્યાયાનુસારે માત્ર જાતિપ્રવૃત્તિ નિમિત્તક श्वश्रू શબ્દનું ગ્રહણ થવાનું હતું. પણ દ્વિવચન દ્વારા ગ્રંથકારશ્રી જણાવે છે કે, श्वश्रू શબ્દનો સ્ત્રીલિંગમાં धवाद् योगाद० ૨.૪.૫૯થી श्वशुरी એ પ્રમાણે પ્રયોગ કરવામાં આવે છે. અને नारी-सखी० ૨.૪.૭૬થી श्वश्रू નિપાતન કરવામાં આવે છે. તે બંને શબ્દો આ સૂત્રનો વિષય બનશે.

## वृद्धो युना तन्मात्रभेदे ३.१.१२४

અ.અ.સૂ. : **वृद्धः नाम युना नाम्ना सहोक्तौ एकः शेषः, तन्मात्रभेदे ।**

અર્થ : વૃદ્ધવાચી નામની યુવાવાચી નામ સાથે સહોક્તિ જણાતે છતે વૃદ્ધવાચી નામ એકશેષ રહે છે. જો તે બે વચ્ચે એટલા પૂરતો જ (વૃદ્ધાપત્ય અને યુવાપત્ય અર્થક પ્રત્યય માત્રનો જ) ભેદ હોય તો, પણ પ્રકૃતિ કે અર્થભેદ ન હોય તો.

સ. **तन्मात्रभेदे** = तन्मात्रं चासौ भेदश्चेति तन्मात्रभेदः, तस्मिन्निति।

ઉદા. (૧) **गार्ग्यौ** = ગર્ગનો પૌત્ર અને ગર્ગનો પ્રપૌત્ર.

गार्ग्यश्च गार्ग्यायणश्चेति।

અહીં गर्गादि० ६.१.४२થી यञ् લાગીને બનેલ गार्ग्य વૃદ્ધાપત્ય નામ છે. અને यञिञः ६.१.५४થી आयनण् લાગીને બનેલ गार्ग्यायणः યુવાપત્ય નામ છે. તથા, તે બંને વચ્ચે સહોક્તિ હોવાથી આ સૂત્રથી વૃદ્ધાપત્ય गार्ग्य નામ એકશેષ રહ્યું છે.

પ્ર.ઉદા.(૧) **वृद्ध इति किम्? गर्गगार्ग्यायणौ** = ગર્ગ ઋષિ અને ગર્ગનો પ્રપૌત્ર.

गर्गश्च गार्ग्यायणश्चेति।

चार्थे० ३.१.११७થી સમાસ તથા, गर्ग નામ અલ્પાક્ષરી હોવાથી,

लघ्वक्षरा० ३.१.१६०થી પૂર્વનિપાત→**गर्ग**गार्ग्यायणौ

પ્રથમા औ વગેરે→**गर्ग**गार्ग्यायणौ।

★ આ સૂત્રની પ્રવૃત્તિ પૂર્વપદ વૃદ્ધાપત્યવાચી નામ હોય તો થાય છે. જ્યારે અહીં गर्ग પરમપ્રકૃતિવાચી નામ છે. માટે આ સૂત્રથી એકશેષ પ્રક્રિયા થઈ નહીં.

(૨) **यूनेति किम्? गार्ग्यगर्गौ** = ગર્ગ ઋષિનો પૌત્ર અને ગર્ગ ઋષિ.

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉત્તરપદ યુવાપત્યવાચી નામ હોય તો થાય છે. જ્યારે અહીં પરમપ્રકૃતિવાચી નામ હોવાથી આ સૂત્રથી એકશેષ પ્રક્રિયા થઈ નહીં.

(૩) **तन्मात्रभेद इत्येव = गार्ग्य-वात्स्यायनौ** = ગર્ગનો પૌત્ર અને વત્સનો પ્રપૌત્ર.
गार्ग्यश्च वात्स्यायनश्चेति।

★ આ સૂત્રની પ્રવૃત્તિ વૃદ્ધાપત્ય અને યુવાપત્ય અર્થક પ્રત્યય માત્રનો ભેદ હોય તો જ થાય છે. જ્યારે અહીં પ્રકૃતિનો પણ ભેદ છે. માટે આ સૂત્રથી એકશેષ પ્રક્રિયા થઈ નહીં.

**વિશેષતા :**

(૧) અહીં **कृत्रिमा-ऽकृत्रिमयोः कृत्रिमस्यैव १/२३** ન્યાયાનુસારે સૂત્રગત वृद्धो युना પદ તે લોકપ્રસિદ્ધ અર્થમાં ન જાણવો. પણ આ વ્યાકરણ શાસ્ત્રમાં દર્શાવેલ પારિભાષિક શબ્દ સ્વરૂપે જાણવો.
पौत्रादिः वृद्धम् ૬.૧.૨ સૂત્ર વડે પરમપ્રકૃતિનાં પૌત્રાદિને વૃદ્ધસંજ્ઞા કરવામાં આવી છે. અને वंश्य ज्यायो૦૬.૧.૩ સૂત્ર વડે પરમ પ્રકૃતિનાં જીવદ્ વંશ્યને યુવા સંજ્ઞા કરવામાં આવી છે. જેનું वृद्धो युना પદ દ્વારા ગ્રહણ કરવું.

**જિ.** : સૂત્રગત तन्मात्रभेदे પદ દ્વારા લઘુવૃત્તિમાં નિષેધ મુખે પ્રકૃતિ, અર્થ તથા અન્ય ભેદ જણાવ્યાં છે. પણ પ્રકૃતિની ભિન્નતાએ અર્થની ભિન્નતા થઈ જ જાય છે. તો લઘુવૃત્તિમાં अर्थभेदનું પૃથક્ ગ્રહણ શા માટે કર્યું?

**સમા.** : ક્યારેક ભિન્નાર્થક શબ્દો પણ સમાન પ્રકૃતિવાળાં હોય છે. ત્યારે સમાન પ્રકૃતિમાં પણ અર્થભેદની પ્રાપ્તિ

થાય છે. અને તેવા શબ્દોની સહોક્તિમાં પણ આ સૂત્રની પ્રાપ્તિ ન થાય તે માટે अर्थभेदनुं ગ્રહણ છે. જેમકે, भागवित्तिभागवित्तिकौ = અહીં इकण् પ્રત્યયનો ભેદ तन्मात्रभेदे પદ દ્વારા સૂત્ર પ્રવૃત્તિનો બાધ કરતો નથી. પરંતુ યુવાપત્ય અને નિંદિત એ પ્રમાણે અર્થભેદ હોવાથી આ સૂત્રની પ્રવૃત્તિ થઈ નથી. અહીં કેટલાંક વ્યાકરણકારો અર્થભેદમાં પણ એકત્વ ઈચ્છે છે. તેથી તેઓનાં મતે भागवित्तिश्च भागवित्तिकश्चेति भागवित्ती પ્રયોગ પણ સિદ્ધ થાય છે.

## स्त्री पुंवच्च ३.१.१२५

**અ.અ.સૂ. : वृद्धः स्त्री नाम युवा नाम्ना सहोक्तौ एकः शेषः, पुंवत् च, तन्मात्रभेदे।**

**અર્થ** : વૃદ્ધાપત્ય સ્ત્રીવાચી નામની યુવાપત્ય નામની સાથે સહોક્તિ જણાતે છતે સ્ત્રી નામ એકશેષ રહે છે. અને તેનો પુંવદ્ભાવ થાય છે. જો એટલા પૂરતો જ (વૃદ્ધાપત્યઅર્થક અને યુવાપત્યઅર્થક પ્રત્યયમાત્રનો) ભેદ હોય તો.

ઉદા. (૧) **गार्ग्यौ** = ગર્ગની પૌત્રી અને ગર્ગનો પ્રપૌત્ર.
गार्गी च गार्ग्यायणश्चेति।
આ સૂત્રથી વૃદ્ધાપત્ય સ્ત્રીવાચી गार्गीની યુવાપત્ય गार्ग्यायण સાથે સહોક્તિ હોવાથી આ સૂત્રથી સ્ત્રીવાચી गार्गी નામ એકશેષ રહ્યું. અને તેનો પુંવદ્ભાવ થતાં गार्ग्य પ્રકૃતિ પ્રાપ્ત થઈ છે હવે,

પ્રથમા औ વગેરે→गार्ग्यौ।

(૨) **गर्गान्** = ગર્ગની પૌત્રી ગર્ગનાં બે પ્રપૌત્ર.
गार्गी च गार्ग्यायणौ चेति गर्गाः तानिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે થતાં गार्ग्य+शस्
यञञोऽश्या० ૬.૧.૧૨૬થી यञ्નો લોપ→गर्ग+शस्
शसोऽता० ૧.૪.૪૯થી પૂર્વનો સ્વર દીર્ઘ અને न्→**गर्गान्**।

**વિશેષતા :**

(૧) સૂત્રગત ચકાર દ્વારા સ્ત્રી નામ એકશેષ અને તેનો પુંવદ્ભાવ એમ બે કાર્યોનો સમુચ્ચય કરવામાં આવે છે.

**જિ.** : **स्त्री-पुं-नपुंसकानां सहवचने स्यात् परं लिङ्गम् ८/३** લિંગાનુશાસનનાં વચનાનુસારે સ્ત્રીલિંગ અને પુંલિંગમાં પુંલિંગ પદ જ એકશેષ રહે છે. અને નપુંસકલિંગ નામનો અપત્ય પ્રત્યયાન્ત પ્રયોગનો જ અભાવ છે. તેથી પુંવદ્ભાવ થવાનો જ ન હતો તો સૂત્રમાં पुंवत् ચનું વિધાન શા માટે કર્યું?

**સમા.** : ઉપરોક્ત **स्त्री पुं० ८/३** લિંગાનુશાસનનું વચન માત્ર त्यदादि એકશેષ સમાસનો જ વિષય બને છે. અને મતાંતરે નપુંસકલિંગમાં અપત્ય પ્રત્યયાન્ત શબ્દો વર્ત્તે છે. તેનું વારણ કરવા માટે અહીં પુંવદ્ભાવનું વિધાન કરવામાં આવ્યું છે.

## पुरुषः स्त्रिया ३.१.१२६

**અ.અ.સૂ. : पुरुषः नाम स्त्रिया नाम्ना (ऐकार्थ्ये) सहोक्तौ एकः शेषः, तन्मात्रभेदे।**

**અર્થ** : પ્રાણીમાં રૂઢ એવા પુરુષવાચી નામની સ્ત્રીવાચી નામની સાથે સહોક્તિ જણાતે છતે પુરુષવાચી નામ એકશેષ રહે છે. જો એટલા પૂરતો જ (સ્ત્રી-પુરુષ માત્રનો) ભેદ હોય તો.

ઉદા. (૧) **ब्राह्मणौ** = બ્રાહ્મણ અને બ્રાહ્મણી.
ब्राह्मणश्च ब्राह्मणी चेति।
આ સૂત્રથી ब्राह्मण પુરુષવાચી નામની ब्राह्मणी નામની સાથે સહોક્તિ જણાતે છતે આ સૂત્રથી ब्राह्मण નામ એકશેષ રહ્યું છે.

પ્ર.ઉદા.(૧) **पुरुष इति किम्? तीरं नदनदीपतेः** = મોટી નદી અને સમુદ્રનો કિનારો.
नदश्च नदी चेति नदनद्यौ, नदनद्योः पतेरिति
चार्थे०૩.૧.૧૧૭થી नद અને नदीનો સમાસ તથા, नद લઘ્વક્ષરી હોવાથી, लघ्वक्षरा०૩.૧.૧૬૦થી नदનો **પૂર્વનિપાત**.
તેમજ, षष्ठ्ययत्ना०૩.૧.૭૬થી नदनद्यौનો पति સાથે સમાસ તથા, प्रथमोक्तं०૩.૧.૧૪૮થી नदनद्यौનો પૂર્વનિપાત→ **नदनदी**पति।
ષષ્ઠી ङस् વગેરે→नदनदीपतेः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ પૂર્વપદ પુરુષ વાચી નામ હોય તો જ થાય છે. જ્યારે અહીં પૂર્વપદ નદીવાચી હોવાથી આ સૂત્રથી એકશેષ પ્રક્રિયા ન થઈ.

(૨) **तन्मात्रभेद इत्येव** = **पुंस्त्रियौ** = પુરુષ અને સ્ત્રી.

पुमांश्च स्त्री चेति।

चार्थे०૩.૧.૧૧૭થી पुम्स् અને स्त्रीનો સમાસ તથા, અર્ચ્ય હોવાથી, लघ्वक्षरा०૩.૧.૧૬૦થી पुम्स्નો પૂર્વનિપાત→**पुम्स्**+स्त्री

पदस्य ૨.૧.૮૯થી स्નો લોપ→पुंस्त्री

પ્રથમા औ વગેરે→पुंस्त्रियौ।

★ આ સૂત્રની પ્રવૃત્તિ પુરુષ અને સ્ત્રી માત્રનો ભેદ હોય તો થાય છે. જ્યારે અહીં પ્રકૃતિભેદ પણ હોવાથી અહીં આ સૂત્રથી એકશેષ પ્રક્રિયા થઈ નહીં.

**વિશેષતા :**

(૧) ब्राह्मणश्च ब्राह्मणी च इति ઇત્યાદિ સમાસમાં જો ब्राह्मणत्व જાતિની વિવક્ષા કરવામાં આવે તો समानामर्थे० ૩.૧.૧૧૮ સૂત્ર દ્વારા જ એકશેષ થવાની પ્રાપ્તિ હતી, પરંતુ જ્યારે જાતિની વિવક્ષા વિના જ પુંસ્ત્વ અને સ્ત્રીત્વ રૂપ વિશેષ વિવક્ષા કરવામાં આવે ત્યારે समानामर्थे०૩.૧.૧૧૮ સૂત્ર ન લાગતાં द्वन्द्व સમાસની પ્રાપ્તિ થાય છે. જે અનિષ્ટ છે. તેનું પણ વારણ કરીને એકશેષ પ્રક્રિયા કરવા માટે આ સૂત્રનું વિધાન છે.

(૨) અહીં લઘુવૃત્તિનાં प्राणिनि पुंसि रुढः એ પ્રમાણે પંક્તિ દ્વારા અપ્રાણી અર્થમાં રહેલ પુંલિંગ શબ્દનાં એક-શેષનું વારણ કરવામાં આવ્યું છે. તથા, તેના સાહચર્યથી સ્ત્રીલિંગ શબ્દ પણ સ્ત્રીત્વ વિશિષ્ટ પ્રાણીમાં રૂઢ જ ગ્રહણ કરવો. તન્માત્ર ભેદનું ગ્રહણ હોવાથી તાદૃશ પુરુષનો તાદૃશ સ્ત્રીની સાથે જ એકશેષ પ્રક્રિયા જાણવી.

(૩) અહીં કેટલાંક વ્યાકરણકારો પ્રકૃતિભેદમાં જ એકશેષ ઇચ્છતાં નથી. સ્ત્રી-પુરુષનાં ભેદની સાથે અર્થભેદ હોય તો પણ ઇચ્છે છે. તેથી તેઓનાં મતે इन्द्रश्च इन्द्राणी चेति इन्द्रौ પ્રયોગ પણ સિદ્ધ થાય છે. અહીં ધવયોગ કૃત ભેદ છે.

જિ. : ब्राह्मणवत्सा च ब्राह्मणवत्सश्चेति ब्राह्मणवत्साब्राह्मणवत्सौ ઇત્યાદિ સમાસમાં પણ માત્ર સ્ત્રી અને પુરુષનો જ ભેદ છે. તો આ સૂત્રની પ્રવૃત્તિ શા માટે નથી થઈ ?

**સમા.** : તમારી વાત સાચી છે. પરંતુ આ સૂત્રમાં જે સ્ત્રી-પુરુષનો ભેદ બતાવે છે, તે માત્ર પ્રધાન સ્ત્રી-પુરુષની અપેક્ષાએ જાણવો. પણ વિશેષણીભૂત અપ્રધાન એવા સ્ત્રી-પુરુષની અપેક્ષાએ નહીં. ઉપરોક્ત પ્રયોગમાં પ્રધાન वत्सा-वत्सौ એ પ્રમાણે પ્રધાનભેદની સાથે વિશેષણભૂત ब्राह्मण-ब्राह्मणी અપ્રધાન ભેદ પણ છે. તેથી ત્યાં આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં.

## ग्राम्याशिशुद्विशफसंघे स्त्री प्रायः ३.१.१२७

અ.અ.સૂ. : **पुरुषः नाम स्त्रिया नाम्ना ग्राम्याशिशुद्विशफसंघे (ऐकार्थ्ये) सहोक्तौ प्रायः स्त्री एकः शेषः, तन्मात्रभेदे।**

અર્થ : ગ્રામ્ય એવા અશિશુ (બાળક ન હોય તેવા), બે ખુરીવાળા પશુઓનો સમુદાય અર્થમાં પુરુષ નામની સ્ત્રી સાથે સહોક્તિ જણાતે છતે પ્રાયઃ સ્ત્રીવાચી નામ એકશેષ રહે છે. જો તેટલા પૂરતો જ ભેદ હોય તો.

સ. **ग्राम्याशिशुद्विशफसंघे** = न शिशव इति अशिशवः, द्वौ शफौ येषां ते इति द्विशफाः, ग्राम्याश्च तेऽशिशवश्चेति ग्राम्याशिशवः, ग्राम्याशिशवश्च ते द्विशफाश्चेति ग्राम्या शिशुद्विशफाः, ग्राम्याशिशुद्विशफानां संघ इति ग्राम्या-शिशुद्विशफासंघः, तस्मिन्निति।

ઉદા. (૧) **इमा गावः** = ગાયો અને બળદો.

गावश्च (स्त्रियः) गावश्च (नराः) इति।

આ સૂત્રથી પુરુષવાચી ગોની સ્ત્રીવાચી ગોની સાથે સહોક્તિ જણાતી હોવાથી તેમજ गो ગ્રામ્ય, અશિશુ, બે ખુરીવાળું પ્રાણી છે. જેની અહીં સમુદાયમાં વિવક્ષા છે. માટે આ સૂત્રથી એકશેષ પ્રક્રિયા થઈ છે.

પ્ર.ઉદા.(૧) **ग्राम्येति किम्? इमे रुरवः** = જંગલી હરણો અને હરણીઓ.

रुरवश्च (इमे) रुरवश्च (इमाः) इति।

આ સૂત્રની પ્રવૃત્તિ ગ્રામ્ય પશુ હોય તો જ થાય છે. જ્યારે અહીં रुरवः ગ્રામ્ય ન હોવાથી આ સૂત્રથી

સ્ત્રીવાચી નામ એકશેષ ન રહેતાં पुरुषः स्त्रिया ૩.૧.૧૨૬ સૂત્રથી પુરુષવાચી નામ એકશેષ રહે છે.

(૨) **अशिश्विति किम्? बर्कराः** = બકરીઓ (બચ્ચાઓ) અને બકરાઓ (બચ્ચાઓ).

बर्कर्यश्च बर्कराश्चेति।

આ સૂત્રની પ્રવૃત્તિ બાળક ન હોય તેવા પ્રાણીવાચી નામને વિશે થાય છે. જ્યારે અહીં શિશુ સ્વરૂપ બકરીઓ છે. માટે આ સૂત્રથી સ્ત્રીવાચી નામ એકશેષ ન રહેતાં पुरुषः૦૩.૧.૧૨૬થી પુરુષવાચી નામ એકશેષ રહ્યું છે.

(૩) **द्विशफेति किम्? गर्दभाः** = ગધેડીઓ અને ગધેડાઓ.

गर्दभाश्च गर्दभ्यश्चेति।

આ સૂત્રની પ્રવૃત્તિ બે ખુરીવાળા પ્રાણીવાચી નામને વિશે થાય છે. જ્યારે અહીં એક ખુરીવાળું પ્રાણીવાચી નામ છે. માટે આ સૂત્રથી એકશેષ પ્રક્રિયા ન થતાં पुरुषः૦૩.૧.૧૨૬થી પુરુષવાચી નામ એકશેષ રહ્યું છે.

(૪) **संघ इति किम्? इमौ गावौ** = ગાય અને બળદ.

गोश्च (अयम्) गोश्च (इयम्)।

★ આ સૂત્રની પ્રવૃત્તિ સંઘ અર્થની વિવક્ષા હોય તો થાય છે, જ્યારે અહીં સંઘ અર્થની વિવક્ષા ન હોવાથી આ સૂત્રથી એકશેષ પ્રક્રિયા ન થતાં પૂર્વસૂત્રથી પુરુષવાચી નામ એકશેષ રહ્યું છે.

★ **प्रायः इति किम्? उष्ट्राः** = ઊંટડીઓ અને ઊંટો.

उष्ट्र्यश्च उष्ट्राश्चेति।

★ આ સૂત્રની પ્રવૃત્તિ પ્રાયિક હોવાથી સૂત્રગત તમામ શરતો ઘટતી હોવા છતાં પણ અહીં સ્ત્રીવાચી નામ એકશેષ ન રહેતાં પૂર્વસૂત્રથી પુરુષવાચી નામ જ એકશેષ રહ્યું છે.

**વિશેષતા :**

(૧) અહીં પૂર્વસૂત્રથી પુરુષવાચી નામમાં એકશેષની પ્રાપ્તિ હતી. જેમાં આ સૂત્રથી સ્ત્રીવાચી નામને એકશેષ કરેલ છે. તેથી આ સૂત્ર पुरुषः૦૩.૧.૧૨૬નું અપવાદ સૂત્ર છે.

**જિ.** : અહીં સૂત્રમાં પશુ પદનું ગ્રહણ ન હોવા છતાં પણ લઘુવૃત્તિમાં अर्थात् पशवः એ પ્રમાણે અર્થ શા માટે કર્યો?

**સમા.** : અહીં द्विशफसंघे એ પ્રમાણે બે ખુરીવાળાં જીવનો નિર્દેશ કર્યો છે. અને खुरी પશુનાં પગમાં રહેલ તેવા પ્રકારની રચના વિશેષ છે. જે માત્ર તેની માટે જ પ્રયુક્ત થાય છે. માટે અહીં લઘુવૃત્તિકારે પશુ અર્થનો નિર્દેશ કરેલ છે.

## क्लीबमन्येनैकं च वा ३.१.१२८

**અ.અ.સૂ.** : **क्लीबं नाम अन्येन नाम्ना सहोक्तौ एकः शेषः, एकं च वा, तन्मात्रभेदे।**

**અર્થ** : નપુંસકલિંગમાં વર્ત્તતાં નામની તેનાથી અન્ય નામની સાથે સહોક્તિ જણાતે છતે નપુંસક નામ એકશેષ રહે

છે. અને તે વિકલ્પે એ.વ.માં મૂકાય છે. જો તેટલા પૂરતો જ (લિંગ માત્રનો) ભેદ હોય તો.

સ. (૧) **शुक्लं/शुक्ले** = શ્વેત (વસ્ત્ર) અને શ્વેત (પટ).
शुक्लं च शुक्लश्चेति।
અહીં નપુંસક शुक्लની પુંલિંગ शुक्ल સાથે સહોક્તિ જણાતી હોવાથી આ સૂત્રથી शुक्ल નામ એકશેષ રહ્યું છે. અને તેને વિકલ્પે એ.વ. થાય છે.

(૨) **शुक्लं/शुक्लानि** = શ્વેત (વસ્ત્ર), શ્વેત (પટ) અને શ્વેત (સાડી)
शुक्लं च शुक्लश्च शुक्ला चेति।

પ્ર.ઉદા.(૧) **अन्येनेति किम् ? शुक्ले** = સફેદ (વસ્ત્ર) અને સફેદ (પુસ્તક).
शुक्लं च शुक्लं चेति।

★ આ સૂત્રથી પ્રવૃત્તિ અન્ય નામ તે નપુંસક લિંગ સિવાયનું હોય તો જ થાય છે. જ્યારે અહીં અન્ય નામ પણ નુપંસક હોવાથી આ સૂત્રથી એ.વ. ન થયું. પરંતુ समानामर्थे૦૩.૧.૧૧૮થી એકશેષ પ્રક્રિયા થઈ છે.

(૨) **तन्मात्रभेद इत्येव** = **हिमहिमान्यौ** = નાનો બરફ અને મોટો બરફ.
हिमं च हिमानी चेति।
चार्थे૦૩.૧.૧૧૭થી हिम અને हिमानीનો સમાસ
તથા, લઘ્વક્ષરી हिमनो लघ्वक्षरा૦૩.૧.૧૬૦થી પૂર્વનિપાત→**हिम**+हिमानी
પ્રથમા औ વગેરે→हिमहिमान्यौ।

★ આ સૂત્રની પ્રવૃત્તિ લિંગ માત્રનો ભેદ હોય તો થાય છે. જ્યારે અહીં અર્થભેદ પણ હોવાથી આ સૂત્રથી એકશેષ પ્રક્રિયા થઈ નહીં.

**વિશેષતા :**

(૧) યદ્યપિ અહીં एकम्નો અધિકાર લેવાથી एकः शेषःનો અધિકાર અટકી જાય છે. પરંતુ **चकारो यस्मात्परस्त-त्सजातीयमेव समुच्चिनोति २/६१** ન્યાયાનુસારે અહીં ચકાર દ્વારા एकः शेषःનાં અધિકારનું ગ્રહણ કર્યું છે. તેમજ, **चानुकृष्टं नाऽनुवर्त्तते १/६२** ન્યાયાનુસારે આ અધિકાર ઉત્તર સૂત્રમાં જશે નહીં.

**જિ.** : સહોક્તિ બે પ્રકારે છે. ઈતરેતર યોગરૂપ અને સમાહાર યોગરૂપ. ત્યાં સમાહાર રૂપ સહોક્તિ હોતે છતે સ્વભાવથી જ એ.વ. થવાની પ્રાપ્તિ હતી. તો આ સૂત્રમાં એ.વ.નો નિર્દેશ શા માટે કર્યો ?

**સમા.** : સમાહારની વિવક્ષામાં એ.વ.ની પ્રાપ્તિ સ્વાભાવિક રીતે જ થાય છે. પરંતુ દરેક સહોક્તિનાં વિષયમાં સમાહાર હોય છે તેવો કોઈ નિયમ નથી; કારણકે તેવી પ્રતીતિ થતી નથી. અને જો તેવો નિયમ બનાવવામાં આવે તો આ સૂત્રનાં વિષયભૂત નહીં એવી એકશેષ પ્રક્રિયામાં પણ સહોક્તિ હોવાથી નિત્ય એ.વ. થવાની આપત્તિ આવે. તેથી સહોક્તિનાં વિષયમાં પણ એ.વ.નું નિયમન કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

## એકશેષ પ્રક્રિયાનું સારાંશ કોષ્ટક

| સૂત્ર | નામ | અન્ય નામ | અન્ય અર્થાદિ નિમિત્ત | શેષ રહેતું નામ | ઉદા. |
|---|---|---|---|---|---|
| समानामर्थे०११८ | સમાનાર્થક | સમાનાર્થક | - | યદચ્છા મુજબ પ્રત્યેક | वक्रौ/कुटिलौ |
| स्यादाव०११९ | સમાન વિભક્તિવાળાં | સમાન વિભક્તિવાળાં | - | યદચ્છા મુજબ પ્રત્યેક | अक्षाः |
| त्यदादि०१२० | त्यद् | - | - | त्यदादि | तौ |
| भ्रातृ-पुत्राः०१२१ | भ्रातृ-पुत्र વાચી | स्वसृ-दुहितृ વાચી | - | भ्रातृ, पुत्र | भ्रातरौ |
| पिता मात्रा०१२२ | पितृ | मातृ | - | पितृ | पितरौ/मातापितरौ |
| श्वशुरः०१२३ | श्वशुर | श्वश्रू | - | श्वशुर | श्वशुरौ |
| वृद्धो यूना०१२४ | वृद्ध વાચી | युवा વાચી | તન્માત્ર ભેદમાં | वृद्ध વાચી | गार्ग्यौ |
| स्त्री पुंव०१२५ | वृद्ध સ્ત્રીવાચી | युवा વાચી | તન્માત્ર ભેદમાં | वृद्ध સ્ત્રીવાચી | गर्गान् |
| पुरुषः०१२६ | પુરુષવાચી | સ્ત્રીવાચી | તન્માત્ર ભેદમાં | પુરુષવાચી | ब्राह्मणौ |
| ग्राम्याशिशु०१२७ | - | સ્ત્રીવાચી | ગ્રામ્ય, અશિશુ, બે ખુરીવાળા સમુદાયમાં તન્માત્ર ભેદ | સ્ત્રીવાચી | इमा गावः |
| क्लीबमन्ये०१२८ | નપુંસક લિંગવર્ત્તી | અન્ય લિંગવર્ત્તી | તન્માત્ર ભેદમાં | નપુંસક લિંગવર્ત્તી | शुक्लम् |

## पुष्यार्थाद् भे पुनर्वसुः ३.१.१२९

અ.અ.સૂ. : **पुष्यार्थात् नाम भे पुनर्वसुः नाम्ना सहोक्तौ ( भे पुनर्वसुः ) एकम् ।**

અર્થ : પુષ્ય અર્થમાં વર્ત્તતાં નામની, પર નક્ષત્ર અર્થમાં વર્ત્તતાં પુનર્વસુ નામની સાથે સહોક્તિ જણાતે છતે નક્ષત્રવાચી પુનર્વસુ નામ દ્વિ.વ.માં વર્ત્તતું છતું એ.વ.ને પામે છે.

સ. **पुष्यार्थात्** = पुष्योऽर्थो यस्याऽसौ इति पुष्यार्थः, तस्मादिति।

ઉદા. (૧) **उदितौ पुष्यपुनर्वसू** = ઊગેલાં પુષ્ય નક્ષત્ર અને બે પુનર્વસુ નક્ષત્ર.
पुष्यश्च पुनर्वसू चेति।
चार्थे०૩.૧.૧૧૭થી द्वन्द्व સમાસ તથા
અલ્પસ્વરી पुष्यનો लघ्वक्षरा०૩.૧.૧૬૦થી પૂર્વનિપાત→ **पुष्य**+पुनर्वसू
આ સૂત્રથી पुनर्वसु એ.વ.→पुष्य+**पुनर्वसु**
તેથી પ્રથમા औ વગેરે→पुष्यपुनर्वसू।

(૨) **उदितौ तिष्यपुनर्वसू** = ઊગેલાં પુષ્ય નક્ષત્ર અને બે પુનર્વસુ નક્ષત્ર.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા.(૧) **पुष्यार्थादिति किम् ? आर्द्रापुनर्वसवः** = આર્દ્રા નક્ષત્ર અને બે પુનર્વસુ નક્ષત્ર.
आर्द्रा च पुनर्वसू चेति।

★ આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રથી પુનર્વસુને એ.વ. કરવું નહીં.

આ સૂત્રની પ્રવૃત્તિ પુનર્વસુ નક્ષત્રને વિશે જ થાય છે. જ્યારે અહીં મઘા નક્ષત્ર હોવાથી આ સૂત્રથી એ.વ. થયું નહીં.

(૨) **भ इति किम् ? तिष्यपुनर्वसवः बालाः** = તિષ્ય નક્ષત્ર અને બે પુનર્વસુ નક્ષત્રમાં જન્મેલાં બાળક.
तिष्येण चन्द्रयुक्तेन युक्तः कालः તથા, पुनर्वसुभ्यां चन्द्रयुक्ताभ्यां युक्तः काल इति
चन्द्रयुक्तात्० ૬.૨.૬થી अण्→तिष्य+**अ**/पुनर्वसु+**अ**
भर्तुसन्ध्या० ૬.૩.૮૯થી अण्નો લોપ→तिष्य, पुनर्वसु
चार्थे० ૩.૧.૧૧૭થી द्वन्द्व સમાસ વગેરે→तिष्यपुनर्वसवः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ નક્ષત્ર અર્થમાં વર્ત્તતાં પુનર્વસૂ શબ્દમાં થાય છે. જ્યારે અહીં નક્ષત્રાર્થક પુનર્વસુ શબ્દ નથી. માટે આ સૂત્રથી એ.વ. થયું નહીં.

**વિશેષતા :**

(૧) અહીં સૂત્રગત पुष्यार्थात् અને पुनर्वसुः બે પદની મધ્યમાં રહેલ भे પદનો **देहलीदीपक** ન્યાયથી બંને પદ સાથે અન્વય કરવો. તેથી પુષ્યાર્થક નક્ષત્રવાચી નામ અને પુનર્વસુ નક્ષત્રવાચી નામ એ પ્રમાણે અર્થ પ્રાપ્ત થાય છે.

(૨) અહીં पुष्यपुनर्वसू એ પ્રમાણે દ્વિવચનનો નિર્દેશ હોવાથી ઇતરેતર યોગ રૂપ સહોક્તિ જાણવી પણ સમાહાર યોગ રૂપ નહીં. જો સમાહાર યોગ રૂપ સહોક્તિ હોય તો સંપૂર્ણ સમાસ જ એ.વ.માં થતાં આ સૂત્ર વ્યર્થ જવાની આપત્તિ આવે.

## विरोधिनामद्रव्याणां नवा द्वन्द्वः स्वैः ३.१.१३०

**અ.અ.સૂ. :** **विरोधिनाम् अद्रव्याणां नामानि द्वन्द्वः समासः एकं नवा, स्वैः नामभिः।**

**અર્થ** : વિરોધીવાચી અને દ્રવ્ય = ગુણાદિનો આશ્રય. દ્રવ્યનું પ્રતિપાદન નહીં કરનારાં શબ્દોનો દ્વન્દ્વ સમાસ વિકલ્પે એકવચનાન્ત થાય છે. જો સજાતીય સાથે જ તેનો દ્વન્દ્વ સમાસ થયેલો હોય તો.

**સ.** **अद्रव्याणाम्** = न द्रव्याणीति अद्रव्याणि, तेषामिति।

ઉદા. (૧) **सुखदुःखम्/सुखदुःखे** = સુખ અને દુઃખ.
सुखं च दुःखं च एतयोः समाहार इति।
चार्थे०૩.૧.૧૧૭થી દ્વન્દ્વ સમાસ તથા,
અર્ચ્યવાચી सुखનો लघ्वक्षरा०૩.૧.૧૬૦થી પૂર્વનિપાત
→**सुख**+दुःख
આ સૂત્રથી વિકલ્પે એ.વ. તથા,
**द्वन्द्वैकत्वा०३/९** લિંગાનુ. અનુસારે નપુંસક લિંગ થતાં પ્રથમા सि વગેરે→सुखदुःखम्।

**વિકલ્પે :** એ.વ. ન થાય ત્યારે, ઇતરેતરની વિવક્ષામાં (सुखं च दुःखं चेति।)
चार्थे०૩.૧.૧૧૭થી દ્વન્દ્વ વગેરે→सुखदुःख
પ્રથમા औ→सुखदुःखे।

(૨) **लाभालाभम्/लाभालाभौ** = લાભ અને અલાભ.
लाभश्च अलाभश्च एतयोः समाहार इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

प्र.ઉદા.(१) **विरोधिनामिति किम्? कामक्रोधौ** = કામ અને ક્રોધ.

कामश्च क्रोधश्चेति।

चार्थे०૩.૧.૧૧૭થી काम અને क्रोधનો સમાસ તથા, અલ્પાક્ષરી कामનો लघ्वक्षरा०૩.૧.૧૬૦થી પૂર્વનિપાત →**काम**क्रोधौ

પ્રથમા औ વગેરે→कामक्रोधौ।

★ આ સૂત્રની પ્રવૃત્તિ વિરોધીવાચી નામ વિષયક द्वन्द्वમાં થાય છે. જ્યારે અહીં વિરોધીવાચી द्वन्द्व નથી. માટે આ સૂત્રથી એ.વ. થયું નહીં.

(૨) **अद्रव्याणामिति किम्? शीतोष्णे जले** = ઠંડું અને ગરમ પાણી. शीतं च उष्णं चेति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ દ્રવ્યનું પ્રતિપાદન નહીં કરનારાં નામ વિષયક द्वन्द्वમાં થાય છે. જ્યારે અહીં शीत અને उष्ण ગુણવચન હોવાથી દ્રવ્યનું પ્રતિપાદન કરનારાં છે. માટે આ સૂત્રથી એ.વ. થયું નહીં.

(૩) **स्वैरिति किम्? बुद्धि-सुख-दुःखानि** = બુદ્ધિ, સુખ અને દુઃખ.

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સજાતીય નામ વિષયક द्वन्द्वમાં થાય છે. જ્યારે અહીં बुद्धि નામ सुख અને दुःखને સજાતીય નામ નથી. માટે આ સૂત્રથી એ.વ. થયું નહીં.

**વિશેષતા :**

**જિ.** : સમાહારની વિવક્ષા હોતે છતે સહોક્તિનાં વિષયમાં એકત્વ અને ઇતરેતર યોગની વિવક્ષા હોતે છતે અનેકત્વનો બોધ થાય છે. આમ વિવક્ષા ભેદે એકત્વથી એકવચન અને અનેકત્વથી દ્વિ.વ. અને બ.વ. પ્રાપ્ત થાય જ છે. અને દરેક વિવક્ષા વિકલ્પે થઈ શકે છે. તો આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો ?

**સમા.** : તમારી વાત સાચી છે. પરંતુ તે પ્રમાણે વિવક્ષા આધીનતયા એકવચનાન્તાદિનું વિધાન કરવામાં આવે તો તમામ દ્વન્દ્વ સમાસમાં એ પ્રમાણે વિકલ્પે એ.વ., દ્વિ.વ. થઈ શકે જે ઇષ્ટ નથી. માટે માત્ર વિરોધી અદ્રવ્યનો જ સજાતીય દ્વન્દ્વ સમાસ હોય ત્યારે જ આ પ્રક્રિયા કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. તેથી, જ્યાં આ સૂત્રની કોઈપણ એક શરત જો ન ઘટતી હોય અને અન્ય શરત ઘટતી હોય તેવા પ્ર.ઉદા.માં માત્ર ઇતરેતર યોગ જ થશે. અને તદન્યમાં વિવક્ષાનુસારે સમાહાર અને ઇતરેતર બંને દ્વન્દ્વ સમાસ થશે.

## अश्ववडव-पूर्वापरा-ऽधरोत्तराः ३.१.१३१

**અ.અ.સૂ. : अश्ववडव-पूर्वापरा-ऽधरोत्तराः ( निपात्यन्ते ) नवा ।**

**અર્થ** : अश्ववडव, पूर्वापर અને अधरोत्तर એ પ્રમાણે દ્વન્દ્વ સમાસ વિકલ્પે એ.વ.માં નિપાતન કરાય છે. જો સજાતીય સાથે જ તેનો દ્વન્દ્વ સમાસ થયેલો હોય તો.

સ. **अश्ववडव-पूर्वापरा-ऽधरोत्तराः** = अश्ववडवश्च पूर्वापरश्च अधरोत्तरश्चेति।

ઉદા. (૧) **अश्ववडवम्/अश्ववडवौ** = ઘોડો અને ઘોડી.
अश्वश्च वडवा च एतयोः समाहार इति।
चार्थे०૩.૧.૧૧૭થી अश्व અને वडवानो સમાસ તથા, સ્વરાદિ અકારાન્ત अश्वનો लघ्वक्षरा०૩.૧.૧૬૦થી પૂર્વનિપાત→**अश्व**+वडवा
આ સૂત્રથી વિકલ્પે એ.વ. અને वडवानो સ્વર હ્રસ્વ→ अश्ववड**वम्**।
**વિકલ્પે :** એ.વ. ન થાય ત્યારે, ઇતરેતરની વિવક્ષામાં, (अश्वश्च वडवा चेति।)
चार्थे०૩.૧.૧૧૭થી द्वन्द्व વગેરે→अश्ववडवाः।

(૨) **पूर्वापरम्/पूर्वापरे** = પૂર્વ અને પશ્ચિમ દિશા.
पूर्वा च अपरा चेति।

(૩) **अधरोत्तरम्/अधरोत्तराः** = નીચે અને ઉપર.
अधरश्च उत्तरश्चेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**વિશેષતા :**

જિ. : पशु-व्यञ्जना०૩.૧.૧૩૨થી अश्ववडवમાં અને પૂર્વોક્ત રીતે ઇતરેતર અને સમાહારની વિવક્ષામાં એકત્વ અને અનેકત્વ દ્વારા पूर्वापर અને अधरोत्तरમાં એ.વ. સિદ્ધ જ હતું. તો પણ આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો?

સમા. : અહીં **सिद्धे सत्यारम्भो नियमार्थः १/२५** ન્યાયની પ્રવૃત્તિ થઈ છે. તેથી નિયમ થયો કે, अश्वनो वडव

સાથે જ સમાસ થશે. પણ તેનાં પર્યાયવાચી નામો સાથે નહીં. તેથી हयवडवौ સ્થાને વિકલ્પે એ.વ. થતું નથી. તથા, पूर्वापर અને अधरोत्तरનો પણ બીજા પદ સાથે સમાસ થશે. તો આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં. તેથી पूर्वपश्चिमौ, दक्षिणोत्तरौ સ્થાને વિકલ્પે એ.વ. થતું નથી.

## पशु-व्यञ्जनानाम् ३.१.१३२

**અ.અ.સૂ. : पशु-व्यञ्जनानां नामानि द्वन्द्वः समासः एकं नवा, स्वैः नामभिः।**

**અર્થ** : પશુ અને વ્યંજનવાચી નામોનો દ્વન્દ્વ સમાસ વિકલ્પે એકવચનાન્ત થાય છે. જો સજાતીય સાથે જ તેનો દ્વન્દ્વ સમાસ થયો હોય તો.

**સ.** **पशु-व्यञ्जनानाम्** = पशवश्च व्यञ्जनानि चेति पशुव्यञ्जनानि, तेषामिति।

ઉદા. (૧) **गोमहिषम्/गोमहिषौ** = ગાય અને ભેંસ.
गौश्च महिषश्चेति।
चार्थे०૩.૧.૧૧૭થી गो અને महिषનો સમાસ તથા, અલ્પાક્ષરી गोનો लघ्वक्षरा०૩.૧.૧૬૦થી પૂર્વનિપાત→ **गो**महिष
આ સૂત્રથી વિકલ્પે એ.વ. વગેરે→गोमहि**षम्**।
**વિકલ્પે :** એ.વ. ન થાય ત્યારે, ઇતરેતરની વિવક્ષામાં, चार्थे०૩.૧.૧૧૭થી દ્વન્દ્વ વગેરે→गोमहिषौ।

(૨) **दधिघृतम्/दधिघृते** = દહીં અને ઘી.
दधि च घृतं चेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, ઉત્તરસૂત્રમાં અરણ્ય પશુ એવા મૃગનું ગ્રહણ હોવાથી આ સૂત્રનાં पशु પદ દ્વારા ગ્રામ્ય પશુઓનું જ ગ્રહણ કરવું. અરણ્ય પશુઓનું નહીં. તથા, व्यज्यते इति व्यञ्जनम् એ વ્યુત્પત્તિ-અનુસારે અન્નમાં રુચિ પ્રગટ કરનારાં દૂધ, દહીં, શાક, દાળ, ઘી વગેરે ભોજ્ય પદાર્થો ગ્રહણ કરવા.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, पशु અને व्यञ्जन એમ બે અર્થનો નિર્દેશ હોતે છતે પણ અહીં બ.વ. કર્યું છે. તેનાથી અન્ય પાણિની વગેરે વ્યાકરણકારોનો મત સંગૃહીત કરવામાં આવે છે. તેઓનાં મતે हस्तिनश्च अश्वाश्चेति એ પ્રમાણે સેનાંગ પશુવાચી શબ્દોનો સમાસ કરવામાં આવે ત્યારે આ સૂત્ર પણ લાગતું હોવા છતાં स्पर्द्धे ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે પરસૂત્રતયા બળવાન હોવાથી सेनांग-क्षुद्र૦૩.૧.૧૩ સૂત્ર લાગીને નિત્ય એ.વ. થવાની પ્રાપ્તિ છે. પરંતુ બ.વ. દ્વારા તેનો બાધ કરીને હવે, આ સૂત્રની પ્રવૃત્તિ થશે. તેથી हस्त्यश्वम्/हस्त्यश्वाः એમ બે પ્રયોગો સિદ્ધ થાય છે.

યદ્યપિ ઉપરોક્ત રીતે નિત્ય વૈરવાળાં પશુઓનો સમાસ કરવામાં આવે ત્યારે આ બ.વ. દ્વારા તેનો બાધ થઈને આ સૂત્રની જ પ્રવૃત્તિ થવી જોઈએ. પરંતુ नित्यवैरस्य ૩.૧.૧૪૧ સૂત્ર देवासुरम् એ પ્રમાણે પશુ સિવાયનાં દ્વન્દ્વમાં પણ પ્રવર્ત્તતું હોવાથી પરસૂત્રતયા नित्यवैर૦૩.૧.૧૪૧ સૂત્ર બળવાન હોવાથી બ.વ. દ્વારા તેનો બાધ થતો નથી.

(૩) અહીં પણ વિરોધિ૦૩.૧.૧૩૦ સૂત્રની જેમ સમૂહની વિવક્ષામાં સમાહારની અને તે સિવાય ઈતરેતર યોગની વિવક્ષામાં વિકલ્પે એકવચનાન્તત્વની પ્રાપ્તિ હતી જ. પરંતુ પશુવાચી અને વ્યંજનવાચી નામનાં સ્વ દ્વન્દ્વ સમાસમાં જ વિકલ્પે એ.વ. કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. તેથી જ્યાં આ સૂત્રની કોઈપણ એક શરત જો ન ઘટતી હોય અને અન્ય શરત ઘટતી હોય તેવા પ્ર.ઉદા.માં માત્ર ઈતરેતર યોગ જ થશે. અને તદન્યમાં વિવક્ષાનુસારે સમાહાર અને ઈતરેતર બંને દ્વન્દ્વ સમાસ થશે. એ પ્રમાણે આગામી સૂત્રમાં પણ જાણવું.

## तरु-तृण-धान्य-मृग-पक्षिणां बहुत्वे ३.१.१३३

અ.અ.સૂ. : **बहुत्वे तरु-तृण-धान्य-मृग-पक्षिणां नामानि द्वन्द्वः समासः एकं नवा, स्वैः नामभिः ।**

અર્થ : બહુત્વમાં વર્ત્તતાં તરુ, તૃણ, ધાન્ય, મૃગ અને પક્ષીવાચી પ્રત્યેક નામોનો થયેલ દ્વન્દ્વ સમાસ વિકલ્પે એકવચનાન્ત થાય છે. જો સજાતીય સાથે જ દ્વન્દ્વ સમાસ થયો હોય તો.

સ. **तरु-तृण-धान्य-मृग-पक्षिणाम्** = तरवश्च तृणानि च धान्यानि च मृगाश्च पक्षिणश्च इति तरु-तृण-धान्य-मृगपक्षिणः, तेषामिति।

ઉદા. (૧) **વૃક્ષવાચી = प्लक्षन्यग्रोधम्/प्लक्षन्यग्रोधाः** = પીપળા અને વડનો સમૂહ.
प्लक्षाश्च न्यग्रोधाश्च एतेषां समाहार इति।

चार्थे०३.१.११७थी प्लक्ष અને न्यग्रोधनो સમાસ તથા, અલ્પસ્વરી प्लक्षनो लघ्वक्षरा०३.१.१६०थी પૂર્વનિપાત→ **प्लक्ष**+न्यग्रोध

આ સૂત્રથી એકવચન→प्लक्षन्यग्रो**धम्**।

**વિકલ્પે :** ઇતરેતરની વિવક્ષામાં, (प्लक्षाश्च न्यग्रोधाश्चेति।) चार्थे०३.१.११७थी સમાસ વગેરે→प्लक्ष+न्यग्रोध

પ્રથમા जस् વગેરે→प्लक्षन्यग्रोधाः।

(૨) **ઘાસવાચી = कुशकाशम्/कुशकाशाः** = કુશ અને કાશ ઘાસ. कुशाश्च काशाश्चेति।

(૩) **ધાન્યવાચી = तिलमाषम्/तिलमाषाः** = તલ અને અડદ. तिलाश्च माषाश्चेति।

(૪) **મૃગવાચી = ऋश्यैणम्/ऋश्यैणाः** = ઋશ્ય અને એણ નામનાં હરણો. ऋश्याश्च एणाश्चेति।

(૫) **પક્ષીવાચી = हंसचक्रवाकम्/हंसचक्रवाकाः** = હંસ અને ચક્રવાક પક્ષી. हंसाश्च चक्रवाकाश्चेति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**વિશેષતા :**

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, સૂત્રગત तरु-तृण० વગેરે પદો દ્વારા તેનાં વિશેષ ભેદોનું ગ્રહણ કરવું. પણ સામાન્ય પર્યાયવાચી શબ્દનું નહીં. કારણકે तरवश्च तरवश्च એ પ્રમાણે સામાન્ય ભેદનું ગ્રહણ કરવામાં આવે તો स्यादाव०३.१.११९ સૂત્ર દ્વારા જ એકશેષ પ્રક્રિયા થાય છે. અને वृक्षश्च तरवश्च એ પ્રમાણે સામાન્ય

ભેદનાં પર્યાયવાચી પદોનું ગ્રહણ કરવામાં આવે તો समानामर्थे०૩.૧.૧૧૮ સૂત્ર દ્વારા એકશેષની પ્રક્રિયા થાય છે. તથા तरवश्च धवाश्च એ પ્રમાણે સામાન્ય અને વિશેષવાચી બંને પદોનું ગ્રહણ કરવામાં આવે તો ધવ પણ વૃક્ષનો જ પ્રકાર હોવાથી વિગ્રહમાં તેનું ગ્રહણ વ્યર્થ જવાની આપત્તિ આવે. તેથી, અહીં વિશેષવાચી બંને પદનું ગ્રહણ કરવું.

(૨) અહીં સૂત્રગત बहुत्वे પદ દ્વારા સમાસગત તમામ ભાવોનું બહુત્વ વિવક્ષિત છે. તેથી એકપદ પણ બહુવચનાન્ત હશે તો બહુત્વ પ્રાપ્ત થવાથી આ સૂત્રની પ્રવૃત્તિ થશે. જેમકે, प्लक्षश्च न्यग्रोधाश्चेति प्लक्षन्यग्रोधम्।

(૩) અહીં ધ્યાનમાં લેવું કે, મૃગ પણ પશુવાચી શબ્દ હોવાનાં કારણે पशु-व्यञ्जन०૩.૧.૧૩૨ સૂત્રથી જ એકવચનાન્તપણું સિદ્ધ જ હતું. પરંતુ આ સૂત્રમાં પુનઃ નિર્દેશ કર્યો હોવાથી જે મૃગવાચી નથી અને બહુવચનાન્ત નથી તેવા જંગલી પશુવાચી નામનાં દ્વન્દ્વ સમાસમાં पशु-व्यञ्जना०૩.૧.૧૩૨થી પણ એકત્વ થશે નહીં.

## सेनाङ्ग-क्षुद्रजन्तूनाम् ३.१.१३४

**અ.અ.સૂ. : बहुत्वे सेनाङ्ग-क्षुद्रजन्तूनां नामानि द्वन्द्व समासः एकम्, स्वैः नामभिः।**

**અર્થ** : બહુત્વમાં વર્ત્તતાં સેનાનાં અંગવાચી અને ક્ષુદ્ર જંતુવાચી પ્રત્યેક નામોનો થયેલ દ્વન્દ્વ સમાસ એકવચનાન્ત થાય છે. જો સજાતીય સાથે જ દ્વન્દ્વ સમાસ થયો હોય તો.

સ. **सेनाङ्ग-क्षुद्रजन्तूनाम्** = सेनाया अङ्गानि इति सेनाङ्गानि, क्षुद्राश्च ते जन्तवश्चेति क्षुद्रजन्तवः, सेनाङ्गानि च क्षुद्रजन्तवश्चेति सेनाङ्गक्षुद्रजन्तवः, तेषामिति।

ઉદા. (૧) **સેનાંગવાચી = अश्वरथम्** = ઘોડા અને રથો.
अश्वाश्च रथाश्च एतेषां समाहार इति।
चार्थे द्वन्द्वः०३.१.११७થી अश्व અને रथનો સમાસ તથા, સ્વરાદિ અકારાન્ત अश्वનો लघ्वक्षरा०३.१.१६०થી પૂર્વનિપાત→**अश्व**रथ
આ સૂત્રથી એ.વ.→अश्व**रथम्**।

(૨) **ક્ષુદ્રજંતુવાચી = यूकालिक्षम्** = જૂ અને લીખ.
यूकाश्च लिक्षाश्च एतेषां समाहार इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**વિશેષતા :**

(૧) પૂર્વસૂત્રથી આ સૂત્રનો પૃથક્ નિર્દેશ કર્યો હોવાથી नवाનો અધિકાર અટકી ગયો.

(૨) અહીં સૂત્રગત क्षुद्रजन्तु પદનું ગ્રહણ કર્યું છે. ત્યાં ક્ષુદ્રનાં શીલહીન, અંગહીન, કૃપણ, અલ્પ કદવાળાં વગેરે અનેક અર્થ જોવા મળે છે. પરંતુ અહીં ગ્રંથકારશ્રીનાં મતે નોળિયા સુધીની કાયાવાળાં જીવો જ ક્ષુદ્રજંતુ સ્વરૂપ જણાવ્યા છે.
જો કે કેટલાંક વ્યાકરણકારોનાં મતે જેઓ ૧૦૦ અથવા ૧૦૦૦ ભેગા થઈને પણ હાથની અંજલીમાં સમાઈ જાય. તથા, હાડકાં વિનાનાં અને પોતાનાં લોહી વિનાનાં (જળો, જૂ વગેરે) જીવો ક્ષુદ્ર જંતુ સ્વરૂપે સ્વીકૃત છે.

## फलस्य जातौ ३.१.१३५

**અ.અ.સૂ. : बहुत्वे जातौ फलस्य नाम द्वन्द्वः समासः एकम्, स्वैः नामभिः ।**

**અર્થ** : બહુત્વમાં વર્ત્તતાં ફળવાચી નામોનો જાતિ અર્થમાં થયેલ દ્વન્દ્વ સમાસ નિત્ય એકવચનાન્ત થાય છે. જો સજાતીય સાથે જ દ્વન્દ્વ સમાસ હોય તો.

ઉદા. (૧) **बदरामलकम्** = બોર અને આંબળા.
बदराणि च आमलकानि च एतेषां समाहार इति।
चार्थे०૩.૧.૧૧૭થી बदर અને आमलकનો સમાસ તથા, અલ્પસ્વરી बदरનો लघ्वक्षरा०૩.૧.૧૬૦થી પૂર્વનિપાત→ **बदर**+आमलक
આ સૂત્રથી એ.વ.→बदरामल**कम्**।

પ્ર.ઉદા.(૧) **जातिविति किम् ? एतानि बदरामलकानि सन्ति** = આ બોર અને આ આંબળા છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ જાતિ અર્થનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં જાતિની ગમ્યમાનતા નથી. માટે આ સૂત્રથી એકવચન થયું નહીં.

## अप्राणि-पश्वादेः ३.१.१३६

**અ.અ.સૂ. : अप्राणि पश्वादेः नाम जातौ द्वन्द्वः समासः एकम्, स्वैः नामभिः ।**

**અર્થ** : पशु-व्यञ्जना०૩.૧.૧૩૨ આદિ સૂત્રમાં કહેવાયેલાં ન હોય તેવા પ્રાણીવાચી સિવાયનાં દ્રવ્યવાચી નામોનો

જાતિ અર્થમાં થયેલ द्वन्द्व સમાસ એકવચનાન્ત થાય છે. જો સજાતીય નામની સાથે द्वन्द्व સમાસ હોય તો.

સ. **अप्राणि-पश्वादेः** = पशुरादिर्येषां ते इति पश्वादयः, प्राणिनश्च पश्वादयश्चेति प्राणिपश्वादिः, न प्राणिपश्वादिरिति अप्राणिपश्वादिः, तस्येति।

ઉદા. (१) **आराशस्त्रि** = આરી અને છરી.

आरा च शस्त्री च एतयोः समाहार इति।

चार्थे द्वन्द्वः०૩.૧.૧૧૭થી आरा અને शस्त्रीનો સમાસ તથા, લઘ્વક્ષરી आराનો लघ्वक्षरा०૩.૧.૧૬૦થી પૂર્વનિપાત→**आरा**+शस्त्री

આ સૂત્રથી એ.વ. તથા, **द्वन्द्वैकत्वा०३/९** લિંગાનુ-શાસનનુ સારે क्लीबे ૨.૪.૯૭થી હ્રસ્વ→आराश**स्त्रि**।

પ્ર.ઉદા. ★ **जातावित्येव** = **सह्यविन्ध्यौ** = સહ્યાદ્રિ અને વિંધ્ય પર્વત.

सह्यश्च विन्ध्यश्चेति।

આ સૂત્રની પ્રવૃત્તિ જાતિ અર્થનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં જાતિવાચી નામ નથી. માટે આ સૂત્રથી એ.વ. થયું નહીં.

★ **प्राण्यादिवर्जनं किम्?**

(१) **ब्राह्मणक्षत्रियविट्शुद्रम्/ब्राह्मणक्षत्रियविट्शूद्राः** = બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર નામની જાતિ.

ब्राह्मणश्च क्षत्रियश्च विट् च शूद्रं च एतेषां समाहार इति।

चार्थे०૩.૧.૧૧૭થી સમાસ તથા,

मास-वर्ण०૩.૧.૧૬૧થી ब्राह्मण વગેરેનો ક્રમ મુજબ પૂર્વનિપાત.

પ્રથમા सि વગેરે→ब्राह्मणक्षत्रियविट्शूद्रम्।

જો ઈતરેતરની વિવક્ષા કરીએ તો ब्राह्मणक्षत्रियविट्शूद्राः।

★ આ સૂત્રમાં પ્રાણીવાચીનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી નિત્ય એ.વ. થયું નહીં. પણ આ પ્ર.ઉદા.નો પણ વિષય ન બનતાં નિત્ય ઈતરેતરયોગ પણ ન થયો. પરંતુ વિવક્ષાધીન સમાહાર દ્વન્દ્વ અને ઈતરેતર દ્વન્દ્વ કરેલ છે.

(૨) **પશુવાચી = गौमहिषौ/गोमहिषम्** = ગાય અને ભેંસ. गौश्च महिषश्चेति।

(૩) **તરુવાચી = प्लक्षन्यग्रोधौ/प्लक्षन्यग्रोधम्** = પીપળો અને વડ. प्लक्षश्च न्यग्रोधश्चेति।

(૪) **સેનાંગવાચી = अश्वरथौ/अश्वरथम्** = ઘોડો એને રથ. अश्वश्च रथश्चेति।

(૫) **ફળવાચી = बदरामलके/बदरामलकम्** = બોર અને આમળો. बदरं च आमलकं चेति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રમાં पशु०૩.૧.૧૩૨ આદિ સૂત્રનિર્દિષ્ટ નામોનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી નિત્ય એ.વ. ન થતાં તે-તે સૂત્રથી વિકલ્પે એ.વ. થયું છે.

**વિશેષતા :**

(૧) અહીં સૂત્રમાં 'अप्राणी' એ પ્રમાણે પ્રાણીરૂપ દ્રવ્યની સાથે પર્યુદાસ નઞ્નો પ્રયોગ હોવાથી તદ્ભિન્ન તદ્સદૃશતયા પ્રાણી સિવાય પણ અન્ય દ્રવ્યનાં વિષયમાં જ આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે. અને તે જણાવવા માટે લઘુવૃત્તિમાં द्रव्यवाचिनः એ પ્રમાણે પદ આપેલ છે. તેથી रुप-रस-गन्ध-स्पर्शाः, उत्क्षेपणा-ऽपक्षेपणा-ऽऽकुञ्चन-प्रसरण-गमनानि વગેરે પ્રયોગમાં આ સૂત્રની પ્રવૃત્તિ થઈ નથી.

(૨) પૂર્વ સૂત્રથી આ સૂત્રનો પૃથક્ નિર્દેશ કર્યો. તેથી बहुत्वનો અધિકાર અટકી ગયો.

## प्राणि-तूर्याङ्गाणाम् ३.१.१३७

**અ.અ.સૂ. : प्राणि-तूर्यङ्गाणां नामानि द्वन्द्वः समासः एकम्, स्वैः नामभिः ।**

**અર્થ** : પ્રાણી તથા વાજીંત્રનાં અંગવાચી નામોનાં થયેલ द्वन्द्व-સમાસ એકવચનાન્ત થાય છે. જો સજાતીય નામની સાથે द्वन्द्व સમાસ થયો હોય તો.

**સ.** **प्राणि-तूर्यङ्गाणाम्** = प्राणिनश्च तूर्याणि चेति प्राणितूर्याणि, प्राणितूर्याणामङ्गानि इति प्राणितूर्यङ्गाणि, तेषामिति।

**ઉદા.** (૧) **પ્રાણી-અંગવાચી = कर्णनासिकम्** = બે કાન અને નાક.
कर्णौ च नासिका च एतासां समाहार इति।
चार्थे૦૩.૧.૧૧૭થી कर्ण અને नासिकाનો સમાસ તથા, અલ્પસ્વરી कर्णનો लघ्वक्षरा૦૩.૧.૧૬૦થી પૂર્વનિપાત.

આ સૂત્રથી એ.વ.→कर्णनासिका+सि

તથા, **द्वन्द्वैकत्वा०३/९** લિંગાનુ. વચનાનુસારે, નપું-લિંગ થતાં क्लीबे ૨.૪.૯૭થી હ્રસ્વ→कर्णनासि**कम्**।

(૨) **વાજીંત્ર-અંગવાચી = मार्दङ्गिकपाणविकम्** = મૃદંગ અને ઢોલ વગાડનાર.

मार्दङ्गिकश्च पाणविकश्च एतयोः समाहार इति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**પ્ર.ઉદા.** **स्वैरित्येव = पाणिगृध्रौ** = હાથ અને ગીધ.

पाणिश्च गृध्रश्चेति।

★ આ સૂત્રની પ્રવૃત્તિ સજાતીય નામોમાં થયેલ द्वन्द्व સમાસમાં થાય છે. જ્યારે અહીં સજાતીય નામ નથી. માટે આ સૂત્રથી એ.વ. થયું નહીં.

**વિશેષતા :**

(૧) **द्वन्द्वात्परः प्रत्येकमभिसम्बध्यते ३/१५** ન્યાયાનુસારે સૂત્રગત प्राणि અને तूर्य એમ બંને પદ સાથે अङ्ग પદનો અન્વય કરવો.

તેમજ, અહીં ધ્યાનમાં લેવું કે, સૂત્રગત प्राणी અને तूर्य પદમાં સમૂહ રૂપની ઉપસ્થિતિ કરવા દ્વારા अङ्ग પદ સાથે સંબંધ થતો ન હોવાથી અહીં ઈતરેતર द्वन्द्व સમાસ જાણવો.

**જિ.** : પ્રાણીનાં અને વાજીંત્રનાં અંગવાચી નામો પણ અપ્રાણીવાચી હોવાથી પૂર્વસૂત્રથી જ એ.વ. સિદ્ધ હતું. તો આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : પૂર્વસૂત્રથી સિદ્ધ હોવા છતાં પણ આ સૂત્રનો નિર્દેશ કર્યો છે તેથી જ :

(a) અહીં जातौ પદની અનુવૃત્તિ અટકી જાય છે. માટે પૂર્વસૂત્રની પ્રવૃત્તિ જાતિવાચી નામમાં જ્યારે આ સૂત્રની પ્રવૃત્તિ વ્યક્તિવાચી નામનાં વિષયમાં થાય છે.

(b) તથા, જાતિની વિવક્ષામાં પણ પ્રાણી અંગવાચી નામોનું અપ્રાણી અંગવાચી નામોની સાથે સમાસ થાય ત્યારે પૂર્વસૂત્રથી પણ એ.વ. નહીં થાય. અને આ જ વાત જણાવવા માટે સૂત્રમાં બ.વ. કરેલ છે.

## चरणस्य स्थेणोऽद्यतन्यामनुवादे ३.१.१३८

**અ.અ.સૂ.** : **चरणस्य नाम अद्यतन्या स्थेणः अनुवादे द्वन्द्वः समासः एकम्, स्वैः नामभिः।**

**અર્થ** : ચરણ અર્થાત્ કઠ વગેરે. ચરણવાચી નામો અદ્યતન ભૂતકાળમાં વર્ત્તતાં स्था અને इण् ધાતુનાં કર્ત્તા તરીકે વપરાયા હોય તો તેઓનો થયેલ દ્વન્દ્વ સમાસ અનુવાદનાં વિષયમાં એકવચનાન્ત થાય છે. જો સજાતીય નામની સાથે દ્વન્દ્વ સમાસ થયો હોય તો.

**સ.** **स्थेणः** = स्थाश्च इण् चेति स्थेण्, तस्येति।

ઉદા. (૧) **प्रत्यष्ठात् कठकालापम्** = કઠ અને કલાપ નામનાં બ્રાહ્મણોએ અનુવાદ કર્યો.

कठश्च कालापश्च एतेषां समाहार इति।

चार्थे द्वन्द्वः૦૩.૧.૧૧૭થી कठ અને कालापનો સમાસ તથા,

અલ્પસ્વરી कठનો लघ्वक्षरा०३.१.१६०થી પૂર્વનિપાત.
આ સૂત્રથી એ.વ.→कठकालाप+सि
**द्वन्द्वैकत्वा०३/९** લિંગાનું. અનુસારે નપું. થતાં, कठका**लापम्**।

(૨) **उदगात् कठकौथुमम्** = કઠ અને કૌથુમ નામનાં બ્રાહ્મણોએ અનુવાદ કર્યો.
कठश्च कौथुमश्च एतयोः समाहार इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા.(૧) **अनुवाद इति किम्? उदगुः कठकालापाः अप्रसिद्धं कथयन्ति** = કઠ અને કલાપ બ્રાહ્મણોએ અપ્રસિદ્ધ વાત કહીં.

★ આ સૂત્રની પ્રવૃત્તિ અનુવાદનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં અનુવાદનો વિષય નથી. માટે આ સૂત્રથી એ.વ. થયું નહીં.

**વિશેષતા :**

(૧) અહીં સૂત્રમાં चरणस्य પદનું ગ્રહણ છે તેનો ભાવ એ છે કે, જે શાખાઓનાં અધ્યયનનાં નિમિત્તે તે-તે સ્વરૂપે વ્યપદેશ પામેલાં હોય તે કઠ વગેરેમાં અનુવાદનાં વિષયમાં એ.વ. થાય છે.
અહીં તાત્પર્ય એ છે કે, ચાર વેદોની અલગ-અલગ સેંકડો શાખાઓ હોય છે. તેમાં જે શાખામાં જે ભણે તે બ્રાહ્મણ તે શાખાનાં અધ્યાયિ રૂપે એ નામ દ્વારા પ્રસિદ્ધિને પામે છે. અને તે પ્રમાણે તે બ્રાહ્મણ તે શાખા વડે વિશિષ્ટ રૂપે વ્યપદેશ પામેલો કહેવાય છે. અને તેવા વ્યપદેશ પામેલાં બ્રાહ્મણ અહીં चरण તરીકે અભિપ્રેત છે.

(૨) અહીં કોઈક પ્રમાણ વડે સ્વીકૃત થયેલાં પદાર્થને શબ્દ વડે પ્રતિપાદિત કરવા અર્થાત્ રજૂ કરવા તે અનુવાદ કહેવાય છે. તેથી કોઈક પ્રમાણ દ્વારા સિદ્ધ ન થયો હોય માત્ર સ્વ વિચારણા દ્વારા રજૂ કરાતો હોય તેવું કથન અહીં અનુવાદ સ્વરૂપે ગ્રહણ થશે નહીં.

યદ્યપિ અહીં કેટલાંક વ્યાકરણકારો યજ્ઞકર્મમાં ઉચ્ચરેલ મંત્રાદિનું પશ્ચાત્ ઉચ્ચરણને અનુવાદ કહે છે. તથા કેટલાંક વ્યાકરણકારો માત્ર અનુકરણને પણ અનુવાદ કહે છે.

(૩) અહીં ધ્યાનમાં લેવું કે, स्था અને इण् ધાતુનાં અદ્યતની સાથે ભાવે અને કર્મણિ પ્રયોગમાં પણ કર્ત્તા સ્વરૂપે ચરણાદિનો સંબંધ થઈ શકે છે. પરંતુ સૂત્રમાં કર્ત્તા સ્વરૂપે સંબદ્ધ એવા ચરણવાચી નામોનો નિર્દેશ હોવાથી स्था અને इण् ધાતુનો અદ્યતની પ્રયોગ પણ કર્ત્તરિ જ ગ્રહણ કરવો.

અને તેથી प्रत्यष्ठायि कठकालापैः જેવા ભાવે પ્રયોગમાં આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં.

## अक्लीबेऽध्वर्युक्रतोः ३.१.१३९

**અ.અ.સૂ. : अध्वर्युक्रतोः नाम स्वैः नामभिः द्वन्द्वः समासः एकम्, अक्लीबे ।**

**અર્થ** : અધ્વર્યુ અર્થાત્ યજુર્વેદ. તેમાં વિહિત ક્રતુ (યજ્ઞ) વાચી નામોનો સજાતીય નામોની સાથે થયેલ દ્વન્દ્વ

સમાસ એકવચનાન્ત થાય છે. જો તે ક્રતુવાચી નામ નપુંસક લિંગમાં ન હોય તો.

સ. (૧) **अध्वर्युक्रतोः** = अध्वर्योः क्रतुरिति अध्वर्युक्रतुः, तस्येति।

(૨) **अक्लीबे** = न क्लीबमिति अक्लीबम्, तस्मिन्निति।

ઉદા. (૧) **अर्काश्वमेघम्** = અર્ક અને અશ્વમેઘ યજ્ઞ.

अर्कश्च अश्वमेघश्च एतयोः समाहार इति।

चार्थे०૩.૧.૧૧૭થી अर्क અને अश्वमेघનો સમાસ તથા, અલ્પસ્વરી अर्कનો लघ्वक्षरा०૩.૧.૧૬૦થી પૂર્વનિપાત. આ સૂત્રથી એ.વ. વગેરે→अर्काश्वमेघम्।

પ્ર.ઉદા.(૧) **अक्लीब इति किम्? गवामयनादित्यनामयने** = ગવામયન અને આદિત્યનામયન નામનાં યજ્ઞ.

★ આ સૂત્રની પ્રવૃત્તિ નુપંસક લિંગ ન હોય તેવા નામને વિશે થાય છે. જ્યારે અહીં ગવામયન યજ્ઞવાચી નામ પુંલિંગ યજ્ઞવાચી અને નપુંસકલિંગ બંનેમાં વર્ત્તે છે. માટે આ સૂત્રથી એ.વ. થયું નહીં.

(૨) **अध्वर्यिति किम्? इषुवज्रौ** = ઈષુ અને વજ્ર નામનાં યજ્ઞો.

इषुश्च वज्रश्चेति।

★ આ સૂત્રની પ્રવૃત્તિ યજુર્વેદ વિહિત યજ્ઞવાચી નામોનાં દ્વન્દ્વ સમાસમાં થાય છે. જ્યારે અહીં સામવેદ નિર્દિષ્ટ યજ્ઞ છે. માટે આ સૂત્રથી એ.વ. થયું નહીં.

(૩) **क्रतोरिति किम्? दर्शपौर्णमासौ** = અમાસ અને પૂર્ણિમામાં થનારાં યજ્ઞો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ક્રતુવાચી નામમાં થાય છે. જ્યારે અહીં યજ્ઞવાચી નામ છે. માટે આ સૂત્રથી એ.વ. થયું નહીં.

**વિશેષતા :**

(૧) અહીં સામાન્યતયા क्रतु શબ્દ યજ્ઞ અને સંકલ્પ વગેરેમાં સિદ્ધ છે. પરંતુ **व्याख्यातो विशेषार्थप्रतिपत्तिः २/६४** ન્યાયાનુસારે સૂત્રમાં નિર્દિષ્ટ क्रतु શબ્દનો અર્થ સસોમક યજ્ઞ જ કરવો.

અહીં ભાવ એ છે કે, યજુર્વેદમાં જણાવેલ યજ્ઞનાં પણ સસોમક અને અસોમક એમ બે પ્રકાર છે. જ્યાં સોમનો અર્થ લત્તા-ઔષધિ યજ્ઞોપયોગી દ્રવ્ય થાય છે. અને તેનાં રસ દ્વારા હોમ કરાય છે. અને બચેલો રસ જ્યાં પીવાય છે તે સસોમક યજ્ઞ કહેવાય છે. અને આ યજ્ઞમાત્રનો જ અહીં સૂત્રગત क्रतु પદ દ્વારા નિર્દેશ જાણવો.

(૨) સૂત્રગત अक्लीबे પદમાં પ્રસજ્ય નञ्નો નિર્દેશ કર્યો છે. જો અહીં પર્યુદાસ નञ्નું ગ્રહણ કરવામાં આવે તો राजसूयं च वाजपेयं च ઇત્યાદિ નપુંસકલિંગ અને પુંલિંગ એમ બંને લિંગમાં રહેલાં સસોમક યજ્ઞવાચી નામોનું પણ ગ્રહણ થઈ જાય. તેથી, अक्लीबे પદનો 'નપુંસકલિંગથી ભિન્ન લિંગવાળાં પદનાં વિષયમાં' એવો પર્યુદાસ નञ् વિશિષ્ટ અર્થ ન કરતાં 'નપુંસક લિંગમાં ન વર્ત્તતાં' એ પ્રમાણે પ્રસજ્ય નञ् વિશિષ્ટ અર્થ કરવો.

# निकटपाठस्य ३.१.१४०

**અ.અ.સૂ. : निकटपाठस्य नाम स्वैः नामभिः द्वन्द्वः समासः एकम्।**

**અર્થ** : ભણનારાંઓને જેઓનાં પાઠ નિકટ છે તે નિકટ પાઠવાળાં નામોનાં સજાતીય નામોની સાથે થયેલ દ્વન્દ્વ સમાસ એકવચનાન્ત થાય છે.

**સ.** **निकटपाठस्य** = निकटः पाठो यस्य स इति निकटपाठः, तस्येति।

**ઉદા. (૧)** **पदकक्रमकम्** = પદ અને ક્રમને ભણનાર.
पदकश्च क्रमकश्च एतयोः समाहार इति।
चार्थे०૩.૧.૧૧૭થી સમાસ તથા,
અલ્પસ્વરી पदकનો लघ्वक्षरा०૩.૧.૧૬૦થી **પૂર્વનિપાત.**
આ સૂત્રથી એ.વ. વગેરે→पदकक्रमकम्।

**વિશેષતા :**

(૧) અહીં સૂત્રગત निकटपाठ પદનો વૈદિક પરંપરાનુસારે અર્થ કહેવો. તે નીચે પ્રમાણે છે : વૈદિકપાઠનાં ત્રણ પ્રકાર છે અર્થાત્ વૈદિક દર્શનનાં એક જ મંત્રનો ત્રણ પ્રકારે પાઠ કરવામાં આવે છે.

(a) દરેક પદોનો જુદા કરીને ભણાય છે તે પદપાઠ કહેવાય છે.

(b) ત્યારપછી અન્વયાનુસારે અલગ અલગ પદોનું અલગ અલગ પદ સાથે સંબંધ કરીને ભણવામાં આવે છે તે ક્રમપાઠ કહેવાય છે.

(c) અને તે સંધિ દ્વારા જોડાણપૂર્વક શ્લોક રૂપે જે ભણાય છે તે સંહિતાપાઠ કહેવાય છે.

આમ, ઉપરોક્ત રીતે સંહિતાપાઠની અપેક્ષાએ ક્રમપાઠનું પદપાઠની સાથે નિકટપણું છે. પદપાઠની અપેક્ષાએ ક્રમપાઠનું સંહિતાપાઠ સાથે નિકટપણું છે. તે પ્રમાણે અન્ય પણ ભાંગાઓ જાણવા.

તથા, પરકાળની અપેક્ષાએ પૂર્વકાળવાચી પાઠ નિકટ જાણવો. અને તે પ્રમાણે આ સૂત્રની પ્રવૃત્તિ કરવી.

યદ્યપિ ક્યાંક ક્રમપાઠ પછી વાર્ત્તિકાત્મક બ્રાહ્મણ ભાગ પણ ભણાય છે. તો તે અનુસારે क्रमकं च वार्त्तिकं चेति क्रमकवार्त्तिकम् વગેરે સમાસો પણ સિદ્ધ થાય છે.

## नित्यवैरस्य ३.१.१४१

**અ.અ.સૂ. : नित्यवैरस्य नाम स्वैः नामभिः द्वन्द्वः समासः एकम्।**

**અર્થ** : નિત્ય અર્થાત્ જાતિથી બંધાયેલ વૈર છે જેઓને તેવા નામોનો સજાતીય નામોની સાથે થયેલ દ્વન્દ્વ સમાસ એકવચનાન્ત થાય છે.

**સ.** **नित्यवैरस्य** = नित्यं वैरं यस्य स इति नित्यवैरः, तस्येति।

ઉદા. (૧) **अहिनकुलम्** = સાપ અને નોળિયો.
अहिश्च नकुलश्च एतयोः समाहार इति।
चार्थे० ૩.૧.૧૧૭થી દ્વન્દ્વ સમાસ તથા,
इકારાન્ત अहिनो लघ्वक्षरा० ૩.૧.૧૬૦થી **પૂર્વનિપાત.**
આ સૂત્રથી એકવચન તથા,
**द्वन्द्वैकत्वा०३/९** લિંગાનુ. અનુસારે, નપું. લિંગ થતાં પ્રથમા सि વગેરે→अहिनकु**लम्**।

**પ્ર.ઉદા.(૧) नित्यवैरस्येति किम् ? देवासुराः/देवासुरम् =**

દેવ અને અસુર. देवाश्च असुराश्चेति।

અહીં चार्थे०૩.૧.૧૧૭થી સમાસ તથા,

પૂજ્યવાચી देवનો लघ्वक्षरा०૩.૧.૧૧૭થી પૂર્વનિપાત→ **देव**+असुर

પ્રથમા जस् વગેરે→देवासुराः।

તથા, સમાહારની વિવક્ષામાં સમાસ થતાં देवासुरम्।

★ આ સૂત્રની પ્રવૃત્તિ જાતિથી બંધાયેલ વૈરવાળાં પ્રાણીવાચી નામથી થયેલ द्वन्द्व સમાસમાં થાય છે. જ્યારે અહીં જાતિથી થયેલ વૈર નથી. પણ રાજ્યનાં અપહાર વગેરે કારણોથી થયેલ વૈર છે. માટે આ સૂત્રથી નિત્ય સમાહાર ન થતાં વિવક્ષાધીન સમાહાર અને ઈતરેતર બંને પ્રયોગ થયેલ છે.

**વિશેષતા :**

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, નિત્ય વૈરવાળાં પશુ-પક્ષી આદિનાં વિષયમાં पशु-व्यञ्जना०૩.૧.૧૩૨, तरु-तृण०૩.૧.૧૩૩ અને सेनाङ्ग०૩.૧.૧૩૪ સૂત્ર દ્વારા જે વિકલ્પની પ્રાપ્તિ હતી. તેનો स्पर्द्धे ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે બાધ કરીને પરસૂત્રતયા આ સૂત્રથી નિત્ય એકવચન થાય છે.

(૨) અહીં કેટલાંક વ્યાકરણકારો નિત્ય કે અનિત્ય વૈર માત્રનાં કથનમાં આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે. માટે તેઓનાં મતે श्वा-वराहं वैरम्, मार्जारमूषिकं वैरम् જેવા

પ્રયોગો પણ સિદ્ધ થાય છે અને તેથી જ જ્યાં વૈર વિના માત્ર વૈરીનો નિર્દેશ હોય ત્યાં સમાહાર થતો નથી. જેમકે, दक्षिणाद् वामगमनं प्रशस्तं श्व-शृगालयोः (જમણી બાજુથી ડાબી બાજુ તરફ કૂતરો અથવા શિયાળ માર્ગનું ઉલ્લંઘન કરે તો તે શુભસૂચક છે.)

## नदी-देश-पुरां विलिङ्गानाम् ३.१.१४२

**અ.અ.સૂ. :** **विलिङ्गानां नदी-देश-पुरां नामानि स्वैः नामभिः द्वन्द्वः समासः एकम्।**

**અર્થ** : ભિન્ન લિંગવાળાં નદી, દેશ અને નગરવાચી નામોનો સજાતીય નામ સાથે થયેલ દ્વન્દ્વ સમાસ એકવચનાન્ત થાય છે.

**સ.** (૧) **विलिङ्गानाम्** = विविधं लिङ्गं यासां ता इति विलिङ्गाः, तासामिति।

(૨) **नदी-देश-पुराम्** = नदी च देशश्च पुरश्च इति नदीदेशपुरः तासामिति।

**ઉદા.** (૧) **गङ्गाशोणम्** = ગંગા અને શોણ નદી.

गङ्गा च शोणश्च एतयोः समाहार इति।

चार्थे द्वन्द्व०૩.૧.૧૧૭થી સમાસ તથા,

પૂજ્યવાચી गङ्गा નો लघ्वक्षरा०૩.૧.૧૬૦થી **પૂર્વનિપાત**.

આ સૂત્રથી એકવચન તથા,

**द्वन्द्वैकत्वा०३/९** લિંગાનુ. વચનાનુસારે નપુંસકલિંગ થતાં પ્રથમા सि વગેરે→गङ्गाशोणम्।

(૨) **कुरुकुरुक्षेत्रम्** = કુરૂ દેશ અને કુરૂક્ષેત્રનો દેશ.
कुरवश्च कुरुक्षेत्रं च एतयोः समाहार इति।

(૩) **मथुरापाटलिपुत्रम्** = મથુરા અને પાટલિપુત્ર નગર.
मथुरा च पाटलिपुत्रं च एतयोः समाहार इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા.(૧) **विलिङ्गानामिति किम् ? गङ्गायमुने** = ગંગા અને યમુના નદી. गङ्गा च यमुना चेति।
चार्थे०૩.૧.૧૧૭થી द्वन्द्व સમાસ તથા,
અલ્પસ્વરી गङ्गाનો लघ्वक्षरा०૩.૧.૧૬૦થી **પૂર્વનિપાત.**
પ્રથમા औ વગેરે→गङ्गायमुने।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ભિન્ન લિંગવાળાં નામોનાં થયેલ द्वन्द्व સમાસમાં થાય છે. જ્યારે અહીં સમાન લિંગવાળો द्वन्द्व સમાસ હોવાથી આ સૂત્રથી એ.વ. થયું નહીં.

**વિશેષતા :**

(૧) અહીં કેટલાંક વ્યાકરણકારો નગરનાં અવયવવાચી નામનો द्वन्द्व સમાસમાં પણ એ.વ. ઈચ્છે છે. તથા, ગામ અને નગર એમ ભિન્ન નામવાળાં સમાસમાં પણ એ.વ. ઈચ્છે છે. તેથી તેઓનાં મતે शौर्य केतवतम् જેવા પ્રયોગો સિદ્ધ થાય છે.

તેમજ, અન્ય કેટલાંક વ્યાકરણકારો નગરવાચી અને દેશવાચી નામોનાં द्वन्द्व સમાસમાં પણ એ.વ. ઈચ્છે છે. તેથી તેઓનાં મતે श्रावस्तीमध्यदेशम् જેવા પ્રયોગો સિદ્ધ થાય છે.

જિ. : સૂત્રમાં દેશ પદનું ગ્રહણ કર્યું છે. અને તેનાં ગ્રહણથી જ નગરવાચી, નદીવાચી નામોનું ગ્રહણ થઈ જ જવાનું હતું. તો પુરાં, નદી પદનું પૃથક્ ગ્રહણ શા માટે કર્યું?

સમા. : જેમ દેશનાં ગ્રહણથી નદીવાચી અને નગરવાચી નામનું ગ્રહણ થઈ જ જવાનું હતું. તેમ ગામવાચી અને પર્વતવાચી નામોનું પણ ગ્રહણ થવાની શક્યતા છે. તે શક્યતાનું વારણ કરીને માત્ર દેશવાચી, નદીવાચી અને પૂરવાચી નામોને જ આ સૂત્રનાં વિષયભૂત બનાવવા માટે એ પ્રમાણે નિર્દેશ કર્યો છે. તેથી जाम्बवश्च शालूकिनी चेति जाम्बव-शालूकिन्यौ ग्रामौ, गौरी च कैलासश्चेति गौरीकैलासौ पर्वत्तौ ઇત્યાદિ પ્રયોગમાં આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

## पात्र्यशूद्रस्य ३.१.१४३

અ.અ.સૂ. : **पात्र्यशूद्रस्य नाम्नः स्वैः नामभिः द्वन्द्वः समासः एकम्।**

અર્થ : પાત્રાર્હ એવા શૂદ્રવાચી નામોનો સજાતીય નામની સાથે થયેલ દ્વન્દ્વ સમાસ એકવચનાન્ત થાય છે.

સ. **पात्रशूद्रस्य** = पात्र्यश्चासौ शूद्रश्चेति पात्र्यशूद्रः, तस्येति।

ઉદા. (૧) **तक्षायस्कारम्** = સુથાર અને લુહાર.
तक्षा च अयस्कारश्च एतयोः समाहार इति।
चार्थे०૩.૧.૧૧૭થી દ્વન્દ્વ સમાસ
અલ્પસ્વરી तक्षन्નો लघ्वक्षरा०૩.૧.૧૬૦થી પૂર્વનિપાત.
આ સૂત્રથી એ.વ. તથા, **द्वन्द्वैकत्वा०३/९** લિંગાનુ. અનુસારે નપુંસકલિંગ પ્રથમા सि વગેરે→तक्षायस्**कारम्**।

પ્ર.ઉદા.(૧) **पात्र्येति किम्? जनङ्गमबुक्कसाः** = જનંગમ અને બુકકસ જાતિ વિશેષ ચંડાળો.
चार्थे०૩.૧.૧૧૭થી દ્વન્દ્વ સમાસ તથા,
લધ્વક્ષરી जनङ्गमનો लघ्वक्षरा०૩.૧.૧૬૦થી પૂર્વનિપાત.
પ્રથમા जस् વગેરે→जनङ्गमबुक्कसाः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ પાત્રાર્હ એવા નામથી થાય છે. જ્યારે અહીં પાત્રાર્હ શૂદ્રવાચી નામ નથી. માટે આ સૂત્રથી એ.વ. થયું નહીં.

**વિશેષતા :**

(૧) અહીં पात्र्य શબ્દનો લઘુવૃત્તિમાં पात्राई એ પ્રમાણે નિર્દેશ કર્યો છે. જેનો સામાન્ય અર્થ પાત્રને યોગ્ય એવો થાય છે. પરંતુ દરેક જીવ પોત-પોતાનાં પાત્રને યોગ્ય હોય જ છે. તેથી અહીં पात्र्य શબ્દની વિશેષ રીતે વ્યાખ્યા કરવામાં આવે છે. જેઓ વડે ભોજન કરાયેલું પાત્ર સંસ્કાર આદિ કરવા દ્વારા શુદ્ધ થાય છે. તેઓ પાત્ર્યશૂદ્ર કહેવાય છે.

## गवाश्वादिः ३.१.१४४

**અ.અ.સૂ. : गवाश्वादिः द्वन्द्वः समासः एकम्।**

**અર્થ** : गवाश्च વગેરે દ્વન્દ્વ સમાસો એકવચનાન્ત નિપાતન કરાય છે.

**સ.** **गवाश्वादिः** = गवाश्व आदिर्यस्य स इति।

ઉદા. (૧) **गवाश्वम्** = ગાય અને ઘોડો.
गौश्च अश्वश्च एतयोः समाहार इति।

चार्थे०૩.૧.૧૧૭થી द्वन्द्व સમાસ તથા,
અલ્પસ્વરી गोનો लघ्वक्षरा०૩.૧.૧૬૦થી પૂર્વનિપાત.
આ સૂત્રથી એ.વ. તથા **द्वन्द्वैकत्वा०३/९** લિંગાનુ.
અનુસારે નપુંસકલિંગ પ્રથમા सि વગેરે→गवा**श्वम्**।

(૨) **गवाविकम्** = ગાય અને ઘેટું.
गौश्च अविकश्च एतयोः समाहार इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**વિશેષતા :**

(૧) **गवाश्वादि ગણ :** गवाश्वम्, गवाविकम्, अजाविकम्, अजैडकम्, कुब्जवामनम्, कुब्जकैरातम्, कुब्जकैरातकम्, श्वचण्डालम्, स्त्रीकुमारम्, दासीमाणवकम्, शाटीपच्छिकम्, मांसउष्ट्रखरम्, उष्ट्रशरम्, मूत्र-शकृत्, मूत्रपुरीषम्, यकृन्मेदः, यकृत्शोणितम्, दर्भ-शरम्, दर्भ-पूतीकम्, अर्जुनपुरुषम्, तृणोलपम्, कुडीकुडम्, दासी-दासम्, भागवती-भागवतम्।

(૨) **गवाश्वादि ગણ અંતર્ગત કેટલીક વિશેષતાઓ :**

(a) गवाश्वम् વગેરે ચાર સમાસોમાં पशु-व्यञ्जना०૩.૧.૧૩૨ થી વિકલ્પે એકવચનાન્તપણાની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્ર દ્વારા બાધ કરી નિત્ય પ્રાપ્તિ થાય છે.

(b) कुब्जवामनम् વગેરે ચાર સમાસોમાં વિવક્ષાધીન એકત્વની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્ર દ્વારા બાધ કરી નિત્ય પ્રાપ્તિ થાય છે.

(c) श्वचण्डालम् સમાસોમાં नित्यवैरस्य ૩.૧.૧૪૧થી વૈરની વિવક્ષામાં જ નિત્ય એકત્વની પ્રાપ્તિ હતી. તેને આ સૂત્રથી નિત્ય વૈરનાં અભાવમાં પણ નિત્ય એકત્વ કર્યું.

(d) कुडी-कुडम् વગેરે સમાસમાં पुरुषः स्त्रियाः ૩.૧.૧૨૬ થી એકશેષ પ્રક્રિયાની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્ર દ્વારા બાધ થાય છે.

(૩) અહીં गवाश्वम् વગેરે જે પ્રમાણે ગણમાં રૂપો દર્શાવ્યા છે. તે જ પ્રમાણે ગ્રહણ કરવાનાં હોવાથી અન્યત્ર આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં. જેમકે, गो-ऽश्वौ, गो-ऽश्वम्, गो-ऽविकौ, गो-ऽविकम्, गवेलकौ, गवेलकम्।

(૪) गवाश्व વગેરે પ્રયોગમાં अश्व નામની સાથે સમાસ દર્શાવેલ છે. તેથી અહીં પૂર્વસૂત્રથી આવતી स्वैःની અનુવૃત્તિ અટકી જાય છે.

## न दधिपयआदिः ३.१.१४५

અ.અ.સૂ. : **दधिपय आदिः द्वन्द्वः समासः एकं न।**

**અર્થ** : दधिपय વગેરે દ્વન્દ્વ સમાસો એકવચનાન્ત થતાં નથી.

**સ.** **दधिपयआदिः** = दधिपय आदिर्यस्य स इति।

**ઉદા.** (૧) **दधिपयसी** = દહીં અને દૂધ. दधिश्च पयश्चेति।
चार्थे०૩.૧.૧૧૭થી દ્વન્દ્વ સમાસ તથા,
इકારાન્ત दधिનો लघ्वक्षरा०૩.૧.૧૬૦થી પૂર્વનિપાત→ **दधि**पयस्
पशु-व्यञ्जना०૩.૧.૧૩૨થી પ્રાપ્ત વિકલ્પે એકત્વનો નિષેધ તેથી, પ્રથમા औ વગેરે→दधिपयसी।

(૨) **सर्पिर्मधुनी** = ઘી અને મધ. सर्पिश्च मधु चेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**વિશેષતા :**

(૧) **दधिपयआदि ગણ :** दधिपयसी, सर्पिमधुनी, मधुसर्पिषी, हरिवासवौ, ब्रह्मप्रजापती, शिव-वैश्रमणौ, स्कन्दविशाखौ, परिजाकौशिकौ, प्रवर्ग्याऽपसदौ, आद्यवसाने, सूर्या-चन्द्रमसौ, मित्रावरुणौ, अग्नी-षोमौ, सोमा-रुद्रौ, नारद-पर्वत्तौ, खण्डामर्कौ, नर-नारयणौ, रामलक्ष्मणौ, भीमाऽर्जुनौ, कम्बलाऽश्वतरौ, माता-पितरौ, पितापुत्रौ, श्रद्धामेधे, शुक्लकृष्णे, इध्माबर्हिषी, ऋक्-सामे, वाङ्-मनसे याज्याऽनुवाक्ये, दीक्षातपसी, श्रद्धातपसी, श्रुततपसी, मेधातपसी, अध्ययनतपसी, उलीखलमुशले।

(૨) **दधिपयआदि ગણ સંબંધી વિશેષતાઓ :**

(a) इध्माबर्हिषी પ્રયોગમાં પૂર્વપદનો સ્વર નિપાતન સામર્થ્યથી દીર્ઘ થાય છે.

(b) दधिपयसी વગેરે ત્રણ પ્રયોગમાં पशु-व्यञ्जन० ૩.૧.૧૩૨થી વિકલ્પે शुक्लकृष्णे પ્રયોગમાં विरोधिनाम० ૩.૧.૧૩૦થી વિકલ્પે., इध्माबर्हिषी અને उलूखलमुशले પ્રયોગમાં अप्राणिपश्वादेः ૩.૧.૧૩૬થી નિત્ય તથા શેષ પ્રયોગમાં વિવક્ષાધીન चार्थे०૩.૧.૧૧૭ સૂત્રથી બંને પ્રયોગની પ્રાપ્તિ હતી. તે દરેક સ્થાને એકત્વનો આ સૂત્ર દ્વારા નિષેધ થાય છે.

## संख्याने ३.१.१४६

**અ.અ.સૂ. : संख्याने द्वन्द्वः समासः एकं न।**

**અર્થ** : સમાસમાં વર્ત્તતાં પદોની ગણના (પ્રમાણ) જણાતી હોય તો દ્વન્દ્વ સમાસ એકવચનાન્ત થતો નથી.

ઉદા. (૧) **दश गोमहिषाः** = દશ ગાયો અને ભેંસ.
गावश्च महिषाश्चेति।
चार्थे०૩.૧.૧૧૭થી द्वन्द्व સમાસ તથા,
અલ્પસ્વરી गोનો लघ्वक्षरा०૩.૧.૧૬૦થી પૂર્વનિપાત.
पशु-व्यञ्जना०૩.૧.૧૩૨થી પ્રાપ્ત એકત્વનો આ સૂત્રથી નિષેધ.
પ્રથમા जस् વગેરે→गोमहिषाः।

(૨) **बहव पाणिपादाः** = ઘણાં હાથ અને પગ.
पाणयश्च पादाश्चेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**વિશેષતા :**

જિ. : दश गोमहिषाः ઇત્યાદિ ઇતરેતર द्वन्द्व સમાસમાં અને दश गोमहिषम् ઇત્યાદિ સમાહાર द्वन्द्व સમાસમાં दश પદનો गो અને महिष સાથે વિશેષણ તથા સંબંધ હોવાથી સમાસવર્ત્તી પદોની બાહ્ય પદની સાથે સાપેક્ષતા વર્ત્તે છે. યદ્યપિ ઇતરેતર સમાસમાં એને પદનું પ્રાધાન્ય હોવાથી પ્રધાન પદોની સાથે સાપેક્ષતા પ્રાપ્ત થાય છે. પરંતુ સમાહાર द्वन्द्व સમાસમાં સમૂહની પ્રધાનતા હોવાથી સમાસવર્ત્તી અપ્રધાન પદોની સાથે સાપેક્ષતા થતાં **सापेक्षमसमर्थम् २/२८** ન્યાયથી જ સમાહાર द्वन्द्व સમાસનો નિષેધ થાય છે. માટે આ સૂત્રની પ્રવૃત્તિ ન્યાય દ્વારા જ સિદ્ધ હતી. તો આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો?

**સમા.** : વસ્તુતઃ क्लीबमन्ये०૩.૧.૧૨૮થી જણાવાયેલું તમામ एकार्थ (સમાહાર) પ્રકરણ નિયમ માટે કહેવાયું છે. અર્થાત્ તમામ દ્વન્દ્વ સમાસમાં વિવક્ષા આધીનતયા સમાહાર અને ઈતરેતર એમ બંને સમાસની પ્રાપ્તિ હતી, પરંતુ એકાર્થ પ્રકરણગત સૂત્ર વડે તે-તે સ્થાને પુનઃ સમાહાર કહેવા દ્વારા તે સૂત્રોનાં ઉદા.માં ઈતરેતર સમાસનો નિષેધ કરવામાં આવે છે. તેવા સ્થાને જ્યારે આ સૂત્ર દ્વારા પ્રમાણ જણાતું હોય ત્યારે તે-તે સૂત્રોનો નિષેધ કરીને તે સૂત્રનાં નિયમથી થતાં ઈતરેતરનાં નિષેધનો નિષેધ કરવામાં આવે છે. આમ, ખરેખર તો આ સૂત્ર સમાહાર દ્વન્દ્વનો નિષેધ કરવા માટે નહીં પણ ઈતરેતર દ્વન્દ્વની પ્રાપ્તિ માટે પ્રયુક્ત થાય છે. આને, એક ઉદા.થી સમજીએ, हस्तिश्च अश्वश्चेति हस्त्यश्वम् પ્રયોગમાં सेनाङ्ग०૩.૧.૧૩૪ સૂત્રથી નિત્ય સમાહાર દ્વન્દ્વ થતાં ઈતરેતર દ્વન્દ્વનો નિષેધ કરવામાં આવે છે. પરંતુ જો ત્યાં પ્રમાણનો ઉલ્લેખ કરવામાં આવે તો આ સૂત્ર દ્વારા સમાહારનો નિષેધ થતાં सेनाङ्ग० ૩.૧.૧૩૪ સૂત્રનો બાધ થાય છે. અને નિત્ય ઈતરેતર દ્વન્દ્વ સમાસ કરવામાં આવે છે. તેથી दश हस्त्यश्वाः એવા પ્રયોગો પણ સિદ્ધ થાય છે.

# वाऽन्तिके ३.१.१४७

**અ.અ.સૂ. : अन्तिके संख्याने द्वन्द्वः समासः एकं वा।**

**અર્થ** : સમાસમાં વર્ત્તતાં પદોની ગણના (પ્રમાણ)નું સમીપપણું જણાતું હોય ત્યારે द्वन्द्व સમાસ એકવચનાન્ત વિકલ્પે થાય છે.

ઉદા. (૧) **उपदशं गोमहिषम्/उपदशा गोमहिषाः** =
गावश्च महिषाश्च एतेषां समाहार इति।
चार्थे०૩.૧.૧૧૭થી द्वन्द्व તથા,
અલ્પસ્વરી गोनो लघ्वक्षरा०૩.૧.૧૬૦થી **પૂર્વનિપાત**.
આ સૂત્રથી વિકલ્પે એકત્વ વગેરે→उपदशं गोमहिषम्।
**વિકલ્પે** : એ.વ. નહીં થાય ત્યારે,
गावश्च महिषाश्चेति। એ પ્રમાણે ઇતરેતરની વિવક્ષામાં गोमहिषाः।

**વિશેષતા :**

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, સમાહાર द्वन्द्व સમાસમાં સમૂહની વિવક્ષાએ એ.વ.નો નિર્દેશ હોવાથી તેનાં વિશેષણ રૂપ બહુવ્રીહિ સમાસ પણ એકવચનાન્ત જ થાય છે. જેમકે, उपदशाय गोमहिषाय।
તથા, दशानां समीपमिति उपदशम् એ પ્રમાણે અવ્યયી ભાવ રૂપ વિશેષણનો પ્રયોગ કરવામાં આવે તો उपदशं गोमहिषाय એવો પ્રયોગ થાય છે.

(૨) અહીં પૂર્વસૂત્રથી નિત્ય એકાર્થપણાની પ્રાપ્તિ હતી. હવે, આ સૂત્ર દ્વારા સમીપગણનાનાં વિષયમાં વિકલ્પે એકવચન થાય છે.

### દ્વન્દ્વ સમાસમાં ઈતરેતર અને સમાહાર યોગની વિવક્ષા

અહીં ધ્યાનમાં લેવું કે, દ્વન્દ્વ સમાસનાં તમામ પ્રયોગમાં વિવક્ષાધીનતયા સમૂહની વિવક્ષામાં સમાહાર યોગની અને સમૂહની અવિવક્ષામાં ઈતરેતર યોગની પ્રાપ્તિ હતી. પરંતુ અહીં સમાસ પ્રકરણમાં क्लीबमन्ये० ૩.૧.૧૨૮ સૂત્રથી वाऽन्तिके ૩.૧.૧૪૭ સૂત્ર સુધી સમાહાર દ્વન્દ્વ સમાસનો વિષય દર્શાવવા દ્વારા ઉદા. તથા સમાહારની અને પ્ર.ઉદા. તથા ઈતરેતરની વ્યવસ્થા દર્શાવવામાં આવે છે. જે આ પ્રમાણે છે.

(૧) તેમાં વિધિ સૂત્ર દ્વારા સમાહારનું વિધાન કરીને ઈતરેતર સમાસનો નિષેધ કરવામાં આવે છે. અને પ્ર.ઉદા.માં સમાહારનો નિષેધ કરીને ઈતરેતર યોગનું નિત્ય વિધાન કરવામાં આવે છે.

(૨) વિકલ્પ સૂત્રમાં ઉદા.માં સમાહાર અને ઈતરેતર યોગનું વિધાન કરવામાં આવ્યું છે. અને પ્ર.ઉદા.માં સમાહારનો નિષેધ કરીને ઈતરેતર યોગનું નિત્ય વિધાન કરવામાં આવે છે.

(૩) તથા, નિષેધ સૂત્રમાં ઉદા.માં સમાહારનો નિષેધ કરીને નિત્ય ઈતરેતર યોગ કરવામાં આવે છે.

આ જ વાતને નીચે દર્શાવેલાં કોષ્ટક દ્વારા વધુ સારી રીતે સમજી શકાય છે.

| નિત્ય ઇતરેતર દ્વન્દ્વ વિધિ | વિકલ્પ વિધિ | નિત્ય સમાહાર વિધિ |
|---|---|---|
| (૧) ૧૨૮, ૧૩૦ થી ૧૪૪ સુધીનાં સૂત્રનાં પ્ર.ઉદા. ભૂત પ્રયોગમાં જેમકે, रुप-रस-गन्ध-स्पर्शाः। | (૧) ૩.૧.૧૨૮, ૧૩૦ થી ૧૩૩ સૂત્રનાં ઉદા. ભૂત પ્રયોગમાં જેમકે, शुक्लं/शुक्ले। | (૧) બહુત્વમાં વર્ત્તતાં સેનાંગવાચી, ક્ષુદ્રજંતુવાચી શબ્દોનો સજાતીય દ્વન્દ્વમાં જેમકે, अश्वरथम्। |
| (૨) પ્રમાણની ગમ્યમાનતા હોય તેવા તમામ પ્રયોગોમાં જેમકે, दश गोमहिषाः। | (૨) ૩.૧.૧૨૮ થી ૧૪૭ સૂત્રનાં ઉદા. કે પ્ર.ઉદા. સ્વરૂપે વિષય ન બનતાં પ્રયોગોમાં વિવક્ષાધીનતયા. જેમકે, सुरदानवमानवाः/ सुरदानवमानवम्। | (૨) બહુત્વમાં વર્ત્તતાં ફલવાચી શબ્દોનો જાતિ ગમ્યમાન હોય તો સજાતીય દ્વન્દ્વમાં જેમકે, बदरामलकम्। |
| | (૩) પ્રમાણની ગમ્યમાનતા હોય તેવા તમામ પ્રયોગોમાં જેમકે, उपदशं गोमहिषम्/ उपदशा गोमहिषाः। | (૩) પશુ૦૧૩૨ સૂત્ર નિર્દિષ્ટ સિવાયનાં પ્રાણી વર્જીત દ્રવ્યવાચી શબ્દોનાં સજાતીય દ્વન્દ્વમાં જેમકે, आराशस्त्रि। |
| | | (૪) પ્રાણીઅંગવાચી, વાજીંત્રનાં અંગવાચી શબ્દોનો સજાતીય દ્વન્દ્વમાં જેમકે, दन्तौष्ठम्। |
| | | (૫) અનુવાદનાં વિષયમાં चरण વાચી શબ્દોનાં સજાતીય દ્વન્દ્વમાં, જો स्था અને इण् ધાતુનો અદ્યતની પ્રયોગ હોય તો જેમકે, प्रत्यष्ठात् कठकालापम्। |
| | | (૬) યજુર્વેદ નિર્દિષ્ટ નપુંસકલિંગમાં નહીં વર્ત્તતાં ક્રતુવાચી શબ્દોનાં સજાતીય દ્વન્દ્વમાં જેમકે, अर्काश्वमेघम्। |
| | | (૭) નિકટપાઠવાચી શબ્દોનાં દ્વન્દ્વમાં જેમકે, पदकक्रमकम्। |

(૮) નિત્યવૈરવાચી શબ્દોનાં સજાતીય દ્વન્દ્વમાં જેમકે, अहिनकुलम्।

(૯) વિવિધ લિંગમાં વર્ત્તતાં નદી, દેશ, નગરવાચી શબ્દોનાં સજાતીય દ્વન્દ્વમાં જેમકે, गङ्गाशोणम्।

(૧૦) પાત્ર્ય એવા શૂદ્રવાચી સજાતીય દ્વન્દ્વમાં જેમકે, तक्षायस्कारम्।

(૧૧) गवाश्वम् વગેરે.

---

**૩.૧.૧૨૮ થી ૩.૧.૧૪૭ સૂત્ર સુધીમાં ઉદા., પ્ર.ઉદા.ની વ્યવસ્થા :**

ઉદા : જેમાં સૂત્રની તમામ શરતો ઘટતી હોય અને સૂત્રની પ્રવૃત્તિ થાય.

**પ્ર.ઉદા :** જેમાં સૂત્રની કોઈ એક કે તેથી વધુ શરતો ઘટતી ન હોય તે સિવાયની શરત ઘટતી હોય તેથી સૂત્રની પ્રવૃત્તિ ન થાય.

**તદન્ય:** જેમાં સૂત્રની તમામ શરતો ઘટતી ન હોય તેથી વિધિતયા અને નિષેધતયા સૂત્રની પ્રવૃત્તિ ન થાય.

## प्रथमोक्तं प्राक् ३.१.१४८

**અ.અ.સૂ. : प्रथमोक्तं नाम प्राक्।**

**અર્થ** : અહીં સમાસ પ્રકરણનાં સૂત્રોમાં પ્રથમાન્ત પદ વડે નિર્દિષ્ટ નામનો પૂર્વનિપાત થાય છે.

**સ.** **प्रथमोक्तम्** = प्रथमया उच्यन्ते स्मेति।

**ઉદા.** (૧) **आसन्नदशाः** = જેની નજીકમાં દશ છે તે. (૯ કે ૧૧)
आसन्नाःदश येषां ते इति।
આ ઉદા.ની સાધનિકા आसन्ना०૩.૧.૨૦માં દર્શાવેલ છે. અહીં आसन्ना-ऽदूरा०૩.૧.૨૦ સૂત્રમાં आसन्न શબ્દ પ્રથમા વિભક્ત્યન્ત છે. માટે આ સૂત્રથી તેનો પૂર્વનિપાત થાય છે.

(૨) **सप्तगङ्गम्** = સાત ગંગાનો સમૂહ.
सप्तानां गङ्गानां समाहार इति।
આ ઉદા.ની સાધનિકા संख्या०૩.૧.૨૮માં દર્શાવેલ पञ्चनदम् પ્રમાણે જાણવી. અહીં संख्या०૩.૧.૨૮ સૂત્રમાં સંખ્યાવાચી શબ્દ પ્રથમાન્ત નિર્દિષ્ટ છે. માટે આ સૂત્રથી सप्तन्નો પૂર્વનિપાત થાય છે.

**વિશેષતા :**

(૧) અહીં વિગ્રહવાક્યમાં आसन्ना दश येषामिति आसन्नदशाः એ પ્રમાણે જેમ પ્રયોગ કરાય છે. એ જ પ્રમાણે दश आसन्ना येषामिति आसन्नदशाः એવો પણ પ્રયોગ થઈ શકે છે. તેથી ત્યાં સમાસવર્ત્તી પદોનું સ્થાન કામચારતયા અનિયત છે. અને તે જ પ્રમાણે સમાસમાં પણ પદોનાં ક્રમની અનિયતતાની પ્રાપ્તિ હતી. તેનું નિયમન કરવા આ સૂત્રનો નિર્દેશ છે.

## राजदन्ताऽऽदिषु ३.१.१४९

**અ.અ.સૂ. : राजदन्तादिषु प्राक्।**

**અર્થ** : राजदन्त વગેરે સમાસોમાં અપ્રાપ્ત પૂર્વપ્રયોગવાળાં પદો પૂર્વ પ્રયોગમાં નિપાતન કરાય છે.

**સ.** **राजदन्तादिषु** = राजदन्त आदिर्येषां ते इति।

**ઉદા. (૧)** **राजदन्तः** = દાંતોનો રાજા. दन्तानां राजा इति।
षष्ठ्ययत्ना०૩.૧.૭૬થી સમાસ તથા,
આ સૂત્રથી राजन्‌નો **પૂર્વનિપાત**.
પ્રથમા सि વગેરે→राजदन्तः।

★ વસ્તુતઃ षष्ठ्य०૩.૧.૭૬ સૂત્રમાં ષષ્ઠ્યન્ત નામ પ્રથમાન્ત નિર્દિષ્ટ હોવાથી પૂર્વસૂત્રથી તેનાં પૂર્વનિપાતની પ્રાપ્તિ હતી. પરંતુ આ સૂત્રનાં નિપાતન સામર્થ્યથી राजन्‌નો પૂર્વનિપાત થયો.

**(૨)** **लिप्तवासितम्** = પહેલાં સુગંધી દ્રવ્યથી વાસિત કરેલું પછી લેપન કરેલું.
पूर्वं वासितं पश्चादनुलिप्तमिति।
पूर्वकालैक०૩.૧.૯૭થી સમાસ તથા,
આ સૂત્રથી लिप्तનો પૂર્વપ્રયોગ **નિપાતન**
પ્રથમા सि વગેરે→लिप्तवासितम्।

★ વસ્તુતઃ पूर्वकालैक०૩.૧.૯૭ સૂત્રમાં પૂર્વકાલવાચી નામ પ્રથમાન્ત નિર્દિષ્ટ હોવાથી પૂર્વસૂત્રથી वासितનાં પૂર્વનિપાતની પ્રાપ્તિ હતી. પરંતુ આ સૂત્રનાં નિપાતન સામર્થ્યથી लिप्तનો પૂર્વનિપાત થયો છે.

વિશેષતા :

(૧) **राजदन्तादि ગણ :** राजदन्तः, लिप्तवासितम्, सिक्तसंमृष्टम्, भृष्टलुञ्चितम्, नग्नमुषितम्, अवक्लिन्नपक्वम्, अर्पितोतम्, उप्तगाढम्, अधमर्णः, उत्तमर्णः, उलूखलमुशले, तन्दुल किण्वम्, चित्ररथबाह्लीकौ, स्नातकराजानौ, उशीरबीज शिञ्जास्थम्, आरटायनि-चान्धनि, अधरोष्ठम्, वैकारिमत गाजवाजम्, गोपालिधान-पूलासम्, कुरण्डस्थलपूलासम्, दारजरौ, दारार्थम्, विश्वक्सेनाऽऽर्जुनौ, शूद्राऽऽर्यौ, विष येन्द्रियाणि, गवाश्वौ, अवन्त्यश्मकाः, चित्रास्वाती (माणविके), केशश्मश्रु, भार्यापती, पुत्रपती, स्वसृपती, जायापती/जम्पती/दम्पती, पुत्र-पशू, शिरो-जानु, शिरो-विजु, नर-नारायणौ, सोमरुद्रौ, कुबेरकेशवौ, काकमयूरौ, उमामहेश्वरौ, पाण्डुधृतराष्ट्रौ, विष्णुवासवौ વગેરે.

(૨) **राजदन्तादि० ગણ અંતર્ગત વિશેષતાઓ :**

(a) राजदन्तः પ્રયોગમાં दन्त ષષ્ઠ્યન્ત હોવાથી षष्ठ्ययत्ना० ૩.૧.૭૬ સૂત્રમાં પ્રથમાન્ત નિર્દિષ્ટતયા પૂર્વસૂત્ર દ્વારા તેનાં પૂર્વનિપાતની પ્રાપ્તિ હતી.

(b) लिप्तवासितम् વગેરે પ્રયોગમાં वासित પૂર્વકાલવાચી હોવાથી पूर्वकालै०૩.૧.૯૭ સૂત્રમાં પ્રથમાન્ત નિર્દિષ્ટ-તયા પૂર્વસૂત્ર દ્વારા તેનાં પૂર્વનિપાતની પ્રાપ્તિ હતી.

(c) अधमर्णाः અને उत्तमर्णाः પ્રયોગમાં ऋणे સપ્તમ્યન્ત હોવાથી सप्तमी०૩.૧.૮૮ સૂત્રમાં પ્રથમાન્ત નિર્દિષ્ટ-તયા પૂર્વસૂત્ર દ્વારા તેનાં પૂર્વનિપાતની પ્રાપ્તિ હતી.

(d) उलूखलमुशले વગેરે પ્રયોગમાં मुशल વગેરે શબ્દ અલ્પસ્વરી હોવાથી, दाशर्थम् વગેરે પ્રયોગમાં अर्थ વગેરે શબ્દ સ્વરાદિ અકારાન્ત હોવાથી, केशश्मश्रु પ્રયોગમાં श्मश्रु વગેરે શબ્દ ઉકારાન્ત હોવાથી તથા नरनारायणौમાં नारायण પૂજ્યવાચી હોવાથી लघ्वक्षरा० ૩.૧.૧૬૦ સૂત્ર દ્વારા પૂર્વનિપાતની પ્રાપ્તિ હતી.

(e) पाण्डुधृतराष्ट्रौ વગેરે પ્રયોગમાં धृतराष्ट्र મોટા ભાઈ હોવાથી मास-वर्ण०૩.૧.૧૬૧થી પૂર્વનિપાતની પ્રાપ્તિ હતી.

ઉપરોક્ત બધા સૂત્રનો બાધ કરીને આ સૂત્રથી નિપાતન દ્વારા પૂર્વનિપાત અપ્રાપ્ત શબ્દનો પૂર્વનિપાત થાય છે.

(f) जायापती/जम्पती પ્રયોગમાં ગણ પાઠનાં સામર્થ્યથી जायानो जम् અને दम् આદેશ થાય છે.

(g) સૂત્રમાં બ.વ. આકૃતિગણ માટે છે. તેથી ક્યારેક पुरुषोत्तमः/उत्तमपुरुषः, मध्यगृहम्/गृहमध्यम्, अधरबिम्बम्/बिम्बाधरः, ओष्ठबिम्बः/बिम्बोष्ठः એ પ્રમાણે વિકલ્પે પણ પૂર્વનિપાત થાય છે.

## विशेषण-सर्वादि-संख्यं बहुव्रीहौ ३.१.१५०

**અ.અ.સૂ.** : **विशेषण-सर्वादि-संख्यं बहुव्रीहौ प्राक्।**

**અર્થ** : વિશેષણ વાચક, सर्व વગેરે અને સંખ્યાવાચી નામનો બહુવ્રીહિ સમાસમાં પૂર્વનિપાત થાય છે.

**સ.** **विशेषण-सर्वादि-संख्यम्** = सर्व आदिर्यस्य स इति सर्वादिः, विशेषणश्च सर्वादिश्च संख्या च इति।

ઉદા. (૧) **વિશેષણઃ** = **चित्रगुः** = કાબરચીતરી ગાયોવાળો.
चित्रां गावः यस्य स इति।
एकार्थं०૩.૧.૨૨થી चित्रा અને गोનો સમાસ,
આ સૂત્રથી चित्राનો પૂર્વનિપાત→**चित्रा**+गो
परतः स्त्री०૩.૨.૪૯થી પુંવદ્ભાવ→**चित्रगो**
गोश्चान्ते०૨.૪.૯૬થી હ્રસ્વ→**चित्रगु**।
પ્રથમા सि વગેરે→चित्रगुः।

(૨) **સર્વાદિ** = **सर्वशुक्लः** = સંપૂર્ણ શ્વેતવર્ણવાળો.
सर्वं शुक्लं यस्य स इति।

(૩) **સંખ્યા** = **द्विकृष्णः** = બે કૃષ્ણ ગુણ છે જેની પાસે તે.
द्वौ कृष्णौ यस्य स इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**વિશેષતા :**

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, આ સમાસ પ્રકરણમાં બહુવ્રીહિ સમાસ કરનારાં સૂત્રોમાં કોઈ પણ વિશેષ નામનો પ્રથમાન્ત પદ વડે નિર્દેશ નહીં હોવાથી प्रथमोक्तं० ૩.૧.૧૪૮ સૂત્ર દ્વારા પૂર્વનિપાતનો નિયમ ન હતો. તેનું નિયમન કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

(૨) અહીં સૂત્રમાં बहुव्रीहौ પદનો નિર્દેશ હોવાથી दिशो रुढ्या० ૩.૧.૨૫ થી થતાં બહુવ્રીહિસંજ્ઞક उत्तरपश्चिमा, दक्षिणपश्चिमा વગેરે સમાસમાં સર્વાદિ પદનો પૂર્વનિપાત થયો છે. પરંતુ पश्चिमा चासौ दक्षिणा चेति એ પ્રમાણે કર્મધારય સમાસની વિવક્ષા કરી હોય તો આ સૂત્રની

પ્રવૃત્તિ ન થતાં दक्षिण વગેરે સર્વનામનો પૂર્વનિપાત થશે નહીં. પણ प्रथमोक्तं०૩.૧.૧૪૮ સૂત્ર દ્વારા વિશેષણ રૂપ पश्चिम પદનો જ પૂર્વનિપાત થશે. તેથી पश्चिमदक्षिणा, पश्चिमोत्तरा જેવા પ્રયોગો પ્રાપ્ત થાય છે.

**જિ.** : सर्वादि અને સંખ્યાવાચી શબ્દો પણ વિશેષણ રૂપ જ છે. તેથી विशेषण પદ દ્વારા જ તેનું કથન થઈ જતું હતું. તો પૃથક્ નિર્દેશ શા માટે કર્યો?

**સમા.** : જ્યારે વિશેષણ सर्वादि અને સંખ્યાવાચી પદોનો પરસ્પર સમાસ થયો હોય ત્યારે આ સૂત્રમાં નિર્દેશ કરેલાં ક્રમની જેમ स्पर्द्धे ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે પશ્ચાનુપૂર્વીનાં ક્રમથી શબ્દનો પૂર્વનિપાત કરવો. આવું જણાવવા માટે અહીં સર્વાદિ અને સંખ્યાવાચી શબ્દોનો પૃથક્ નિર્દેશ છે. તેથી, त्र्यन्यः, द्वियुष्मत्कः જેવા પ્રયોગોમાં પર શબ્દનો પૂર્વનિપાત થાય છે.

તથા સૂત્રમાં लघ्वक्षरा०૩.૧.૧૬૦ સૂત્રથી પ્રાપ્ત પૂર્વનિપાતવાળાં संख्यम् પદનો પરનિપાત પણ આ જ વાત જણાવે છે.

## क्ताः ३.१.१५१

**અ.અ.સૂ.** : **क्ताः बहुव्रीहौ प्राक्।**

**અર્થ** : સર્વ क्त પ્રત્યયાન્ત નામનો બહુવ્રીહિ સમાસમાં પૂર્વનિપાત થાય છે.

**ઉદા.** (૧) **कृतकटः** = કટમાં કરાયું છે જેના વડે.
कटे कृतं येन स इति।

उष्ट्रमुखा०३.१.२३थी સમાસ તથા,
આ સૂત્રથી कृतनो **पूर्वनिपात**.
પ્રથમા सि વગેરે→कृतकटः।

**વિશેષતા :**

(૧) क्त પ્રત્યયાન્ત નામો પણ વિશેષણ સ્વરૂપ હોવાથી પૂર્વસૂત્રથી તેનો પૂર્વનિપાત સિદ્ધ જ હતો. પરંતુ જ્યારે વિશેષ્ય સ્વરૂપે તેનો પ્રયોગ થાય છે. ત્યારે પણ પૂર્વનિપાત માટે આ સૂત્રનો નિર્દેશ છે. તેથી कटे कृतमनेन इति कृतकटः વગેરે પ્રયોગ સિદ્ધ થાય છે.
તેમજ, પૂર્વસૂત્રમાં स्पर्द्धे ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે સર્વાદિ અને સંખ્યાવાચી પદોનો પૂર્વનિપાત થવાનો જ હતો પણ આ સૂત્રનો નિર્દેશ પર હોવાથી क्त પ્રત્યયાન્ત નામોનો સર્વાદિ અને સંખ્યાવાચી નામોથી પણ પૂર્વનિપાત થશે. જેમકે, कृतविश्वः, कृतचत्वारः
તથા, સામાન્ય વિશેષણ વડે क्त પ્રત્યયાન્ત વિશેષ્યમાં પણ આ સૂત્રનાં નિર્દેશમાં क्त પ્રત્યયાન્ત નામનો પૂર્વનિપાત જાણવો.
અહીં કેટલાંક વ્યાકરણકારો क्त પ્રત્યયાન્ત પદનો સર્વાદિથી પૂર્વનિપાત ઈચ્છતાં નથી.

(૨) સૂત્રમાં બ.વ. વ્યાપ્તિ માટે છે. અને તે વ્યાપ્તિનું ફળ આ પ્રમાણે છે : આ સૂત્રથી प्रियः ૩.૧.૧૫૭ સૂત્રમાં प्रियः શબ્દનો નિર્દેશ કર્યો છે. તેથી क्त પ્રત્ય-યાન્ત અને प्रिय પદનાં સમાસમાં स्पर्द्धे ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે प्रियःનાં પૂર્વનિપાતની પ્રાપ્તિ હતી.

પરંતુ અહીં નિર્દિષ્ટ બ.વ. દ્વારા क्त પ્રત્યયાન્ત નામનો પૂર્વનિપાત કરવો. જેમકે, कृतः प्रियो येन स इति कृतप्रियः।

(૩) અહીં સૂત્રમાં क्त એ પ્રમાણે પદનાં ગ્રહણ દ્વારા **प्रत्यया-ऽप्रत्यययोः प्रत्ययस्यैव २/२** ન્યાયાનુસારે क्त પ્રત્યયનું જ ગ્રહણ થાય છે. અને प्रत्ययः प्रकृत्यादेः ૭.૪.૧૧૫ પરિભાષાનુસારે પ્રત્યયનાં ગ્રહણ દ્વારા क्त પ્રત્યયાન્ત વિધિ કરવી.

## जाति-काल-सुखादेर्नवा ३.१.१५२

**અ.અ.સૂ. : जाति-काल-सुखादेः क्तांः बहुव्रीहौ प्राक् नवा।**

**અર્થ** : જાતિવાચક કાલવાચક અને सुख વગેરે નામથી क्त પ્રત્યયાન્ત નામનો બહુવ્રીહિ સમાસમાં વિકલ્પે પૂર્વનિપાત થાય છે.

**સ.** **जाति-काल-सुखादेः** = सुखमादिर्यस्य स इति सुखादिः, जातिश्च कालश्च सुखादिश्च इति जातिकाल-सुखादिः, तस्मादिति।

ઉદા. (૧) **જાતિવાચી = शाङ्गरजग्धी/जग्धशाङ्गरा =**
ખવાઈ છે સાંગરી જેના વડે તે.
जग्धं शाङ्गर यया सा इति।
एकार्थं० ૩.૧.૨૨થી સમાસ તથા,
આ સૂત્રથી क्तનો વિકલ્પે **પૂર્વનિપાત** તથા,
પ્રથમા सि વગેરે→शाङ्गरजग्धी/जग्धशाङ्गरा।

(૨) **કાલવાચી = मासजाता/जातमासा** = જન્મ્યાને મહિનો થયો છે તે બાલા.
मासो जातो यस्यां सा इति।

(૩) **સુખાદિ ગણ = सुखजाता/जातसुखा** =
સુખ થયું છે જેણીને એવી તે સ્ત્રી.
सुखं जातं यस्यां सा इति।

(૪) **दुःखहीना/हीनदुःखा** = દુઃખ ઓછું થયું છે જેણીનું એવી તે સ્ત્રી.
दुःखं हीनं यस्यां सा इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**વિશેષતા :**

(૧) **सुखादि ગણ :** सुख, दुःख, तृप्त, कृच्छ्र, अस्र, अलीक, करुण, कृपण, सोढ, प्रतीप।

(૨) અહીં जाति પદનો નિર્દેશ હોવાથી જાતિવાચી પદમાં પણ વ્યક્તિની વિવક્ષા હોય તો પૂર્વસૂત્ર દ્વારા નિત્ય પૂર્વનિપાત થાય છે. જેમકે, कृतकटः વગેરે.

(૩) અહીં કેટલાંક વ્યાકરણકારો પશુ, પક્ષી વગેરે આકૃતિ દ્વારા પ્રગટ થતાં જાતિવાચી પદનો જ પૂર્વનિપાત ઇચ્છે છે. તેથી તેમનાં મતે आहूतब्राह्मणः જેવા પ્રયોગો પણ સિદ્ધ થાય છે.

## आहिताग्न्यादिषु ३.१.१५३

**અ.અ.સૂ. : आहिताग्न्यादिषु क्तां बहुव्रीहौ प्राक् नवा।**

**અર્થ** : आहिताग्नि વગેરે બહુવ્રીહિ સમાસમાં રહેલ क्त પ્રત્યયાન્ત નામનો પૂર્વનિપાત વિકલ્પે થાય છે.

સ. **आहिताग्न्यादिषु** = आहिताग्निरादिर्येषां ते इति आहि-ताग्न्यादयः, तेष्विति।

ઉદા. (૧) **आहिताग्निः/अग्न्याहितः** =
એકઠી કરાઈ છે અગ્નિ જેના વડે તે.
आहितः अग्निः येन स इति।
एकार्थं०૩.૧.૨૨થી સમાસ તથા,
આ સૂત્રથી आहितનો વિકલ્પે **પૂર્વનિપાત**.
પ્રથમા सि વગેરે→आहिताग्निः/अग्न्याहितः।

(૨) **जातदन्तः/दन्तजातः** = ઉત્પન્ન થયા છે દાંત જેને તે.
जाता दन्ता यस्य य इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**વિશેષતા :**

(૧) **आहिताग्न्यादि ગણ :** आहिताग्निः/अग्न्याहितः, जातपुत्रः/पुत्रजातः, जातदन्तः/दन्तजातः, जातश्मश्रुः/श्मश्रुजातः, पीततैलः/तैलपीतः, पीतघृतः/घृतपीतः, पीतमद्यः/मद्यपीतः, पीतविषः/विषपीतः, ऊढभार्यः/भार्योढः, गतार्थः/अर्थगतः, छिन्नशीर्षः/शीर्षच्छिन्नः વગેરે.
સૂત્રમાં બ.વ. આકૃતિગણ માટે છે. તેથી पीतदधिः, दधिपीतः વગેરે પ્રયોગો પણ સિદ્ધ થાય છે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, आहिताग्निः વગેરે પ્રયોગોમાં જાતિવાચી પદો સાથે क्त પ્રત્યયાન્તનો નિર્દેશ હોવાથી પૂર્વસૂત્રથી જ વિકલ્પે પૂર્વનિપાતની પ્રાપ્તિ હતી. પરંતુ ગણ નિર્દિષ્ટ પ્રયોગમાં વ્યક્તિની વિવક્ષામાં પણ વિકલ્પે પૂર્વનિપાત કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

# प्रहरणात् ३.१.१५४

**અ.અ.સૂ. : प्रहरणात् क्तां बहुव्रीहौ प्राक् नवा।**

**અર્થ** : શસ્ત્રવાચી નામોથી क्त પ્રત્યયાન્ત નામોનો બહુવ્રીહિ સમાસમાં વિકલ્પે પૂર્વનિપાત થાય છે.

ઉદા. (૧) **उद्यतासिः/अस्युद्यतः** = તૈયાર કરાઈ તલવાર જેના વડે તે.

उद्यतोऽसिर्येन स इति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ પૂર્વનિપાત આ સૂત્રથી કરવો.

**વિશેષતા :**

(૧) યદ્યપિ અહીં પણ શસ્ત્રવાચી નામો જાતિવાચી હોવાથી પૂર્વસૂત્રની જેમ જ जाति-काल०૩.૧.૧૫૨ સૂત્રથી વિકલ્પે પૂર્વનિપાત સિદ્ધ જ હતો. પરંતુ અહીં પણ વ્યક્તિની વિવક્ષામાં વિકલ્પે પ્રવૃત્તિ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

(૨) जाति-काल०૩.૧.૧૫૨ સૂત્રથી આ સૂત્રનો પૃથક્ નિર્દેશ प्रहरणात्નાં જ અધિકારને ઉત્તરસૂત્રમાં લઈ જવા માટે છે. અન્યથા **सन्नियोगशिष्टानामेकापायेऽन्यतरस्याप्यपायः १/३०** ન્યાયાનુસારે जाति વગેરેનો અધિકાર પણ ઉત્તરસૂત્રમાં આવે.

## न सप्तमीन्द्वादिभ्यश्च ३.१.१५५

અ.અ.સૂ. : **इन्द्वादिभ्यः च ( प्रहरणात् ) सप्तमी बहुव्रीहौ प्राक् न।**

**અર્થ** : इन्दु વગેરે અને શસ્ત્રવાચી નામોથી સપ્તમ્ય નામોનો બહુવ્રીહિ સમાસમાં પૂર્વનિપાત થતો નથી.

**સ.** **इन्द्वादिभ्यः** = इन्दुरादिर्येषां ते इति इन्द्वादयः, तेभ्य इति।

ઉદા. (૧) **इन्दुमौलि** = મુકુટમાં ચન્દ્ર છે જેને તે.
इन्दुः मौलौ यस्य स इति।
उष्ट्रमुखा०૩.૧.૨૩થી સમાસ તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી પ્રાપ્ત मौलिनां પૂર્વનિપાતનો **નિષેધ**.
પ્રથમા सि વગેરે→इन्दुमौलिः।

(૨) **पद्मनाभः** = નાભિમાં કમળ છે જેને તે.
पद्मं नाभौ यस्य स इति।
સમાસ વગેરે પૂર્વપ્રમાણે થતાં→पद्म+नाभि
नाभेर्नाम्नि ૭.૩.૧૩૪થી अच्→पद्म+नाभि+**अ**
अवर्णेवर्ण०૭.૪.૬૮થી इनो લોપ→पद्मनाभ
પ્રથમા सि વગેરે→पद्मनाभः।

(૩) **असिपाणिः** = હાથમાં તલવાર છે જેને તે.
असिः पाणौ यस्य स इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**વિશેષતા :**

(૧) **इन्द्वादि ગણ દ્વારા સિદ્ધ થતાં સમાસો :** इन्दुमौलिः, चन्द्रमौलिः, शशिशेखरः, पद्मनाभः, ऊर्णनाभः, पद्महस्तः, शङ्खपाणिः, दर्भपवित्रपाणिः, पद्मपाणिः વગેરે.

સૂત્રમાં બ.વ. આકૃતિગણ માટે છે. તેથી અન્ય પણ તત્સદૃશ પ્રયોગોનો આ ગણમાં સમાવેશ થઈ શકે છે.

(૨) અહીં नाम नाम्नै०૩.૧.૧૮થી આવતાં बहुलम्નાં અધિકારથી पाणिवज्रः, हस्तवज्रः એ પ્રમાણે સપ્તમ્યન્ત નામનાં પૂર્વનિપાતવાળાં પ્રયોગોમાં પણ બાધ આવતો નથી.

(૩) આ સૂત્રમાં नञ्નું ગ્રહણ હોવાથી વિકલ્પનો સંબંધ થતો નથી.

(૪) યદ્યપિ સૂત્રમાં इन्द्वादिभ्यःનો અધિકાર લેવાથી प्रहरणात् નો અધિકાર અટકી જાય છે. પરંતુ **चकारो यस्मात्पर स्तत्सजातीयमेव समुच्चिमोति २/६१** ન્યાયાનુસારે અહીં ચકાર દ્વારા इन्द्वादिभ्यःને સજાતીય પંચમ્યન્ત એવા प्रहरणात्નું ગ્રહણ કરેલ છે.
તેમજ, **चानुकृष्टं नानुवर्त्तते २/६२** ન્યાયાનુસારે તે અધિકાર ઉત્તરસૂત્રમાં જશે નહીં.

## गड्वादिभ्यः ३.१.१५६

**અ.અ.સૂ. : गड्वादिभ्यः सप्तमी बहुव्रीहौ प्राक् नवा।**

**અર્થ** : गडु વગેરે નામથી સપ્તમ્યન્ત નામનો બહુવ્રીહિ સમાસમાં પૂર્વનિપાત વિકલ્પે થાય છે.

**સ.** **गड्वादिभ्यः** = गडुरादिर्येषां ते इति गड्वादयः, तेभ्य इति।

ઉદા. (૧) **कण्ठेगडुः/गडुकण्ठः** = કંઠમાં ગુમડું છે જેને તે.
कण्ठे गडुः यस्य स इति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રથી વિકલ્પે પૂર્વનિપાત કરવો.
અહીં નોંધનીય છે કે, अमूर्द्ध०૩.૨.૨૨થી સપ્તમી વિભક્તિનો અલુપ્ થયો છે.

(૨) **मध्येगुरुः/गुरुमध्यः** = મધ્યમાં ગુરુ અક્ષર છે જેને તે (છંદ). मध्ये गुरुर्यस्य स इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ मध्यान्ता०૩.૨.૨૧થી સપ્તમી વિભક્તિનો અલુપ્ કરવો.

**વિશેષતા :**

(૧) **गड्वादि ગણ દ્વારા સિદ્ધ થતાં સમાસો :** गडुकण्ठः/कण्ठेगडुः, शिरसिगडुः/गडुशिराः, शिरस्यरुः, अरुःशिराः, मध्येगुरुः/गुरुमध्यः, अन्तेगुरुः/गुर्वन्तः વગેરે.
સૂત્રમાં બ.વ. આકૃતિગણ માટે છે તેથી અન્ય પણ તત્સદૃશ પ્રયોગોનો આ ગણમાં સમાવેશ થઈ શકે છે.

(૨) સપ્તમ્યન્ત નામ અન્ય નામનું વિશેષણ બનતું હોવાથી विशेषणं०૩.૧.૯૬ સૂત્ર દ્વારા વિશેષણતયા નિત્ય પૂર્વનિપાતની પ્રાપ્તિ હતી, પરંતુ गड्वादि ગણ અંતર્ગત પદનાં વિષયમાં વિકલ્પે પૂર્વનિપાત કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

(૩) અહીં वा પદ વડે વ્યવસ્થિત વિભાષાનો નિર્દેશ હોવાથી वहेगडुः એ પ્રમાણે નિત્ય પૂર્વનિપાતવાળાં પ્રયોગો પણ પ્રાપ્ત થાય છે.

(૪) યદ્યપિ આ સૂત્રમાં પૂર્વસૂત્રથી નિષેધનો અધિકાર આવવાની પ્રાપ્તિ છે પરંતુ પૃથક્ નિર્દેશ હોવાથી નિષેધનો અધિકાર ગ્રહણ નહીં કરતાં તેની પહેલાંથી આવતાં વિકલ્પનો અધિકાર ગ્રહણ કરવામાં આવે છે. અન્યથા જો નિષેધ જ ઇષ્ટ હોય તો પૂર્વસૂત્રની સાથે જ આ સૂત્રનો પણ નિર્દેશ કરે.

## प्रियः ३.१.१५७

**અ.અ.સૂ. : प्रियः बहुव्रीहौ प्राक् नवा।**

**અર્થ** : प्रिय શબ્દનો બહુવ્રીહિ સમાસમાં વિકલ્પે પૂર્વનિપાત થાય છે.

**ઉદા.** : **प्रियगुडः/गुडप्रियः** = ગોળ છે પ્રિય જેને તે.
प्रियो गुडो यस्य स इति।
આ ઉદા.ની સાધનિકા ૩.૧.૧૫૪માં દર્શાવેલ उद्यतासिः પ્રમાણે જાણવી. પરંતુ प्रियનો વિકલ્પે પૂર્વનિપાત આ સૂત્રથી કરવો.

**વિશેષતા :**

(૧) અહીં प्रियः એ પ્રમાણે પ્રથમાન્તનો નિર્દેશ હોવાથી પૂર્વસૂત્રથી ચાલતો સપ્તમીનો અધિકાર અટકી જાય છે.

(૨) प्रिय વિશેષણ હોવાથી विशेषण-सर्वादि०૩.૧.૧૫૦ સૂત્રથી નિત્ય પૂર્વનિપાતની પ્રાપ્તિ હતી તેને વિકલ્પે કરવા આ સૂત્રનો નિર્દેશ છે.

# कडारादयः कर्मधारये ३.१.१५८

**અ.અ.સૂ. : कडारादयः कर्मधारये प्राक् नवा ।**

**અર્થ** : કડાર વગેરે નામોનો કર્મધારય સમાસમાં વિકલ્પે પૂર્વનિપાત થાય છે.

**સ.** **कडारादयः** = कडार आदिर्येषां ते इति।

ઉદા. (૧) **कडारजैमिनिः/जैमिनिकडारः** = કડાર વર્ણનો જૈમિનિ ઋષિ.

कडारश्चासौ जैमिनिश्चेति।

विशेषणं-विशे०૩.૧.૯૬થી **સમાસ** તથા,

આ સૂત્રથી कडारनो વિકલ્પે **પૂર્વનિપાત.**

પ્રથમા सि વગેરે→कडारजैमिनिः/जैमिनिकडारः।

(૨) **काणद्रोणः/द्रोणकाणः** = ફૂટેલું દ્રોણ.

काणश्चासौ द्रोणश्चेति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**વિશેષતા :**

(૧) **કડારાદિ ગણ દ્વારા સિદ્ધ થતાં સમાસો :** कडारजैमिनिः/जैमिनिकडारः, गडुलगालवः/गालवगडुलः, काणद्रोणः/द्रोणकाणः, खञ्जमौञ्जायनः/मौञ्जायनखञ्जः, कुण्टवात्स्यः/वात्स्यकुण्टः, खेलदाक्षिः/दाक्षिखेलः, खोडकहोडः/कहोडखोडः, खलतिखारपायणः/खारपायणखलतिः, गौरगौतमः/गौतमगौरः, पिङ्गलमाण्डव्यः/माण्डव्यपिङ्गलः, वृद्धमनुः/मनुवृद्धः, भिक्षुकदाक्षिः/दाक्षिभिक्षुकः, बठरच्छान्दसः/छान्दसबठरः, तनुतृणबिन्दुः/तृणबिन्दुतनुः, कूटप्लाक्षिः/प्लाक्षिकूटः વગેરે.

સૂત્રમાં બ.વ. આકૃતિગણ માટે છે. તેથી, नटबधिरः વગેરે પ્રયોગો પણ સિદ્ધ થાય છે.

(૨) कडार વગેરે શબ્દ ગુણવાચી હોવાથી દ્રવ્યની અપેક્ષાએ વિશેષણ કહેવાય છે. અને विशेषणंविशेष्यै૦૩.૧.૯૬ સૂત્રમાં વિશેષણ પદનો પ્રથમાન્ત નિર્દેશ છે. તેથી प्रथमोक्तं૦૩.૧.૧૪૮ સૂત્રથી નિત્ય પૂર્વનિપાતની પ્રાપ્તિ હતી. તેને વિકલ્પે કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. આમ, આ સૂત્ર प्रथमोक्तं૦૩.૧.૧૪૮નું અપવાદ સૂત્ર છે.

## धर्मार्थादिषु द्वन्द्वे ३.१.१५९

**અ.અ.સૂ. : धर्मार्थादिषु द्वन्द्वे प्राक् नवा ।**

**અર્થ** : ધર્માર્થૌ વગેરે દ્વન્દ્વ સમાસમાં પ્રાપ્ત પૂર્વનિપાતવાળાં શબ્દોનો પૂર્વનિપાત વિકલ્પે થાય છે.

**સ.** **धर्मार्थादिषु** = धर्मार्थावादिर्येषां ते इति धर्मार्थादयः, तेष्विति।

**ઉદા. (૧)** **धर्मार्थौ/अर्थधर्मौ** = ધન અને ધર્મ. धर्मश्च अर्थश्चेति। चार्थे द्वन्द्व૦૩.૧.૯૬થી **સમાસ** તથા,
આ સૂત્રથી अर्थનો વિકલ્પે **પૂર્વનિપાત**
પ્રથમા औ વગેરે→धर्मार्थौ/अर्थधर्मौ।

(૨) **शब्दार्थौ/अर्थशब्दौ** = શબ્દ અને અર્થ.
शब्दश्च अर्थश्चेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) **धर्मार्थादि ગણ :** धर्मार्थौ/अर्थधर्मौ, कामार्थौ/अर्थकामौ, शब्दार्थौ/अर्थशब्दौ, आद्यन्तौ/अन्तादी, अग्नेन्द्रौ/इन्द्राग्नी, चन्द्रार्कौ/अर्कचन्द्रौ, अश्वत्थकपित्थौ/कपित्थाश्वत्थौ, सर्पिर्मधुनी/मधुसर्पिषी, गुणवृद्धी/वृद्धिगुणौ, दीर्घलघू/लघुदीर्घौ, चन्द्रराहू/राहूचन्द्रौ, तपःश्रुते/श्रुततपसी, द्रोणभीष्मौ/भीष्मद्रोणौ, शकृन्मूत्रम्/मूत्रशकृत्, कुशकाशम्/काशकुशम्, करभरासभौ/रासभकरभौ, समीरणाग्नी, अग्निसमीरणौ/आदित्यचन्द्रौ/चन्द्रादित्यौ, पाणिनीयरौढीयाः/रौढीयपाणिनीयाः, जित्याविपूयविनीयाः/विपूयविनीयजित्याः, ब्राह्मणक्षत्रियविट्शूद्राः/शूद्रविट्क्षत्रियविप्राः, भीससेनार्जुनौ/अर्जुनभीमसेनौ, देवापिशन्तनु/शन्तनुदेवापी।

(૨) **धर्मार्थादि ગણની કેટલીક વિશેષતાઓ :**

(a) धर्मार्थौ વગેરે સમાસમાં अर्थ શબ્દ સ્વરાદિ અકારાન્ત હોવાથી, सर्पिमधुनी વગેરે સમાસમાં मधु શબ્દ ઉકારાન્ત હોવાથી, तपःश्रुते વગેરે સમાસમાં श्रुत શબ્દ પૂજ્યવાચી હોવાથી, शकृन्मूत्रम् વગેરે સમાસમાં मूत्र શબ્દ લઘ્વક્ષરી હોવાથી તથા समीरणाग्नी વગેરે સમાસમાં अग्नि શબ્દ અલ્પસ્વરી હોવાથી लघ्वक्षरा૦૩.૧.૧૬૦ સૂત્રથી તે શબ્દનાં પૂર્વનિપાતની પ્રાપ્તિ હતી.

(b) તેમજ, ब्राह्मणक्षत्रियविट्शूद्राः વગેરે સમાસમાં વર્ણવાચી ब्राह्मण વગેરેનો અનુક્રમ પ્રમાણે પૂર્વનિપાતની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી આ સૂત્રથી નિપાતન દ્વારા પૂર્વઅપ્રાપ્ત પ્રયોગનો પૂર્વનિપાત થાય છે.

સૂત્રમાં બ.વ. આકૃતિગણ માટે છે. તેથી वसन्तग्रीष्मौ, ग्रीष्मवसन्तौ, शुकशुची/शुचिशुकौ વગેરે પ્રયોગો પણ સિદ્ધ થાય છે.

## लघ्वक्षरा-ऽसखीदुत्-स्वराद्यदल्पस्वरा-ऽर्च्यमेकम् ३.१.१६०

**અ.અ.સૂ. :** **लघ्वक्षरा-ऽसखीदुत्-स्वराद्यदल्पस्वरा-ऽर्च्यं द्वन्द्वे एकं प्राक्।**

**અર્થ** : લઘુઅક્ષરવાળાં, सखि સિવાયનાં इકારાન્ત, उકારાન્ત, સ્વરાદિ अકારાન્ત, અલ્પસ્વરવાળાં અને પૂજ્યવાચી એવા એક નામનો દ્વન્દ્વ સમાસમાં પૂર્વનિપાત થાય છે.

**સ.** **लघ्वक्षरा-ऽसखीदुत्-स्वराद्यल्पस्वरा-ऽर्च्यम्** = लघूनि अक्षराणि यत्र तदिति लघ्वक्षरम्, इच्च उच्चेति इदुत्, सखि च तद् इदुच्चेति सखीदुत्, न सखीदुत् इति असखीदुत्, स्वर आदिर्यस्य तदिति स्वरादिः, स्वरादि च तद् अच्चेति स्वराद्यत्, अल्पः स्वरो यस्य तदिति अल्पस्वरम्, लघ्वक्षरं च असखीदुच्च स्वराद्यच्च अल्पस्वरं च अर्च्यं चेति।

**ઉદા.** (૧) **લઘ્વક્ષરી** = **शरशीर्षम्** = બાણ અને મસ્તક.
शरश्च शीर्षं च एतयोः समाहार इति।
चार्थे०૩.૧.૧૧૭થી **સમાસ** તથા,
આ સૂત્રથી शरનો **પૂર્વનિપાત**.
**द्वन्द्वैकत्वा०३/९** લિંગાનુ. વચનાનુસારે
નપુંસકલિંગ પ્રથમા सि વગેરે→शरशीर्षम्।

(૨) **इકારાન્ત** = **अग्निषोमौ** = અગ્નિ અને સોમદેવતા.
अग्निश्च सोमश्चेति।

(૩) **उકારાન્ત** = **वायुतोयम्** = વાયુ અને પાણી.
वायुश्च तोयं च एतयोः समाहार इति।

(૪) **સ્વરાદિ अકારાન્ત** = **अस्त्रशस्त्रम्** = છરી અને શસ્ત્ર.
अस्त्राणि च शस्त्राणि च एतेषां समाहार इति।

(૫) **અલ્પસ્વરી** = **प्लक्षन्यग्रोधौ** = વડ અને પીપળો.
प्लक्षश्च न्यग्रोधश्चेति।

(૬) **પૂજ્ય** = **श्रद्धामेधे** = શ્રદ્ધા અને બુદ્ધિ.
श्रद्धा च मेधा चेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા.(૧) **असखीति किम्? सुतसखायौ** = પુત્ર અને મિત્ર.
सुतश्च सखा चेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રમાં सखि શબ્દનું વર્જન હોવાથી इકારાન્ત હોવા છતાં પણ सखिનો પૂર્વનિપાત થયો નહીં.

(૨) **लघ्वादीति किम्? कुक्कुटमयूरौ/मयूरकुक्कुटौ** = કૂકડો અને મોર. कुक्कुटश्च मयूरश्चेति।

★ આ સૂત્રથી લઘ્વક્ષરી વગેરે નિમિત્તવાળાં નામોનો જ પૂર્વનિપાત થાય છે. જ્યારે અહીં સૂત્રોક્ત એક પણ શરત નહીં ઘટતી હોવાથી આ સૂત્રથી પૂર્વનિપાતનું નિયમન ન થતાં ઇચ્છામુજબ બંને નામનો પૂર્વનિપાત થઈ શકે છે.

★ **एकमिति किम्? शङ्खदुन्दुभिवीणाः** =
શંખ દુંદુભિ અને વીણા.
शङ्खश्च दुन्दुभिश्च वीणा चेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.
આ સૂત્રથી દ્વન્દ્વ સમાસગત અનેક નામોમાંથી કોઈપણ એક નામ પૂર્વનિપાત પામે છે. અને બીજા નામો ઈચ્છામુજબ પ્રયોગ કરાય છે. તેથી અહીં वीणानो दुन्दुभिथी પર નિર્દેશ પણ થઈ શકે છે.

(૩) **द्वन्द्व इत्येव** = **विस्पष्टपटुः** = અત્યન્ત રીતે હોંશિયાર.
विस्पष्टं पटुरिति।
આ ઉદા.ની સાધનિકા ૩.૧.૧૮માં દર્શાવેલ છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ દ્વન્દ્વ સમાસનાં વિષયમાં થાય છે, જ્યારે અહીં દ્વન્દ્વ સમાસ નથી. માટે આ સૂત્રથી पटुનો પૂર્વનિપાત થયો નહીં.

**વિશેષતા :**

(૧) આ સૂત્રનો પૂર્વસૂત્રથી પૃથક્ નિર્દેશ કર્યો હોવાથી અહીં ગ્રંથકારશ્રીને વિકલ્પની અપેક્ષા જણાતી નથી. તેથી **अपेक्षातोऽधिकारः १/१२** ન્યાયાનુસારે नवानी અનુવૃત્તિ અટકી ગઈ.

(૨) सखि પદ નામનું વિશેષણ હોવાથી **विशेषणन्तः** ૭.૪.૧૧૩ પરિભાષાનુસારે सख्यन्त પદનું ગ્રહણ થવાની પ્રાપ્તિ હતી. પરંતુ **ग्रहणवता नाम्ना न तदन्तविधिः २/१०** ન્યાયાનુસારે सखि અંતવાળો શબ્દ सखि સ્વરૂપે મનાતો નથી. માટે सख्यन्त પદનાં

પૂર્વનિપાતનો નિષેધ થતો નથી. તેથી बहुसखिबहु-धनौ એવા પ્રયોગમાં सख्यन्त નામમાં પણ પૂર્વપ્રયોગ થયો છે.

(૩) અહીં સૂત્રમાં लघ्वक्षराऽ૦૦૦ જે ક્રમ દર્શાવ્યો છે તે ક્રમનાં નિર્દેશથી स्पर्द्धे ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે પછી-પછીનાં લક્ષણવાળાં પદોનો પૂર્વનિપાત થાય છે. જેમકે, व्रीहियवौ।

પરંતુ सखि સિવાયનાં इકારાન્ત उકારાન્ત વિષયમાં જો અરસપરસ સમાસ થયો હોય તો સ્વેચ્છાએ પૂર્વનિપાત કરવો. જેમકે, पतिवसू/वसुपती। અને તે જ પ્રમાણે, એક જ લક્ષણવાળાં પદોનો પણ અરસપરસ સમાસ થયો હોય તો પણ સ્વેચ્છાએ પૂર્વનિપાત થાય છે. જેમકે, अश्वेन्द्रौ/इन्द्राश्वौ।

(૪) સૂત્રમાં एकम् પદનો નિર્દેશ કર્યો હોવાથી અહીં દર્શાવેલાં લક્ષણવાળાં પદોમાંથી સૂત્રક્રમ મુજબ કોઈપણ એક નામનો પૂર્વનિપાત થાય છે. અને અન્ય પદનો સ્વેચ્છાએ પૂર્વાપર પ્રયોગ થાય છે. તેથી शङ्खदुन्दुभि-वीणाः/शङ्खवीणादुन्दुभिः જેવા પ્રયોગો પણ સિદ્ધ થાય છે.

## मास-वर्ण-भ्रात्रऽनुपूर्वम् ३.१.१६१

**અ.અ.સૂ. : मास-वर्ण-भ्रातृ द्वन्द्वे अनुपूर्वं प्राक्।**

**અર્થ** : માસવાચી, વર્ણવાચી અને ભ્રાતૃવાચી નામોનો દ્વન્દ્વ સમાસમાં ક્રમાનુસારે પૂર્વનિપાત થાય છે.

**સ.** **मास-वर्ण-भ्रातृ** = मासश्च वर्णश्च भ्राता चेति।

ઉદા. (૧) **फाल्गुनचैत्रौ** = ફાગણ અને ચૈત્ર માસ.
फाल्गुनश्च चैत्रश्चेति।
चार्थे० ૩.૧.૧૧૭થી **સમાસ** તથા,
આ સૂત્રથી फाल्गुनનો **પૂર્વનિપાત**.
પ્રથમા औ વગેરે→फाल्गुनचैत्रौ।

(૨) **ब्राह्मणक्षत्रियौ** = બ્રાહ્મણ અને ક્ષત્રિય જાતિ.
ब्राह्मणश्च क्षत्रियश्चेति।

(૩) **ब्राह्मणक्षत्रियविशः** = બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય.
ब्राह्मणश्च क्षत्रियश्च विट् चेति।

(૪) **बलदेववासुदेवौ** = બળદેવ અને વાસુદેવ.
बलदेवश्च वासुदेवश्चेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ ત્રણ ઉદા.માં અનુક્રમે चैत्र અલ્પસ્વરી, ब्राह्मण, क्षत्रिय તુલ્યસ્વરી, विट् અલ્પસ્વરી તથા વાસુદેવ પૂજ્યવાચી હોવાથી लघ्वक्षरा० ૩.૧.૧૬૦થી પૂર્વનિપાતની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્ર દ્વારા બાધ થાય છે.

**વિશેષતા :**

(૧) અહીં સૂત્રમાં अनुનું ગ્રહણ હોવાથી પૂર્વસૂત્રથી આવતાં एकम् પદનો અધિકાર અટકી જાય છે. તેથી આ સૂત્રનાં વિષયમાં જો એકથી વધુ પદનો પણ સમાસ હોય તો પણ તમામનો અનુક્રમ જાળવવો. જેમકે, ब्राह्मण-क्षत्रियविशः।

(૨) આનુપૂર્વી એટલે પૂર્વપશ્ચાત્‌ભાવરૂપ ક્રમ વિશેષતા. તેના વડે આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે. તેમાં,

(a) લોકપ્રસિદ્ધિ અનુસારે માસનો ક્રમ નીચે પ્રમાણે છે : कार्तिक, मृगशीर्ष, पोष, मघा, फाल्गुन, चैत्र, वैशाख, ज्येष्ठ, आषाढ, श्रावण, भाद्रपद, अश्विन।

(b) ભ્રાતૃ વિષયમાં કાલકૃત ક્રમ જાણવો. અર્થાત્‌ પૂર્વ ઉત્પન્ન થનાર ભાઈનો ક્રમ પહેલાં અને પછી ઉત્પન્ન થનાર ભાઈનો ક્રમ પછી.

(c) વર્ણનો ક્રમ પણ લોક પ્રસિદ્ધિ પ્રમાણે જ જણાવાયેલ છે. તે આ પ્રમાણે છે : બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર.

## भर्तुतुल्यस्वरम् ३.१.१६२

**અ.અ.સૂ. : तुल्यस्वरं भर्तुः द्वन्द्वे अनुपूर्वं प्राक्।**

**અર્થ** : તુલ્યસ્વરવાળાં નક્ષત્રવાચી અને ઋતુવાચી શબ્દોનાં દ્વન્દ્વ સમાસમાં ક્રમાનુસારે પૂર્વનિપાત થાય છે.

**સ.** (૧) **भर्तुः** = भं च ऋतुश्चेति।
**तुल्यस्वरम्** = तुल्यः स्वरो यस्य तदिति।

ઉદા. (૧) **अश्विनीभरणीकृत्तिका** = અશ્વિની, ભરણી અને કૃત્તિકા નક્ષત્ર. अश्विनी च भरणी च कृत्तिका चेति।
चार्थे द्वन्द्व०૩.૧.૧૧૭થી **સમાસ** તથા,
આ સૂત્રથી ક્રમાનુસારે **પૂર્વનિપાત.**
પ્રથમા जस् વગેરે→अश्विनीभरणीकृत्तिकाः।

(૨) **हेमन्तशिशिरवसन्ताः** = હેમંત, શિશિર અને વસંત ઋતુ. हेमन्तश्च शिशिरश्च वसन्तश्चेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

**પ્ર.ઉદા.(૧) तुल्यस्वरमिति किम् ? आर्द्रामृगशिरसी** = આર્દ્રા અને મૃગશીર્ષ નક્ષત્ર. आर्द्रा च मृगशीर्षश्चेति।
આ ઉદા.ની સાધનિકા ૩.૧.૧૬૦માં દર્શાવેલ प्लक्षन्यग्रोधौ પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ તુલ્યસ્વરવાળાં દ્વન્દ્વ સમાસમાં થાય છે. જ્યારે અહીં તુલ્યસ્વરવાળો દ્વન્દ્વ નથી. માટે આ સૂત્રથી ક્રમાનુસારે मृगशिरस्નો પૂર્વનિપાત થયો નહીં.

**વિશેષતા :**

(૧) લોકપ્રસિદ્ધિ પ્રમાણે નક્ષત્રનાં નામો નીચે પ્રમાણે છે : अश्विनी, भरणी, कृत्तिका, रोहिणी, मृगशीर्ष, आर्द्रा, पुनर्वसु, पुष्य, आश्लेषा, मघा, पूर्वाफाल्गुनी, उत्तराफाल्गुनी हस्त, चित्रा, स्वाति, विशाखा, अनुराधा, ज्येष्ठा, मूल पूर्वाषाढा, उत्तराषाढा, श्रवण, धनिष्ठा, शतभिषा, पूर्वाभाद्रपदा, उत्तराभाद्रपदा, रेवती ।

(૨) લોકપ્રસિદ્ધિ પ્રમાણે નક્ષત્રનાં નામો નીચે પ્રમાણે છે : वसन्त, ग्रीष्म, वर्षा, शरत्, हेमन्त, शिशर ।

## संख्या समासे ३.१.१६३

અ.અ.સૂ. : **समासे सङ्ख्या अनुपूर्वं प्राक्।**

અર્થ : સમાસમાં સંખ્યાવાચી નામોનો ક્રમાનુસારે પૂર્વનિપાત થાય છે.

ઉદા. (૧) **द्वित्राः** = બે કે ત્રણ. द्वौ वा त्रयो वा इति।
આ ઉદા.ની સાધનિકા ૩.૧.૧૯માં દર્શાવેલ છે.

(૨) **द्विशती** = બે વાર સો (૨૦૦).
द्वयोः शतयोः समाहार इति।
संख्या समाहारे०૩.૧.૯૯થી **દ્વિગુ સમાસ** તથા,
આ સૂત્રથી द्विનો **પૂર્વનિપાત**→द्वि+शत
द्विगोः०૨.૪.૨૨થી ङी→द्विशत+**ई**
अस्य ङ्यां०૨.૪.૮૬થી अनो લોપ→द्विशती।
પ્રથમા सि વગેરે→द्विशती।

(૩) **एकादशः** = એક અને દશ. (૧૧)
एकश्च दश चेति।
चार्थे०૩.૧.૧૧૭થી **द्वन्द्व** તથા,
આ સૂત્રથી ક્રમાનુસારે एकनो **પૂર્વનિપાત.**
પ્રથમા सि વગેરે→एकादशः।

**વિશેષતા :**

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, સંખ્યાવાચી પદનો પ્રાયઃ કરીને બહુવ્રીહિ સમાસ, દ્વિગુસમાસ તથા દ્વન્દ્વ સમાસ થતો હોય છે. અને તે-તે સૂત્રમાં સર્વ સંખ્યા પ્રથમા વિભક્ત્યન્ત દ્વારા ઉક્ત હોવાથી જ્યારે બે સંખ્યાનો

સમાસ કરવામાં આવે ત્યારે પ્રયોગમાં સૂત્ર દ્વારા કઈ સંખ્યાનો પૂર્વનિપાત કરવો તેનો નિર્ણય થતો નથી. માટે આ સૂત્રનો નિર્દેશ છે.

જિ. : અહીં સમાસ પ્રકરણ પ્રસ્તુત છે. તેથી આ સૂત્રનો નિર્દેશ પણ સમાસમાં જ થાય છે. તો સૂત્રમાં समासे પદનું પુનઃ ગ્રહણ શા માટે કર્યું?

**સમા.** : વસ્તુતઃ સંખ્યાવાચી શબ્દો માટે विशेषण-सर्वादि० ૩.૧.૧૫૦ વગેરે સૂત્ર દ્વારા તે-તે સમાસમાં પૂર્વનિપાતનો નિર્દેશ કર્યો છે. પરંતુ એક સાથે બે કે તેથી વધારે સંખ્યાનો સમાસ કરવામાં આવ્યો હોય ત્યારે સમાસ સામાન્ય અર્થાત્ બધા જ સમાસમાં ક્રમાનુસારે પૂર્વનિપાત કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. અને તે સમાસ સામાન્યને જણાવવા માટે સમાસ પ્રકરણ પ્રસ્તુત હોવા છતાં પણ समासे પદનું ગ્રહણ કર્યું છે.

**॥ इति श्री सिद्धहेमचन्द्रशब्दानुशासनलघुवृत्तिविवरणे तृतीयेऽध्याये प्रथमः पादः समाप्तः ॥**

શ્લોક : **असंरब्धा[1] अपि चिरं दुःसहा वैरिभूर्भृताम् ।**
**चण्डाश्चामुण्डराजस्य प्रतापशिखिनः कणाः ॥**

---

૧. આ શ્લોકોને સ્વતંત્ર કાવ્ય તરીકે સં.સૌ.માં સંપાદિત કરેલ છે. તેનો અર્થ, અન્વય, સમાસ વગેરે ત્યાંથી જ જાણી લેવા.

## અભ્યાસ-૧

પ્ર.૧. નીચેનાં સૂત્રો અર્થ સહિત લખો. ૧૦

(૧) ૩.૧.૧૦૫ (૨) ૩.૧.૧૨૪ (૩) ૩.૧.૧૮ (૪) ૩.૧.૧ (૫) ૩.૧.૯૮

પ્ર.૨. નીચેનાં સૂત્રગત સમાસનાં વિગ્રહ લખો અને કયા સૂત્રથી સમાસ થાય છે તે જણાવો. ૨૦

(૧) अनवर्णा०१.१.६ (२) अ-इ-उ०१.२.४१ (३) नोऽप्रशानो० १.३.८ (४) अदीर्घाद्०१.३.३२ (५) खि-ति०१.४.३६ (६) गडदबादे०२.१.७७ (७) मावर्णान्तो०२.१.९४ (८) गति०२.२.५ (९) तृन्नुदन्ता०२.१.९० (१०) स्वामीश्वरा०२.२.९८ (११) निरभ्यनो० ३.३.५० (१२) निष्प्राग्रे०२.३.६६ (१३) परिमाणात्० ३.४.२३ (१४) गोश्चान्ते०२.४.९६ (१५) धातोः पूजार्थ० ३.१.१ (१६) विभक्ति० ३.१.३९ (१७) तरुतृण०३.१.१३३ (१८) मासवर्ण०३.१.१६१ (१९) इन्-हन्०१.४.८७ (२०) तवर्गस्य०१.३.६०

પ્ર.૩. નીચેનાં ન્યાયોની ઉદા. સહિત સમજૂતી આપો. ૧૫

(૧) गतिकारकङस्यु० (२) सापेक्षम० (३) समासतद्धितानां० (४) येन धातुना० (५) ग्रहणवता०

પ્ર.૪. નીચેનાં કાર્યો કરનાર લિંગાનુશાસનના વચન લખો. ૬

(૧) द्वन्द्व સમાસને અંતે લિંગ દર્શાવનાર.

(૨) त्यदादिમાં અંતે લિંગ દર્શાવનાર.

(૩) शत સુધીની સંખ્યાનું લિંગ દર્શાવનાર.

**પ્ર.૫. નીચેનાં પ્રશ્નોનાં સંક્ષિપ્ત ઉત્તર આપો. ૨૦**

(૧) સમાસનું લક્ષણ જણાવો અને તે અધિકાર સૂત્ર કેવી રીતે છે?

(૨) સમાસ પ્રકરણમાં આવતાં बहुलम्નાં અધિકારની વ્યાખ્યા જણાવી તેનાં ફળ દર્શાવો.

(૩) तिरस्, साक्षात्, पुरस्, प्र, अलम् શબ્દોને ગતિસંજ્ઞા કયા સૂત્રથી થાય છે તે જણાવો.

(૪) नदीभिर्ना०૩.૧.૨૭ સૂત્રમાં બ.વ.નું ફળ જણાવો.

(૫) નિત્ય સમાસનું લક્ષણ દર્શાવી ઉદા. દ્વારા સમજાવો.

(૬) ઉપસર્ગસંજ્ઞક ગણનો શ્લોક દર્શાવી તેનો અર્થ લખો.

(૭) रात्र्यारुढाः ઉદા.નો ભાવાર્થ લખો.

(૮) खट्वारुढःમાં ક્ષેપ અર્થ કેવી રીતે જણાય છે?

(૯) ऋद्धस्य राज्ञः पुरुषः અહીં સમાસ કેમ ન થયો?

(૧૦) मयूरव्यंसके०૩.૧.૧૧૬થી સિદ્ધ થતાં બે-બે સમાસો દર્શાવો.

**પ્ર.૬. નીચેનાં પ્રયોગમાં એકશેષ પ્રક્રિયા કરતાં સૂત્રો દર્શાવો. ૫**

(૧) पितरौ (૨) इमे गावः (૩) यौ (૪) ब्राह्मणौ (૫) शुक्लम्

**પ્ર.૭. નીચેનાં પ્રયોગમાં સમાહારત્વ કરતાં સૂત્રો દર્શાવો. ૧૪**

(૧) पीठछत्रोपानहम् (૨) वाक्त्वचम् (૩) आराशस्त्रि (૪) गोमहिषम् (૫) भेरी-मृदङ्गम् (૬) कुण्ड-बदरम् (૭) क्रमकवार्त्तिकम् (૮) ब्राह्मण-श्रमणम् (૯) मथुरापाटलिपुत्रम् (૧૦) रजकतन्तुवायम् (૧૧) मूत्रपुरीषम् (૧૨) सुरदानवमानवेन (૧૩) दंशमशकम् (૧૪) हस्त्यश्वम्

**પ્ર.૮. નીચે દર્શાવેલ કોષ્ટક વિવેચન પ્રમાણે દર્શાવો.(કોઈપણ બે) ૧૦**

(૧) એક શેષ પ્રક્રિયા કરનાર સૂત્રોનું સારાંશ કોષ્ટક.

(૨) અવ્યયીભાવ સમાસ કરનાર સૂત્રોનું સારાંશ કોષ્ટક.

(૩) દ્વન્દ્વ સમાસમાં ઇતરેતર અને સમાહાર યોગની વિવક્ષા દર્શાવતું કોષ્ટક.

• • •

∴ નીચેનાં પત્રોનાં સમાસનાં વિગ્રહ કરી ગુજરાતી અર્થ લખો.

## क्षमापनापत्रम्

श्रीवीरजन्मवाचनदिनम्

सौम्यताप्रभृत्यनेकगुणैः यथार्थनामानः उत्तमोच्चार-विशुद्धविचारसु-सदाचार सौरभसुवासितानेकप्रदेशाः प.पू.गुरुदेवाः... अन्य मुनिभगवन्तश्च...

...नगरतः सदैव युष्मच्चरणकजे निवस्तुकामस्य युष्मद्बालस्य अक्षयस्य अनन्तवन्दनावलिम् अङ्गीकृत्य अनुग्रहीतव्यः।

सुदीर्घकालेन क्रियमाणपत्रप्रतीक्षापि हितोपदेशमयवात्सल्य-सुधापायय-त्पत्रागमनेन दूरीभूता, तत्प्राप्य मद्धृदि आनन्दमहार्णवो निरवधिर्भूतवान्।

भवत्सँय्यमसाधकतनौ निरामयता वर्त्तेत एव, इहापि भवत्कृपा-धारासिक्ताः सर्वेऽपि ससुखशाता विद्यन्ते, यथाशक्त्याराधनां यथामत्य-भ्यासञ्च कुर्वन्ति।

विशेषतः सुपर्व-संवत्सरीसुन्दरतमसान्ध्यसमये परात्मभिस्सह प्रीतिं प्रकामयमानार्जवोर्मिभृतान्तः करणेन परस्परक्षमादानप्रदानैकमनसा मया असदुच्चाराचारविचारैः प्रत्यक्षं परोक्षं वा भवद्धृदयम् आहतम् तर्हि एतदागस्विनो यत्क्षतिमलं तत्सर्वम् उपशमाद्भिः "मिथ्या मे दुष्कृतम्" इति वचोमल-वृड्भिश्च परिमार्क्ष्णुना भवता संमृज्यमेव।

भोः! क्षान्तिनिधिगुरुवराः! अद्यापि प्रतिसंवत्सरं मदीयास्सर्वा अपि क्षतयो युष्माभिः प्रक्षालिताः, एतस्मिन्नवसरेऽपि एवम् भवेदिति मदीया आशा वर्त्तते।

प्राणाधिकस्नेहवद्गुरुदेवाः! विशेषं किं लिखेयम्? प्रेरणापीयूषं क्षमाप्रदानञ्च प्रवर्षयत्पत्रकम् झटिति प्रेषितव्यम् इत्याशया विरमामि।

अन्यमुनिभगवद्भ्यो वन्दनाः क्षमापनाश्च पाठ्याः मद्योग्यकार्यसेवे ज्ञापयित्वा ऋणमुक्तम् कर्तुम् प्रसीदत।

भवत्पत्राकाङ्क्षि-क्षमाभिलाषीण अक्षयस्य अनेकशः प्रणतिततयः स्वीकृत्याः।

• • •

## પરિશિષ્ટ-૧

## બહુવ્રીહિ સમાસમાં થતાં સમાસાન્ત પ્રત્યયનું કોષ્ટક

| પૂર્વપદ | ઉત્તરપદ | અન્ય નિમિત્ત | પ્રત્યય | પ્રત્યય કરનાર સૂત્ર | ઉદા. | સમાસનું સૂત્ર |
|---|---|---|---|---|---|---|
| - | अङ्गुलि | કાષ્ઠાર્થક | ट | बहुव्रीहेः०७.३.१२५ | द्व्यङ्गुलं काष्ठम् | एकार्थं०३.१.२२ |
| - | सक्थि, अक्षिन् | સ્વાંગાર્થક | " | सक्थ्य०७.३.१२६ | दीर्घसक्थी | एकार्थं०३.१.२२ |
| द्वि, त्रि | मूर्धन् | - | " | द्वित्रेर्मू०७.३.१२७ | द्विमूर्धः | एकार्थं०३.१.२२ |
| - | प्रमाणी, સંખ્યાવાચી | - | ड | प्रमाणी०७.३.१२८ | स्त्रीप्रमाणाः | एकार्थं०३.१.२२ |
| - | - | सुप्रात વગેરે નિપાતન | ड | सुप्रात-सुश्व० ७.३.१२९ | सुप्रातो ना। | एकार्थं०३.१.२२ |
| - | પૂરણ પ્રત્યયાન્ત સ્ત્રી. | પૂરણાર્થની પ્રધાનતા | अप् | पूरणीभ्य०७.३.१३० | कल्याणीपञ्चमाः। | एकार्थं०३.१.२२ |
| नञ्, सु, वि, उप, त्रि | चतुर् | - | " | नञ्-सु०७.३.१३१ | अचतुरः। | उष्ट्रमुखा०३.१.२३ |
| अन्तर्, बहिर् | लोमन् | - | " | अन्तर्बहि०७.३.१३२ | अन्तलोमः। | एकार्थं०३.१.२२ |
| નક્ષત્રવાચી | नेतृ | - | " | भान्नेतुः०७.३.१३३ | मृगनेत्रा। | एकार्थं०३.१.२२ |

| પૂર્વપદ | ઉત્તરપદ | અન્ય નિમિત્ત | પ્રત્યય | પ્રત્યય કરનાર સૂત્ર | ઉદા. | સમાસનું સૂત્ર |
|---|---|---|---|---|---|---|
| - | नाभि | સંજ્ઞાનો વિષય | " | नाभेर्ना०७.३.१३४ | पद्मनाभः । | उष्ट्रमुखा०३.१.२३ |
| नञ्, बहु | ऋक् | માણવ, ચરણ અર્થ | " | नञ्-बहो०७.३.१३५ | अनृचः । | उष्ट्रमुखा०३.१.२३ |
| नञ्, सु, दुर् | सक्ति, सक्थि, हलि | - | " | नञ्-सु०७.३.१३६ | असक्तः/असक्तिः[1] | उष्ट्रमुखा०३.१.२३ |
| नञ्, सु, दुर् | प्रजा | - | अस् | प्रजाया०७.३.१३७ | अप्रजाः | उष्ट्रमुखा०३.१.२३ |
| मन्द, अल्प, नञ्, सु, दुर् | मेधा | - | " | मन्दाऽल्पा० ७.३.१३८ | मन्दमेधाः | एकार्थं०३.१.२२ |
| - | जाति | જાતિવાચી અન્યાર્થ | ईय | जातेरीय०७.३.१३९ | ब्राह्मणजातीयः | एकार्थं०३.१.२२ |
| ભૃતિઅર્થક પ્રત્યયાન્ત | मास | - | इक | भृतिप्रत्यया० ७.३.१४० | पञ्चकमासिकः | एकार्थं०३.१.२२ |
| દ્વિપદવાચી | धर्म | - | अन् | द्विपदाद्०७.३.१४१ | साधुधर्मा | एकार्थं०३.१.२२ |

(૧) આ સૂત્રનું કાર્ય વિકલ્પે જાણવું.

| પૂર્વપદ | ઉત્તરપદ | અન્ય નિમિત્ત | પ્રત્યય | પ્રત્યય કરનાર સૂત્ર | ઉદા. | સમાસનું સૂત્ર |
|---|---|---|---|---|---|---|
| सु, हरित, तृण, सोम | जम्भ | – | " | सु-हरित०७.३.१४२ | सुजम्भा | एकार्थं०३.१.२२ |
| | | નિપાતન | " | दक्षिणेर्मा०७.३.१४३ | ईर्मं दक्षिणेर्मा मृगः | उष्ट्रमुखा०३.१.२३ |
| सु, पूति, उत्, सुरभि | गन्ध ગુણાર્થક | – | इत् | सु-पूत्यूत्०७.३.१४४ | सुगन्धि | एकार्थं०३.१.२२ |
| सु, पूति, उत्, सुरभि | આહારી ગુણાર્થક गन्ध | – | " | वाऽऽग०७.३.१४५ | सुगन्धिः/सुगन्धः | एकार्थं०३.१.२२ |
| – | અલ્પાર્થક गन्ध | – | " | वाऽल्पे ७.३.१४६ | सुपगन्धि/सूपगन्धम् | एकार्थं०३.१.२२ |
| ઉપમાનવાચી | गन्ध | – | " | वोपमा०७.३.१४७ | उत्पलगन्धि/ उत्पलगन्धम् | एकार्थं०३.१.२२ |
| – | इन् અન્ત | સ્ત્રી અર્થ | कच् | इनः कच् ७.३.१७० | बहुदण्डिका सेना | एकार्थं०३.१.२२ |
| – | ऋ અન્ત, नित्यदित् આદેશવાળાં | – | " | ऋन्नित्य०७.३.१७१ | बहुकर्तृकः । | एकार्थं०३.१.२२ |

| પૂર્વપદ | ઉત્તરપદ | અન્ય નિમિત્ત | પ્રત્યય | પ્રત્યય કરનાર | ઉદા. | સમાસનું સૂત્ર |
|---|---|---|---|---|---|---|
| - | दधि, उरस्, सर्पिस्, मधू, पान, शालि | - | " | दध्युरः०७.३.१७२ | प्रियदधिकः । | एकार्थं०३.१.२२ |
| - | पुम्स, अनडुह्, नौ, पयस्, लक्ष्मी | એકાર્થક | " | पुमनडुन्नौ०७.३.१७३ | अपुंस्कः । | उष्ट्रमुखा०३.१.२३ |
| नञ् | अर्थ | - | " | नञोऽर्थात् ७.३.१७४ | अनर्थकं वचः । | उष्ट्रमुखा०३.१.२३ |
| - | ઉપરોક્ત સિવાયનાં | - | " | शेषाद्०७.३.१७५ | बहुखट्वकः/ बहुखट्वः । | एकार्थं०३.१.२२ |

## અવ્યયીભાવ સમાસમાં થતાં સમાસાન્ત પ્રત્યયનું કોષ્ટક

| પૂર્વપદ | ઉત્તરપદ | અન્ય અર્થાદિ નિમિત્ત | પ્રત્યય | પ્રત્યય કરનાર સૂત્ર | ઉદા. | સમાસ કરનાર સૂત્ર |
|---|---|---|---|---|---|---|
| – | – | યુદ્ધનો વિષય | इच् | इज् युद्धे ७.३.७४ | केशाकेशि | तत्रादाय०३.१.२६ |
| – | – | द्विदण्डि નિપાતન | " | द्विदण्ड्यादिः ७.३.७५ | द्विदण्डि | तिष्ठद्०३.१.३६ |
| प्रति, परो, अनु | आक्षि | – | अत् | प्रति-परो०७.३.८७ | प्रत्यक्षम् | विभक्ति०३.१.३९ |
| – | अन् અન્ત | – | " | अनः ७.३.८८ | उपतक्षम् | विभक्ति०३.१.३९ |
| – | अन् અન્ત | નપુંસકલિંગવાળાં | " | नपुंसका०७.३.८९ | अनुलोमम्/अनुलोम | विभक्ति०३.१.३९ |
| – | गिरि, नदी, पौर्णमासि, आग्रहायणी, વર્ગનો પાંચમો અક્ષર સિવાય-નાં અન્તવાળાં નામો | – | " | गिरि-नदी०७.३.९० | अन्तर्गिरम्/अन्तर्गिरि | पारे-मध्ये०३.१.३० |
| સંખ્યાવાચી | नदी, गोदावरी | – | " | संख्याया०७.३.९१ | पञ्चनदम् | संख्या समा०३.१.२८ |
| – | शरद् વગેરે | – | " | शरदादेः ७.३.९२ | उपशरदम् | विभक्ति०३.१.३९ |
| – | जरा | – | " | जराया०७.३.९३ | उपजरसम् | विभक्ति०३.१.३९ |
| – | – | सरजसम्, उपशुनम्, अनुगवम्, નિપાતન | " | सरजसो०७.३.९४ | सरजसम् | विभक्ति०३.१.३९ |

## તત્પુરુષ સમાસમાં થતાં સમાસાન્ત પ્રત્યયનું કોષ્ટક

| પૂર્વપદ | ઉત્તરપદ | અન્ય અર્થાદિ નિમિત્ત | પ્રત્યય | પ્રત્યય કરનાર સૂત્ર | ઉદા. | સમાસ કરનાર સૂત્ર |
|---|---|---|---|---|---|---|
| जात महत्, वृद्ध | उक्षन् | કર્મધારય | अत् | जात-महद्०७.३.९५ | जातोक्षः | विशेषणं०३.१.९६ |
| स्त्री | पुम्स | કર્મધારય | " | स्त्रियाः०७.३.९६ | स्त्रीपुंसः | उपमेयं०३.१.१०२ |
| - | अन्, અન્ત નામ, अहन् | દ્વિગુ સમાહારાર્થક | अट् | द्विगोरन्न०७.३.९९ | पञ्चतक्षी | संख्या समाहारे०३.१.९९ |
| द्वि, त्रि | आयुस् | સમાહાર દ્વિગુ | " | द्वि-त्रे०७.३.१०० | द्व्यायुषम् | संख्या समाहारे०३.१.९९ |
| द्वि, त्रि | अञ्जलि | દ્વિગુ તદ્ધિતનો લોપ ન થયો હોય તો | " | वाऽञ्जले०७.३.१०१ | द्व्यञ्जलम्/ द्व्यञ्जलि | संख्या समाहारे०३.१.९९ |
| - | खारी | તદ્ધિત અલુપ્ દ્વિગુ | " | खार्या०७.३.१०२ | द्विखारम्/द्विखारि | संख्या समाहारे०३.१.९९ |
| अर्ध | खारी | તદ્ધિત અલુપ દ્વિગુ | " | वाऽर्धा०७.३.१०३ | अर्धवारम्/ अर्धखारि | समेंऽशे०३.१.५४ |
| अर्ध | नौ | તદ્ધિત અલુપ દ્વિગુ | " | नाव०७.३.१०४ | अर्धनावम् | समेंऽशे०३.१.५४ |
| - | गो | - | " | गोस्तत्पु०७.३.१०५ | राजगवी | षष्ठ्ययत्ला०३.१.७६ |
| - | राजन्, सखि | - | अट् | राजन्०७.३.१०६ | पञ्चराजी | संख्या समाहारे०३.१.९९ |

| પૂર્વપદ | ઉત્તરપદ | અન્ય અર્થાદિ નિમિત્ત | પ્રત્યય | પ્રત્યય કરનાર સૂત્ર | ઉદા. | સમાસ કરનાર સૂત્ર |
|---|---|---|---|---|---|---|
| રાષ્ટ્રવાચી | ब्रह्मन् | – | " | राष्ट्रा०७.३.१०७ | सुराष्ट्रब्रह्मः | सिंहद्यै०३.१.८९ |
| कु, महद् | ब्रह्मन् | – | " | कु-महद्०७.३.१०८ | कुब्रह्मः/कुब्रह्मा | गतिक्वन्य०३.१.४२ |
| ग्राम, कौट | तक्षन् | – | " | ग्राम-कौटा०७.३.१०९ | ग्रामतक्षः | षष्ठ्ययत्ना०३.१.७६ |
| गोष्ठ, अति | श्वन् | – | " | गोष्ठाऽतेः०७.३.११० | गोष्ठश्वः । | षष्ठ्ययत्ना०३.१.७६ |
| પ્રાણીઅર્થક ઉપામનવાચી | श्वन् | – | " | प्राणिन०७.३.१११ | व्याघ्रश्वः । | उपमानं०३.१.१०१ |
| અપ્રાણ્યર્થક ઉપામનવાચી | श्वन् | – | " | अप्राणि०७.३.११२ | आकर्षश्वः । | उपमेयं०३.१.१०२ |
| ઉપમાનવાચી पूर्व, उत्तर, मृग | सक्थि | – | " | पूर्वोत्तर०७.३.११३ | पूर्वसक्थम् । | पूर्वापरा०३.१.५२ |
| – | અગ્રાર્થક उरस् | – | " | उरसो०७.३.११४ | अश्वोरसम् । | विशेषणं०३.१.९६ |
| – | सरस्, अनस्, अश्मन्, अयस् | જાતિ અર્થ અને સંજ્ઞાનો વિષય | " | सरो-ऽनो०७.३.११५ | जालसरसम् । | विशेषणं०३.१.९६ |

| પૂર્વપદ | ઉત્તરપદ | અન્ય અર્થાદિ નિમિત્ત | પ્રત્યય | પ્રત્યય કરનાર સૂત્ર | ઉદા. | સમાસ કરનાર સૂત્ર |
|---|---|---|---|---|---|---|
| - | अहन् | - | " | अहनः०७.३.११६ | परमाहः । | सन्महत्०३.१.१०७ |
| संख्यात | अहन् | - | " | संख्याताद०७.३.११७ | संख्याताह्नः/ संख्याताहः । | विशेषणं०३.१.९६ |
| सर्व, અંશવાચી, સંખ્યાવાચી, અવ્યય | अहन् | - | " | सर्वां-ऽश०७.३.११८ | सर्वाहणः । | विशेषणं०३.१.९६ |
| संख्यात, एक, पुण्य, वर्षा, दीर्घ, सर्व વગેરે પૂર્વોક્ત | रात्रि | - | अत् | संख्यातैक०७.३.११९ | संख्यातरात्रः | विशेषणं०३.१.९६ |
| - | - | पुरुषायुष, द्विस्ताव त्रिस्ताव નિપાતન | " | पुरुषायुष०७.३.१२० | पुरुषोयुषम् | षष्ठ्ययत्ना०३.१.७६ |
| श्वस् | वसीयसम् | - | " | श्वसो०७.३.१२१ | श्वोवसीयसम् | विशेषणं०३.१.९६ |
| निस्, श्वस् | श्रेयस् | - | " | निसश्च०७.३.१२२ | निःश्रेयसम् | विशेषणं०३.१.९६ |
| नञ्, અવ્યય | સંખ્યાવાચી | - | ड | नञव्ययात्०७.३.१२३ | अदशाः | नञ् ३.१.५१ |
| સંખ્યાવાચી, અવ્યય | अङ्गुलि | - | " | संख्या०७.३.१२४ | द्व्यङ्गुलम् | संख्या-समाहारे०३.१.९९ |

## દ્વન્દ્વ સમાસમાં થતાં સમાસાન્ત પ્રત્યયનું કોષ્ટક

| પૂર્વપદ | ઉત્તરપદ | અન્ય અર્થાદિ નિમિત્ત | પ્રત્યય | પ્રત્યય કરનાર સૂત્ર | ઉદા. | સમાસ કરનાર સૂત્ર |
|---|---|---|---|---|---|---|
| स्त्री | पुम्स् | - | अत् | स्त्रियाः०७.૩.૯૬ | स्त्रीपुंसौ | चार्थे०૩.૧.૧૧૭ |
| - | - | ऋक् साम વગેરે નિપાતન | " | ऋक्सामर्ग्य०७.૩.૯७ | ऋक्सामे | चार्थे द्वन्द्वः०૩.૧.૧૧૭ |
| - | च् વર્ગ, द्, ष् અને ह् અન્તવાળાં નામ | સમાહારાર્થક | " | चवर्ग-द०७.૩.૯૮ | वाक्त्वचम् | चार्थे द्वन्द्वः०૩.૧.૧૧૭ |

## સામાન્ય સમાસમાં થતાં સમાસાન્ત પ્રત્યયનું કોષ્ટક

| પૂર્વપદ | ઉત્તરપદ | અન્ય અર્થાદિ નિમિત્ત | પ્રત્યય | પ્રત્યય કરનાર સૂત્ર | ઉદા. | સમાસ કરનાર સૂત્ર |
|---|---|---|---|---|---|---|
| – | ऋक्, पूर्, पथिन्, अप् | – | अ | ऋक्-पूः०७.३.७६ | अर्धर्चः । | जरत्यादि०३.१.५५ |
| – | અનક્ષાર્થક धूर् | – | " | धूरोऽन०७.३.७७ | राज्यधुरा । | षष्ठ्ययत्ला०३.१.७६ |
| સંખ્યાવાચી, पाण्डु, उदक, कृष्ण | भूमि | – | " | संख्या०७.३.७८ | द्विभूमम् । | संख्या समाहारे०३.१.९९ |
| ઉપસર્ગ प्रादि | अध्वन् | – | " | उपसर्गा०७.३.७९ | प्राध्वः । | प्रात्यव-परि०३.१.४७ |
| सम्, अव, अन्ध | तमस् | – | " | समवा०७.३.८० | सन्तमसम् । | विशेषणं०३.१.९६ |
| तप्त, अनु, अव | रहस् | – | " | तप्ताऽन्व०७.३.८१ | तप्तरहसम् | प्रात्यव-परि०३.१.४७ |
| प्रति, अनु, अव | साम, लोमन् | – | " | प्रत्यन्व०७.३.८२ | प्रतिसामम् | प्रात्यव-परि०३.१.४७ |
| ब्रह्मन्, हस्ति, राज, पल्य | वर्चस् | – | " | ब्रह्महस्ति०७.३.८३ | ब्रह्मवर्चसम् | षष्ठ्ययत्ला०३.१.७६ |
| प्रति | સપ્તમ્યન્ત उरस् | – | " | प्रतेरुर०७.३.८४ | प्रत्युरसम् | विभक्ति-समीप०३.१.३९ |
| – | અપ્રાણી અંગવાચી अक्षि | – | " | अक्ष्णो०७.३.८५ | लवणाक्षम् | षष्ठ्ययत्ला०३.१.७६ |
| सम्, कट | अक्षि | – | " | संकटा०७.३.८६ | समक्षम् | विभक्ति-समीप०३.१.३९ |

# પરિશિષ્ટ-૨

∴ આ પુસ્તકમાં આવતાં ન્યાયોનાં સામાન્ય અર્થ :

૧. **अन्तरङ्गं बहिरङ्गात् १/४२**→બહિરંગ વિધિ કરતાં અંતરંગ વિધિ બળવાન હોય છે. (પહેલાં પ્રવર્ત્તે છે.)

૨. **अपेक्षातोऽधिकारः १/१२**→અપેક્ષા પ્રમાણે જ કોઈપણ અધિકારની પ્રવૃત્તિ કે નિવૃત્તિ થાય છે.

૩. **अर्थवद्ग्रहणे नाऽनर्थकस्य १/१४**→અર્થવાળાં પ્રત્યય કે પ્રકૃતિનું ગ્રહણ સંભવતું હોય ત્યારે અનર્થક પ્રત્યય કે પ્રકૃતિનું ગ્રહણ થતું નથી.

૪. **असिद्धं बहिरङ्गमन्तरङ्गे १/२०**→અંતરંગ વિધિ કરવાનાં પ્રસંગે બહિરંગ વિધિ અસિદ્ધ (અસત્) મનાય છે.

૫. **आदशभ्यः सङ्ख्या सङ्ख्येये वर्त्तते न संख्याने २/३४**→दशन् શબ્દનો પ્રયોગ થાય ત્યાં સુધી સંખ્યાવાચક શબ્દો 'સંખ્યેય' અર્થમાં વર્ત્તે છે. પણ 'સંખ્યાન' અર્થમાં વર્ત્તતાં નથી.

૬. **उक्तार्थानामप्रयोगः १/२८**→અન્ય પ્રત્યયાદિ વડે જેઓનો અર્થ ઉક્ત થઈ ગયો હોય તે દ્વિતીયાદિ વિભક્તિ વગેરે પ્રત્યયાદિનો પ્રયોગ કરવો નહીં.

૭. **एकदेशविकृतमनन्यवत् १/७**→જે બે શબ્દોમાં કોઈ એક-દેશમાં વિકૃતપણું હોય તો પણ તે બે શબ્દો જુદાં ગણાતાં નથી.

૮. **कृत्रिमा-ऽकृत्रिमयोः कृत्रिमस्यैव १/२३**→કૃત્રિમ અને અકૃત્રિમ કાર્ય ઉપસ્થિત થયે છતે સૂત્ર પ્રવૃત્તિ કરે છે.

૯. **गतिकारकङस्युक्तानां विभक्त्यन्तानामेव कृदन्तैर्विभक्त्युत्पत्तेः प्रागेव समासः २/३१**→વિભક્ત્યન્ત એવા જ ગતિસંજ્ઞક,

કારકસંજ્ઞક શબ્દોનો, ङसि વડે ઉક્ત પ્રત્યયાન્ત શબ્દોનો કૃદન્ત નામો સાથે સમાસ કરવાનો હોય ત્યારે કૃદન્ત વિભક્તિની ઉત્પત્તિ થાય તે પહેલાં જ, કૃદન્ત નામો સાથે ગતિ વગેરે પૂર્વોક્ત વિભક્ત્યન્ત શબ્દોનો સમાસ થઈ જાય છે.

૧૦. **गौणमुख्ययोर्मुख्ये कार्यसंप्रत्ययः १/२२**→ગૌણ અને મુખ્ય બે ને વિશે કાર્ય સંભવતુ હોય ત્યારે મુખ્યને વિશે કાર્ય જાણવું.

૧૧. **ग्रहणवता नाम्ना न तदन्तविधिः २/१८**→સૂત્રમાં સાક્ષાત્ નામનું ગ્રહણ કરવાપૂર્વક જે નામ વગેરેનું જે કાર્ય કહેલું હોય, તે કાર્ય, તે નામ જો સમાસાદિ થવા વડે બનેલાં સમુદાયનાં અંતભાગ રૂપે બનેલું હોય તો ન થાય.

૧૨. **चकारो यस्मात्परस्तत्सजातीयमेव समुच्चिनोति २/६१**→ વ્યાકરણસૂત્રમાં च અવ્યય જે શબ્દની પરમાં હોય તે શબ્દનાં સજાતીય જ બીજા શબ્દનો સમુચ્ચય કરે છે.

૧૩. **चानुकृष्टं नानुवर्त्तते २/६२**→ચકાર વડે અનુકૃષ્ટ-પૂર્વસૂત્રથી ખેંચાયેલ પદ આગળનાં સૂત્રમાં જતું નથી.

૧૪. **द्वन्द्वात्परः प्रत्येकमभिसम्बध्यते ३/१५**→દ્વન્દ્વ સમાસથી પર જે શબ્દ મૂકેલો હોય તેનો દ્વન્દ્વ સમાસનાં ઘટકીભૂત તમામ શબ્દો સાથે સંબંધ થાય છે.

૧૫. **न केवला प्रकृतिः प्रयोक्तव्याः ३/१३**→કેવળ પ્રત્યય રહિત પ્રકૃતિનો પ્રયોગ થતો નથી.

૧૬. **नामग्रहणे लिङ्गविशिष्टस्याऽपि ग्रहणम् १/१६**→વ્યાકરણ શાસ્ત્રમાં સર્વત્ર નામ માત્રનો નિર્દેશ કરેલો હોય ત્યારે સ્ત્રીલિંગાદિથી વિશિષ્ટ નામનું પણ ગ્રહણ થાય છે.

૧૭. **निरनुबन्धग्रहणे न सानुबन्धकस्य १/३२**→અનુબંધ રહિત શબ્દોનાં ઉચ્ચારપૂર્વક જે કાર્ય કહેલું હોય તે કાર્ય જો નિરનુબંધ

પ્રકૃતિથી સંભવતું હોય તો સાનુબંધક પ્રકૃતિથી તે કાર્ય થતું નથી.

૧૮. **प्रत्यया-ऽप्रत्यययोः प्रत्ययस्यैव २/२**→સૂત્રમાં દર્શાવેલ પદ પ્રત્યય અને અપ્રત્યય બંને સ્વરૂપે ગ્રહણ સંભવતું હોય ત્યારે તે પદથી પ્રત્યયનું જ ગ્રહણ થાય છે.

૧૯. **प्रधानस्य तु सापेक्षत्वेऽपि समासः २/२९**→પ્રધાનપદ અન્યપદને સાપેક્ષ હોય તો પણ તેનો સમાસ થાય છે.

૨૦. **भूतपुर्वकस्तद्वदुपचारः १/८**→પૂર્વ શબ્દ કરતાં વર્તમાનમાં અન્યથા જણાતો શબ્દને ભૂતપૂર્વની અવસ્થાવાળો માનીને કાર્ય થાય છે.

૨૧. **यथासङ्ख्यमनुदेशः समानाम् १/१०**→બે જુદાં-જુદાં પદોની અંદર રહેલાં શબ્દોની સંખ્યા અને વચન સમાન હોય તો તે શબ્દ વચ્ચે અનુક્રમ જાણવો.

૨૨. **येन धातुना युक्ताः प्रादयस्तं प्रत्येवोपसर्गसंज्ञा २/५१**→प्रादि ઉપસર્ગો જે ધાતુની સાથે સંબંધવાળાં હોય તે ધાતુ પ્રત્યે જ ઉપસર્ગસંજ્ઞક થાય છે.

૨૩. **लक्षण-प्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहणम् १/१५**→ લક્ષણ અને પ્રતિપદોક્ત એમ બેમાં વિધિનો સંભવ હોય તો પ્રતિપદોક્તમાં જ વિધિ કરવી.

૨૪. **व्याख्यातो विशेषार्थप्रतिपत्तिः २/६४**→વ્યાખ્યાથી વિશેષ અર્થનો બોધ થાય છે.

૨૫. **संज्ञा न संज्ञान्तरबाधिका २/२७**→વ્યાકરણશાસ્ત્રમાં એક સંજ્ઞા બીજી સંજ્ઞાનો બાધ કરનારી બનતી નથી.

૨૬. **संज्ञोत्तरपदाधिकारे प्रत्ययग्रहणे प्रत्ययमात्रस्यैव ग्रहणं न तदन्तस्य २/१७**→સંજ્ઞા સૂત્રમાં અને ઉત્તરપદ વિધિનાં

અધિકારમાં પ્રત્યયનું ગ્રહણ કરાય, ત્યારે પ્રત્યયમાત્રનું જ ગ્રહણ કરવું. પણ પ્રત્યયાન્ત પ્રકૃતિનું નહીં.

૨૭. **सन्नियोगशिष्टानामेकापायेऽन्यतरस्याऽप्यपायः १/३०→** જ્યાં એક સાથે બે કાર્યો કહેલાં હોય, ત્યાં એક કાર્યનો અભાવ થયે છતે બીજું પણ કાર્ય થતું નથી.

૨૮. **संभवे व्यभिचारे च विशेषणमर्थवत् २/५७→**જે વિશેષ્યમાં વિશેષણનો સંભવ હોય અને વ્યભિચાર હોય તે વિશેષ્યને વિશે વિશેષણ કહેવું સાર્થક છે.

૨૯. **समासतद्धितानां वृत्तिर्विकल्पेन वृत्तिविषये च नित्यैवापवाद-वृत्तिः २/३२→**સમાસ-તદ્ધિતની જે વૃત્તિ થાય છે તે વિકલ્પે થાય છે. એટલે પક્ષે વાક્ય પણ થાય અને વૃત્તિ પક્ષે ઉત્સર્ગ અપવાદ વિધિ વિષયમાં નિત્યપણે જ અપવાદવૃત્તિ થાય છે.

૩૦. **सर्वं वाक्यं सावधारणम् २/५८→**તમામ વાક્યો અવધારણ = 'નિશ્ચય અર્થ સહિત' એવા જ અર્થનો બોધ કરાવે છે.

૩૧. **सापेक्षमसमर्थम् २/२८→**સાપેક્ષ પદ એ સમાસાદિ પદ-વિધિને પ્રાપ્ત કરવા સમર્થ બનતું નથી.

૩૨. **साहचर्यात् सदृशस्यैव २/६→**સાહચર્યથી સહચારી પ્રત્ય-યાદિનું ગ્રહણ થાય છે. પણ અસહચારી નહીં.

૩૩. **सिद्धे सत्यारम्भो नियमार्थः १/२५→**જ્યારે કોઈક કાર્યનું વિધાન કર્યા પછી ફરી તે જ કાર્યનું વિશેષ વિધાન કરેલું જણાતું હોય ત્યારે તે વિધાન નિયમ માટે થાય છે.

૩૪. **स्वं रूपं शब्दस्याऽशब्दसंज्ञा १/१→**વ્યાકરણશાસ્ત્રમાં સર્વત્ર શબ્દનાં પોતાનું સ્વકીય રૂપ જ ગ્રહણ કરવું. પણ જો તે શબ્દથી કોઈ સંજ્ઞા કરેલી ન હોય તો.

• • •

## સંદર્ભસ્થાનો

**નોંધ :** અહીં દર્શાવેલ સંદર્ભ સ્થાનો શ્રી વિજયલાવણ્યસૂરીશ્વર જ્ઞાનમંદિર દ્વારા પ્રકાશિત, પ.પૂ.આ.ભ.શ્રીવિજયલાવણ્યસૂરીશ્વરજી મ.સા. દ્વારા સંપાદિત બૃહદ્વૃત્તિ આદિ ટીકાથી યુક્ત 'શ્રી સિદ્ધહેમચન્દ્ર શબ્દાનુશાસનમ્' પુસ્તકાનુસારે દર્શાવેલ છે.

| વિશેષતા/ જિજ્ઞાસા | સંદર્ભસ્થાન | પેજ નં./ લીટી નં. | વિશેષતા/ જિજ્ઞાસા | સંદર્ભસ્થાન | પેજ નં./ લીટી નં. |
|---|---|---|---|---|---|
| ૩.૧.૧ | | | ૩.૧.૨ | | |
| વિ.૧ | प्र–परा० | ૧૩/૧૯ | વિ.૧ | ऊरी–उररी० | ૧૩/૩૫ |
| વિ.૨ | धात्वर्थं० | ૧/૪૪ | વિ.૨ | मस्मसा० | ૧૩/૪૨ |
| વિ.૩ | एषां चा पञ्च० | ૧/૫૦ | વિ.૩ | डाच् इति० | ૧૪/૪ |
| | प्रादयो ह्यर्थ० | ૩/૭૨ | વિ.૪ | एषां च्वि० | ૧૩/૫૨ |
| વિ.૮ | धातोरिति० | ૨/૨૩ | વિ.૫ | कथं खाडिति० | ૧૩/૩૨ |
| વિ.૯ | सर्वं वाक्यं० | ૩/૪૫ | વિ.૭ | गतिप्रदेशा० | ૧૩/૫૫ |
| વિ.૧૦ | अयमाशय० | ૩/૩૩ | જિ.૧ | यद्यपि० | ૧૪/૧ |
| વિ.૧૧ | अथ किं० | ૧/૫૩ | જિ.૨ | धातोः सम्बन्ध० | ૧૪/૩ |
| વિ.૧૨ | अयमाशय० | ૧૧/૫૯ | ૩.૧.૩ | | |
| વિ.૧૩ | प्रगता नायका० | ૧/૧૮ | વિ.૧ | स्वं रुपं० | ૧૮/૩૦ |
| વિ.૧૪ | ननु कर्तुं० | ૧૨/૧૬ | વિ.૨ | आदि शब्दाद्० | ૧૮/૨૬ |
| જિ.૧ | अथ गतार्थत्वे० | ૭/૧૮ | ૩.૧.૪ | | |
| જિ.૨ | प्रादेस्त्वनेक० | ૪/૪૮ | વિ.૧ | यथासङ्ख्य० | ૧૯/૬ |
| જિ.૩ | यद्येवम० | ૨/૧૧ | વિ.૨ | अयमपि० | ૧૯/૨૭ |
| | | | જિ.૧ | अथेह असत्० | ૧૯/૪૬ |

| વિશેષતા/ જિજ્ઞાસા | સંદર્ભસ્થાન | પેજ નં./ લીટી નં. |
|---|---|---|
| ૩.૧.૫ | | |
| વિ.૧ | यथासङ्ख्य० | ૨૦/૩૪ |
| વિ.૨ | अग्रहोऽ० | ૨૦/૨૪ |
| વિ.૩ | अदस् शब्द० | ૨૦/૨૯ |
| ૩.૧.૬ | | |
| વિ.૧ | कणे इति० | ૨૧/૨૩ |
| વિ.૨ | नन्वनयो० | ૨૧/૫૪ |
| ૩.૧.૭ | | |
| વિ.૧ | पूर्वशब्दात्० | ૨૧/૬૮ |
| વિ.૨ | असूच्० | ૨૧/૭૨ |
| ૩.૧.૮ | | |
| વિ.૧ | अभिशब्दार्थे० | ૨૨/૬૯ |
| ૩.૧.૯ | | |
| વિ.૧ | तिरस् अन्त० | ૨૩/૧૮ |
| વિ.૨ | प्राग्वत्० | ૨૩/૪૧ |
| ૩.૧.૧૧ | | |
| વિ.૧ | एतानि सप्त० | ૨૩/૭૬ |
| વિ.૨ | अत्याधाने० | ૨૪/૫૧ |
| ૩.૧.૧૨ | | |
| વિ.૧ | एते अव्यये० | ૨૪/૬૭ |
| વિ.૨ | दुर्बलस्य० | ૨૪/૭૦ |
| ૩.૧.૧૩ | | |
| વિ.૧ | सार्थकत्वे० | ૨૫/૬ |
| વિ.૨ | प्रादिरुपसर्ग० | ૨૫/૬૦ |
| ૩.૧.૧૪ | | |
| વિ.૧ | च्व्यन्तानां० | ૨૫/૭૮ |
| વિ.૨ | प्रादुस्० | ૨૮/૬ |
| વિ.૩ | साक्षात्० | ૨૬/૨ |
| વિ.૪ | अर्थे प्रसहने० | ૧૬/૪ |
| ૩.૧.૧૫ | | |
| વિ.૧ | नित्यग्रहणाद्० | ૨૮/૨૩ |
| વિ.૨ | हस्ते, पाणौ० | ૨૮/૧૮ |
| વિ.૩ | सप्तम्यन्त० | ૨૮/૧૯ |
| ૩.૧.૧૬ | | |
| વિ.૨ | तच्चानु० | ૨૮/૭૧ |
| વિ.૩ | केचिदाहुः० | ૨૯/૧૮ |
| ૩.૧.૧૭ | | |
| વિ.૧ | जीविका च० | ૨૯/૩૬ |
| વિ.૨ | उपनिषत्० | ૨૯/૪૪ |
| ૩.૧.૧૮ | | |
| વિ.૧ | लक्षणमिदम० | ૩૯/૬૫ |
| વિ.૨ | व्यपेक्षापक्षा० | ૩૨/૧૬ |
| વિ.૩ | क्वचित्प्रवृत्तिः० | ૩૯/૫૨ |
| વિ.૪ | कृत्-तद्धित० | ૩૩/૨૭ |
| વિ.૫ | अत्र सर्वत्र० | ૫૪/૪૦ |
| વિ.૬ | समासप्रदेशाः० | ૩૦/૧૮ |
| જિ.૧ | येन समुदाय० | ૩૦/૪૩ |

| વિશેષતા/ જિજ્ઞાસા | સંદર્ભસ્થાન | પેજ નં./ લીટી નં. | વિશેષતા/ જિજ્ઞાસા | સંદર્ભસ્થાન | પેજ નં./ લીટી નં. |
|---|---|---|---|---|---|
| ૩.૧.૧૯ | | | ૩.૧.૨૩ | | |
| વિ.૧ | द्वन्द्वान्ते० | ૪૬/૨ | વિ.૧ | उष्ट्रमुखा मिव० | ૫૯/૧૮ |
| વિ.૨ | वाऽर्थो० | ૪૬/૯ | વિ.૨(i) | अत्रोपमानेन० | ૫૯/૨૫ |
| વિ.૪ | बहुव्रीहि० | ૪૫/૭૮ | (ii) | इत्यादिषु० | ૫૯/૨૮ |
| જિ.૧ | नन्विह० | ૪૮/૪૦ | (iii) | इत्यादिषु० | ૫૯/૩૨ |
| ૩.૧.૨૦ | | | (iv) | इत्यादिषु० | ૫૯/૩૬ |
| વિ.૧ | एकार्थं चा० | ૪૯/૨ | (v) | इत्यादिषु० | ૫૯/૩૭ |
| વિ.૨ | अत्रेदम० | ૪૯/૫૭ | (vi) | बहुवचन० | ૫૯/૩૯ |
| ૩.૧.૨૧ | | | જિ.૧ | ननु तर्हि० | ૧૮૬/૫૭ |
| વિ.૧ | यद्यपि उप० | ૫૩/૧૪ | ૩.૧.૨૪ | | |
| વિ.૨ | यद्यपि महा० | ૫૩/૧૭ | વિ.૧ | सह इत्येतन्नाम० | ૬૨/૧૮ |
| જિ.૧ | द्वितीयाद्यन्या० | ૫૨/૫૧ | વિ.૨ | प्रथमाना० | ૬૨/૨૮ |
| જિ.૨ | ननु च० | ૫૩/૩૦ | વિ.૩ | यद्यपि सह० | ૬૩/૫ |
| ૩.૧.૨૨ | | | વિ.૪ | बहुलाधि० | ૬૨/૨૫ |
| વિ.૧ | अधिकरण० | ૫૪/૧૬ | વિ.૫ | इह कचा० | ૬૨/૬૩ |
| વિ.૨ | आरुढवानरो० | ૫૩/૪૦ | જિ.૧ | द्वितीयाद्यन्या० | ૬૨/૪૩ |
| વિ.૩ | एकोऽन्यार्थे० | ૫૪/૧ | ૩.૧.૨૫ | | |
| વિ.૪ | चानेकम्० | ૫૪/૨૯ | વિ.૧ | दिश इति० | ૬૩/૩૬ |
| વિ.૫ | अस्ति क्षीर० | ૫૩/૫૯ | વિ.૨ | अयमाशयः० | ૬૪/૬ |
| વિ.૬ | पूर्वसूत्राद० | ૫૪/૫૨ | વિ.૩ | इदमपि सूत्रं० | ૬૩/૪૪ |
| વિ.૭ | बहुलाधि० | ૫૩/૬૭ | વિ.૪ | दिशि वर्त्तमानानां० | ૬૩/૬૦ |
| જિ.૧ | नाम नाम्ना० | ૫૩/૫૩ | ૩.૧.૨૬ | | |
| જિ.૨ | व्यधिकरण० | ૫૩/૫૭ | વિ.૧ | तत्र प्रथमांशे० | ૬૪/૩૮ |
| જિ.૩ | ननु द्वितीयाद्य० | ૫૫/૨૯ | વિ.૨ | केचिदिह० | ૬૪/૭૧ |
| | | | વિ.૩ | यदा च हस्त० | ૬૫/૭૬ |

| વિશેષતા/ જિજ્ઞાસા | સંદર્ભસ્થાન | પેજ નં./ લીટી નં. |
|---|---|---|
| વિ.૪ | पाणिनीय तन्त्रे० | ૬૫/૩૫ |
| વિ.૫ | अव्ययीभाव० | ૬૪/૩૦ |
| વિ.૬ | युद्ध इति० | ૬૪/૨૯ |
| જિ.૧ | ननु संज्ञा० | ૬૫/૧ |
| જિ.૨ | ननु युद्ध० | ૬૫/૩ |
| ૩.૧.૨૭ | | |
| વિ.૧ | अयमाशयः० | ૬૬/૬૮ |
| જિ.૧ | ननु रुढि० | ૬૬/૪૨ |
| ૩.૧.૨૮ | | |
| વિ.૧ | समाहारे० | ૬૭/૨૪ |
| વિ.૨ | ननु समाहारे० | ૬૮/૫ |
| ૩.૧.૨૯ | | |
| વિ.૧ | तत्र विद्यया० | ૬૮/૭૬ |
| વિ.૨ | एक मुनि इति० | ૬૯/૩૧ |
| વિ.૩ | व्याकरणस्य० | ૬૯/૩૧ |
| વિ.૪ | यदा तु० | ૬૮/૬૫ |
| વિ.૫ | अन्ये तु० | ૬૮/૭૧ |
| જિ.૧ | ननु वंश्ये भवा० | ૬૯/૨૦ |
| ૩.૧.૩૦ | | |
| વિ.૧ | यद्यप्यन्त० | ૭૧/૪૪ |
| વિ.૨ | यदि पारे० | ૭૦/૬૧ |
| જિ.૧ | बहुलमित्य० | ૭૧/૧૭ |
| જિ.૨ | तत्रापरे० | ૭૧/૯ |

| વિશેષતા/ જિજ્ઞાસા | સંદર્ભસ્થાન | પેજ નં./ લીટી નં. |
|---|---|---|
| ૩.૧.૩૧ | | |
| વિ.૨ | ऊर्ध्वमानं० | ૭૧/૭૦ |
| ૩.૧.૩૨ | | |
| વિ.૧ | पर्यादि० | ૭૨/૫૩ |
| વિ.૨ | अप-परि० | ૭૨/૬૭ |
| વિ.૩ | तत्रेषदर्थे० | ૭૨/૭૪ |
| વિ.૪ | प्रतिपद० | ૭૨/૫૫ |
| ૩.૧.૩૫ | | |
| વિ.૧ | विभक्ति० | ૭૬/૭૦ |
| વિ.૨ | ननु तथापि० | ૭૬/૭૫ |
| ૩.૧.૩૬ | | |
| વિ.૧ | तिष्ठन्ति० | ૭૭/૧૧ |
| વિ.૨ | तिष्ठन्ति० | ૭૭/૧૧ |
| વિ.૩ | तिष्ठन्ति० | ૭૭/૧૧ |
| વિ.૪ | तिष्ठद्गविति० | ૭૭/૫૨ |
| જિ.૧ | इजन्तस्य च० | ૭૭/૫૬ |
| ૩.૧.૩૭ | | |
| વિ.૧ | इह नित्य० | ૮૨/૪ |
| જિ.૧ | नन्वेमल्पा० | ૮૧/૭૦ |
| ૩.૧.૩૮ | | |
| વિ.૨ | संख्या इत्यनेन० | ૮૨/૪૨ |
| વિ.૩ | पञ्चसु त्वेक० | ૮૨/૩૦ |
| વિ.૪ | केचित्० | ૮૨/૩૫ |
| વિ.૫ | वर्त्तने चैषां० | ૮૨/૬૧ |

| વિશેષતા/ જિજ્ઞાસા | સંદર્ભસ્થાન | પેજ નં./ લીટી નં. |
|---|---|---|
| ૩.૧.૩૯ | | |
| વિ.૧ | अथार्थ ग्रहणं० | ૮૬/૬ |
| વિ.૨ | ननु समुमधा० | ૮૫/૨૫ |
| વિ.૩ | अत्र विभक्ति० | ૮૪/૪૮ |
| વિ.૪ | द्वन्द्वान्ते श्रूयमाणं० | ૮૪/૫૦ |
| જિ.૧ | ननु वक्ष्यमाणे० | ૮૫/૫૯ |
| જિ.૨ | ननु च वर्षाणाम० | ૮૬/૨૨ |
| ૩.૧.૪૦ | | |
| જિ.૧ | ननु पूर्वसूत्रे० | ૯૦/૪૫ |
| જિ.૨ | ननु नित्य० | ૯૦/૨ |
| ૩.૧.૪૧ | | |
| વિ.૧ | इह सूत्रे० | ૯૦/૬૫ |
| વિ.૨ | पूर्वेणैव० | ૯૦/૬૪ |
| ૩.૧.૪૨ | | |
| વિ.૧ | अत्र कुशब्दो० | ૯૨/૧૮ |
| વિ.૨ | तत्पुरुष० | ૯૧/૬૨ |
| જિ.૧(ii) | ननु धर्माश्रित० | ૧૨૦/૨૧ |
| ૩.૧.૪૩ | | |
| વિ.૧ | क्रियायोगे० | ૯૨/૫૫ |
| જિ.૧ | कृच्छ्रेण० | ૯૨/૫૭ |
| ૩.૧.૪૪ | | |
| વિ.૧ | यद्यपि प्रादीनां० | ૯૩/૨૮ |
| ૩.૧.૪૫ | | |
| વિ.૧ | बहुलाधिकारा० | ૯૩/૪૩ |
| વિ.૨ | पूजार्थे० | ૯૩/૬૨ |

| વિશેષતા/ જિજ્ઞાસા | સંદર્ભસ્થાન | પેજ નં./ લીટી નં. |
|---|---|---|
| ૩.૧.૪૬ | | |
| વિ.૧ | ईषदर्थे० | ૯૪/૧૨ |
| જિ.૧ | ननु अल्पे० | ૯૪/૧૯ |
| ૩.૧.૪૭ | | |
| વિ.૧ | यथासङ्ख्य० | ૯૫/૧૬ |
| વિ.૨ | बहुलाधिकारा० | ૯૫/૫ |
| વિ.૩ | द्वन्द्वान्ते० | ૯૫/૧૫ |
| વિ.૪ | बहुवचन० | ૯૭/૧૧ |
| વિ.૫ | केचित् तु० | ૯૫/૭૫ |
| ૩.૧.૪૮ | | |
| વિ.૧ | पुनः प्रवृद्ध० | ૯૬/૧૬ |
| વિ.૩ | नित्यसमासा० | ૯૭/૨૪ |
| ૩.૧.૪૯ | | |
| વિ.૧ | इह च० | ૯૭/૭૨ |
| ૩.૧.૫૦ | | |
| વિ.૧ | वा शब्दो० | ૧૦૦/૫૨ |
| વિ.૨ | दंशेस्तृ० | ૧૦૦/૫૯ |
| ૩.૧.૫૧ | | |
| વિ.૧ | प्रसज्यप्रतिषेधे० | ૧૦૧/૪૮ |
| ૩.૧.૫૨ | | |
| વિ.૧ | एवं च षष्ठी० | ૧૦૭/૪૮ |
| વિ.૨ | पूर्व पाणि० | ૧૦૭/૨૩ |
| વિ.૩ | न केवलं० | ૧૦૮/૧૧ |

| વિશેષતા/ જિજ્ઞાસા | સંદર્ભસ્થાન | પેજ નં./ લીટી નં. |
|---|---|---|
| ૩.૧.૫૩ | | |
| વિ.૧ | सायाह्नः० | ૧૦૮/૧૭ |
| વિ.૨ | तत्पुरुष० | ૧૦૮/૨૩ |
| જિ.૧ | ननु साय० | ૧૦૮/૪૦ |
| ૩.૧.૫૪ | | |
| વિ.૧ | नवा इत्युक्त० | ૧૦૯/૩૮ |
| વિ.૨ | अर्धं च सा० | ૧૦૯/૧૯ |
| વિ.૩ | अत्र समेंऽशे० | ૧૦૯/૨૫ |
| વિ.૪ | कथमर्धं० | ૧૦૯/૨૩ |
| વિ.૫ | समांशे तु० | ૧૦૯/૨૭ |
| ૩.૧.૫૫ | | |
| વિ.૧ | बहुवचन० | ૧૧૧/૨ |
| વિ.૨ | इदमपि० | ૧૧૧/૨ |
| ૩.૧.૫૬ | | |
| વિ.૧ | नित्याधिकार० | ૧૧૧/૫૧ |
| વિ.૨ | अग्रादि० | ૧૧૧/૫૬ |
| વિ.૩ | द्वि-त्रि० | ૧૧૧/૬૧ |
| વિ.૪ | द्विश्चत्रिश्च० | ૧૧૧/૬૪ |
| ૩.૧.૫૭ | | |
| વિ.૧ | कालस्य० | ૧૧૩/૨૮ |
| વિ.૨ | चकारो० | ૧૧૩/૨૧ |
| વિ.૩ | अयमपि० | ૧૧૩/૨૬ |
| વિ.૪ | जातादेरेव० | ૧૧૩/૨૨ |
| વિ.૫ | कालशब्दो० | ૧૧૩/૩૪ |

| વિશેષતા/ જિજ્ઞાસા | સંદર્ભસ્થાન | પેજ નં./ લીટી નં. |
|---|---|---|
| વિ.૬ | | |
| જિ.૧ | कालवाचिनो० | ૧૧૫/૧૧ |
| ૩.૧.૫૮ | | |
| વિ.૧ | समासे सत्यैक० | ૧૧૬/૨ |
| વિ.૨ | अत्र स्वयमिति० | ૧૧૬/૫૭ |
| ૩.૧.૫૯ | | |
| વિ.૧ | नित्याधिकारा० | ૧૧૬/૭૭ |
| ૩.૧.૬૦ | | |
| વિ.૧ | अव्याप्त्यर्थ० | ૧૧૭/૬૮ |
| વિ.૨ | कालो द्विगौ० | ૧૧૭/૬૯ |
| વિ.૩ | षड्मुहूर्त्ता० | ૧૧૮/૯ |
| ૩.૧.૬૧ | | |
| વિ.૧ | क्तेनेति० | ૧૧૮/૬૧ |
| ૩.૧.૬૨ | | |
| વિ.૧ | श्रित० | ૧૧૯/૨૭ |
| વિ.૨ | नामग्रहणे० | ૧૧૯/૪૧ |
| વિ.૩ | अत्र यद्यपि० | ૧૧૯/૩૩ |
| ૩.૧.૬૩ | | |
| વિ.૧ | तकारोऽ० | ૧૨૧/૨૯ |
| જિ.૧ | अद्वचनं० | ૧૨૦/૬૮ |
| જિ.૨ | प्राप्तापन्न० | ૧૨૦/૬૯ |
| ૩.૧.૬૪ | | |
| વિ.૧ | ये शब्दा० | ૧૨૧/૬૪ |

| વિશેષતા/ જિજ્ઞાસા | સંદર્ભસ્થાન | પેજ નં./ લીટી નં. | વિશેષતા/ જિજ્ઞાસા | સંદર્ભસ્થાન | પેજ નં./ લીટી નં. |
|---|---|---|---|---|---|
| ૩.૧.૬૫ | | | ૩.૧.૭૧ | | |
| વિ.૧ | अत्र ईषद्रक्त० | ૧૨૨/૭૫ | વિ.૧ | हित, सुख० | ૧૩૧/૪૪ |
| વિ.૨ | ननु शङ्कुलया० | ૧૨૪/૨૯ | વિ.૨ | कृत्य प्रत्यया० | ૧૩૧/૪૮ |
| જિ.૧ | अथ खण्डित० | ૧૨૪/૨૧ | વિ.૩ | गोभ्य इत्यत्र० | ૧૩૧/૫૩ |
| ૩.૧.૬૬ | | | જિ.૧ | इह न भवति० | ૧૩૨/૪૮ |
| વિ.૧ | स्वं रुपं० | ૧૨૫/૪૯ | ૩.૧.૭૨ | | |
| વિ.૨ | अन्ये वैयाकरण० | ૧૨૫/૬૭ | વિ.૧ | तत्पदस्य० | ૧૩૨/૬૩ |
| ૩.૧.૬૭ | | | વિ.૨ | नित्यसमास० | ૧૩૨/૫૭ |
| વિ.૧ | पूर्व, अवर० | ૧૨૬/૨ | વિ.૩ | तादर्थ्यं० | ૧૩૨/૭૧ |
| વિ.૨ | यद्यपि एके० | ૧૨૬/૩૮ | વિ.૪ | ङेऽर्थो० | ૧૩૨/૫૬ |
| જિ.૧ | अथ पूर्व० | ૧૨૬/૪૫ | ૩.૧.૭૩ | | |
| ૩.૧.૬૮ | | | વિ.૧ | भय, भीति० | ૧૩૪/૯ |
| વિ.૧ | कर्त्ता·कर्म० | ૧૨૭/૩૧ | વિ.૨ | बहुलाधि० | ૧૩૪/૧૨ |
| વિ.૨ | बहुलाधिकारा० | ૧૨૭/૧૭ | ૩.૧.૭૪ | | |
| વિ.૩ | अयं च० | ૧૨૮/૫૭ | વિ.૧ | समासे० | ૧૩૪/૪૭ |
| વિ.૪ | यतोऽत्र० | ૧૨૭/૪૫ | વિ.૨ | असत्त्वे या० | ૧૩૪/૪૯ |
| વિ.૫ | कृदिति० | ૧૨૭/૫૦ | વિ.૩ | यतो द्रव्ये० | ૧૩૪/૫૩ |
| વિ.૬ | यद्यपि० | ૧૨૭/૪૦ | ૩.૧.૭૫ | | |
| ૩.૧.૬૯ | | | વિ.૧ | परः शताः० | ૧૩૫/૧૫ |
| વિ.૧ | अद् इति० | ૧૩૦/૪ | વિ.૨ | परशब्देन० | ૧૩૫/૧૭ |
| વિ.૨ | न विंशत्या० | ૧૩૦/૩૦ | ૩.૧.૭૬ | | |
| ૩.૧.૭૦ | | | વિ.૧ | स च द्विविध० | ૧૩૫/૬૬ |
| વિ.૨ | मूत्राय० | ૧૩૦/૫૨ | વિ.૨ | ऋद्धस्य० | ૧૩૫/૪૫ |
| જિ.૧ | ननु प्रकृति० | ૧૩૧/૩૪ | વિ.૩ | गोस्वामी० | ૧૩૫/૫૬ |
| | | | વિ.૪ | संघस्य भद्रं० | ૧૩૫/૫૮ |

| વિશેષતા/ જિજ્ઞાસા | સંદર્ભસ્થાન | પેજ નં./ લીટી નં. |
|---|---|---|
| ૩.૧.૭૭ | | |
| વિ.૧ | शेषाभावात्० | ૧૩૮/૩૩ |
| ૩.૧.૭૮ | | |
| વિ.૧ | याजक० | ૧૩૮/૩૯ |
| વિ.૨ | तुल्यार्थानां० | ૧૩૯/૨૯ |
| જિ.૧ | ननु याजका० | ૧૩૯/૨૩ |
| ૩.૧.૭૯ | | |
| વિ.૧ | कर्मजा० | ૧૩૯/૩૯ |
| વિ.૨ | कथं ज्योति० | ૧૩૯/૩૮ |
| ૩.૧.૮૦ | | |
| વિ.૧ | बहुवचनं० | ૧૩૯/૭૫ |
| વિ.૨ | अव्ययं० | ૧૩૯/૭૪ |
| જિ.૧ | ननु यथा० | ૮૬/૫૮ |
| ૩.૧.૮૧ | | |
| વિ.૧ | क्रीडा-ऽऽजीवौ० | ૧૪૦/૨૮ |
| વિ.૨ | कर्मना० | ૧૪૦/૩૦ |
| ૩.૧.૮૨ | | |
| વિ.૧ | अकर्मकस्या० | ૧૪૧/૨૮ |
| ૩.૧.૮૩ | | |
| વિ.૧ | कर्त्तरीत्ये० | ૧૪૧/૭૪ |
| વિ.૨ | कथं भूभर्त्ता० | ૧૪૧/૬૯ |
| ૩.૧.૮૪ | | |
| વિ.૧ | कर्त्तरि० | ૧૪૩/૫ |
| ૩.૧.૮૫ | | |
| વિ.૧ | राज्ञः पाटलि० | ૧૪૪/૨૮ |
| વિ.૨ | अव्ययीभाव० | ૧૪૪/૨૩ |
| જિ.૧ | इह राज्ञः० | ૧૪૫/૨૪ |
| ૩.૧.૮૬ | | |
| વિ.૧ | अर्थशब्दस्य० | ૧૪૭/૪૧ |
| જિ.૧ | कथं राजपूजित० | ૧૪૭/૩૪ |
| ૩.૧.૮૭ | | |
| વિ.૧ | बहुलाधि० | ૧૪૮/૬૩ |
| વિ.૨ | गुणशब्देन० | ૧૪૮/૫૨ |
| જિ.૧ | ननु पटस्य० | ૧૪૯/૧૫ |
| જિ.૨ | यद्यपि गुणानां० | ૧૪૯/૩ |
| ૩.૧.૮૮ | | |
| વિ.૧ | शौण्ड० | ૧૫૩/૩૧ |
| વિ.૨ | कारकाणां० | ૧૫૧/૪૧ |
| ૩.૧.૮૯ | | |
| વિ.૧ | समरे सिंह० | ૧૫૩/૧૦ |
| જિ.૧ | ननु समरसिंह० | ૧૫૩/૩૬ |
| ૩.૧.૯૦ | | |
| વિ.૧ | तीर्थकाकः० | ૧૫૩/૫૩ |
| વિ.૨ | आदिश्चात्र० | ૧૫૩/૫૯ |
| જિ.૧ | ननु यस्तीर्थे० | ૧૫૩/૭૩ |
| ૩.૧.૯૧ | | |
| વિ.૧ | पात्रे एव समिता० | ૧૫૪/૩૦ |
| વિ.૨ | पात्रेसमिता० | ૧૫૪/૩૦ |

| વિશેષતા/ જિજ્ઞાસા | સંદર્ભસ્થાન | પેજ નં./ લીટી નં. | વિશેષતા/ જિજ્ઞાસા | સંદર્ભસ્થાન | પેજ નં./ લીટી નં. |
|---|---|---|---|---|---|
| વિ.૩ | नित्य० | ૧૫૭/૪૬ | જિ.૨ | कथं तर्हि० | ૧૬૧/૨૮ |
| વિ.૪ | इति शब्द० | ૧૫૪/૫૨ | જિ.૩ | यद्येवमुभयो० | ૧૬૧/૩૫ |
| ૩.૧.૯૨ | | | જિ.૪ | विशेषणं० | ૧૬૬/૫૫ |
| વિ.૧ | नित्यसमासा० | ૧૫૭/૪૬ | ૩.૧.૯૭ | | |
| જિ.૧ | नकुलेन० | ૧૫૭/૬૯ | વિ.૧ | एकशब्द० | ૧૬૭/૭૪ |
| ૩.૧.૯૩ | | | વિ.૨ | पूर्वकाल० | ૧૬૭/૭૨ |
| વિ.૧ | अहश्च० | ૧૫૮/૩૦ | જિ.૧ | पूर्वेणैव० | |
| વિ.૨ | पृथग्योगात्० | ૧૫૮/૧૪ | ૩.૧.૯૮ | | |
| વિ.૩ | कथं रात्रि० | ૧૫૮/૨૪ | વિ.૧ | संज्ञायां० | ૧૬૯/૫૮ |
| | कथमन्य० | ૧૫૮/૨૦ | | अयमपि० | ૧૬૯/૬૪ |
| વિ.૪ | तद्धिताद्यु० | ૧૫૮/૧૮ | | उत्तरपदे० | ૧૬૯/૬૭ |
| જિ.૧ | तत्रेत्येतत्० | ૧૫૮/૪૪ | વિ.૨ | दक्षिणआ गावो० | ૧૭૨/૧૩ |
| જિ.૨ | तत्रेत्येतत्० | ૧૫૮/૪૪ | જિ.૧ | विशेषणं० | ૧૬૯/૭૦ |
| ૩.૧.૯૪ | | | ૩.૧.૯૯ | | |
| વિ.૧ | नित्यसमासो० | ૧૫૯/૩૭ | વિ.૧ | अनेकस्य० | ૧૭૨/૨૭ |
| ૩.૧.૯૫ | | | વિ.૨ | पञ्च गावो० | ૫૭/૩૨ |
| વિ.૧ | तेन कृद्येन० | ૧૬૦/૧૩ | વિ.૩ | सूत्रे चकार० | ૧૭૩/૪૬ |
| વિ.૨ | समासार्थो० | ૧૬૦/૨૬ | વિ.૪ | अयं ग्रहण० | ૧૭૨/૫૨ |
| વિ.૩ | संवत्सर० | ૧૬૦/૧૦ | વિ.૫ | द्विगुप्रदेशा० | ૧૭૨/૫૩ |
| ૩.૧.૯૬ | | | જિ.૧ | विशेषणं० | ૧૭૨/૪૬ |
| વિ.૧ | विशेष्यते० | ૧૬૧/૧૬ | જિ.૨ | एकस्य० | ૧૭૨/૪૭ |
| વિ.૨ | बहुलाधि० | ૧૬૧/૫૬ | ૩.૧.૧૦૦ | | |
| વિ.૩ | तत्पुरुष० | ૧૬૭/૫૧ | વિ.૧ | यः शब्दं० | ૧૭૬/૧૭ |
| વિ.૪ | कर्मधारय० | ૧૬૧/૬૪ | વિ.૨ | प्रत्यासत्ते० | ૧૭૬/૨૪ |
| જિ.૧ | विशेषणं० | ૧૬૧/૨૪ | | | |

| વિશેષતા/ જિજ્ઞાસા | સંદર્ભસ્થાન | પેજ નં./ લીટી નં. | વિશેષતા/ જિજ્ઞાસા | સંદર્ભસ્થાન | પેજ નં./ લીટી નં. |
|---|---|---|---|---|---|
| વિ.૩ | विशेष्यस्य० | ૧૭૬/૩૩ | ૩.૧.૧૦૬ | | |
| વિ.૪ | पापवैयाकरण० | ૧૭૬/૩૦ | વિ.૧ | पूर्वस्या० | ૧૮૯/૬ |
| ૩.૧.૧૦૧ | | | વિ.૨ | इट्ग्रहणा० | ૧૮૯/૭ |
| વિ.૧ | उपमीयतेऽ० | ૧૭૯/૨૨ | જિ.૧ | कथं विन्ना० | ૧૮૯/૮ |
| વિ.૨ | श्यामाधिकं० | ૧૭૯/૩૧ | ૩.૧.૧૦૭ | | |
| જિ.૧ | विशेषणं० | ૧૭૯/૩૫ | વિ.૧ | कथं महाजन० | ૧૮૯/૬૨ |
| ૩.૧.૧૦૨ | | | વિ.૨ | पूजायामेवे० | ૧૮૯/૬૪ |
| વિ.૧ | व्याघ्र० | ૧૮૨/૫૩ | ૩.૧.૧૦૮ | | |
| જિ.૧ | उपमानं० | ૧૮૨/૫૮ | વિ.૧ | वृन्दारका० | ૧૯૦/૬૫ |
| જિ.૨ | पुरुषव्याघ्र० | ૧૮૨/૫૧ | જિ.૧ | व्याघ्रादे० | ૧૯૦/૬૯ |
| ૩.૧.૧૦૩ | | | ૩.૧.૧૦૯ | | |
| વિ.૧ | कथमेक० | ૧૮૪/૧૯ | વિ.૧ | विशेषण० | ૧૯૨/૩૯ |
| જિ.૧ | विशेषणं० | ૧૮૪/૧૫ | ૩.૧.૧૧૦ | | |
| ૩.૧.૧૦૪ | | | વિ.૧ | विशेषणं० | ૧૯૩/૩૮ |
| વિ.૧ | श्रेणि० | ૧૮૫/૧૧ | ૩.૧.૧૧૧ | | |
| વિ.૨ | कृत, मत० | ૧૮૫/૧૪ | વિ.૧ | विशेष्यस्य० | ૧૯૪/૪૫ |
| વિ.૩ | च्व्यन्तानां० | ૧૮૫/૮ | વિ.૨ | प्रशंसायां० | ૧૯૫/૬૧ |
| વિ.૪ | यत्र सामर्थ्यं० | ૧૮૫/૧૮ | વિ.૩ | निन्द्यं कुत्सनै० | ૧૯૪/૩૫ |
| વિ.૫ | गत्यादि० | ૧૮૫/૯ | વિ.૪ | नागयुवतिनां० | ૧૯૪/૭૫ |
| ૩.૧.૧૦૫ | | | ૩.૧.૧૧૨ | | |
| વિ.૧ | कृताकृता० | ૧૮૭/૧૨ | વિ.૧ | जातेर्विशेष्य० | ૧૯૬/૭૬ |
| | अवयवधर्मेण० | ૧૮૭/૧૭ | ૩.૧.૧૧૩ | | |
| વિ.૨ | विशेषणं० | ૧૮૭/૧૮ | વિ.૧ | युवशब्दस्य० | ૧૯૭/૪૦ |
| વિ.૩ | इटः क्ता० | ૧૮૭/૮ | વિ.૨ | नामग्रहणे० | ૧૯૭/૩૮ |

| વિશેષતા/ જિજ્ઞાસા | સંદર્ભસ્થાન | પેજ નં./ લીટી નં. |
|---|---|---|
| જિ.૧ | ननु युवा० | ૧૯૭/૪૭ |
| ૩.૧.૧૧૪ | | |
| વિ.૧ | जात्या समास० | ૧૯૮/૨૩ |
| જિ.૧ | कथं शीत० | ૧૯૮/૨૧ |
| ૩.૧.૧૧૫ | | |
| વિ.૧ | श्रमणा० | ૧૯૯/૫૫ |
| વિ.૨ | एते सप्त० | ૧૯૯/૫૬ |
| વિ.૩ | पुंलिङ्गैः० | ૧૯૯/૬૦ |
| વિ.૪ | इह केचित्० | ૧૯૯/૬૩ |
| ૩.૧.૧૧૬ | | |
| વિ.૧ | मयूरव्यंसकः० | ૨૦૧/૩૫ |
| વિ.૨ | मयूरव्यंसकः० | ૨૦૧/૩૫ |
| ૩.૧.૧૧૭ | | |
| વિ.૧ | यद् वर्त्तिपदैः० | ૨૦૯/૭ |
| વિ.૨ | नाम नाम्ना० | ૨૦૮/૫૬ |
| વિ.૩ | कथं स च० | ૨૨૨/૨૯ |
| વિ.૪ | इह समुच्चया० | ૨૦૮/૬૪ |
| વિ.૫ | एकविंशतिः० | ૨૦૯/૧૪ |
| વિ.૬ | द्वन्द्वप्रदेशाः० | ૨૦૯/૨૦ |
| ૩.૧.૧૧૮ | | |
| વિ.૧ | तत्र विशेषा० | ૨૧૬/૧૮ |
| વિ.૨ | द्वन्द्वापवादो० | ૨૧૬/૨૪ |
| ૩.૧.૧૧૯ | | |
| વિ.૧ | अत्र ह्येकत्र० | ૨૧૮/૩૮ |
| વિ.૨ | द्वन्द्वापवादो० | ૨૧૮/૪૯ |

| વિશેષતા/ જિજ્ઞાસા | સંદર્ભસ્થાન | પેજ નં./ લીટી નં. |
|---|---|---|
| ૩.૧.૧૨૦ | | |
| વિ.૧ | स्पर्द्धे० | ૨૨૨/૧૬ |
| વિ.૨ | एतच्चा० | ૨૨૩/૩૫ |
| જિ.૧ | त्यदादेः कृतौः० | ૨૨૨/૨૨ |
| ૩.૧.૧૨૧ | | |
| વિ.૧ | बहुवचनं० | ૨૨૩/૭૧ |
| વિ.૨ | तथा च० | ૨૨૪/૯ |
| ૩.૧.૧૨૩ | | |
| જિ.૧ | द्विवचनं० | ૨૨૫/૧૫ |
| ૩.૧.૧૨૪ | | |
| વિ.૧ | वृद्धयुव० | ૨૨૫/૭૫ |
| જિ.૧ | भागवित्ति० | ૨૨૫/૭૩ |
| ૩.૧.૧૨૫ | | |
| જિ.૧ | ननु पुंवद्० | ૨૨૭/૨૬ |
| ૩.૧.૧૨૬ | | |
| વિ.૧ | यद्यपि० | ૨૨૭/૭૦ |
| વિ.૨ | केवलं पुंलिङ्ग० | ૨૨૭/૬૩ |
| વિ.૩ | अन्ये तु० | ૨૨૭/૫૪ |
| જિ.૧ | कथं ब्राह्मण० | ૨૨૭/૫૧ |
| ૩.૧.૧૨૭ | | |
| વિ.૧ | पूर्वेण पुरुष० | ૨૨૯/૩૬ |
| જિ.૧ | खुरसम्बन्ध० | ૨૨૯/૫૩ |
| ૩.૧.૧૨૮ | | |
| વિ.૧ | ननु द्विधा० | ૨૩૧/૪૮ |

| વિશેષતા/ જિજ્ઞાસા | સંદર્ભસ્થાન | પેજ નં./ લીટી નં. | વિશેષતા/ જિજ્ઞાસા | સંદર્ભસ્થાન | પેજ નં./ લીટી નં. |
|---|---|---|---|---|---|
| ૩.૧.૧૨૯ | | | વિ.૨ | प्रमाणान्तरं० | ૨૪૨/૬૩ |
| વિ.૧ | सूत्रस्थं० | ૨૩૩/૭ | વિ.૩ | यद्यपि कर्तृ० | ૨૪૩/૨૪ |
| વિ.૨ | समाहारे तु० | ૨૩૨/૬૮ | ૩.૧.૧૩૯ | | |
| ૩.૧.૧૩૦ | | | વિ.૧ | सामान्यतया० | ૨૪૪/૨૦ |
| જિ.૧ | समाहारे चार्थे० | ૨૩૪/૫૩ | વિ.૨ | प्रसज्य० | ૨૪૪/૯ |
| ૩.૧.૧૩૧ | | | ૩.૧.૧૪૦ | | |
| જિ.૧ | न्यायादेव० | ૨૩૬/૧૦ | વિ.૧ | पदम्, क्रम० | ૨૪૫/૨૬ |
| ૩.૧.૧૩૨ | | | ૩.૧.૧૪૧ | | |
| વિ.૧ | पशवोऽत्र० | ૨૩૬/૭૬ | વિ.૧ | पशुविकज० | ૨૪૫/૬૦ |
| વિ.૨ | पशु व्यञ्जन० | ૨૩૭/૩૨ | વિ.૨ | अन्ये नु० | ૨૪૫/૬૩ |
| વિ.૩ | तत्र संघ० | ૨૩૭/૮ | ૩.૧.૧૪૨ | | |
| ૩.૧.૧૩૩ | | | વિ.૧ | पूर्ग्राम० | ૨૪૭/૩ |
| વિ.૧ | न च द्वयो० | ૨૩૮/૧ | જિ.૧ | पुरां देश० | ૨૪૬/૭૮ |
| વિ.૨ | एकस्याऽपि० | ૨૩૭/૬૭ | ૩.૧.૧૪૩ | | |
| ૩.૧.૧૩૪ | | | વિ.૧ | अत्राहार्था० | ૨૪૮/૨૭ |
| વિ.૧ | पृथम् योगाद्० | ૨૩૮/૪૭ | ૩.૧.૧૪૪ | | |
| વિ.૨ | यद्यपि० | ૨૩૯/૧૭ | વિ.૧ | गवाश्वम्० | ૨૪૮/૭૧ |
| ૩.૧.૧૩૬ | | | વિ.૩ | गवाश्वादिषु० | ૨૪૯/૩ |
| વિ.૧ | अप्राणीति० | ૨૪૦/૫૭ | ૩.૧.૧૪૫ | | |
| વિ.૨ | बहुत्व इति० | ૨૪૦/૪૬ | વિ.૧ | दधिपयसी० | ૨૫૦/૧૪ |
| ૩.૧.૧૩૭ | | | ૩.૧.૧૪૬ | | |
| વિ.૧ | अत्रे तरेतर० | ૨૪૧/૭૧ | વિ.૧ | अनेन० | ૨૫૨/૨૪ |
| જિ.૧ | प्राण्यङ्गानां० | ૨૪૧/૬૨ | ૩.૧.૧૪૭ | | |
| ૩.૧.૧૩૮ | | | વિ.૧ | द्वन्द्वार्थस्यै० | ૨૫૩/૧૮ |
| વિ.૧ | शाखाध्यय० | ૨૪૨/૬૨ | વિ.૨ | पूर्वेण नित्ये० | ૨૫૩/૩૩ |

| વિશેષતા/ જિજ્ઞાસા | સંદર્ભસ્થાન | પેજ નં./ લીટી નં. | વિશેષતા/ જિજ્ઞાસા | સંદર્ભસ્થાન | પેજ નં./ લીટી નં. |
|---|---|---|---|---|---|
| **૩.૧.૧૪૮** | | | વિ.૪ | प्रहरणात्० | ૨૬૫/૨૪ |
| વિ.૧ | वाक्यवत्० | ૨૫૪/૮ | **૩.૧.૧૫૬** | | |
| **૩.૧.૧૪૯** | | | વિ.૧ | गड्डुकण्ठः० | ૨૬૫/૭૮ |
| વિ.૧ | राजदन्तः० | ૨૫૪/૫૮ | વિ.૨ | एवं सप्त० | ૨૬૬/૧૯ |
| **૩.૧.૧૫૦** | | | વિ.૩ | व्यवस्थित० | ૨૬૬/૩ |
| વિ.૧ | प्रथमोक्तं० | ૨૫૮/૧૭ | વિ.૪ | पृथग् योगा० | ૨૬૬/૫ |
| વિ.૨ | कथं पश्चिम० | ૬૩/૬૬ | **૩.૧.૧૫૭** | | |
| જિ.૧ | शब्दस्पर्धे० | ૨૫૮/૧૪ | વિ.૧ | सप्तमीति० | ૨૬૬/૪૨ |
| **૩.૧.૧૫૧** | | | વિ.૨ | अस्मिन् मते० | ૨૬૬/૫૫ |
| વિ.૧ | क्तान्तस्य० | ૨૬૧/૪૯ | **૩.૧.૧૫૮** | | |
| વિ.૨ | बहुवचनं० | ૨૬૧/૫૩ | વિ.૧ | कडारजैमिनि० | ૨૬૬/૬૫ |
| વિ.૩ | क्तस्येह० | ૨૬૧/૬૬ | વિ.૨ | कडारादीनां० | ૨૬૬/૭૨ |
| **૩.૧.૧૫૨** | | | **૩.૧.૧૫૯** | | |
| વિ.૧ | सुख, दुःख० | ૨૬૨/૬૯ | વિ.૧ | धर्माथौं० | ૨૬૭/૬૫ |
| વિ.૨ | व्यक्ति विव० | ૨૬૨/૬૨ | **૩.૧.૧૬૦** | | |
| **૩.૧.૧૫૩** | | | વિ.૧ | पृथग्योगाद्० | ૨૬૯/૨૪ |
| વિ.૧ | आहिताग्निः० | ૨૬૪/૬ | વિ.૨ | ग्रहणवता० | ૨૬૯/૩૦ |
| વિ.૨ | यद्यप्याहिता० | ૨૬૪/૧૩ | વિ.૩ | स्पर्धे परमेव० | ૨૬૯/૩૨ |
| **૩.૧.૧૫૪** | | | વિ.૪ | युगादनेक० | ૨૬૯/૪૨ |
| વિ.૧ | ननु प्रहरण० | ૨૬૪/૬૩ | **૩.૧.૧૬૧** | | |
| વિ.૨ | ननु तथापि० | ૨૬૪/૭૧ | વિ.૧ | अनुग्रहणादे० | ૨૭૩/૭૧ |
| **૩.૧.૧૫૫** | | | વિ.૨ | आनुपूर्व्यं० | ૨૭૪/૧૩ |
| વિ.૧ | इन्दुमौलिः० | ૨૬૫/૧૦ | **૩.૧.૧૬૩** | | |
| વિ.૨ | बहुलाधिका० | ૨૬૫/૧૪ | વિ.૧ | सर्वा० | ૨૭૫/૬૭ |
| વિ.૩ | नञुपादाना० | ૨૬૫/૮ | જિ.૧ | समासप्रकरणा० | ૨૭૬/૧૧ |

—: નોંધ :—



પ્રિન્ટીંગ: જય જિનેન્દ્ર અમદાવાદ મો:૯૮૨૫૦ ૨૪૨૦૪